॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ

[ શ્રી૦ જૈન શ્વે૦ કૉન્ફરન્સનું માસિક-પત્ર ]


પુસ્તક ૨ ભાદ્રપદ, આશ્વિન

અંક ૧-૨ ૧૯૮૨



માનદ તંત્રી

મોહનલાલ દલીચંદ દેશાઇ

બી. એ. એલએલ. બી.

વકીલ હાઇકોર્ટ, મુંબઈ


## [ શ્રી મહાવીર નિર્વાણ—દીપોત્સવી ખાસ અંક ]

# વિષયાનુક્રમ.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| શ્રી સિદ્ધ મહાવીર (કાવ્ય) | ૧ |
| શ્રી વીર પ્રાર્થનાઓ. | ૨–૪ |
| શ્રી વીર સ્તુતિઓ. | ૪ |
| નવા વર્ષની કેટલીક ભાવનાઓ. | ૫ |
| શ્રી મહાવીર નિર્વાણ દિવસ. | ૬–૭ |
| હિન્દુઓએ કરેલું શ્રી વીર નિર્વાણ સ્મારક. | ૮ |
| શ્રી મહાવીરની નિર્વાણ ભૂમિ. | ૯–૧૧ |
| શ્રી વીર નિર્વાણ સંવત્ | ૧૨ |
| શ્રીમન્ મહાવીરના શરીરનું વર્ણન. | ૧૩ |
| શ્રી ગૌતમ સ્વામીનું વર્ણન. | ૧૪ |
| શ્રી મહાવીર સંવાદો. | ૧૫–૨૨ |
| પ્રભુ મહાવીરને મહત્તમ ઉપસર્ગ. | ૨૩–૨૬ |
| શ્રી મહાવીરનાં છદ્મસ્થ દશાનાં વિહાર સ્થળો. | ૨૭–૩૦ |
| શ્વેતામ્બર અને દિગમ્બર. | ૩૧–૩૫ |
| મહાવીર. | ૩૬–૫૨ |
| શ્રીમાન્ તીર્થંકર મહાવીર ઔર વેદ. | ૫૩–૫૬ |
| શ્રી મહાવીર રાસ. | ૫૭ |
| પત્ર વ્યવહાર. | ૫૮–૬૦ |
| શ્રી આચારાંગમાં શ્રી મહાવીર. | ૬૧–૬૫ |
| આનંદઘનજી કૃત પાર્શ્વ અને વીરસ્તવનો. | ૬૬ |
| શ્રી વીરચરિત્રની વિગતો. | ૬૭ |
| તંત્રીનું વક્તવ્ય. | ૬૮–૭૩ |
| વિવિધ નોંધ. | ૭૪–૮૦ |
| ૧ પ્રોપેગેન્ડા કમિટીનું (પ્રચાર સમિતિનું) કાર્ય. | |
| ૨ ડભોઇમાં પ્રચાર કાર્ય અને સુકૃત ભંડાર ફંડ. | |
| ૩ બનારસ હિંદુ યુનિવરસીટી જૈનચર. | |
| ૪ સુકૃત ભંડાર ફંડ. | |
| ૫ પરચુરણ આવેલી રકમો. | |
| ૬ વિદ્વાનોને જૈન પુસ્તકો પૂરાં પાડવાનો પ્રયાસ. | |



## જૈનયુગ

—જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયો ચર્ચતું ઉત્તમ જૈન માસિક.

—વિદ્વાન્ મુનિ મહારાજશ્રી તથા અન્ય લેખકોની કસાયેલી કલમથી લખાયેલા ગદ્યપદ્ય લેખો તેમાં આવશે.

—શ્રીમતી જૈન શ્વે. કૉન્ફરન્સ (પરિષદ્) સંબંધીના વર્ત્તમાન–કાર્યવાહીનો અહેવાલ સાથેસાથે અપાશે.

તો દરેક સુજ્ઞ આ પત્રના ગ્રાહક બની પોતાના મિત્રોને પણ ગ્રાહકો બનાવશે અને સંઘસેવાના પરિષદ્‌ના કાર્યમાં પુષ્ટિ આપશે.

ચાલુ વર્ષથી વાર્ષિક લવાજમ ટપાલખર્ચ સહિત માત્ર રૂ. ત્રણ

લખો–**જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફીસ**
૨૦ પાયધુની મુંબઇ નં. ૩.

---

આ માસિક બહોળા પ્રમાણમાં ફેલાવો પામવાની ખાત્રી રાખે છે તો **જાહેરખબર આપનારાઓને** માટે તે ઉપયોગી પત્ર છે; તો તેઓને ઉપરને સરનામે લખવા કે મળવા ભલામણ છે.

# જૈન યુગ.

卐

## [ શ્રી મહાવીર નિર્વાણ—દીપોત્સવી ખાસ અંક ]

'શ્રી મહાવીર સ્વામી ગૃહવાસમાં રહેતા છતાં પણ ત્યાગી જેવા હતા. 'હજારો વર્ષના સંયમી પણ જેવો વૈરાગ્ય રાખી શકે નહીં તેવો વૈરાગ્ય ભગવાનનો હતો. જ્યાં જ્યાં ભગવાન્ વર્ત્તે છે, ત્યાં ત્યાં બધા પ્રકારના અર્થ પણ વર્ત્તે છે. તેઓની વાણી ઉદય પ્રમાણે શાંતિપૂર્વક પરમાર્થ હેતુથી નીકળે છે; અર્થાત્ તેમની વાણી કલ્યાણ અર્થેજ છે. તેઓને જન્મથી મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન હતાં. તે મહા પુરૂષનાં ગુણગ્રામ કરતાં અનંતી નિર્જરા છે. જ્ઞાનીની વાત અગમ્ય છે–તેઓનો અભિપ્રાય જણાય નહીં. જ્ઞાની પુરૂષની ખરી ખુબી એ છે કે, તેમણે અનાદિથી નહીં ટળેલા એવા રાગ દ્વેષ ને અજ્ઞાન–તેને છેદી છેદી ભેદી નાંખ્યા છે. એ ભગવાનની અનંત કૃપા છે. તેમને લગભગ પચીસો વર્ષ થયાં; છતાં તેમની દયા આદિ હાલ વર્ત્તે છે–એ તેમનો અનંત ઉપકાર છે.'

પુસ્તક ૨. વીરાત્ ૨૪૫૨. વિ. સં. ૧૯૮૨ ભાદ્રપદ અને આશ્વિન. અંક. ૧-૨.

## શ્રી સિદ્ધ મહાવીર.

[ વાગેસરીમાં સુંદર રીતે ગવાશે ]

પ્રભુ તું અનંત મહંત પ્રશાન્ત, પ્રભુ તું બધા કર્મનાશે કૃતાન્ત;
પ્રભુ પૂર્ણ આનંદ આસ્વાદવન્ત, પ્રભુ તું થયો સિદ્ધિ લક્ષ્મિ સુકાંત. ૧
રહિત વર્ણ–ગંધ–સ્પર્શન–રૂપ, પ્રભુ તું થયો રસ સંસ્થાન હીન,
અમોહિ અકર્ત્તા અભોગી અયોગી, અવેદી અખેદી ગુણાનંદ પીન. ૨
જાણે તું જ્ઞાને છતી સર્વ વસ્તુ, અને દેખતો સર્વ સામાન્ય ભાવ,
રમે આત્મગુણે, ઘુમે રસ અનુભવ, અને પૂર્ણ લેતો શુદ્ધાત્મ ભાવ. ૩
વર્યો દાન લાભે અનંતાત્મ ગુણે, થયો ભોગ–ઉપભોગ નિજ ધર્મ લીન,
વર્યા સર્વ ગુણ કાર્ય સહકાર વીર્ય, ચપલ વીર્ય જાતાં થયો સ્થિર અદીન. ૪
ક્ષમી તું દમી તું માર્દવમય તું, ઋજુતા ને મુક્તિ સમતા અનંત,
અસંગી અભંગી અનંગી પ્રભુ તું, સર્વ પ્રદેશે તું ગુણશક્તિવંત. ૫
પ્રમાણી પ્રમેય અમેય અગેહી, અકંપાત્મ દેશી અગ્રેશી અવેશ,
સ્વયં ધ્યાન મુક્ત સદા ધ્યેય રૂપ, મુનિમાનસે જેહનો વાસ દેશ. ૬

થોડા ફેરફાર સહિત— —શ્રી દેવચંદ્રજી [ વીર જિનવર નિર્વાણ ]
વિં અરાઢમી શતકના અંતે.

# શ્રી વીર પ્રાર્થનાઓ.

[ સંગ્રાહક-તંત્રી ]

૧

**हे देव ! किंकरमिमं परिभावयेह**
**मज्जन्तमुध्धुरजवे भवसिन्धुपूरे ।**
**उत्तारणाय कुरु•वीर ! करावलम्बं**
**भूयोऽसमंजस निरंतरचारिणो मे ॥**

—હે દેવ ! જબરા વેગવાળા ભવસિન્ધુના પૂરમાં ડૂબતા એવા મને કિંકર ગણ, અને મને તારવા હે વીર પ્રભુ ! હું કે જે વારંવાર અસમંજસ-અયોગ્ય માર્ગે નિરંતર જનારો છું એવા મને કરાવલંબ આપ એટલે હાથ આપી ઉગાર.

**શ્રી** જિનવલ્લભસૂરિ કૃત મહાવીરસ્તોત્ર.

૨

મુઝે હૈ સ્વામી !, ઉસ બલકી દરકાર.
અડી ખડી હોં અમિત અડચનેં, આડી અટલ અપાર,
તો ભી કભી નિરાશ નિગોડી, ફટક ન પાવે દ્વાર.
—મુઝે હૈ૦

સારાહી સંસાર કરે યદિ, દુર્વ્યવહાર-પ્રહાર,
હટે ન તો ભી સત્યમાર્ગરત, શ્રદ્ધા કિસી પ્રકાર
—મુઝે હૈ૦

ધન-વૈભવકી જિસ આંધીસે, અસ્થિર સબ સંસાર,
ઉસસે ભી ન જરા ડિગ પાવે, મન બન જાય પહાર
—મુઝે હૈ૦

અસફલતાકી ચોટોંસે નહિં, દિલમેં પડે દરાર,
અધિકાધિક ઉત્સાહિત હોઊં, માનૂં કભી ન હાર
—મુઝે હૈ૦

દુખ દરિદ્રાકૃત અતિશ્રમસે, તન હોવે બેકાર,
તો ભી કભી નિરૂદ્યમ હો નહિં, બૈઠૂં જગદાધાર
—મુઝે હૈ૦

જિસકે આગે તનબલ ધનબલ, તૃણવત્ તુચ્છ અસાર,
મહાવીર જિન ! વહી મનોબલ, મહા મહિમ સુખકાર
—મુઝે હૈ સ્વામી ! ઉસ બલકી દરકાર.

—નાથૂરામ પ્રેમી.

૩

હે સર્વજ્ઞ ! આપ અમને સમ્યગ્જ્ઞાનનું દાન કરજો, કે જે દ્વારા અમે અમારા પવિત્ર ધર્મ પ્રચારને માટે યત્ન કરીએ-તેના નિર્દોષ તત્ત્વોનો સંસારમાં પ્રચાર કરીએ. અમારા દેશ અને જાતિને અજ્ઞાન રૂપી વાદળાંઓની ઘનઘોર કાળી ઘટાઓએ ઢાંકી દીધેલ છે તેને નષ્ટ કરી જ્ઞાનનો ઉજ્જવલ પ્રકાશ થાય. તે સુન્દર પ્રકાશથી દેશ અને જાતિનાં કષ્ટ દૂર થાય, તેની આર્થિક, નૈતિક દશા સુધરે, પરસ્પરમાં પ્રેમ તત્ત્વનો પ્રસાર થાય, અને સમગ્ર સંસારમાં દયા, અહિંસા, શાન્તિ, ઉદારતા, વીરતા, શાલીનતા આદિની પ્રકાશમાન જ્યોતિ ઝગમગે.

હે અનન્ત શક્તિશાલિન્ ! આપ અમને કંઈ શક્તિઓનું દાન કરશો, કે જેથી અમે અમારી સદીઓ-જૂની-નિર્બલતા અને કાયરતાને નષ્ટ કરી બલવાન બનીએ. અમે પોતાના દેશ અને જાતિની સેવામાં અમારા જીવનનો ભોગ દેવામાં સમર્થ થઇએ; અમારો જીવનપ્રવાહ સ્વાર્થ તરફ ન જતાં પરાર્થ પ્રત્યે જાય; અમે વિષય-વાસનાના ગુલામ ન બનીને જયવંતા, સાહસી અને કર્ત્તવ્યશીલ બનીએ.

હે દયાસાગર ! આપ અમને દયાની કંઇ ભીક્ષા આપજો, કે જેથી અમે પહેલાં પોતાના હૃદયમાં દયાનું ઝરણું વહાવીએ અને પછી તેનાથી અનન્ત હૃદયરૂપી ક્યારીઓમાં લઈ જઇને સમગ્ર સંસારમાં દયા દેવીનું પવિત્ર સામ્રાજ્ય સ્થાપિત કરીએ. જો કે આપે દયા કરવી એ અમારા જીવનનું મુખ્ય લક્ષ્ય બતાવ્યું હતું, પરંતુ અજ્ઞાનથી તેને અમે ભૂલીને નિર્દયતાના ઉપાસક બન્યા-બીજાનાં દુઃખોપર સહાનુભૂતિ બતાવી તેને દૂર કરવાનું સર્વથા છોડી દીધું. આટલામાટે હે નાથ ! અમારે માટે ઉક્ત ગુણોની બહુ જરૂર છે. આપ અમારી આ જરૂરીઆતોને પૂરી કરજો. '

—સત્યવાદી અંક ૧૦. વીરાત્ ૨૪૪૧.

૪

'આપ સત્પુરૂષ કેવા મહાન્ મનોજયી હતા ! આપને મૌન રહેવું, અમૌન રહેવું બન્ને સુલભ હતું. આપને સર્વ અનુકૂલ-પ્રતિકૂલ દિવસ સરખા હતા; આપને લાભ-હાનિ સરખી હતી; આપનો ક્રમ માત્ર આત્મસમતાર્થે હતો. કેવું આશ્ચર્યકારક છે, એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ, તેવી આપે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમા ભાગે શમાવી દીધી!

'અમો જીવને નાની સમજણમાં કોણ જાણે ક્યાંથી મોટી કલ્પનાઓ આવે છે. સુખની ઇચ્છા બહુ રહે છે. સુખમાં મહાલય, બાગ, બગીચા, લાડીવાડીનાં સુખ મનાય છે. મોટી કલ્પના તે આ બધું શું છે? તેની પણ કોઇવાર રહે છે. તે કલ્પના વિધવિધ રૂપ કરે છે. પુનર્જન્મે નથી, પાપે નથી, પુણ્યે નથી, સુખે રહેવું અને સંસાર ભોગવવો એજ કૃત્યકૃત્યતા મનાય છે. ધર્મની વાસનાઓ કાઢી નાંખી ન્યૂનાધિક શ્રદ્ધાભાવપણું ચાલ્યું જાય છે. આવી કલ્પનાઓ દૂર થઇ તત્ત્વજ્ઞાનની ઝાંખી કરવા જેટલો વિવેક અને તે દૂર કરવાના ક્રમ સમજી આચરીએ એવી સન્મતિ આપની પાસે યાચીએ છીએ.

'તત્ત્વજ્ઞાનની ઉંડી ગુફાનું દર્શન કરવા જઇએ તો, ત્યાં નેપથ્યમાંથી એવો ધ્વનિજ નીકળશે કે તમે કોણ છો? ક્યાંથી આવ્યા છો? કેમ આવ્યા છો? તમારી સમીપ આ સઘળું શું છે? તમારી તમને પ્રતીતિ છે? તમે વિનાશી, અવિનાશી વા કોઈ ત્રિરાશી છો? એવાં અનેક પ્રશ્નો હૃદયમાં તે ધ્વનિથી પ્રવેશ કરશે અને એ પ્રશ્નોથી જ્યાં આત્મા ઘેરાયો ત્યાં પછી બીજા વિચારોને બહુજ થોડો અવકાશ રહેશે. યદિ એ વિચારોથીજ છેવટે સિદ્ધિ છે; એજ વિચારોના વિવેકથી જે અવ્યાબાધ સુખની ઇચ્છા છે, તેની પ્રાપ્તિ થાય છે, એજ વિચારોના મનનથી અનંત કાળનું મુંઝન ટળવાનું છે! તથાપિ તે સર્વને માટે નથી. આપશ્રી તે માટે વિચાર કરી ગયા છો; આપે તે પર અધિકાધિક મનન કર્યું છે, આત્મા ને શોધી તેના અપાર માર્ગમાંથી થયેલી પ્રાપ્તિના ઘણા ભાગ્યશાલી થવાને માટે અનેક ક્રમ બાંધ્યા છે, એવા આપ મહાત્મા જયવાન્ હો! અને આપને ત્રિકાળ નમસ્કાર હો !

હે કૃપાળુ દેવ! આવા તત્ત્વજ્ઞાનના વિચાર થવા, તેનું મનન થવું અને આત્મપ્રાપ્તિ કરવી-એમાં આડખીલી રૂપ કાળની કઠિનતા, ભાગ્યની મંદતા, સંતોની કૃપાદૃષ્ટિની અપ્રાપ્તિ-સત્સંગની ખામી અમારા કલ્યાણ માર્ગમાંથી દૂર થાય એવું કર, અને એ માર્ગે માટે જ અમારૂં જીવન દોર.'

૫

'હે પરમકૃપાળુ દેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરૂષનો મૂળ ધર્મ અનંત કૃપા કરી આપ શ્રીમંતે મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું. વળી આપ શ્રીમત્ કંઇપણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરૂં છું.

'આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરૂષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

૬

'હે નિરાગી પુરૂષ! આપને નમસ્કાર છે, આપ નિર્ગ્રંથ ભગવાનના પ્રણીતેલા પવિત્ર ધર્મ માટે જે જે ઉપમા આપીએ તે તે ન્યૂનજ છે. અમારો આત્મા અનંત કાળ રખડયો તે માત્ર આપના નિરૂપમ ધર્મના અભાવે. આપ કે જેના એક રોમમાં કિંચિત્ પણ અજ્ઞાન, મોહ કે અસમાધ રહી નહોતી એવા સત્પુરૂષનાં વચન અને બોધ માટે કંઇપણ નહીં કહી શકતાં, આપનાજ વચનમાં પ્રશસ્તભાવે પુનઃ પુનઃ પ્રસક્ત થવું એ પણ અમારૂં સર્વોત્તમ શ્રેય છે.

'આપની શી અદ્ભુત શૈલી! જ્યાં આત્માને વિકારમય થવાનો અનંતાંશ પણ રહ્યો નથી. શુદ્ધ, સ્ફટિક, ફીણ અને ચંદ્રથી ઉજ્જવળ શુક્લ ધ્યાનની શ્રેણિથી પ્રવાહ રૂપે નિકળેલાં આપ નિર્ગ્રંથનાં પવિત્ર વચનોની મને-અમને ત્રિકાળ શ્રદ્ધા રહો! એજ આપ પરમાત્માના યોગબળ આગળ પ્રયાચના!

૭

'હે જ્ઞાતપુત્ર ભગવાન્ ! કાળની બલિહારી છે. આ ભારતના હીનપુણ્યી મનુષ્યોને તારૂં સત્ય, અખંડ અને પૂર્વાપર અવિરોધ શાસન ક્યાંથી પ્રાપ્ત થાય? થવામાં આવાં વિઘ્નો ઉત્પન્ન થયાં. તારાં બોધેલાં શાસ્ત્રો કલ્પિત અર્થથી વિરાધ્યાં; કેટલાંક સમૂળગાં ખંડયા. **ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એ જે તારી પ્રતિમા** તેથી કટાક્ષ દૃષ્ટિએ લાખોગમે લોકો વળ્યાં; તારા પછી પરંપરાએ જે આચાર્ય પુરૂષો થયા તેનાં વચનમાં અને તારાં વચનમાં પણ શંકા નાંખી દીધી એકાંત દઈ કૂટી તારૂં શાસન નિંદાવ્યું.

'એવા સત્પુરૂષો પ્રકટાવ-એવો મહાત્મા-એવો યુગપ્રધાન જગતમાં ઉત્પન્ન થાઓ કે જે કલ્યાણનો માર્ગ એઓને-અમને બોધી શકે; દર્શાવી શકે તારા-સર્વોત્તમ નિર્ગ્રંથ પ્રવચનના બોધ ભણી વાળી શકે અને આત્મવિરાધક પંથોથી પાછા ખેંચી શકે તથાસ્તુ.

---

# શ્રી વીર સ્તુતિઓ.

(સંગ્રાહક-તંત્રી.)

**न श्रद्धयैव त्वयि पक्षपातो**
**न द्वेषमात्रादरुचिः परेषु**
**न यथावदाप्तत्वपरीक्षया तु**
**त्वामेव वीरप्रभुमाश्रिताः स्मः ॥**

તારા પ્રત્યે શ્રદ્ધા વડે જ પક્ષપાત નથી, (તેમ) બીજા પ્રત્યે માત્ર દ્વેષથી અરૂચિ છે એમ નથી. યથાયોગ્ય આપ્તત્વની પરીક્ષા કરીને અમે તું વીર-પ્રભુનો આશ્રય લીધો છે.-શ્રી હેમચંદ્રસૂરિ.

**जगदानंदनः स्वामी जयति ज्ञातनंदनः ।**
**उपजीवन्ति यद् वाचामद्यापि विबुधाः सुधाम् ॥**

—જગતને આનંદ કરનાર, વળી જેની અમૃત સરખી વાણીના પર હજી સુધી પંડિતો જીવન ગાળે છે તે જ્ઞાતનંદન-શ્રી વીરજિન જયવંતા વર્તો.

શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મ સાર.

સુગુણ જ્ઞાન શુભ ધ્યાન, દાન વિધિ ધર્મપ્રકાશક,
સુઘટ માન પર મગ્ન આન જસ મુગતિ અભ્યાસક,
કુમતવૃંદ તમ કંદ, ચંદ પરિ દંદ નિકાસક
રૂચિ અમંદ મકરંદ, સંત આનંદ વિકાસક
જસ વચન રૂચિર ગંભીર નય,......
જિન વર્ધ્ધમાન સો વંદિયે, વિમલ જ્યોતિ પૂરન પરમ

-યશોવિજયજી.

**वर्द्धमानो विशुद्ध श्री समासन्नोपकारकः ।**
**विवेकभाजनं सन् मां करोतु ज्ञातनंदनः ॥**

—વિશુદ્ધ શ્રી વાળા આસન્ન ઉપકારી વર્ધમાન છે. (તે) જ્ઞાતનંદન મને સારૂં વિવેકનું પાત્ર કરો.

શ્રી ક્ષમાકલ્યાણજી.

જય જિણેસર ! જય જયાણન્દ
જય જીવ રકખણ પરમ !
જય સમત્થ તિહુયણ દિવાયર !
જય ભીસણ ભવ મહણ !
જય અપાર કારૂન્ન સાયર ?
જય સિવ કારણ ! સિવ નિલય !
વદ્ધમાણ ! જિણ ઇન્દ !
તિહુયણ પત્થિય કપ્પતરૂ !
જય જય પણયસુરિન્દ !

—શ્રી નેમિચંદ્રસૂરિ કૃત મહાવીર ચરિયં.

**गीतार्थाय जगज्जन्तुपरमानन्ददायिने ।**
**मुनये भगवद् धर्मदेशकाय नमो नमः ॥**

—ગીતાર્થ, જગતના જીવને પરમાનંદના દાતા, મુનિ ભગવાન્ ધર્મોપદેશકને નમો નમઃ

—શ્રી યશોવિજયજી કૃત દેશનાદ્વાત્રિંશિકા.

---

# નવા વર્ષની કેટલીક ભાવનાઓ.

[ સંગ્રાહક-તંત્રી. ]

આતમ ભાવના ભાવતાં, જીવ લહે કેવલજ્ઞાન રે-S. R.

**त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं**
**नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पंथाः ।**

—હે મુનીંદ્ર! તનેજ સમ્યગ્ પ્રકારે ઉપલબ્ધ કરવાથી મૃત્યુનો જય થાય છે. (તે સિવાય) શિવપદનો શિવમાર્ગ બીજો નથી.

—માનતુંગસૂરિ ભક્તામરસ્તવ.

---

-જિન થઈ જિનને જે આરાધે, તે સહી જિનવર હોવેરે,
ભ્રંગી ઇલીકાને ચટકાવે, તે ભ્રંગી જગ જોવેરે.

—શ્રી આનંદઘનજી

અર્થાત્ 'જિન થઇને એટલે સાંસારિક ભાવને વિષેથી આત્મભાવ લાગીને, જે કોઈ જિનને એટલે કૈવલ્ય જ્ઞાનીને-વીતરાગને-આરાધે છે, તે નિશ્ચયે જિનવર એટલે કૈવલ્યપદ યુક્ત થાય છે. તેને ભમરી અને ઇયળનું પ્રત્યક્ષ સમજાય એવું દૃષ્ટાંત આપ્યું છે-આ દૃષ્ટાંત-આ વાક્ય પરંપરાગત છે; એવું થવું કોઈ પ્રકારે સંભવિત છે, તથાપિ પ્રોફેસરનાં ગવેષણ પ્રમાણે ધારીએ કે તેમ થતું નથી, તો પણ અત્ર હાનિ નથી. કારણકે દૃષ્ટાંત તેવી અસર કરવાને યોગ્ય છે, તો પછી સિદ્ધાંતનોજ અનુભવ કે વિચાર કર્ત્તવ્ય છે. ઘણું કરીને એ દૃષ્ટાંત સંબંધી કોઇનેજ વિકલ્પ હશે, એટલે તે દૃષ્ટાંત માન્ય છે એમ જણાય છે; લોકદૃષ્ટિએ અનુભવ ગમ્ય છે, એટલે સિદ્ધાંતને વિષે તેનું બળવાનપણું મહત્ પુરૂષો તે દૃષ્ટાંત આપતા આવ્યા છે, અને કોઈ પ્રકારે તેમ થવું સંભાવ્ય પણ જાણીએ છીએ. એક સમય પણ કદાપિ તે દૃષ્ટાંત સિદ્ધ ન થાય એવું છે એમ ઠરે, તો પણ, ત્રણે, કાળને નિરાબાધ અખંડ સિદ્ધ-એવી વાત તેના સિદ્ધાંત પદની તો છે (જિનસ્વરૂપ થઈ જિનને આરાધે, તે સહી જિનવર હોવે રે.)'

---

વીર જિનવર એમ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણ
મોહની નિંદમાં કાં પડો?, ઓળખો ધર્મનાં ઠાણ
વિરતિ એ સુમતિ ધરી આદરો, પરિહરો વિષય કષાયરે
બાપડા પંચ પરમાદથી. કાં પડો કુગતિમાં ધાય રે

—વિરતિ એ સુમતિ ધરી આદરો.

શ્રી કાંતિવિજયજી.

---

સદ્દગુરૂ વયણ સુધારસેરે, ભેદી સાતે ધાત
તપશું રંગ લાગ્યો.
......નાઠો રોગ મિથ્યાત્વ
,તપશું રંગ લાગ્યો.

—શ્રી જિનવિજયજી.

---

એ ગુણ વીર તણો ન વિસારૂં, સંભારૂં દિનરાત રે
પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાતરે-એગુણ૦

—શ્રી યશોવિજયજી.

# શ્રી મહાવીર નિર્વાણ દિવસ. (દીપાલિકા પર્વ.)

[ સંગ્રાહક-તંત્રી. ]

૧

तस्सणं अंतरावासस्स जेसे वासाणं चउत्थे मासे सत्तमे पक्खे, कत्तिय बहुले, तस्स णं कत्तिय-बहुलस्स पण्ण रसी पक्खे णं जा सा चरमा रयणी, तं रयणिं चणं समणे भगवं महावीरे कालगए, वइक्कंते, समुज्जाए, छिण्ण-जाइजरामरणबंधणे, सिद्धे, बुद्धे, मुत्ते, अंतगडे, परिणिव्वुडे, सव्वदुक्खप्पहीणे, चंदेणामं से दोच्चे संवच्छरे, पीइवद्धणे मासे, नंदिवद्धणे पक्खे, अग्गिवेसे णामं दिवसे उवसमित्ति पव्वुच्चइ, देवाणंदा णामं सा रयणी निरतित्ति पवुच्चइ, अच्चे लवे, मुहुत्ते पाणू, थोवे सिद्धे, णागे करणे, सव्वट्ठसिद्धे मुहुत्ते साइणा णक्खत्तेणं जोगमुवागए णं कालगए, जाव-सव्वदुक्खप्पहीणे ॥ १२४

તે વર્ષારાત્રની જે વર્ષાઋતુમાં ચતુર્થ માસ સાતમો પક્ષ, કાર્તિક બહુલ (વદ) છે તેના કાર્તિક કૃષ્ણુપક્ષના પંદરમા દિને જે છેલ્લી રાત્રિ છે તે રાત્રિમાં શ્રમણ ભગવાન્ મહાવીર કાલગત (કાર્યસ્થિતિ ને ભવ-સ્થિતિના કાલથી ગત) થયા, (સંસારથી) વ્યતિક્રાંત થયા, સમુદ્યાત થયા (સમ્યક્ પ્રકારે અપુનરાવૃત્તિએ ઊર્ધ્વ ગયા), જાતિ જરા મરણ બંધનને છિન્ન જેણે કર્યાં છે એવા થયા, સિદ્ધ થયા (સાધિતાર્થ થયા), બુદ્ધ (તત્ત્વાર્થ જ્ઞાની) થયા, મુક્ત (ભવોપગ્રાહી કર્મથી છૂટા) થયા, અંતકૃત્ (સર્વ દુઃખોનો અંત આણુનાર) થયા, પરિનિવૃત્ત (સર્વ સંતાપભાવથી સર્વથા નિવૃત્ત) થયા, સર્વ દુઃખો (શારીરિક તેમજ માનસિક દુઃખો)ને જેણે પ્રહીણ (સર્વથાહીન) કર્યાં છે જેણે એવા થયા (જ્યારે આ બન્યું એટલે પ્રભુ નિર્વાણ પામ્યા ત્યારે) ચંદ્ર નામનો બીજો સંવત્સર, નંદિવર્ધન (નામનો) પક્ષ, અગ્નિવેશ્ય નામનો દિવસ (કે જેને) ઉપશમ પણ કહેવામાં આવે છે, દેવાનંદા નામની તે રાત્રી-અમાવાસ્યા કે જેને નિરતિ પણ (નામાન્તરે) કહેવામાં આવે છે; અર્ચ્ચ નામનો લવ, મુહૂર્ત્ત નામનો પ્રાણ, સિદ્ધ નામનો સ્તોક, નાગ નામનું કરણ, સર્વાર્થસિદ્ધ નામનું મુહૂર્ત્ત, સ્વાતિ નામના નક્ષત્રથી (ચંદ્રનો) યોગ આવ્યો હતો-ત્યારે-કાલગત થયા... યાવત્ સર્વ દુઃખથી પ્રહીન થયા. (એ કહેવું) ૧૨૪

-जं रयणिं चणं समणे भगवं महावीरे कालगए, जाव-सव्वदुक्खप्पहीणे साणं रयणिं बहूहिं देवेहिं देवीहिं य उवयमाणेहिं उप्पयमाणेहिं, उज्जोविया आविहोत्था ॥ १२५

-જે રાત્રિએ શ્રમણ ભગવાન્ મહાવીર કાલગત થયા ...યાવત્ સર્વ દુઃખ પ્રહીણ થયા, તે રાત્રિ, ઉપરથી અવતરતા અને ઊર્ધ્વ જતાં દેવ અને દેવીઓથી ઉદ્યોતવાળી થઈ.

-जं रयणिं चण समणे भगवं महावीरे कालगए, जाव-सव्वदुक्खप्पहीणे, साणं रयणी बहूहिं देवेहि य देवीहिं य उवयमाणे हिं ओप्पयमाणेहिं उप्पि अलगमाणभूया कहकहगभूया आविहोत्था ॥ १२६

—જે રાત્રિએ......(ઉપર પ્રમાણે) થયા-નિર્વાણ પામ્યા તે રાત્રિ, ઉપરથી અવતરતા ઊર્ધ્વ જતા દેવ દેવીઓથી ઘણી આકુલ કહકહક-ભૂત એટલે અવ્યક્ત વર્ણ-કોલાહલમયી થઈ.

...तं रयणिं च णं जिट्ठस्स गोयमस्स इंदभूइस्स अणगारस्स अंतेवासिस्स नायए पिज्जबंधणे वुच्छिन्ने अणंते अणुत्तरे जाव केवलवरनाणदंसणे समुप्पन्ने ॥ १२७

...तं रयणिं च णं नव मल्लई नव लेच्छई कासी कोसलगा अट्ठारस वि गणरायाणो अमावासाए पाराभोयं पोसहोववासं पट्ठविंसु गए से भावुज्जोए दव्वुज्जोयं करिस्सामो ॥ १२८

—તે રાત્રિએ જ્યેષ્ઠ અંતેવાસી (શિષ્ય) ગૌતમ ઇંદ્રભૂતિ અણગાર-સાધુનું જ્ઞાતજ-વીર પ્રભુ પ્રત્યેનું પ્રિય બંધન વ્યુછિન્ન થયું, અને અનંત, અનુત્તર એવું યાવત્-કેવલ જ્ઞાન-દર્શન સમુત્પન્ન થયું. ૧૨૭

—તે રાત્રિએ નવ મલ્લક જાતિના કાશીના અને નવ લચ્છવિ (લેચ્છકિ) જાતિના કોશલ દેશના -(એમ) અઢારે ગણુ રાજાઓ-ગણાધિપતિઓ (ગણુ-એક જાતનું પ્રજાકીય રાજતંત્ર) તે અમાવાસ્યાએ પારાભોગ-સંસારના પારને પમાડનારૂં એવું અથવા આઠ પહોરવાળા પ્રભાત સુધી સંપૂર્ણ-આહાર ત્યાગ પૌષધરૂપ ઉપવાસ એવા પૌષધોપવાસ વ્રતમાં પ્રસ્થાપિત થતા સતે-તે વ્રત કરતા સતે, તે ભાવોદ્યોત-જ્ઞાનરૂપ જ્ઞાનમયો પ્રકાશમય ભગવાન્ ગતે સતિ દ્રવ્યોદ્યોત-પ્રદીપ રૂપ કરીશું. (એ હેતુથી તેઓએ દીપો પ્રવર્તાવ્યા)

—શ્રી કલ્પસૂત્ર.

२

कत्तिय अमावसाए णागे करणे पहायसमयम्मि।
णक्खत्ते साइम्मि य बोचे संवच्छरे चन्दे ॥
सायमणन्तसोक्खं सव्वाबाह परिवज्जियं
अयलं।
तेलोक्कमत्थयत्थं सिद्धिं पत्तो महावीरो ॥
णव मालइय नव लेच्छइय गणराइणो य तं
रयणिं।
अट्ठारस पोसहिया ठिया जिणं पज्जुवासेन्ति ॥
× × × ×
पभणन्ति मिहो मणुया भावुज्जोओ इहज्ज
समईओ।
संपइ दव्वुज्जोओ रयणपईवा यतो चेव ॥

કાર્તિક અમાવાસ્યાએ નાગ કરણમાં પ્રભાત સમયમાં સ્વાતિ નક્ષત્રમાં બીજા ચંદ્ર નામના સંવત્સરમાં મહાવીરે શાશ્વત અનંત સુખ, સર્વ આબાધથી પરિવર્જિત, અચલ અને ત્રિલોકના અર્થને આપનારી સિદ્ધિને પ્રાપ્ત કરી. નવ મલ્લક અને નવ લેચ્છવીના ગણુ રાજાઓ-એ અઢારે તે રાત્રિએ પૌષધમાં રહી જિનની પર્યુપાસના કરે છે.

મનુષ્યો મિથઃ-અરસ્પરસ એમ પભણે છે-કહે છે કે ભાવોદ્યોત અહીંથી સમાયાત થયો-ગયો તેથી સંપ્રતિ-હવે દ્રવ્યોદ્યોત રૂપ રજની પ્રદીપ-રાત્રિના (દીવાઓ કરવા)

—શ્રી નેમિચંદ્ર સૂરિકૃત મહાવીર ચરિયં.

૩

निर्वाणे स्वामिनि ज्ञानदीपके द्रव्यदीपकान्
तदानीं रचयामासुः सर्वेऽपि पृथिवीभुजः ॥
तदा प्रभृति लोकेऽपि पर्वदीपोत्सवाभिधं
सर्वतो दीपकरणात्तस्यां रात्रौ प्रवर्त्तते ॥
२४७-२४८

તે જ્ઞાનદીપક સ્વામી નિર્વાણ પામ્યા ત્યારે સર્વે રાજાઓએ પણ દ્રવ્ય દીપકો રચ્યા. ત્યારથી લોકમાં પણ તે રાત્રિએ સર્વત્ર દીવા કરવામાં પ્રવૃત્તિ છે તેથી તે દીપોત્સવ નામનું પર્વ થયું.

—શ્રી હેમાચાર્ય કૃત ત્રિ. ષ. પુ. ચ. પર્વ ૧૦ મું.

# હિન્દુઓએ કરેલું શ્રી વીર નિર્વાણ સ્મારક.

(પાટલિપુત્ર નામનું હિંદી પત્ર પ્રોફેસર જયસવાલના તંત્રીપણા નીચે દશેક વર્ષો પહેલાં ચાલતું હતું તેમાં ઘણી ઉત્તમ પુરાતત્ત્વ અને ઐતિહાસિક ખોજ કરેલી બાબતો આવતી હતી, તેમાંથી 'જિનાચાર્યકા નિર્વાણ-ઉસકા જાતીય ઉત્સવ' એ મથાળા નીચે એક હીંદી લેખ પ્રકટ થયો હતો તેનું ભાષાન્તર અત્ર ઉતારીએ છીએ. **તંત્રી**

કહું ઈશ્વર કહું અનત અનીશ્વર નામ અનેક પરો
સત્ પન્થહિં પ્રગટાવન કારણુ લે સરૂપ વિચરો
જૈન ધરમમેં પ્રગટ કિયો તુમ દયા ધર્મ સગરો
'હરીચન્દ' તુમકો બિનુ પાએ લરિ લરિ જગત મરો.

—જૈન-કુતૂહલ.

ધર્મ નાયકોના મત-પ્રવર્તનના તત્ત્વ ઉપરના પદની આદિ કડિયોમાં હરિશ્ચંદ્રે કહેલ છે કે,

અહો તુમ બહુ વિધ રૂપ ધરો,
જબ જબ જૈસો કામ પરૈ
તબ તૈસો ભેખ કરો.

જ્યારે જે વાતની આવશ્યકતા પડે છે, માનવ શક્તિ અથવા તે શક્તિનું પ્રેરક એક નવું રૂપ લઇ ઉપસ્થિત થાય છે. હિન્દુ જાતિના આત્માએ, એવા સમયમાં જ્યારે આ દેશનું મુખ્ય ભોજન માંસ હતું, ત્યારે મહાવીર જ્ઞાતપુત્રના રૂપમાં અવતાર લઇ કહ્યું 'બસ! હવે ઘણું થયું, છુરીની જગ્યાએ દયા ધારણ કરો' જ્ઞાતપુત્ર નિર્ગ્રંથે અહીંના મનુષ્યેતર પ્રાણિગોને નિર્ગ્રન્થ-સ્વતંત્ર કર્યાં. ભાગલપુરની પાસે એક નાના પંચાયતી રાજ્ય-ગણ રાજ્યના એક ઠાકુરના પુત્રના મનમાં દયાના દિગ્વિજયની કામના ઉઠી. તે સમયે ભારતવર્ષમાં ચારે બાજુ રાજ્ય નૈતિક દિગ્વિજયની કામના હવા પાણી ઝાડ પાંદડાંમાં ભરાઇ રહી હતી. નાનાં નાનાં રાજ્ય પાંડવોના મહારાજ્ય જેવા રાજ્ય બનાવવા માંગતા હતા. તેના પાકમાં અંગના ખેતરમાં એક અપૂર્વ ફૂલ ખિલ્યું. તેને અમે 'અહિંસા વિજય' કહીશું. વિજય અને તે સાથેજ અહિંસા! જિન અર્થાત્ વિજેતા અને સાથેજ કીડી પણ ન દબાય! નાટ પુત્ર (જ્ઞાત પુત્ર)નો વિજય થયો. ગામડામાં એવું બોલાય છે કે 'સાંઇ ચલે પઉલા પઉલા ચિંઉટી બચાય કે' કીડીને ખોરાક દેનાર, પીંજરા પોળ બનાવનારા, નીલકંઠને વ્યાધના હાથેથી છોડાવનાર હિન્દુએ, પોતાની અલૌકિક દયાપર ઘમંડ કરનારા હિન્દૂએ, નાટપુત્રની વાત માની લીધી. એવા બહાદૂર કે જેણે પોતાનાથી નિર્બલને મારવામાં કાયરતા અને પાપ મનાવ્યાં તેને હિન્દુ લોકોએ બરાબરજ 'મહાવીર'ની ઉપાધિથી ભૂષિત કરવામાં આવ્યો. આને ભારતનાજ નહિ પણ સંસારના મહાવીરોમાં જ્યાં સુધી ચંદ્ર અને સૂર્ય છે ત્યાં સુધી ગણવામાં આવશે.

વેદદ્રોહી બુધ્ધનો આદર હિન્દુઓએ તેને અવતાર માની કર્યો. પણ શું હિન્દુ પોતાના મહાવીર નાટપૂત્રને ભૂલી ગયા? નહીં, તેની યાદ તેઓ દર વર્ષે કરે છે. હિન્દુ જાતિ પોતાનો ઇતિહાસ ભૂલી ગઈ છે, પરંતુ પોતાની ઐતિહાસિક સંસ્થાઓને તે ભક્તિપૂર્વક માનતી અને ચલાવતી આવી છે, તે કારણે બુદ્ધિબલ અને સુદિન પ્રાપ્ત કરતાં તે પોતાનો ઇતિહાસ પુનઃ જાણી લેશે. હિન્દુઓના તહેવાર તે તેના સુદિનના અનશ્વર બીજ છે. અવસર અને દેશકાલનો મેઘ આવતાં તે તહેવારો અને રસ્મોથી અભ્યુદય ટપકશે.

'જિન'-નાટપુત્રનો મૃત્યુ દિન તેના જન્મદિનથી પણ વધારે ઉત્સવનો દિન હતો, કારણ કે તે દિન તેમણે પોતાનો મોક્ષ માન્યો. તેનો મોક્ષ કાર્તિકની અમાવાસ્યાએ થયો. પાવા કસબામાં ત્યાંના જમીનદારના દફતરમાં (લેખશાલામાં) તેનું નિર્વાણ થયું. તેનો મોક્ષ બતાવવા પાવાપુરીએ 'દીપાવલી' કરી.

ત્યારથી આજ એક પાવાપુરી નહીં, આર્યાવર્તની બધી નગરીઓ કાર્તિકની અમાવાસ્યાને દીપાવલીનો ઉત્સવ માનવા લાગી અને તે કેટલીયે સદીઓથી જાતીય મહોત્સવ થઈ ગયેલ છે. દીપ જ્ઞાનનું રૂપ છે. જ્ઞાની અને જ્ઞાનદાતા નાટપુત્ર મહાવીરના સ્મરણાર્થે આનાથી ઉપયુક્ત મહોત્સવ કયો થઇ શકે તેમ છે?

પ્રાકૃત જૈન કલ્પસૂત્ર (૧૨૩ થી આગળ)માં મહાવીરના જીવનચરિતમાં પાવામાં તેના મરણનું જ્યાં વિવરણ આપ્યું છે ત્યાં નિર્વાણના ઉત્સવમાં દીવાલી કરવાનું પણ લખ્યું છે. અમારા લોકોમાં અને કોઈ પ્રાચીન ગ્રંથમાં દીપાવલી મહોત્સવની ઉત્પત્તિ-કથા લખી નથી. અમ હિન્દુ જેવી રીતે પોતાની ઘણીયે જાતીય વાતો ભૂલી ગયા છે, તેવી જ રીતે આ મહોત્સવનું મૂલ્ય પણ ભૂલી ગયા છે.

જેવી રીતે બુદ્ધ ભગવાનના મંદિરમાં અમે જતા નથી, તેવી રીતે જિનદેવના પણ મંદિરમાં જતા નથી, અર્થાત્ બંનેના મત-વાદને હિન્દુ મંજૂર કરતા નથી. પરંતુ બંને આચાર્યોને હિન્દુ જાતીય મહાવીર, જાતીય મહાત્મા અને જાતીય સભ્યતાના સ્તંભ માને છે. પોતાના સમયમાં હિન્દુ જાતિની દયાએ સિદ્ધાર્થ અને નાટપુત્રના રૂપમાં જન્મ લીધો હતો, જાતિની જાતિએ, જાણે કે તેના આત્માની અંતર્ગત પેસી પોતાનો નિશ્ચય, દયાનિશ્ચય પ્રકટ કર્યો.

જે તિતિક્ષા બાબુ હરિશ્ચંદ્ર (હિંદી ભાષામાં એક નામી કવિ હમણાં થઈ ગયેલ છે) માં હતી, તે અમારા પૂર્વજોમાં હતી. પૂર્વજોએ ભગવાન્ બુદ્ધને પરમાત્માનો અવતાર માની લીધો, જેવી રીતે બાબુ હરિશ્ચંદ્રે મહાવીર અને તેના પહેલાના તીર્થંકર પાર્શ્વનાથને અવતાર કહ્યા. તો પછી પૂજાર્હ અર્હન્ત મહાવીરની સ્મૃતિમાં હિન્દુ જાતિએ એક મહોત્સવ ચાલુ કર્યો તેમાં આશ્ચર્ય શું છે? તે હરિશ્ચંદ્ર કહે છે કે—

જૈન કો નાસ્તિક ભાખે કૌન
પરમ ધરમ જો દયા અહિંસા
સોઇ આચરત જૈન.

સત્કર્મનકો ફલ નિત માનત,
અતિ વિવેક કે ભૌન.

તિનકે મતહિં વિરૂદ્ધ કહત જો,
મહા મૂઢ હૈ તૌન.

---

# શ્રી મહાવીરની નિર્વાણભૂમિ.

[ પ્રસિદ્ધ કાકા કાલેલકરે રાજગૃહી જતાં શ્રી વીર પ્રભુની નિર્વાણ ભૂમિ પાવાપુરી ગયેલા તેનું વર્ણન 'મહાવીરની કૈવલ્યભૂમિ' એ મથાળાથી 'નવજીવન'માં એક લેખ આપેલો; તેના મથાળામાં ખરી રીતે કૈવલ્યભૂમિને બદલે નિર્વાણભૂમિ જોઇએ. કારણ કે શ્રી મહાવીરને કૈવલ્યજ્ઞાન પાવાપુરીમાં નહોતું થયું, પણ ત્યાં તો નિર્વાણ થયું હતું, આ લેખ અત્ર ઉપયોગી ધારી મૂકીએ છીએ. **તંત્રી.** ]

નલંદા અને રાજગૃહી જતાં પાવાપુરીનાં દર્શનનો લાભ અમને અણધાર્યોજ થયો. અરુન્ધતિ દર્શન ન્યાયથી કહેવું હોય તો પાવાપુર બિહાર શરીફ પાસે છે, બિહાર શરીફ બખત્યારપુરથી વીશ પચીશ માઈલ દૂર છે, અને બખત્યારપુર બિહારની રાજધાની બાંકીપુર-પટનાથી પૂર્વ તરફ મેઇન લાઈન ઉપર આવેલું છે.

બખત્યારપુરથી રાજગૃહીના કુંડ સુધી જે રેલવે જાય છે તે નાની છે અને ટ્રામની માફક ગાડીઓને રસ્તે ગામડાનાં ઘરોની બે હારોની વચ્ચે થઈને જાય છે. દેશદેશાન્તરના જિજ્ઞાસુ યાત્રાળુઓ માટે જ આ રેલવે નિર્ધાર કરેલી હોય એમ લાગે છે. મુમુક્ષુ યાત્રાળુઓ પણ તેનો લાભ લઈ શકે છે, જો કે રેલમાં બેસીને કરેલી યાત્રાથી પુણ્યને બદલે પાપ જ લાગવાનો સમ્ભવ વિશેષ છે.

બિહાર શરીફ સુધી પહોંચતાં અમારો સંઘ સારી પેઠે વધી ગયો હતો, એટલે પાંચ એકાઓ કરી તેમના ઉપર અમે સવાર થયા. આ એકાઓનો આકાર કયા સૈકામાં નક્કી થયો હશે એની તપાસ કરવા જેવી છે. માણસના હાડકાં સીધી રીતે ભાગ્યા વગર તે મુકામ સુધી પહોંચાડે છે એમાં શક નથી. આવા એકાઓ ઉત્તર હિન્દુસ્તાનમાં બધે હોય છે,

અને ત્રણ ત્રણ ચાર ચાર સુધી માણસો તેના પર સવારી કરે છે. એકાને બોજ હલકો હોવાથી એમાં ઘોડાને સગવડ છે ખરી, આવા એકાના અનુભવની સરખામણીથીજ જૂના લોકોએ પાલખીને સુખવાહનનું નામ આપ્યું હશે. આસપાસનો મુલક લીલોછમ અને રળિઆમણો છે, વચમાં ઠેકઠેકાણે નાનાં મોટાં તળાવો આવે છે. તેના ઉપર બાઝેલી લીલ લીલી નથી હોતી, પણ લાલ કે અંજીરીયા રંગની હોય છે, અને તેથી દેખાવમાં બહુજ સુન્દર લાગે છે. અજાણ્યાને આ વનસ્થલી નીચે પાણી હશે એવી કલ્પના પણ ન આવે.

બાર વાગે નીકળેલાં અમે લગભગ બે વાગે પાવાપુરી પાસે આવી પહોંચ્યા. પાવાપુરીના પાંચ સુધાધવલ મન્દિરો દૂરથી જ એકાદ સુન્દર બેટ જેવાં લાગે છે. આસપાસ બધે ડાંગરનાં સપાટ ખેતરો, અને વચ્ચે જ મન્દિરોનું સફેદ જૂથ. રસ્તો જરા ગોળ ફરીને આપણને મન્દિર તરફ લઈ જાય છે.

પાંચ મન્દિરોમાં એકજ મન્દિર વિશેષ પ્રાચીન જણાય છે. મન્દિરો જૈનોનાં છે, એટલે તેની પ્રાચીનતા ક્યાંયે ટકવા તો દીધીજ નથી. ખુબ પૈસા ખરચી ખરચીને પ્રાચીનતાનો નાશ કરવો એ જાણે તેમનો ખાસ શોખ હોય એમ જ લાગે છે. પાલીતાણે પણ એ જ દશા થઇ ગઈ છે. ફક્ત દેલવાડામાં જૂની કારીગરીને છાજે એવી મરામત થાય છે.

મુખ્ય મન્દિર એક સુન્દર તળાવની અંદર આવેલું છે. તળાવમાં કમળોની એક ઘટા બાઝી છે. પાણીમાં માછલાંઓ અને સર્પો આમતેમ સળવળતા ખૂબ દેખાય છે. અમે ગયેલા ત્યારે તળાવનું પાણી ઓછું થયેલું હોવાથી કમળપત્રોની ડોક ઉઘાડી પડી હતી, અને બિચારાં પાંદડાંઓ પાપડ જેવાં થઈ ગયાં હતાં.

અમૃતસરના સુવર્ણમન્દિરની પેઠે આ મન્દિરમાં જવાને પણ એક પુલ બાંધેલો છે. મન્દિરો બેઠાઘાટનાં અને પ્રમાણશુદ્ધ છે. ગર્ભગૃહની આસપાસ ચારે બાજુપર લંબચોરસ ગુંબજ છે એ આ મન્દિરની વિશેષતા છે. કલાકોવિદ લોકો આવા ગુંબજનો આકાર બહુ જ વખાણે છે. બાકીનાં આસપાસનાં મન્દિરો ઉંચાં શિખરોવાળાં છે. શિખરોમાં કંઈ ખાસ કળા જણાતી નથી, છતાં દૃષ્ટિપર તેની છાપ સારી પડે છે.

આ મન્દિરની કેટલીક મૂર્તિઓ અસાધારણ સુન્દર છે. ધ્યાનને માટે આવી જ મૂર્તિઓ હોવી જોઇએ. મૂર્તિની સુન્દરતા જોઈ તેમને હું મોહક કહેવા જતો હતો, પણ તરતજ યાદ આવ્યું કે આ મૂર્તિનું ધ્યાન તો મોહને દૂર કરવા માટે હોય છે. ચિત્તને એકાગ્ર કરવાની શક્તિ આ મૂર્તિઓમાં જરૂર છે.

આ મન્દિરોની પૂજા ત્યાંના બ્રાહ્મણોજ કરે છે. જૈનમન્દિરોમાં બ્રાહ્મણોને હાથે પૂજા થાય એ એક રીતે અજુગતું લાગ્યું, છતાં **हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जिनमन्दिरम्** કહેનારા બ્રાહ્મણો ભલે લોભથી—પણ આટલા ઉદાર થયા એથી મનમાં સમાધાન થયું. આજે પાવાપુરી એક નાનકડું ગામડું છે. અહિંસાધર્મનો પ્રચાર કરનાર મહાવીર જ્યારે અહીં વસતા હતા ત્યારે તેનું સ્વરૂપ કેવું હશે? હિંદુસ્તાનમાં કેટલીએ મહાન નગરીઓનાં ગામડાં થઈ ગયાં છે, અને કેટલીક નગરીઓનાં તો નામનિશાન પણ રહ્યાં નથી; એટલે આજનાં ગામડાં ઉપરથી પાવાપુરીની કલ્પના થઇ જ ન શકે. પ્રાચીન કાળનો અહીં કશો અવશેષ દેખાતો નથી, ફક્ત તે મહાવીરના મહાનિર્વાણનું સ્મરણ આ સ્થાનને વળગેલું છે; અને તેથી જ શ્રદ્ધાની દૃષ્ટિ બે અઢી હજાર વર્ષ જેટલી પાછળ જઈ શકે છે, અને મહાવીરની ક્ષીણ પણ તેજસ્વી કાયા શાંત ચિત્તે શિષ્યોને ઉપદેશ કરતી હોય એવી દૃષ્ટિ આગળ ઉભી રહે છે. આ સંસારનું પરમ રહસ્ય, જીવનનો સાર, મોક્ષનું પાથેય તેમના મુખારવિંદમાંથી જ્યારે ઝરતું હશે, ત્યારે તે સાંભળવા કોણ કોણ બેઠા હશે? પોતાનો દેહ હવે પડનાર છે એમ જાણી તે દેહનું છેલ્લું ગંભીર કાર્ય પ્રસન્ન ઉપદેશ—અત્યન્ત ઉત્કટતાથી કરી લેવામાં છેક છેલ્લી બધી ઘડીઓ કામમાં લઇ લેનાર તે પરમ તપસ્વીનું છેલ્લું દર્શન કોણે કોણે કર્યું હશે? અને તેમના ઉપદેશનો આશય કેટલા જણ બરાબર સમજ્યા હશે? દૃષ્ટિને પણ અગોચર એવા સૂક્ષ્મ જન્તુથી માંડીને

અનંતકોટી બ્રહ્માંડ સુધી સર્વ વસ્તુનું-સર્વ જાતિનું કલ્યાણ ચાહનાર તે અહિંસામૂર્તિનું હાર્દ કોણે સંઘર્યું હશે? 'માણસ અલ્પજ્ઞ છે, તેની દ્રષ્ટિ એકદેશી હોય છે, માટે તેને સંપૂર્ણ જ્ઞાન નથી થતું. દરેક માણસનું સત્ય એકાંગી સત્ય હોય છે, તેથી બીજાના અનુભવને વખોડવાનો તેનો હક્ક નથી, તેમ કરતાં તેને અધર્મ થાય છે.' એમ કહી સ્વભાવથી ઉન્મત્ત એવી માનબુદ્ધિને નમ્રતા શીખવનાર તે પરમગુરૂને તે દિવસે કોણે કોણે વન્દન કર્યું હશે? આ શિષ્યો પોતાનો ઉપદેશ આખી દુનિયાને પહોંચાડશે અને અઢી હજાર વર્ષ પછી પણ માનવજાતિને હા, સમસ્ત માનવજાતિને તે ખપમાં આવશે એવો ખ્યાલ તે પુણ્યપુરૂષના મનમાં આવ્યો હશે ખરો?

જૈન તત્ત્વજ્ઞાનમાં સ્યાદ્‌વાદનો બરાબર શો અર્થ છે તે જાણવાનો હું દાવો કરી શકતો નથી પણ હું માનું છું કે સ્યાદ્‌વાદ માનવબુદ્ધિનું એકાંગીપણું જ સૂચિત કરે છે. અમુક દૃષ્ટિએ જોતાં એક વસ્તુ એક રીતે દીસે છે, બીજી દૃષ્ટિએ તે બીજી રીતે દેખાય છે. જન્માન્ધો જેમ હાથીને તપાસે તેવી આપણી આ દુનિયામાં સ્થિતિ છે.

આ વર્ણન યથાર્થ નથી એમ કોણ કહી શકે? આપણી આવી સ્થિતિ છે એટલું જેને ગળે ઉતર્યું તેજ આ જગતમાં યથાર્થ જ્ઞાની. માણસનું જ્ઞાન એક પક્ષી છે એટલું જે સમજ્યો તેજ માણસોમાં સર્વજ્ઞ. વાસ્તવિક સમ્પૂર્ણ સત્ય જે કોઇ જાણતા હશે તે પરમાત્માને આપણે હજુ ઓળખી શકયા નથી.

આ જ્ઞાનમાંથી જ અહિંસા ઉદ્‌ભવેલી છે. જ્યાં સુધી હું સર્વજ્ઞ ન હોઉં ત્યાં સુધી બીજા ઉપર અધિકાર ચલાવવાનો મને શો અધિકાર? મારૂં સત્ય મારા પૂરતું જ છે, બીજાને તેનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી મારે ધીરજ રાખવી જોઈએ. આવી વૃત્તિ તેજ અહિંસા વૃત્તિ.

કુદરતી રીતેજ માણસનું જીવન દુઃખમય છે, જન્મજરાવ્યાધિથી માણસ હેરાન થાયજ છે, પણ માણસે પોતાની મેળે કંઇ દુઃખો ઓછાં ઉભાં કર્યાં નથી. માણસ જો સન્તોષ અને નમ્રતા મેળવે તો મનુષ્યજાતિનું ૯૦ ટકા દુઃખ ઓછું થઈ જાય. આજે જે દેશદેશ વચ્ચે અને કોમકોમ વચ્ચે કલહ ચાલી રહ્યા છે અને મૃત્યુ પહેલાંજ આપણે આ સૃષ્ટિપર જે નરક ઉપજાવીએ છીએ તે એકલી અહિંસાવૃત્તિથીજ આપણે અટકાવી શકીએ.

હિન્દુસ્તાનના ઈતિહાસનો જો કંઇ વિશેષ સાર હોય તો તે એજ છે કે—

**सर्वेऽत्र सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः।**
**सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद्दुःखभाग्भवेत्॥**

હિન્દુસ્તાનમાં જેટલા આવ્યા તેટલા બધા અહીંજ રહ્યા છે, કોઇ ગયા નથી, આશ્રિત તરીકે આવ્યા તેઓ પણ રહ્યા છે અને વિજેતાના ઉન્માદથી આવ્યા તેઓ પણ રહ્યા છે, બધાજ ભાઇ ભાઇ થઇને રહ્યા છે અને રહેશે. વિશાળ હિન્દુધર્મની, જનકના હિન્દુધર્મની, ગૌતમબુદ્ધના હિન્દુધર્મની, મહાવીરના હિન્દુધર્મની આ પુણ્યભૂમિમાં અહિંસાનો ઉદય થયો છે.

આખી દુનિયા શાન્તિને ખોળે છે. ત્રસ્ત દુનિયા ત્રાહિ ત્રાહિ કરીને પોકારે છે; છતાં તેને શાન્તિનો રસ્તો જડતો નથી. જેઓ દુનિયાને લૂંટે છે, મહાયુદ્ધોને સળગાવે છે તેમને પણ આખરે તો શાન્તિજ જોઇએ છે, પણ તે શાન્તિ કેમ પ્રાપ્ત થાય?

બિહારની આ પવિત્ર ભૂમિમાં શાન્તિનો માર્ગ ક્યારનો નક્કી થઇ ચુકયો છે. પણ દુનિયાને તે સ્વીકારતાં હજુ વાર છે. પાવાપુરીના આ પવિત્ર સ્થળે તે મહાન માનવે પોતાનું આત્મસર્વસ્વ રેડી દુનિયાને તે માર્ગ સંભળાવ્યો હતો અને પછી શાન્તિમાં પ્રવેશ કર્યો હતો. દુનિયાના શાન્તિતરસ્યા લોકો નમ્ર થઇ નિર્લોભી થઇ, નિરહંકારી થઇ જ્યારે ફરી તે દિવ્ય વાણી સાંભળશે ત્યારેજ દુનિયામાં શાન્તિ સ્થપાશે. અશાન્તિ, કલહ, વિદ્રોહ એ દુનિયાનો કાનુન નથી, નિયમ નથી, સ્વભાવ નથી, પણ તે વિકાર છે. દુનિયા જ્યારે નિર્વિકાર થશે ત્યારેજ મહાવીરનું અવતારકૃત્ય પૂર્ણતાને પામશે. (નવજીવન અંક ૨૩ મો.

**દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર.**

# શ્રી વીર નિર્વાણ સંવત્.

**[ પ્રો૦ જયસવાલનાં સં. ૧૯૭૨ માં 'પાટલીપુત્ર'માં લખેલા એક હિંદી લેખ નામે 'જૈનનિર્વાણ સંવત્'નું ભાષાંતર. ]**

જૈનોને ત્યાં કોઇ ૨૫૦૦ વર્ષની સંવત્-ગણનાનો હિસાબ બધા હિન્દુઓમાં સહુથી સારો છે. તેથી જણાય છે કે પુરાણા સમયમાં ઐતિહાસિક પરિપાટીની વર્ષગણના તેઓમાં હતી; બીજી જગ્યાએ તે લુપ્ત અને નષ્ટ થઈ ગઇ, કેવલ જૈનોમાં બચી રહી. જૈનોની ગણના આધારે અમે પૈરાણિક ઐતિહાસિક ઘણી ઘટનાઓ કે જે બુધ્ધ અને મહાવીરના સમય લગભગની છે તેને સમયબદ્ધ કરી અને જોયું તો તેનું ઠીક ઠીક મળતાપણું, જણાયેલી ગણના સાથે મેળ ખાય છે. કેટલીક ઐતિહાસિક વાતોનો પત્તો જૈનોના ઐતિહાસિક લેખ પટ્ટાવલિઓમાંજ મળે છે. જેમકે નહપાનના ગૂજરાતમાં રાજ્ય કરવાનું તેના સિક્કા અને શિલાલેખોથી સિદ્ધ છે, પણ તેનો ઉલ્લેખ પુરાણોમાં નથી પરંતુ એક પટ્ટાવલીની ગાથા છે કે જેમાં મહાવીર સ્વામી અને વિક્રમ સંવત્ના વચેનું અંતર આપેલું છે; તેમાં નહવાણનું નામ અમને મળ્યું. તે 'નહવાણ'ના રૂપમાં છે. જૈનોની પુરાણી ગણનામાં જે અસંબદ્ધતા યુરોપના વિદ્વાનોદ્વારા ગણાતી આવે છે તે અમે જોયું તો વસ્તુતઃ છે નહિ. આ સર્વ વિષય અન્યત્ર ( બિહારના પુરાતત્ત્વ વિષયક પત્રમાં ) લખી ચૂક્યા છીએ. અહીં કેવલ નિર્વાણના વિષયે કંઇ કહેવાશે.

મહાવીરનું નિર્વાણ અને ગર્દભિલ્લ સુધી ૪૭૦ વર્ષનું અંતર પુરાણી ગાથામાં કહેવામાં આવ્યું છે કે જેને દિગંબર અને શ્વેતાંબર એ બંને દલવાળા માને છે. એ યાદ રાખવા જેવી વાત છે કે બુદ્ધ અને મહાવીર બંને એકજ સમયમાં થયા. બૌદ્ધોનાં સૂત્રોમાં તથાગતનું નિર્ગ્રન્થ નાટપુત્રની પાસે જવાનું લખ્યું છે અને એ પણ લખ્યું છે કે જયારે તે શાકયભૂમિ તરફ જતા હતા ત્યારે જણાયું કે પાવામાં નાટપુત્રનો દેહવિલય-શરીરાન્ત થઈ ગયેલ છે.

જૈનોના 'સરસ્વતી ગચ્છ'ની પટ્ટાવલીમાં વિક્રમ સંવત્ અને વિક્રમ જન્મમાં ૧૮ વર્ષનું અંતર માનેલું છે. જેમકે "વીરાત્ ૪૯૨ વિક્રમ જન્માન્તર વર્ષ ૨૨, રાજ્યાન્ત વર્ષ ૪" વિક્રમ સંબંધીની ગાથાની પણ એ ધ્વનિ છે કે તે ૧૭ મા યા ૧૮ મા વર્ષમાં સિંહાસન પર બેઠો. આથી સિદ્ધ છે કે ૪૭૦ વર્ષ કે જે જૈન-નિર્વાણ અને ગર્દભિલ્લ રાજાના રાજ્યાન્ત સુધી માનવામાં આવે છે તે વિક્રમના જન્મ સુધીનું થયું. ( ૪૯૨-૨૨=૪૭૦ ) આથી વિક્રમ જન્મ (૪૭૦ મ૦ નિ૦ )માં ૧૮ ઉમેરવાથી નિર્વાણનું વર્ષ વિક્રમીય સંવતની ગણનામાં નિકળશે અર્થાત્ (૪૭૦+૧૮) ૪૮૮ વર્ષ વિક્રમ સંવતની પૂર્વે અર્હન્ત મહાવીરનું નિર્વાણ થયું. અને વિક્રમ સંવતના આજસુધીમાં ૧૯૭૧ વર્ષ વીતી ગયાં છે, તેથી ૪૮૮ વિ૦ પૂ૦+૧૯૭૧=૨૪૫૯ વર્ષ આજથી પહેલાં જૈન-નિર્વાણ થયું. પરંતુ 'દિગંબર જૈન' તથા અન્ય જૈન પત્રો પર નિર્વાણ સં. ૨૪૪૧ જોવામાં આવે છે. આનું સમાધાન કોઈ જૈન સજ્જન કરે તો અનુગ્રહ થશે ૧૮ વર્ષનો ફરક ગર્દભિલ્લ અને વિક્રમ સંવતના વચ્ચેની ગણના છોડી દેવાથી ઉત્પન્ન થયેલો માલૂમ પડે છે. બૌદ્ધલોક-લંકા, સીયામ, બ્રહ્મદેશ આદિ સ્થાનોમાં બુદ્ધનિર્વાણને આજ ૨૪૫૮ વર્ષ વ્યતીત થયેલાં મનાય છે. તો અહીં મેળવતાં એ આવ્યું કે મહાવીર બુદ્ધની પહેલાં નિર્વાણ-પ્રાપ્ત થયા. નહિ તો બૌદ્ધના અને 'દિગંબર જૈન' ગણનાથી અર્હન્તનો અંત બુદ્ધનિર્વાણથી ૧૬-૧૭ વર્ષ પહેલાં સિદ્ધ થશે કે જે પુરાણા સૂત્રોના પુરાવાથી વિરૂદ્ધ જશે."

---

# શ્રીમન્ મહાવીરના શરીરનું વર્ણન.

સમહાથ પ્રમાણ, સમ એટલે તુલ્ય ચતુરસ્રના સંસ્થાન (આકાર)માં સ્થિત, વજ્રઋષભ નારાચ સંહનન (પ્રથમ સંહનન) વાળા, અનુકૂલ જેનો વાયુ વેગ–શરીરાંતવર્તી વાયુનો વેગ છે તેવા, કંક નામના પક્ષીના જેવી ગ્રહણી–ગુદાશય છે (નીરોગ વર્ચ્ચસ્વથી) જેની એવા, કપોત પક્ષીના જેવો જેનો પરિણામ–આહાર પાક છે એવા (કપોતની જઠરાગ્નિ પાષાણ લવો પણ પચાવે છે એવી જનશ્રુતિ છે), શકુનિ નામના પક્ષિ જેવી પોસ–અપાનદેશ પુરષોત્સર્ગથી નિર્લેપ હોય છે તેવા તથા પૃષ્ઠ–પીઠ અને ઉદર વચ્ચેનો અંતરાલ–પડખાં, અને ઉરૂ-જંઘા બંને પરિણત એટલે વિશિષ્ટ પરિણામવાળાં સુજાત છે જેનાં એવા, પદ્મ અને ઉત્પલ (નીલ કમલ) બંનેનાં ગંધ જેવા નિઃશ્વાસ–શ્વાસ વાયુથી સુગંધી વદન જેનું છે તેવા, છવી એટલે છવિમાન્–ઉદાત્તવર્ણ–સુકુમાર ચામડીવાળા અંતક વગરના–રોગરહિત–નીરોગ ઉત્તમ પ્રશસ્ત અતિશ્વેત (પાઠાંતર અતિ શ્રેય એટલે અત્યંત પ્રશસ્ય) નિરૂપમ જેનું પલ એટલે માંસ છે (પાઠાંતર તલ એટલે રૂપ જેનું છે) એવા, સ્વલ્પ પ્રયત્નથી જે ચાલ્યું જાય તે યલ્લ તેવા મલવાળા કલંક (દુષ્ટ તિલકાદિ), સ્વેદ, રજ–રેણુ તેના જે દોષ–મલિનપણું તેનાથી વર્જિત જેનું નિરૂપલેપ શરીર છે એવા, છાયા–દીપ્તિથી ઉદ્યોતિત–પ્રકાશિત જેનાં અંગોઅંગ છે એવા, ઘનનિચિત–નિબિડ ઘનબદ્ધ–અયોઘનવત્ નિચિત સુબદ્ધ–સુષ્ઠુ સ્નાયુબદ્ધ લક્ષણોન્નત–પ્રશસ્ત લક્ષણવાળું કૂટ એટલે પર્વત શિખરના આકાર જેવું પિંડિક એટલે પાષાણપિંડિક જેવા અગ્ર જેવું (ઉષ્ણીશ લક્ષણવાળું) શિર જેને છે તેવા, શાલ્મલી (વૃક્ષ) ના ફલ જેવા ઘનનિચિત–અતિ નિબીડ અને સ્ફોટિત એવા મૃદુ–સુકુમાર વિશદ–વ્યકત પ્રશસ્ત સૂક્ષ્મ લક્ષણ વાળા સુગંધી સુંદર ભુજમોચક (રત્ન વિશેષ) જેવા ભૃંગ જેવા યા નૈલ (નીલીવિકાર) જેવા–(અથવા ભૃંગનૈલ જેવા) કાજળ જેવા પ્રહૃષ્ટ ભ્રમર ગણ જેવા સ્નિગ્ધ સમૂહ જેનો છે એવા નિચિત-નિબીડ કુંડાળા વાળા પ્રદક્ષિણાવર્ત્ત ગોળ ગુંચળા વાળા એવા જેના મસ્તક પર **શિરોજ–વાળ** છે એવા શ્રી મહાવીર છે. (વિશેષે) ભગવંતની કેશાંતભૂમિવાળ ઉગવાની મસ્તકની ભૂમિ–દાડિમના ફુલ જેવી અને લાલ સુવર્ણ જેવી નિર્મલ તથા સ્નિગ્ધ છે; મસ્તકપ્રદેશ ઘન, નિબિડ અને છત્રાકાર છે; લલાટ વ્રણ વગરનું, અર્ધચંદ્ર સરખું કાંતિવાળું, શુદ્ધ અને સમ છે; મુખ ચંદ્ર સમાન પૂર્ણ અને સૌમ્યગુણયુકત છે; કર્ણો સુંદર અને પ્રમાણવાળા છે; શ્રોત્રો સારા છે. કપોલપ્રદેશ પુષ્ટ અને માંસલ છે; ભવાંઓ નમેલા ચાપ જેવાં સુંદર, કાળાં વાદળાંની શ્રેણિ જેવાં આછાં કાળાં અને સ્નિગ્ધ છે; નયનો વિકસિત પુંડરીક કમલ સમાન છે; અક્ષો—પાંપણવાળી આંખો, વિકસિત કમલ સમાન શ્વેત અને પાતળી છે, નાસિકા ગરૂડ જેવી દીર્ઘ, સરલ અને ઉન્નત છે; ઓષ્ટો ઉપચિત શિલ પ્રવાલ અને બિંબફલ જેવા (રકત) છે; દાંતની શ્રેણિ શ્વેતચંદ્ર, સર્વ નિર્મલ પાણી, શંખ, ગોક્ષીર–ગાયનું દુધ, ચંપકનું પુષ્પ, જલનાં બિંદુઓ અને મૃણાલિકા જેવી ધોળી છે; દાંતો અખંડ, અસ્ફુટિત, અવિરલ, સુસ્નિગ્ધ અને સુજાત છે; અનેક દાંતો એક દાંતની શ્રેણિ સમાન છે; તાલવું અને જીભ અગ્નિથી ધમેલ, તપ્ત સુવર્ણ સમાન લાલ છે; શ્મશ્રુ–દાઢી અવસ્થિત અને સુવિભકત છે; હનુક–હડપચી પુષ્ટ, સંસ્થિત અને પ્રશસ્ત શાર્દુલ સમાન વિપુલ છે; ગ્રીવા–ડોક ચાર અંગુલ પ્રમાણવાળી અને ઉત્તમ શંખ જેવી છે; ખભા સારા મહિષ વરાહ સિંહ શાર્દૂલ વૃષભ અને ઉત્તમ હસ્તિ સમાન પરિપૂર્ણ અને વિશાલ છે; ભુજા ધુંસરા જેવી પુષ્ટ, આનંદ દેનારી, પીવર, પ્રકોષ્ટો–પોંચામાં સંસ્થિત, સુશ્લિષ્ટ, વિશિષ્ટ અને ઘણી સ્થિર સંધિવાળી તથા સારા શહેરના ગોળ પરિઘ–ભોગળ સરખી છે; બાહુ કાંઈક લેવા માટે પરિઘની પેઠે લાંબી કરેલ ભુજગેશ્વર (સર્પ)ની ફણા સમાન દીર્ઘ છે; હસ્ત રકત તળીયાથી ઉપચિત, મૃદુ, માંસલ, સુજાત, લક્ષણોથી પ્રશસ્ત અને નિશ્છિદ્ર છે; અંગુલિઓ પુષ્ટ અને કોમલ છે; નખો આતાભ્રતામ્ર તાંબાની પેઠે થોડા લાલ, પાતળા, પવિત્ર,

સુંદર અને ચિકણા છે, હસ્તમાં ચંદ્રની, સૂર્યની, શંખની, ચક્રની અને દિક્‌સ્વસ્તિકની રેખાઓ છે; વક્ષઃસ્થલ કનક શિલાતલ સમાન ઉજ્વલ, પ્રશસ્ત, સમતલવાળું, ઉપાચત, વિસ્તીર્ણ, પહોળું અને શ્રીવત્સથી અંકિત છે; દેહ અકરંડુક-પીઠના દેખાતા હાડકા રહિત, કનકસમ કાંતિવાળો, નિર્મલ, સુજાત, નિરૂપહત અને ઉત્તમ પુરૂષના એક હજાર આઠ લક્ષણ સહિત છે; પડખાંઓ સન્નત, સંગત, સુંદર, સુજાત, પુષ્ટ, રતિને દેનારાં અને મિત મર્યાદાવાળાં છે; રોમરાજિ સરલ, સરખી, ઉત્તમ, આછી, કાળી, સ્નિગ્ધ, દર્શનીય, લહકતી અને રમણીય છે; કુક્ષિ મત્સ્ય અને પક્ષી જેવી સુજાત અને પુષ્ટ છે; ઉદર મત્સ્ય સમાન છે; ઇંદ્રિયો શુચિ છે; નાભિ ગંગાવર્તકની પેઠે પ્રદક્ષિણાવર્ત તરંગોથી ભંગુર-ચંચલ, રવિકિરણથી વિકસિત પદ્મ જેવી ગંભીર અને વિશાળ છે; શરીરનો મધ્ય ભાગ વચમાં સાંકડા ભાગવાળી ત્રણ લાકડાની ઘોડી જેવો, મુસલ અને દર્પણના મધ્ય જેવો, ઉત્તમ સુવર્ણ-સોનાની મુઠ જેવો અને વજ્રના જેવો વળેલો છે; કટિપ્રદેશ-નિતંબ પ્રમુદિત ઉત્તમ અશ્વ તથા સિંહ કરતાં અધિક ગોળ છે; ગુહ્યદેશ સુજાત અને ઉત્તમ ઘોડા સમાન છે, ઉત્તમ અશ્વની સમાન નિરૂપલેપ છે; ગતિ ઉત્તમ હસ્તિસમાન વિક્રમ અને વિલાસવાળી છે; જંઘાઓ હાથીની શુંઢ જેવી સુજાત છે; જાનુઓ ડાબલાના ઢાંકણાં જેવા ગૂઢ છે; જંઘાઓ હરિણી, કુરૂવિંદ-તૃણ વિશેષ અને સૂત્ર વણવાના પદાર્થ સમાન ગોળ તથા ચડતા ઉતરતા ક્રમવાળી છે; ઘુંટિઓ સંસ્થિત સુશ્લિષ્ટ અને ગૂઢ છે; પગો કાચબા જેવા સુંદર અને સુપ્રતિષ્ઠિત છે; પગની અંગુલિઓ ક્રમપૂર્વક અને સુસંહત છે; અંગુલિઓના નખો ઉન્નત, પાતળા, લાલ અને સ્નિગ્ધ છે,

—ઔપપાતિક સૂત્ર—૬૦ આ. માં પૃ. ૪૪ થી ૫૫ સુધી અનુ. પં. બેચરદાસ.

'તે ભગવાન્ દેવલોકમાંથી ચ્યુત થઇ (અહીં જન્મ લઇ) અનુપમ શ્રીવાળા દાસીદાસથી અને પીઠમર્દથી પરિવૃત્ત, કાળા કેશવાળા, સુંદર નયનવાળા, બિંબ (બિલ્વ) જેવા ઓઠવાળા, શ્વેત દાંતની પંક્તિવાળા, ઉત્તમ પદ્મના ગર્ભ જેવા ગૌર, ઉત્પલ પુષ્પના ગંધ જેવા શ્વાસવાળા વૃદ્ધિ પામે છે. ભગવન્‌ને અપ્રતિપતિત એવાં ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત અને અવધિ-જ્ઞાન) વડે અને તેમનામાં રહેલી ઇતર મનુષ્યો કરતાં અતિ કાન્તિ અને બુદ્ધિ વડે જાતિ સ્મરણ થાય છે.

—આવશ્યક ભાષ્ય ૬૯, થી ૭૧ ગાથા.

'તે કાલે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર વ્યાવૃત્તભોજી (હમેશાં જમનાર) હતા. તે વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવંત મહાવીરનું ઉદાર શણગારેલા જેવું, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય, મંગલરૂપ, અલંકારો-ઘરેણાં વિના શોભતું, સારાં લક્ષણો વ્યંજનો અને ગુણોથી યુકત, એવું શરીર શોભાવડે અત્યંત શોભતું હતું

—ભગવતીસૂત્ર સાનુવાદ. પૃ. ૨૩૫.

# શ્રી ગૌતમસ્વામીનું વર્ણન.

'તે કાલે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાસે (બહુ દૂર નહીં, બહુ નિકટ નહીં) ઊર્ધ્વજાનુ-ઉભડક રહેલા, અધઃ શિર-નીચે નમેલ મુખવાળા અને ધ્યાનરૂપ કોષ્ઠમાં પ્રવિષ્ટ તેમના (શ્રમણ ભગવંત મહાવીરના) જ્યેષ્ટ-સૌથી મોટા શિષ્ય ઇન્દ્રભૂતિ નામના અનગાર-સાધુ સંયમવડે અને તપવડે ભાવતા વિહરે છે-રહે છે. જેઓ ગૌતમ ગોત્રવાળા, સાત હાથ ઉંચા, સમચોરસ સંસ્થાનવાળા, વજ્રઋષભ નારાચ સંઘયણી, સોનાના કટકાની રેખા સમાન અને પદ્મકેસરો સમાન ધવલ વર્ણવાળા, ઉગ્ર તપસ્વી, દીપ્ત તપસ્વી, તપ્ત તપસ્વી, મહા તપસ્વી, ઉદાર, ઘોર, ઘોર ગુણવાળા, ઘોર તપવાળા, ઘોર બ્રહ્મચર્યમાં રહેવાના સ્વભાવવાળા, શરીરના સંસ્કારોને ત્યજનાર, શરીરમાં રહેતી હોવાથી સંક્ષિપ્ત અને દૂરગામિ હોવાથી વિપુલ એવી તેજોલેશ્યાવાળા, ચૌદ પૂર્વના જ્ઞાતા, ચાર જ્ઞાનને પ્રાપ્ત અને સર્વાક્ષરસંનિપાતી છે.

—ભગવતીસૂત્ર આનુવાદ પૃ. ૩૩ અનુ૦ પં. બેચરદાસ; ઔપપાતિક સૂત્ર પૃ. ૮૩.

[ આમાં જે શબ્દો ન સમજાય તે માટે તે પરની ભગવતી સૂત્રની ટીકા અને તેનો અનુવાદ જોઈ લેવા.]

[ ચિત્રકારો અને શિલ્પીઓએ શ્રી મહાવીર પ્રભુ અને શ્રી ગૌતમ સ્વામીના આ વર્ણકોપર પોતાનું કાર્ય કરવા પહેલાં લક્ષ રાખવું ઘટે. તંત્રીઃ ]

# શ્રી મહાવીર–સંવાદો.

૧

## શ્રમણ ભગવંત મહાવીર અને શ્રી ગૌતમ.

**प्र० से णूणं भंते ! तमेव सच्चं, नीसंकं जं जिणेहिं पवेदितं ?**
**उ० हंता, गोयमा ! तमेव सच्चं नीसंकं, एवं जाव पुरिसक्कार परक्कमेइ वा।**

—પ્ર૦ હે ભગવાન્ તેજ સત્ય અને નિ:શંક છે; જે જિનોએ જણાવ્યું છે ?
—ઉ૦ હે ગૌતમ ! હા, તેજ સત્ય અને નિ:શંક છે જે જિનોએ પ્રવેદ્યું છે. યાવત્ પુરૂષકાર પરાક્રમથી નિર્જરે છે.

–'ત્યાર પછી જાતશ્રદ્ધ-પ્રવર્તેલી શ્રદ્ધાવાળા, જાતસંશય, જાતકુતૂહલ, ઉત્પન્નશ્રદ્ધ, ઉત્પન્નસંશય, ઉત્પન્ન કુતૂહલ, સંજાતશ્રદ્ધ, સંજાત સંશય, સંજાતકુતૂહલ તે ભગવાન્ ગૌતમ ઉત્થાનવડે ઉભા થાય છે; ઉત્થાનવડે ઉભા થઇને જે તરફ શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવે છે; આવી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણા કરી વાંદે છે, નમે છે, નમી બહુ નિકટ નહીં તેમ બહુ દૂર નહીં એવી રીતે ભગવંતની સામે વિનયવડે લલાટે હાથ જોડી ભગવંતના વચનને શ્રવણ કરવાની ઇચ્છાવાળા ભગવંતને નમતા અને પર્યુપાસતા આ પ્રમાણે બોલ્યાઃ— ભગવતી સૂ. સાનુવાદ પૃ. ૩૭.

[ શિષ્યે ગુરૂ પાસે કેવા ભાવથી અને કેવા વિનયથી પ્રશ્નો પૂછવા ઘટે તે આ ઉપરથી સમજી શકાશે. ]

### (૧) આત્મારંભાદિ.

પ્રશ્ન. હે ભગવન્ ! શું જીવો આત્મારંભ છે, પરારંભ છે, તદુભયારંભ છે કે અનારંભ છે ?

ઉત્તર. હે ગૌતમ ! કેટલાક જીવો આત્મારંભ પણ છે, પરારંભ પણ છે અને ઉભયારંભ પણ છે, પણ અનારંભ નથી. તથા કેટલાક જીવો આત્મારંભ નથી, પરારંભ નથી, ઉભયારંભ નથી, પણ અનારંભ છે.

પ્ર૦ હે ભગવન્ ! તેં એ પ્રમાણે શા હેતુથી કહો છો કે, 'કેટલાક જીવો આત્મારંભ પણ છે' ઇત્યાદિ ઉપલો (પ્રશ્ન) ફરીથી ઉચ્ચારવો.

ઉ૦ હે ગૌતમ ! જીવો બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણેઃ—સંસારસમાપન્નક અને અસંસારસમાપન્નક. તેમાં જે જીવો અસંસારસમાપન્નક છે તેઓ સિદ્ધરૂપ છે અને તેઓ આત્મારંભ, પરારંભ કે ઉભયારંભ નથી, પણ અનારંભ છે. તેમાં જે સંસારસમાપન્નક જીવો છે તે બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણેઃ-સંયત અને અસંયત. તેમાં જે સંયતો છે તે બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણેઃ- પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયત. તેમાં જે અપ્રમત સંયતો છે તેઓ આત્મારંભ પરારંભ કે યાવત્-ઉભયારંભ નથી, પણ અનારંભ છે, અને તેઓ અશુભ યોગની અપેક્ષાએ આત્મારંભ પણ છે અને યાવત્– અનારંભ નથી. તેમાં જે અસંયતો છે તેઓ અવિરતિને આશ્રીને આત્મારંભ પણ છે અને યાવત્– અનારંભ નથી. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહેવાય છે કે, 'કેટલાક જીવો આત્મારંભ પણ છે, અને યાવત્–અનારંભ પણ છે.'

[ આરંભ-જીવને ઉપઘાત–ઉપદ્રવ, સામાન્ય રીતે કહીએ તો આશ્રવદ્વારે પ્રવૃત્તિ કરવી તે. પ્રમત્ત સંયતને, સંયત હોવાથી શુભ અને પ્રમાદી હોવાથી અશુભ યોગ હોય છે. 'શ્રમણનો સર્વ પ્રમત્ત યોગ– પ્રમાદયુક્ત મન વચન અને કાયાનો યોગ આરંભયુક્ત હોય છે ! ભગવતીજીમાં એક પાઠ એ છે કે, 'સુહજોગં પડુચ્ચ અણારંભી, અસુહજોગં પડુચ્ચં આયારંભી, પરારંભી, તદુભયારંભી'–અર્થાત્ શુભયોગની અપેક્ષાએ અનારંભી, અશુભ યોગની અપેક્ષાએ આત્મારંભી, પરારંભી, તદુભયારંભી (આત્મારંભી

અને પરારંભી). અહીં શુભનો અર્થ પારિમાણિક શુભથી લેવો ઘટે. પારિમાણિક એટલે જે પરિણામે શુભ વા જેવું હતું તેવું રહેવું છે તે અહીં યોગનો અર્થ મન, વચન અને કાયા છે. આ કહેવાનો મુખ્ય હેતુ યથાર્થ દર્શાવવાનો અને શુભયોગમાં પ્રવૃત્તિ કરાવવાનો છે. આમાં બોધ ઘણો સુંદર છે." ]

## (૨) કાંક્ષામોહ બંધાદિ.

પ્ર૦ હે **ભગવન્**! જીવો કાંક્ષામોહનીય કર્મ બાંધે છે?

ઉ૦ હે **ગૌતમ**! હા, બાંધે છે.

પ્ર૦ હે **ભગવન્**! જીવો કાંક્ષામોહનીય કર્મ કેવી રીતે બાંધે છે?

ઉ૦ હે **ગૌતમ**! પ્રમાદરૂપ હેતુથી અને યોગરૂપ નિમિત્તથી જીવો કાંક્ષામોહનીય કર્મ બાંધે છે.

પ્ર૦ હે **ભગવન્**! તે પ્રમાદ શાથી પ્રવર્તે છે-પેદા થાય છે?

ઉ૦ હે **ગૌતમ**! તે પ્રમાદ, યોગથી-માનસિક વાચિક અને કાયિક વ્યાપારથી પેદા થાય છે.

પ્ર૦ હે **ભગવન્**! તે યોગ શાથી પેદા થાય છે?

ઉ૦ હે **ગૌતમ**! તે યોગ વીર્યથી પેદા થાય છે.

પ્ર૦ હે **ભગવન્**! તે વીર્ય શાથી પેદા થાય છે?

ઉ૦ હે **ગૌતમ**! તે વીર્ય શરીરથી પેદા થાય છે.

પ્ર૦ હે ભગવન્! તે શરીર શાથી પેદા થાય છે?

ઉ૦ હે **ગૌતમ**! તે શરીર જીવથી પેદા થાય છે અને જ્યારે તેમ છે તો ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરૂષકાર-પરાક્રમ છે.

[ કાંક્ષામોહનીય—જે મોહ પમાડે-મુંઝવે તે મોહનીય, મોહનીય કર્મના બે પ્રકાર છે. ૧ ચારિત્ર મોહનીય અને બીજું દર્શન મોહનીય. આ સ્થળે દર્શન મોહનીય કર્મજ અપેક્ષિત છે. કાંક્ષા એટલે બીજાં બીજાં દર્શનો-મતોનું ગ્રહણ કરવું. અર્થાત્ અમુકમાંજ શ્રદ્ધા ન રાખતાં ભિન્ન ભિન્ન મતોને અવલંબવું. તદ્રૂપ-કાંક્ષારૂપ જે મોહનીય-મોહ પમાડનારૂં તે કાંક્ષામોહનીય-મિથ્યાત્વ મોહનીય. ]

## (૩) દુઃખનો વેદક જીવ.

પ્ર૦ હે **ભગવન્**! આ જીવ સ્વયંકૃત દુઃખને-કર્મને વેદે છે?

ઉ૦ હે **ગૌતમ**! કેટલુંક વેદે છે અને કેટલુંક નથી વેદતો.

પ્ર૦ હે **ભગવન્**! તે એ પ્રમાણે શા હેતુથી કહો છો કે 'કેટલુંક વેદે છે, અને કેટલુંક નથી વેદતો?

ઉ૦ હે **ગૌતમ**? ઉદીર્ણ કર્મને વેદે છે અને અનુદીર્ણ કર્મને નથી વેદતો, માટે એમ કહેવાય છે કે 'કેટલુંક વેદે છે અને કેટલુંક નથી વેદતો!'

## (૪) નિર્ગ્રન્થ.

પ્ર૦ હે **ભગવન્**! લાઘવ, ઓછી ઇચ્છા, અમૂર્છા અનાસક્તિ અને અપ્રતિબદ્ધતા, એ બધું શ્રમણ નિર્ગ્રન્થોને માટે પ્રશસ્ત છે?

ઉ૦ હે **ગૌતમ**! હા, લાઘવ........એ બધું નિર્ગ્રન્થોને માટે પ્રશસ્ત છે.

પ્ર૦ હે ભગવન્! અક્રોધપણું, અમાનપણું, અકપટપણું અને અલોભપણું;-એ બધું શ્રમણ નિર્ગ્રન્થોને માટે પ્રશસ્ત છે?

ઉ૦ હે **ગૌતમ**! હા, અક્રોધપણું...પ્રશસ્ત છે.

પ્ર૦ હે ભગવન્! કાંક્ષાપ્રદોષ ક્ષીણ થયા પછી શ્રમણ નિર્ગ્રન્થ અંતકર અને અંતિમ શરીરવાળો થાય? અથવા પૂર્વની અવસ્થામાં બહુ મોહવાળો થઇ વિહાર કરે અને પછી સંવૃત (સંવર વાળો) થઇને કાળ કરે તો પછી સિદ્ધિ થાય, યાવત્-સર્વ દુઃખના નાશને કરે?

ઉ૦ હે ગૌતમ! હા, કાંક્ષા પ્રદોષ ક્ષીણ થયા પછી...યાવત્ સર્વ દુઃખના નાશને કરે.

—શ્રી. ભ. સૂત્ર સાનુવાદ ભાગ ૧. પૃ. ૨૦૩.

## (૫) સાધુ સેવા.

પ્ર૦ હે **ભગવન્**! તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણની પર્યુપાસના કરનાર મનુષ્યને તેની સેવાનું શું ફળ મળે?

ઉ૦ હે **ગૌતમ**! તેઓની પર્યુપાસનાનું ફળ શ્રવણ છે અર્થાત્ તેઓની પર્યુપાસના કરનારને સત્શાસ્ત્રને સાંભળવાનું ફળ મળે છે.

પ્ર૦ હે **ભગવાન્**! તે શ્રવણનું ફળ શું છે?

ઉ૦ હે **ગૌતમ**! તેનું ફળ જ્ઞાન છે અર્થાત્ સાંભળવાથી જાણવાનું બની શકે છે.

પ્ર૦ હે ભગવન્! તે જ્ઞાનનું જાણવાનું ફળ શું છે.

ઉ૦ હે ગૌતમ! તેનું ફળ વિજ્ઞાન છે અર્થાત્ સાધારણ જાણ્યા પછી વિવેચન-પૂર્વક જાણી શકાય છે.

પ્ર૦ હે ભગવન્! તે વિજ્ઞાનનું ફળ શું છે?

ઉ૦ હે ગૌતમ! તેનું ફળ પ્રત્યાખ્યાન છે અર્થાત્ વિશેષ જાણ્યા પછી સર્વ પ્રકારની વૃત્તિઓ આપોઆપ શાંત પડે છે.

પ્ર૦ હે ભગવન્! તે પ્રત્યાખ્યાનનું ફળ શું છે?

ઉ૦ હે ગૌતમ! તેનું ફળ સંયમ છે અર્થાત્ પ્રત્યાખ્યાન પ્રાપ્ત થયા પછી સર્વત્યાગરૂપ સંયમ પ્રાપ્ત થાય છે.

પ્ર૦ હે ભગવન્! તે સંયમનું ફળ શું છે.

ઉ૦ હે ગૌતમ! તેનું ફળ આસ્રવરહિતપણું છે, (આસ્રવ-કર્મના આવવાના માર્ગ) અર્થાત્ વિશુદ્ધ સંયમ પ્રાપ્ત થયા પછી પુણ્ય કે પાપનો સ્પર્શ પણ થતો નથી, પણ આત્મા પોતાના મૂળ રૂપમાંજ રમણ કરે છે.

પ્ર૦ હે ભગવન્! તે આસ્રવરહિતપણાનું ફળ શું છે?

ઉ૦ હે ગૌતમ! તેનું ફળ તપ છે.

પ્ર૦ હે ભગવન્! તે તપનું ફળ શું છે?

ઉ૦ હે ગૌતમ! તેનું ફળ કર્મરૂપ મેલને સાફ કરવાનું છે.

પ્ર૦ હે ભગવન્! કર્મરૂપ મેલ સાફ થયાથી શું થાય?

ઉ૦ હે ગૌતમ! તે થયાથી નિષ્ક્રિયપણું પ્રાપ્ત થાય.

પ્ર૦ હે ભગવન્! તે નિષ્ક્રિયપણાથી શું લાભ થાય?

ઉ૦ હે ગૌતમ! તેનું ફળ સિદ્ધિ છે અર્થાત અક્રિયપણું પ્રાપ્ત થયા પછી છેવટે સિદ્ધિ મેળવાય છે. એમ કહ્યું છે. ગાથાઃ—

**सवणे णाणे य विन्नाणे पच्चक्खाणेय संजमे,**
**अणण्हये तवे चेव वोदाणे अकिरिया सिद्धी.**

—(ઉપાસનાથી) શ્રવણ, શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનથી સંયમ, સંયમથી અનાસ્રવ, અનાસ્રવથી તપ, તપથી કર્મનો નાશ, કર્મના નાશથી નિષ્કર્મપણું અને નિષ્કર્મપણાથી સિદ્ધિ-અજરામરપણું પ્રાપ્ત થાય છે.

શ્રી ભગવતી સૂત્ર સાનુવાદ પૃ. ૨૮૩-૨૮૪

---

## ૨

# આર્યશ્રી સ્કન્દક.

'તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહ નગરની પાસે આવેલા ગુણશિલ ચૈત્યથી નીકળ્યા. તેઓએ બહારના દેશમાં વિહાર કર્યો. તે સમયે કૃતંગલા નામની નગરી હતી. તે કૃતંગલા નગરીના બહારના પ્રદેશમાં ઉત્તર અને પૂર્વ દિશાના ભાગમાં-ઈશાન કોણમાં 'છત્રપલાશક' નામનું ચૈત્ય હતું. તે વખતે, ઉત્પન્ન થયેલ જ્ઞાન અને દર્શનના ધારણ કરનાર શ્રમણ ભગવંત મહાવીર (ત્યાં પધાર્યા) -સમવસણ થયું. સભા નીકળી.

તે કૃતંગલા નગરીની પાસે શ્રાવસ્તી નામની નગરી હતી. શ્રાવસ્તી નગરીમાં કાત્યાયન ગોત્રનો, ગર્દભાલ નામના પરિવ્રાજકનો શિષ્ય સ્કંદક નામનો પરિવ્રાજક (તાપસ) રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વણ વેદ એ ચાર વેદોનો, પાંચમા ઇતિહાસ-પુરાણોનો તથા છઠ્ઠા નિઘંટુ નામના કોશનો સાંગોપાંગ અને રહસ્ય સહિત પ્રવર્તક યાદ કરનાર, તેમાં થતી ભૂલોનો અટકાવનાર હતો. વેદાદિશાસ્ત્રોનો ધારક હતો. વેદ વગેરેના પારગામી અને છ અંગનો જ્ઞાતા હતો. તથા ષષ્ટિતંત્ર (કાપિલીય શાસ્ત્ર)માં વિશારદ હતો. વળી ગણિત શાસ્ત્રમાં, શિક્ષાશાસ્ત્રમાં, આચારશાસ્ત્રમાં, વ્યાકરણ શાસ્ત્રમાં, છંદઃ શાસ્ત્રમાં, વ્યુત્પત્તિ શાસ્ત્રમાં, જ્યોતિષ

શાસ્ત્રમાં અને બીજા ઘણા બ્રાહ્મણ તથા પરિવ્રાજક સંબંધી નીત તથા દર્શન શાસ્ત્રોમાં પણ ઘણો ચતુર હતો.'

## પિંગલ નિર્ગ્રન્થ અને સ્કન્દક પરિવ્રાજક.

'તેજ શ્રાવસ્તી નગરીમાં વૈશાલિક (શ્રી મહાવીર)નો શ્રાવક (વચન સાંભળનાર માટે શ્રાવક) પિંગલ નામનો નિર્ગ્રંથ રહેતો હતો. તે વખતે વૈશાલિકના વચનને સાંભળવામાં રસિક પિંગલ નામના સાધુએ કોઈ એક દિવસે, જે ઠેકાણે કાત્યાયન ગોત્રનો સ્કંદક તાપસ રહેતો હતો, તે તરફ જઇને તેને આક્ષેપપૂર્વક આ પ્રમાણે પૂછ્યું કેઃ હે માગધ (મગધ દેશમાં જન્મેલ)!

શું લોક અંતવાળો છે કે અંત વિનાનો ?
જીવ અંતવાળો છે કે અંત વિનાનો ?
સિદ્ધિ અંતવાળી છે કે અંત વિનાની ?
સિદ્ધા અંતવાળા છે કે અંત વિનાના ?

તથા કયા મરણ વડે મરતાં જીવ વધે અથવા ઘટે ? અર્થાત જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અને ઘટે ?

સ્કંદક તાપસ 'એ પ્રશ્નોનો શું આ ઉત્તર હશે કે બીજો ?' એમ શંકાવાળો થયો, 'આ પ્રશ્નોનો જવાબ મને કેવી રીતે આવડે ?' એમ કાંક્ષાવાળો થયો, 'હું જવાબ આપીશ તેથી પૂછનારને પ્રતીતિ થશે કે કેમ ? એમ અવિશ્વાસ થયો, તથા એની બુદ્ધિ બુઠી થઈ ગઈ-બુદ્ધિ ભંગને પામ્યો અને તે કલેશને પામ્યો. પિંગલે બે ત્રણ વખત પૂછ્યું પણ એવો તે કાંઈ જવાબ આપી શક્યો નહિ અને છાનો માનો બેઠો.

## સ્કન્દકનો વિચાર.

'તે વખતે શ્રાવસ્તી નગરીમાં ત્રણ ખૂણાવાળા માર્ગમાં, મનુષ્યોની ગડદીવાળા માર્ગમાં, ચાલતી વખતે વ્યૂહરૂપે ગોઠવાએલ મનુષ્યોવાળા માર્ગમાં (શ્રી મહાવીર પાસે જવા માટે) સભા નીકળે છે. ત્યાં અનેક મનુષ્યોના મુખથી શ્રી મહાવીર કૃતંગલા નગરીની બહાર છત્રપલાશક નામના ચૈત્યમાં સંયમ અને તપ વડે આત્માને ભાવતા વિહરે છે; માટે હું તેમની પાસે જાઉં, શ્રમણ ભગવંત મહાવીરને વાંદું, નમસ્કાર કરૂં. અને તેમને નમીને, સત્કાર કરીને તથા સન્માન આપીને, અને તે કલ્યાણ રૂપ, મંગલરૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ શ્રી મહાવીરની પર્યુપાસના કરીને આ એ પ્રકારના અર્થોને, હેતુઓને, પ્રશ્નોને, કારણોને, વ્યાકરણોને પૂછું; તો મારૂં કલ્યાણ છે એ નક્કી છે.

## પોતાનો પરિવ્રાજકનો વેશ.

'એ પૂર્વ પ્રમાણે તે સ્કંદક તાપસે વિચારીને, જ્યાં પરિવ્રાજકોનો મઠ છે ત્યાં જઇને ત્યાંથી ત્રિદંડ, કુંડી, રૂદ્રાક્ષની માળા, કરોટિકા-માટીનું વાસણ, એક જાતનું આસન-બેસણું, કેસરિકા-વાસણોને સાફ સુફ રાખવાનો કટકો, ત્રિગડી, અંકુશક-વૃક્ષો ઉપરથી પાંદડાં વગેરેને એકઠાં કરવા સારૂ અંકુશના જેવું એક જાતનું સાધન, વીંટી, ગણેત્રિકા-એક પ્રકારનું કલાઇનું ઘરેણું, છત્ર, પગરખાં, પાવડી અને ધાતુ-ગેરૂથી રંગેલાં વસ્ત્રોને શરીર ઉપર પહેરી તે સ્કંદક તાપસ શ્રાવસ્તી નગરીની વચોવચ નીકળે છે. શ્રી મહાવીર પ્રત્યે જવાનો સંકલ્પ કર્યો.

## શ્રી મહાવીર અને ગૌતમ વચ્ચે વાતચીત.

(હવે જ્યાં શ્રી મહાવીર વિરાજ્યા છે ત્યાં શું બન્યું તે જણાવે છે) હે ગૌતમ !' એ પ્રમાણે આમંત્રી શ્રમણ ભગવંત મહાવીરે ભગવાન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું કેઃ 'તું તારા પૂર્વના સંબંધીને જોઇશ.

હે ભગવન્ ! હું કોને જોઈશ ?

હે ગૌતમ ! તું સ્કંદક નામના તાપસને જોઇશ.

હે ભગવન્ ! હું તેને ક્યારે, કેવી રીતે અને કેટલા સમયે જોઈશ ?

હે ગૌતમ ! (ઉપર પ્રમાણે સ્કંધકનું વર્ણન કહો) તે સ્કંદક પરિવ્રાજકે જે તરફ હું છું તે તરફ-મારી પાસે આવવાને સંકલ્પ કર્યો છે અને તે (અત્ર) લગભગ પાસે પહોંચવા આવ્યા છે, ઘણો માર્ગ ઓળંગી ગયા છે, રસ્તા ઉપર છે, વચગાળાના માર્ગે છે. અને તેને તું આજ જ જોઇશ.

પછી ગૌતમે ભગવંતને વાંદી નમી કહ્યું:—

હે ભગવન્ તે સ્કંદક પરિવ્રાજક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઇને, અગાર તજીને અણગારપણું લેવાને શક્ત છે?

હે ગૌતમ! હા.

તેવામાં સ્કંદક શ્રીમહાવીર પાસે તુરત શીઘ્ર આવ્યા.

**શ્રી ગૌતમે કરેલ સ્વાગત અને પૃચ્છા.**

પછી ભગવાન્ ગૌતમ કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકને પાસે આવેલા જાણીને, તુરત જ આસનથી ઉભા થઈ તે પરિવ્રાજકની સામા ગયા, અને જ્યાં તે હતા ત્યાં આવ્યા અને તેમને કહ્યું કે:—

હે સ્કંદક! તમને સ્વાગત છે, હે સ્કંદક! તમને સુસ્વાગત છે, હે સ્કંદક તમને અન્વાગત છે, હે સ્કંદક! તમને સ્વાગત અન્વાગત છે. અર્થાત્ પધારો, ભલે પધાર્યા. (પછી પૂછ્યું).

હે સ્કંધક! શ્રાવસ્તી નગરીમાં વૈશાલિક શ્રાવક પિંગલક નામના નિગ્રંથે તમને 'લોક અંતવાળો છે કે અંત વિનાનો? એ આદિ પ્રશ્નો પૂછ્યા હતા? અને તે પ્રશ્નોથી મુંઝાઇને તમો અહીં શીઘ્ર આવ્યા એ વાત સાચી?

હે ગૌતમ! હા, એ વાત સાચી છે. એ તે એવા, તેવા પ્રકારના જ્ઞાની અને તપસ્વી પુરૂષ કોણ છે, કે જેઓએ એ મારી ગુપ્ત વાત તમને શીઘ્ર કહી દીધી? કે જેથી તમે મારી છાની વાતને જાણો છો.

હે સ્કંધક! મારા ધર્મગુરૂ, ધર્મોપદેશક શ્રમણ ભગવંત મહાવીર ઉત્પન્ન જ્ઞાન અને દર્શનના ધરનાર છે, અર્હત છે, જિન છે, કેવળી છે, ભૂત વર્તમાન અને ભવિષ્યત્કાળના જાણનાર છે, તથા સર્વજ્ઞ અને સર્વદર્શી છે કે જેણે મને તમારી ગુપ્ત વાત શીઘ્ર કહી દીધી; અને તેથી હું તે (વાત)ને જાણું છું.

હે ગૌતમ! તેઓ તારા ધર્માચાર્ય......પાસે જઇએ અને તેઓને વંદન કરીએ.

હે દેવાનુપ્રિય! જેમ તમને ઠીક લાગે તેમ કરો. વિલંબ ન કરો.

[ પછી બંને શ્રી મહાવીર પ્રભુ પાસે આવ્યા ]

---

# શ્રી મહાવીર અને આર્યસ્કન્દક.

શ્રી મહાવીરનું...... શરીર જોઈ હર્ષ પામ્યો, પ્રીતિયુક્ત મનવાળો થયો, પરમ સૌમનસ્યને પામ્યો તથા હર્ષે કરીને ફુલાએલ હૃદયવાળો થઈ જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજ્યા છે તે તરફ જઈ, તેમને ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત—તેઓની પર્યુપાસના કરે છે. પછી

'હે સ્કંદક!', એમ કહી શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકને આ પ્રમાણે કહ્યું કે:—'હે સ્કંદક! શ્રાવસ્તી નગરીમાં રહેતા વૈશાલિક શ્રાવક પિંગલક નામના નિર્ગ્રંથે તને આક્ષેપપૂર્વક પૂછ્યું હતું કે (અહીં તેણે કહેલા ઉપર મુજબના પ્રશ્નો કહે છે)...તેના પ્રશ્નોથી મુંઝાઇને તું મારી પાસે શીઘ્ર આવ્યો છે. હે સ્કંદક! કેમ એ સાચી વાત છે?'

'હા, તે સાચી વાત છે.

૧—હે સ્કંદક! તારા મનમાં જે આ પ્રકારનો સંકલ્પ થયો હતો કે 'શું લોક અંતવાળો છે કે અંત વિનાનો છે? તેનો પણ આ અર્થ છે:-હે સ્કંદક! મેં લોકને ચાર પ્રકારનો જણાવ્યો છે. તે આ પ્રમાણે:-દ્રવ્યથી દ્રવ્યલોક; ક્ષેત્રથી ક્ષેત્રલોક, કાળથી કાળલોક, અને ભાવથી ભાવલોક. તેમાં જે દ્રવ્યલોક છે તે એક છે અને અંતવાળો છે. જે ક્ષેત્રલોક છે તે અસંખ્ય કોડાકોડી યોજન સુધી લંબાઇ અને પહોળાઈવાળો છે, તેનો પરિધિ અસંખ્ય યોજન

કોડાકોડીનો કહ્યો છે. તેનો અંત છે; તથા જે કાળ લોક છે તે કોઈ દિવસ ન હતો એમ નથી, કોઈ દિવસ નથી એમ નથી અને કોઇ દિવસ નહીં હશે એમ પણ નથી-તે હમેશાં હતો, હમેશાં હોય છે અને હમેશાં રહેશે-તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી તેનો અંત નથી. તથા જે ભાવલોક છે તે અનંતવર્ણપર્યવરૂપ છે, અનંત ગંધ, રસ અને સ્પર્શપર્યવરૂપ છે, અનંત સંસ્થાન (આકાર) પર્યવરૂપ છે, અનંત ગુરૂલઘુ પર્યવરૂપ છે તથા અનંત અગુરૂલઘુ પર્યવરૂપ છે, વળી તેનો અંત નથી. તો હે સ્કંદક ! તે પ્રમાણે દ્રવ્યલોક અંતવાળો છે, ક્ષેત્રલોક અંતવાળો છે, કાળલોક અંત વિનાનો છે અને ભાવલોક અંતવિનાનો છે—અર્થાત્ લોક અંતવાળો છે અને અંત વિનાનો પણ છે.

૨ વળી હે સ્કંદક ! તને જે આ વિકલ્પ થયો હતો કે, શું જીવ અંતવાળો છે કે અંત વિનાનો છે? (ઉત્તર)—યાવત્ દ્રવ્યથી જીવ એક છે અને અંતવાળો છે, ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશવાળો છે અને અસંખ્ય પ્રદેશમાં અવગાઢ છે, તથા તેનો અંત પણ છે; કાળથી જીવ કોઈ દિવસ ન હતો એમ નથી, યાવત્-નિત્ય છે અને તેનો અંત નથી; ભાવથી જીવ અનંત જ્ઞાનપર્યાયરૂપ છે, અનંત દર્શનપર્યાયરૂપ છે, અનંત અગુરૂલઘુપર્યાયરૂપ છે અને તેનો છેડો-અંત નથી.

૩. [આ પ્રમાણે સિદ્ધિ અને સિધ્ધના પણ ભાગ પાડી જણાવ્યા પછી ભગવાને કહ્યું.] વળી હે સ્કંદક ! તને જે આ સંકલ્પ થયો હતો કે જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અને ઘટે ?

તેનો ઉત્તર આ રીતે છેઃ—હે સ્કંદક ! મેં મરણનાં બે પ્રકાર જણાવ્યા છે. તે આ પ્રમાણે-એક બાલમરણ અને બીજું પંડિતમરણ.

પ્રશ્ન૦—બાલમરણ એ શું?

ઉત્તર—બાલમરણના બાર ભેદ કહ્યા છેઃ-બલન્ મરણ (તરફડતા તરફડતા મરવું), વસટ્ટ મરણ-વશાર્ત મરણ (પરાધીનતાપૂર્વક રીબાઇને મરવું), અંતઃશલ્ય મરણ (શરીરમાં કાંઇપણ શસ્ત્રાદિક પેસી જવાથી મરવું અથવા સન્માર્ગથી ભ્રષ્ટ થઇને મરવું), તદ્દ્ભવમરણ (જે ગતિમાંથી મરીને પાછું તેજ ગતિમાં આવવું-મનુષ્યરૂપે મરીને ફરી પણ મનુષ્ય થવું), પહાડથી પડીને મરવું, ઝાડથી પડીને મરવું, પાણીમાં ડુબીને મરવું, અગ્નિમાં પેસીને મરવું, ઝેર ખાઇને મરવું અને ગીધ વગેરે જંગલી જનાવરો ઠોલે તેથી મરવું.

હે સ્કંદક ! એ બાર પ્રકારનાં બાલમરણ વડે મરતો જીવ પોતે અનંતવાર નૈરયિક (નરકના) ભવોને પામે છે. તિર્યંચ, મનુષ્ય અને દેવગતિરૂપ, અનાદિ, અનંત તથા ચાર ગતિવાળા સંસારરૂપ વનમાં તે જીવ રખડે છે અર્થાત્ એ પ્રમાણે બાર જાતનાં મરણ વડે મરતો તે જીવ પોતાના સંસારને વધારે છે. એ બાલમરણની હકીકત છે.

પ્ર૦ પંડિતમરણ એ શું?

ઉ૦ પંડિત મરણ બે પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણેઃ-પાદપોપગમન (ઝાડની પેઠે સ્થિર રહીને મરવું.) અને ભક્ત પ્રત્યાખ્યાન (ખાનપાનના ત્યાગ પૂર્વક મરવું.)

પ્ર૦ પાદપોપગમન એ શું ?

ઉ૦ પાદપોપગમન બે પ્રકારનું કહ્યુ છે. તે આ પ્રમાણેઃ-નિર્હારિમ (જે મરનારનું શબ બહાર કાઢી સંસ્કારવામાં આવે તે મરનારનું મરણ નિર્હારિમ મરણ) અને અનિર્હારિમ (પૂર્વોક્ત નિર્હારિમ મરણથી ઉલટું તે) એ બંને જાતનું પાદપોપગમન મરણ પ્રતિકર્મ વિનાનું જ છે.

પ્ર૦ ભક્ત પ્રત્યાખ્યાન એ શું?

ઉ૦ તે પણ બે પ્રકારનું છે. નિર્હારિમ અને અનિર્હારિમ. એ બંને જાતનું ભક્તપ્રત્યાખ્યાન મરણ પ્રતિકર્મ વાળુંજ છે.

હે સ્કન્દક! એ બંને જાતનાં પંડિતમરણ વડે મરતો જીવ પોતે નૈરયિક (નરક)ના અનંત ભવને પામતો નથી, યાવત્-સંસારરૂપ વનને વટી જાય છે. એ પ્રમાણે મરતા જીવનો સંસાર ઘટે છે.

[આ પછી સ્કંદક દીક્ષા લે છે વગેરે]

## ૩

# શ્રમણ ભગવંત મહાવીર અને આર્ય શ્રીરોહ.

'તે કાલે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય રોહ નામના અનગાર હતા. જેઓ સ્વભાવે ભદ્ર, કોમળ, વિનયી, શાંત, ઓછા ક્રોધ માન-માયા અને લોભ વાળા, અત્યંત નિરભિમાની, ગુરૂને આશરે રહેનારા, કોઇને સંતાપ ન કરે તેવા અને ગુરૂભક્ત હતા. તે રોહ નામના અનગાર પોતે ઉભડક રહેલા, નીચે નમેલ મુખવાળા, ધ્યાનરૂપ કોઠામાં પેઠેલા તથા સંયમ ને તપ વડે આત્માને ભાવતા શ્રમણ ભગવંત મહાવીરની આજુબાજુ વિહરે છે. પછી તે રોહ નામના અનગાર જાતશ્રદ્ધ થઈ યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યાઃ-

પ્ર૦ હે **ભગવન્**! પહેલો લોક છે અને પછી અલોક છે? કે પહેલો અલોક છે અને પછી લોક છે?

ઉ૦ હે **રોહ**! લોક અને અલોક, એ પહેલો પણ છે અને પછી પણ છે. એ બંને પણ શાશ્વત ભાવ છે. હે રોહ! એ બેમાં 'અમુક પહેલો અને પછી' એવો ક્રમ નથી.

પ્ર૦ **ભગવન્**! જીવો પહેલા છે અને અજીવો પછી છે? કે પહેલા અજીવો છે અને પછી જીવો છે?

ઉ૦ હે **રોહ**! જેમ લોક અને અલોક વિષે કહ્યું તેમ જીવો અને અજીવો સંબંધે પણ જાણવું. એ પ્રમાણે ભવસિદ્ધિકો અને અભવસિદ્ધિકો, સિદ્ધિ અને અસિદ્ધિ-સંસાર, તથા સિદ્ધિ અને સંસારીઓ પણ જાણવા.

પ્ર૦ હે **ભગવન્**! પહેલાં ઇંડું છે અને પછી કુકડી છે? કે પહેલાં કુકડી છે અને પછી ઇંડું છે?

હે **રોહ**! તે ઇંડું ક્યાંથી થયું?

હે **ભગવન્**! તે ઇંડું કુકડીથી થયું.

હે **રોહ**! તે કુકડી ક્યાંથી થઈ?

હે **ભગવન્**! તે કુકડી ઈંડાથી થઇ.

ઉ૦ એજ પ્રમાણે હે **રોહ**! તે ઇંડું અને તે કુકડી એ પહેલાં પણ છે અને પછી પણ છે-એ શાશ્વત ભાવ છે. પણ હે રોહ! તે બેમાં કોઈ જાતનો ક્રમ નથી. ભ. સૂ. સાનુવાદ પૃ. ૧૬૭.

## ૪

# શ્રી મહાવીર અને શ્રી મંડિતપુત્ર.

(મંડિતપુત્ર નામના અનગાર ભગવંત મહાવીર નામના છઠ્ઠા ગણધર હતા. તેઓ બ્રાહ્મણજ્ઞાતિના વસિષ્ટ ગોત્રના પિતા ધનદેવ અને માતા વિજયાના પુત્ર મૌરિક સન્નિવેશગામના ૫૩ વર્ષ ગૃહવાસ ગાળી ૧૪ વર્ષ છદ્મસ્થદશામાં અને ૧૬ વર્ષ કેવલજ્ઞાની દશામાં ૮૩ વર્ષની વયે શ્રીમહાવીર પહેલાં રાજગૃહમાં મોક્ષ પામ્યા. તેમની અને શ્રી મહાવીર ભગવાન્ વચ્ચે થયેલ સંવાદ ભગવતી સૂત્રમાંથી અત્ર આપીએ છીએઃ— )

પ્ર૦ હે **ભગવન્**! જીવ, હંમેશાં સમિત-માપ પૂર્વક ન કંપે અને યાવત્-તે તે ભાવને ન પરિણમે અર્થાત્ જીવ, નિષ્ક્રિય પણ હોય?

ઉ૦ હે **મંડિતપુત્ર**! હા, જીવ, હમેશાં સમિત ન કંપે અને યાવત્-તે તે ભાવને ન પરિણામે અર્થાત્ જીવ નિષ્ક્રિય હોય.

પ્ર૦ હે **ભગવન્**! જ્યાં સુધી તે જીવ, ન કંપે યાવત્ તે તે ભાવને ન પરિણમે ત્યાં સુધી તે જીવની મરણ સમયે મુક્તિ થાય?

ઉ૦ હે **મંડિતપુત્ર**! હા, એવા જીવની મુક્તિ થાય.

પ્ર૦ હે **ભગવન્**! એવા જીવની યાવત્-મુક્તિ થાય તેનું શું કારણ?

ઉ૦ હે **મંડિત પુત્ર**! જ્યાં સુધી તે જીવ, હમેશાં સમિત ન કંપે યાવત્-તે તે ભાવને ન પરિણામે ત્યાં સુધી તે જીવ, આરંભ કરતો નથી, સરંભ કરતો

નથી, સમારંભ કરતો નથી, આરંભમાં વર્તતો નથી, સરંભમાં વર્ત્તતો નથી, સમારંભમાં વર્તતો નથી અને તે આરંભ ન કરતો, સરંભ ન કરતો, સમારંભ ન કરતો તથા આરંભમાં ન વર્તતો, સરંભમાં ન વર્ત્તતો અને સમારંભમાં ન વર્તતો જીવ બહુ પ્રાણોને, ભૂતોને, જીવોને અને સત્ત્વોને દુઃખ પમાડવામાં યાવત્-પરિતાપ ઉપજાવવામાં નિમિત્ત થતો નથી.

જેમ કોઈ એક પુરૂષ હોય અને તે સૂકા ઘાસના પુળાને અગ્નિમાં નાંખે, તો હે મંડિતપુત્ર ! અગ્નિમાં નાંખ્યો કે તુરતજ તે સૂકા ઘાસનો પૂળો બળી જાય, એ ખરૂં કે નહિ ? હા તે બળી જાય.

વળી, જેમ કોઈ એક પુરૂષ હોય, અને તે, પાણીના ટીપાને તપેલા લોઢાના કડાયા ઉપર નાખે તો હે મંડિતપુત્ર! તપેલા લોઢાના કડાયા ઉપર નાંખ્યું કે તુરતજ તે પાણીનું ટીપું નાશ પામે-છમ થઈ જાય, એ ખરૂં કે નહિ ? હા, તે નાશ પામી જાય.

વળી, જેમ કોઈ એક ધરો હોય અને તે પાણીથી ભરેલો હોય, પાણીથી છલોછલ ભરેલો હોય, પાણીથી છલકાતો હોય, પાણીથી વધતો હોય તથા તે ભરેલ ઘડાની પેઠે બધે ઠેકાણે પાણીથી વ્યાપ્ત હોય અને તેમાં-તે ધરામાં કોઈ એક પુરૂષ, સેંકડો નાનાં કાણાં વાળી અને સેંકડો મોટાં કાણાં વાળી, એક મોટી નાવને પ્રવેશાવે. હવે હે મંડિતપુત્ર! તે નાવ, તે કાણાંઓ દ્વારા પાણીથી ભરાતી ભરાતી પાણીથી ભરેલી થઈ જાય, તેમાં પાણી છલોછલ ભરાઈ જાય, પાણીથી છલકાતી થઇ જાય અને તે નાવ પાણીથી વધ્યેજ જાય તથા છેવટે તે ભરેલા ઘડાની પેઠે બધે ઠેકાણે પાણીથી વ્યાપ્ત થઈ જાય. હે મંડિતપુત્ર! એ ખરૂં કે નહિ ?

હા, ખરૂં.

હવે કોઈ એક પુરૂષ, તે નાવનાં બધાં કાણાં પૂરી દે અને નૌકાને ઉલેચાવી તેમાંનું પાણી સિંચી લે-પાણી બહાર કાઢી નાખે તો હે મંડિતપુત્ર! તે નૌકા, તેમાંનું બધું પાણી ઉલેચાયા પછી શીઘ્રજ પાણી ઉપર આવે એ ખરૂં કે નહીં ?

હા, તે ખરૂં-તુરતજ પાણી ઉપર આવે.

હે મંડિતપુત્ર ! એજ રીતે આત્માદ્વારા આત્મામાં સંવૃત થયેલ ઇર્યાસમિત અને યાવત્-ગુપ્ત બ્રહ્મચારી તથા સાવધાનીથી ગમન કરનાર, સ્થિતિ કરનાર, બેસનાર, સૂનાર તથા સાવધાનીથી વસ્ત્ર, પાત્ર, કંબલ અને રજોહરણને ગ્રહણ કરનાર અને મૂકનાર અનગારને યાવત્ આંખને પટપટાવતાં પણ વિમાત્રાપૂર્વક સૂક્ષ્મ ઈર્યાપથિકી ક્રિયા થાય છે અને પ્રથમ સમયમાં બદ્ધસ્પૃષ્ટ થએલી, બીજા સમયમાં વેદાએલી, ત્રીજા સમયમાં નિર્જરાને પામેલી અર્થાત્ બદ્ધસ્પૃષ્ટ, ઉદીરિત, વેદિત અને નિર્જરાને પામેલી તે ક્રિયા ભવિષ્યત્ કાળે અકર્મ પણ થઈ જાય છે. માટે હે મંડિતપુત્ર! 'જ્યાં સુધી તે જીવ, હમેશાં સમિત કંપતો નથી યાવત્-તેની મરણ સમયે મુક્તિ થાય છે' એ વાત જે કહી છે તેનું કારણ ઉપર કહ્યું તે છે. એટલે કે

જ્યાં સુધી જીવ હમેશાં માપપૂર્વક કંપે છે, એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે. સ્પંદન ક્રિયા કરે છે-થોડું ચાલે છે, બધી દિશાઓમાં જાય છે, ક્ષોભ પામે છે, ઉદીરે છે-પ્રબળતાપૂર્વક પ્રેરણા કરે છે અને તે તે ભાવને પરિણમે છે ત્યાં સુધી તે સક્રિય જીવનની મુક્તિ ન થાય. તે તેમ કરતાં અટકે છે ત્યારે તેની મરણ સમયે મુક્તિ થાય છે.

[ આમ અનેક સંવાદો અંગ-ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. મુખ્યભાગે શ્રી ભગવતીજી તો શ્રી શ્રમણ ભગવંત મહાવીર અને આર્ય શ્રી ગૌતમ વચ્ચેના સંવાદોથીજ ભરેલું છે. પરંતુ તેમાંથી તે પ્રભુ અને બીજા વચ્ચેના સંવાદો પણ પ્રાપ્ત થાય છે કે જેમાંના કેટલાક ઉપર આપ્યા છે અને બીજા-સોમલ બ્રાહ્મણ (ભ૦ શતક ૧૮ ઉ૦ ૧૦) સાથેના વગેરે સ્થલ સંકોચથી અત્ર આપ્યા નથી. આ સર્વ સંવાદોમાંથી હાલના જમાનાને અનુસરી જૈનેતર ભાઇઓ પણ જેમાં રસ લઈ શકે એવા સર્વ સામાન્ય વિષયો ચર્ચતા સંવાદોને ચુંટી બહાર પાડવામાં આવશે તો તેનાથી શ્રી મહાવીર પ્રભુની જીવનચર્યાનું, તત્વોપદેશ સુધામય વાણીના એક અંગસહિત સર્વાંગસુંદર આલેખન કરી શકાશે. **તંત્રી.** ]

# પ્રભુ મહાવીરને મહત્તમ ઉપસર્ગ.

## ( ગત વૈશાખના અંક પૃ. ૪૨૦ ના અનુસંધાનમાં. )

ત્યાંથી પ્રભુ તોસલીગ્રામમાં ગયા. પ્રભુતો ગામ બહારજ પ્રતિમાએ સ્થિર રહ્યા. દેવે વિચાર્યું કે આતો હવે ગામમાં નહિ જાય; પણ હું તેમને અહીંજ ઉપસર્ગ કરૂં. તેમને મારી શક્તિનો–સામર્થ્યનો ખ્યાલ આવે કે મારામાં કેટલી અને કેવી ઉત્કૃષ્ટ શક્તિ છે. અહિં તેણે એક પ્રભુના શિષ્યનું રૂપ વિકુર્વી તે શિષ્યને ગામમાં મોકલ્યો. તે શિષ્ય ગામમાં જઇ કોઇ સદ્ગૃહસ્થને ત્યાં ખાતર પાડે અને ચોરીનો માલ લઇને નાસી જતાં ઇરાદાપૂર્વક પકડાઈ જાય છે. ગામના માણસો તે ભાઈ સાહેબને જ્યાં મેથીપાક જમાડવાની શરૂઆત કરે કે શિષ્ય બોલી ઉઠે કે ભાઇઓ મને મારશો નહિ. હું દોષિત નથી, મને તો અહિં ચોરી કરવા મારા ગુરૂએ મોકલ્યોને ? આવ્યો છું. ગુરૂનો વિનય શિષ્યે માનવો પડે ને ( વાહ શિષ્યની ગુરૂભક્તિ કેવી અદ્ભુત છે કે ભક્તિથી ગુરૂને માર ખાવામાં આગળ ધરે ! ) જો તમારે કાંઇપણ કરવું હોય તો એ મારા ગુરૂજી (?) ને કરવું એટલે ભોળી જનતા પૂછે કે કયાં છે એ ચોર શિરોમણી તારો ગુરૂ ? શિષ્ય કહે મારા ગુરૂ એ રહ્યા ગામ બહાર એટલે મનુષ્યોનું ટોળું ત્યાં જઇ પ્રભુને ખુબ કુટી–મારી બાંધી મારી નાખવા માટે **વધસ્થાને લઇ જાય છે.** (તે વખત વધસ્થાન તો તેને કહેવાતું કે જેમાં ગુન્હેગારને કુહાડાનો ઘા મારી ખુબ રીબાવીને મારી નાખવામાં આવતો. ) ત્યાં વધસ્થાને અચાનક ભૂતિલ નામનો ઇંદ્રજાળીયો ( જાદુગર ) આવી પ્રભુને ઓળખી બધાને ઓળખાણ આપે છે કે ભાઇઓ આતો ચોર નથી. સિદ્ધાર્થ રાજાના કુંવર છે. એટલે મનુષ્યો તેમને ઓળખી માફી માગી છોડી મુકે છે. ત્યારે વળી કોઈ ડાહ્યો માણસ પૂછે છે કે એ ખબર આપનાર શિષ્ય કયાં છે. તો તપાસ કરતાં એ કલ્પિત શિષ્યનો પત્તોજ નથી લાગતો એટલે વળી માણસોને વિશેષ ખાત્રી થાય છે કે આતો એક દુષ્ટ દેવ પ્રભુને ઉપસર્ગ કરે છે. ત્યાંથી પ્રભુ **મોસલીગ્રામ** ગયા. ત્યાં પણ પ્રભુ તો ગામ બહાર પ્રતિમાએ સ્થિર રહ્યા. ત્યાં તે દેવે ગામમાં એક **મોટી ચોરી કરાવી ચોરીનો બધો માલ લાવીને પ્રભુ પાસે ખડકયો.** બીજે દિવસે સવારમાં ચોરની શોધ ખોળ થઈ રહી હતી ત્યાં એ દેવે એક કલ્પિત શિષ્યને ગામમાં મોકલ્યો. ને શિષ્ય જાણે ખાસ ચોરીનો–ખાતર પાડવાનો રસ્તો શોધતો હોય તેમ ખાનગી રસ્તાની તપાસ કરતો હતો. ત્યાં તેને એકજણે જોયો અને પૂછ્યું. અલ્યા કોણ છે ત્યારે પેલો શિષ્ય બોલ્યો મારા ધર્માચાર્ય રાત્રે ચોરી કરવા આવે ત્યારે તેમને કાંટા આદિ કાંઈ ન વાગે તેવા ખાનગી રસ્તાની શોધ કરૂં છું કે જેથી રાત્રે નિશ્ચિંતપણે નિર્ભય બની ચોરી કરી શકે[૧]

માણસોએ પૂછ્યું કે " ક્યાં છે એ તારો ધર્માચાર્ય. " ત્યારે એ ગુરૂ ભક્ત શિષ્યરાજે કહ્યું કે અમુક સ્થાને ધ્યાન ધરી બેઠા છે. માણસો ત્યાંથી બહાર આવ્યા. આવીને જુવે તો એક યોગી જેવા જણાતા પુરૂષ પાસે ગઇ કાલની ચોરીનો બધો માલ જોયો. બસ પછી તો પૂછવું જ શું ? એ જનસમુહનો પ્રકોપાગ્નિ ખૂબ જોરથી સળગી ઉઠયો (સળગી ઉઠે તેમાં નવાઈ પણ ન્હોતી. એક ધ્યાનસ્થ યોગી પાસે ચોરીનો માલ હોય. ત્યાં પછી તેના ધ્યાનમાં રહ્યુંજ શું ? તેની ધર્મધૂર્તતાજ) અને પ્રભુને સાચોજ ચોર માની પુષ્કળ મેથીપાક આપી ધસડતા વધસ્થાને ઉપાડી ગયા. જ્યાં ત્યાં પહોચ્યા અને કુહાડાથી મારવાની તૈયારી કરે છે કે તેજ વખતે શ્રી સિદ્ધાર્થ રાજા (પ્રભુના પિતાજી)ના મિત્ર **સુમાગધ નામનો** રાજા (એક નાના ઠાકોર જેવો) ત્યાં આવી પહોંચ્યો

---

૧ અત્યારે પણ એવું બને છે કે ઉઠાવગીર દિવસે પોતાના માણસોને મોકલી સમૃદ્ધ ઘરો અને સારા રસ્તાની શોધ કરી નિરાંતે ચોરી કરે છે. એટલે અહિંપણ એ ૫ શિ૦ તેવુંજ કામ કરતો.

ને જુવે તો **વર્ધમાન** કુમાર. આ જોઇ બધાને ઓળખાવ્યા કે આતો આપણા સિદ્ધાર્થ રાજાના પુત્ર છે. કે જેણે રાજપાટ છોડી સાધુપણું લીધું છે. બસ પ્રભુને બધાએ ઓળખ્યા અને છોડી મુકયા.

ત્યાંથી **પ્રભુ તોસલી ગામમાં આવ્યા.** ત્યાં પણ ઉપરની માફકજ ગામ બહાર પ્રતિમાજીએ રહ્યા છે, ત્યાં એ દેવે એક કલ્પિત શિષ્ય ગામમાં મોકલ્યો અને જાણે સાક્ષાત્ ચોરીનો રસ્તો શોધી પાછો વળતો હોય તેવું તેનું સ્વરૂપ વિકુર્વ્યું. માણસોએ પકડી તે ભાઈ સાહેબ (?) ને જ્યાં મારવા લીધો કે એ બોલી ઉઠયો કે હું તો મારા ચોર **શિરોમણી ધર્માચાર્યના** કહેવાથી અહિં આવ્યો છું. માણસોએ પૂછ્યું એ ક્યાં છે, ધર્મ ધૂર્ત તારો ધર્માચાર્ય ? પેલા શિષ્યે કહ્યું એ બેઠા ગામ બહાર. માણસનું ટોળું ગામ બહાર ગયું અને જઇને જુવે તો એક મહાત્માને ધ્યાનસ્થ જોયા પરંતુ પેલા શિષ્યના કથનથી તેમને એ પુરૂષ ધર્મ ધૂર્ત ચોર શીરોમણી લાગ્યો. એકદમ પ્રભુને બાંધી મારીને **ઉપાડયા ફાંસીને લાકડે, બસ આવા ધર્મ ધૂર્ત પુરૂષો દુનિયામાં જોઈએજ નહિ, બધું પાખંડ જાણે આ મૂર્તિમાંજ આવી વસ્યું** હોય ? તેમ પાખંડનો નાશ કરવા ઉપસર્ગ ધીર **પ્રભુને ફાંસીને લાકડે લટકાવ્યા.** પરંતુ તે મૂર્ખાએને ખબર નહોતી કે આ કોણ છે. નિર્દોષતાની મૂર્ત્તિ સમા પ્રભુને જેવા ફાંસીએ લટકાવ્યા કે તરતજ ફાંસીનો દોર તુટી ગયો. જ્યારે દોર તુટી ગયો ત્યારે આ લોકોને એવું જ્ઞાન થયું કે **આતો કોઈ માયાવી-ઈન્દ્રજાલીયો ચોર** છે માટે **ફરી ફાંસીએ લટકાવો.** પ્રભુને ફરી ફાંસીએ લટકાવ્યા. પરન્તુ થોડીજ વારમાં મનુષ્યોએ **આશ્ચર્યસહ** જોયું કે તેમના ગળામાંથી ફાંસીનો દોર તુટી ગયો છે. પરન્તુ લોકોને હજી પણ પ્રભુની નિર્દોષતા ઉપર શ્રદ્ધા ન બેઠી એટલે વળી પુનરપિ ત્રીજીવાર ફાંસીએ લટકાવ્યાં.

ત્રીજીવાર પણ દોર તુટી ગયો આવી **રીતે પ્રભુને સાતવાર ફાંસીએ ચઢાવ્યા અને સાતેવાર દોર તુટી ગયા એટલે એ જનસમુહમાંથી એક ડાહ્યા પુરૂષને વિચાર થયો કે આ મારી જીંદગીમાં મેં કદી પણ કોઈને ફાંસીએ** લટકાવેલો જીવતો ઉતર્યો નથી જોયો કે સાંભળ્યો, જ્યારે આ સાધુ જેવા જણાતા પુરૂષને સાત સાતવાર ફાંસીએ લટકાવ્યા છતાં ગળાના દોર, મજબૂતમાં મજબૂત દોર તુટી જાય છે માટે જરૂર આ પુરૂષ કોઈ મહા સામર્થ્ય અને નિર્દોષ હોવો જોઇએ. નહીં તો આવું કદી બને નહીં. એટલે તેણે જનસમૂહને ચેતાવ્યા " અને કહ્યું કે **આ પુરૂષ નિર્દોષ લાગે છે માટે છોડી મુકો "** કદી પણ કોઈના ફાંસીના દોર તુટયા જ નથી અને આ પુરૂષના સાતવાર ફાંસીના દોર તુટી ગયા એનો આપણે વિચાર કરવો જોઇએ, અરે ! એટલો તો વિચાર કરો કે આ પુરૂષને આટલુ દુઃખ આપ્યુ છતાં એક શબ્દ પણ નથી બોલતો કે હું નિર્દોષ છું. આવો પુરૂષ કદી દોષિત હોઇ શકેજ નહીં. અબઘડીએજ તેમને છોડી દો અને સાચો ચોર કોણ છે તેની શોધ કરો. અરે પણ પહેલાં જ ચોર છે એમ ખબર **આપનાર આમના** શીષ્યની તપાસ કરો કે એ કયાં છે ? માણસોએ તપાસ કરવા માંડી તો જણાયું કે ખબર આપનાર શિષ્ય ગુમ થઇ ગયો છે તેનો કયાંઇ પત્તોજ નથી. પછી જનસમૂહે પ્રભુની માફી માગી છોડી મુકયાં. પછી જનતાની ખાત્રી થઈ કે આતો પહેલા જે આવી ગયા હતા તેજ પુરૂષ છે ને પેલો શિષ્ય પણ દેવજ હતો. આતો પ્રભુને જે, દેવનો ઉપસર્ગ ચાલે છે, તેજ છે, બીજું કાંઇ નથી.

ત્યાંથી પ્રભુ **સિધ્ધાર્થપુર** ગયા. ત્યાં પણ તે દેવે ઉપર્યુક્ત નાટક ભજવ્યું. માલ ચોરાવ્યો, પ્રભુ પાસે મુકયો, અને પ્રભુને પકડાવ્યા, ત્યાં તે વખતે અચાનક કોઈ **કૌશિક** નામના ઘોડાનો વેપારી પ્રભુને ઓળખી છોડાવે છે. ( આ સોદાગરે પહેલા પ્રભુને કુંડગ્રામમાં જોયા હતા એટલે ઓળખ્યા. )

દેવે વિચાર્યું કે આ પુરૂષ કોઇ રીતે **નથી ડગતો, ફાંસીને લાકડે લટકાવ્યો, વધસ્થાને પછાડયો, ઉંચે ઉછાળ્યો, નીચે પછાડયો, પુષ્કળ માર મરાવ્યો છતાં એના હૃદયમાં નથી આવતો લગારે ક્રોધ** ? શું આતે કોઈ જડતાની મૂર્તિ છે ? નહી તો આટલું દુઃખ કદી પણ સહન કરે ? જો

કોઇ પામર માનવી હોત તો અત્યારે ક્યારનો ફફ-ડાટથીજ મરી ગયો હોત. અરેરે! શું હું મારી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઇશ? ઠીક હવે પ્રભુ સામે ગામ જાય છે ત્યાં વળી કોઇ બીજી જાતના ઉપસર્ગ કરૂં.

ત્યાંથી પ્રભુ **વ્રજગામમાં** (ગોકુળમાં?) ગયા. પ્રભુ આ ગામમાં ભિક્ષાને માટે ગયા. તાકડે દરેક ઘેર આજે ક્ષીર હતી. પરન્તુ પેલા દેવને પ્રભુને પારણું ન્હોતું કરવા દેવું એટલે જ્યાં જાય ત્યાં ગોચરી અશુદ્ધ બનાવી દે. પ્રભુએ પોતાના જ્ઞાનથી બધું જોયું કે હજી આ દેવ મારી પછવાડેજ છે એટલે પ્રભુ તરતજ ગામ બહાર ગયા. દેવે અવધિજ્ઞાનથી પ્રભુનાં પરિણામ જોયા. તેને તો વિશ્વાસ હતો કે આ ઉપસર્ગથી પ્રભુ ભગ્ન પરિણામવાળા થયા હશે. પરન્તુ જ્યાં જુએ ત્યાં તો પ્રભુનું મન મેરૂથીએ વિશેષ અડગ હતું, પરિણામ શુદ્ધ કંચન સમા નિર્મલ જ હતા. જ્યારે તેણે પ્રભુને શુદ્ધ પરિણામવાળા જોયા ત્યારે તેનું વજ્ર હૃદય હારી ગયું.

તેણે વિચાર્યું કે 'હું આ પુરૂષને ક્ષોભ પમાડવા સમર્થ નહિં થાઉં. અરે હું તો શું પરન્તુ ત્રણજગત્ તેમને ઉપસર્ગ–(અનુકુળ કે પ્રતિકુળ ઉપસર્ગ) કરી કદી પણ ચલાયમાન કરવા સમર્થ નહિ થાય. આ પુરૂષની કાયા વજ્રથી ઘડાએલી છે અને તેથી પણ વધુ મજબુત તેમનું મન છે. મેં તેમને પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ કરવા છ છ મહીનાઓ પર્યંત ઘોર ઉપસર્ગ કર્યા, છતાં મન વચન અને કાયાથી આ પુરૂષવર નથી ડગ્યા. હવે કદી હું ગમે તેટલો કાળ ગમે તેવા ભયંકર ઉપસર્ગ કરૂં પણ આ પુરૂષોત્તમ કદી પણ ભગ્ન પરિણામવાળા નહિ થાય.' બસ તેને પોતાની પામરતાનો અને પ્રભુની મહત્તાનો ખ્યાલ આવ્યો. અને તેને લાગ્યું કે હું હાર્યો છું અને **પ્રભુ જીત્યા છે.**

તેણે પ્રભુના પગમાં પડી ક્ષમા માગતાં કહ્યું કે પ્રભો! **ઇન્દ્રે જે વચનો આપને માટે ઉચાર્યાં હતાં; જે ગુણ ગાથા ગાઇ હતી; તે તદ્દન સત્ય છે.** પ્રભુ! હું પામર આપની મહત્તાનો ખ્યાલ ન કરી શક્યો. પ્રભુ હું ક્ષમાવું છું હું ભગ્ન પતિજ્ઞાવાળો છું.—હાર્યો છું. આપ સમાપ્ત પ્રતિજ્ઞાવાળા છો. **જીત્યા છો.** હું કદી પણ હવેથી ઉપસર્ગ નહિ કરૂં આપને જ્યાં વિચરવું હોય ત્યાં ખુશીથી વિચરો. **પ્રતિજ્ઞાવીર જીતેંન્દ્રય** પ્રભુએ સમભાવથી કહ્યું; ભો! **સંગમક! હું કોઇના કહેવાથી નથી વિહાર કરતો કે નથી રહેતો હું તો ઇચ્છાપૂર્વક સ્વતંત્ર પણે વિહાર કરૂં છું. ને સ્થાને રહું છું."** આ અમૃતવાણી સાંભળી પોતાનો આત્મા પાપ-કર્દમમાં ખુબ લેપાઇ ભારે થયેલો હોવાથી મંદ ગતિએ વ્હીલે મોંઢે દેવલોકમાં પહોંચ્યો. પરંતુ ત્યાં તેને માટે હવે સ્થાન નહોતું રહ્યું. (ત્યાંથી તેને રજા આપવામાં આવી હતી.)

બીજે દિવસે પ્રભુ ગામમાં ગોચરી ગયા, ત્યાં એક **ડોશીમાએ ટાઢી ક્ષીર વ્હોરાવી**–કેટલાએક એમ કહે છે કે બીજે દિવસે યોગ્ય ક્ષીર મલી; અને પ્રભુએ પારણું કર્યું અને પંચદિવ્ય પ્રગટ થયાં.

**ઉપસંહાર–આ** મહત્તમ ઉપસર્ગ અહીં પુરો થાય છે. આ આખો ઉપસર્ગ વાંચી આપણું **હૃદય રડી ઉઠે છે. અરે! ગમે તેવું પાષાણ હૃદય પણ જરૂર ચીરાઈ જાય તેવી કરૂણાજનક –ત્રાસક પીડા આ ઉપસર્ગમાં છે.**

ઓહો! આવો સમર્થ બલવાન્ પુરૂષ કે જે પુરૂષવરે એક પગના અંગુઠાથી મેરૂ પર્વત ચલાયમાન કર્યો હતો, જેમની આંખના પલકારામાં ઇન્દ્રનાં ઇન્દ્રાસન ડોલે તેવી અગાધ શક્તિ હતી, જેમની આંખનો એક ખુણો લાલ થતાં સંગમક જેવા કંઇક ધ્રૂજી ઉઠે તેવી તાકાત હતી, અરે! જેમનાં સામર્થ્ય આગળ માંધાતા ચક્રવર્તિનું કે ત્રણ જગતનું એકઠું બળ પણ તૃણ માત્ર હતું, તે નરશાર્દુલ શ્રી **મહાવીર** દેવ શાંત પણે અડગ રહી એક પામર દેવના ઘોર ઉપસર્ગો હસ્તે મ્હોંડે સહન કરે છે એ કાંઈ ઓછી આશ્ચર્ય-જનક બીના નથી? અરે! એક વિશેષ આશ્ચર્ય તો એ થાય છે કે આ પરમયોગી પુરૂષોત્તમને સાત સાતવાર ફાંસીએ ચડાવવામાં આવે છે અને તે પણ માત્ર પરીક્ષાને ખાતર; છતાં પ્રભુ પોતાની ઓળખાણ નથી આપતા. અરે! ઓળખાણ નથી આપતા એટલુંજ નહિ; પરન્તુ પોતાનું માન છોડી પોતાની નિર્દોષતા પણ નથી સિદ્ધ કરતા કે તેમ કરી છુટી જવાનો રંચ માત્ર પણ પ્રયાસ કરતા? ખરેખર

અહીં તો આપણું મસ્તક ભક્તિ ભાવથી સ્વતઃ નમી જાય છે. અને **नमामि वीरं गिरिसार धीरं** એ વચનો નીકળી પડે છે.

અહીં એક વાત બહુ સ્પષ્ટ થતી દીસે છે. **"વીર પુરૂષોજ વીરતાથી બધું કષ્ટ સહન કરી લ્યે છે.** તેમના ઉપર કદી દુઃખના **વરસાદ પડે**. અરે **કદી માથે દુઃખનાં ઝાડ ઉગે છતાં રંચમાત્ર પણ ખેદ કર્યા સિવાય** શાંતિથી **સહન કરી આત્મધ્યાનમાં મશગુલ રહે છે.** એ સહન કરવાનું નામર્દો કે પામરોનું કામ નહિ. રણાંગણમાં જનાર વીર પુરૂષોજ બાણ તરવાર બરછી ભાલું બંદુક કે તોપના ગોળાનો માર સહન કરી શકે છે. કાયરો તો તેનો અવાજ સાંભળી ઘરને ખુણે કે જંગલોમાં સંતાઈ જાય છે તેવીજ રીતે કર્મ શત્રુને જીતવા માટે રણાંગણમાં જનારા વીર પુરૂષ કરતાં કોઇ અનેરી વીરતા ધીરતા અને ક્ષમાવાળો પુરૂષ સફાઇથી ચાલાકીથી (કારણ કે જો સફાઇ કે ચાલાકી ન રાખે તો ક્રોધ માન માયા અને લોભની ચંડાળ ચોકડી તેને ચોંટી પડી સંસાર સાગરના કોઇ અનેરા ગર્તામાં ફેંકી દે છે.) કર્મ શત્રુ સામે લઢીને કર્મ શત્રુને થાપ ખવડાવી પોતે વિજય મેળવે છે.

હવે આપણે એક સામાન્ય વાત જોઈ લઈએ. પ્રભુની અપમાન સહન કરવાની—અને તે પણ કોઈ જાતના તિરસ્કાર કે વૈરના બદલા સિવાય અપમાન સહન કરવાની શક્તિ જોઈએ છીએ. અને આપણને એક સામાન્ય અપમાન કરનાર મનુષ્યનું બુરૂં કરી તેનો બદલો લેવાની પ્રબલ ઇચ્છા થાય છે ને તેનો બદલો લીધેજ જઈએ છીએ ત્યારે આ વીર સમર્થ પુરૂષ આટલું આટલું ભયંકર અપમાન તિરસ્કાર અને દુઃખનો વરસાદ વરસાવનાર દેવ પ્રત્યે મનવચન કે કાયાથી લગારે ક્રોધ કે વૈરની ઇચ્છા પ્રગટ કર્યા સિવાય બધું અપમાન અવહેલના અને દુઃખ શાંતિથી અને આનંદથી સહન કરી તે ઉપસર્ગ કરનાર પુરૂષ તરફ દયા ભાવ પ્રગટ કરે છે. અને મનમાં દયા લાવી ચિંતવે છે કે "મને ઉપસર્ગ કરનાર આ દેવની કઇ ગતિ થશે." અરે તેની દયા ચિંતવી આંખમાંથી દયાનાં અશ્રુબિન્દુ ટપકાવે છે. ત્યારે આપણે સ્તબ્ધ થઈ જઇએ છીએ અને પ્રભુની દયા કરૂણા ને ક્ષમા ઉપર વારી જઇ ભૂરિભૂરિ ગુણ ગાથા ગાવા મંડી પડીએ છીએ. દેવની નીચતા અને અધમતા ઉપર આપણો તીરસ્કાર કાબુમાં નથી રહી શકતો. એક મહાપુરૂષને ફક્ત પોતાની પરીક્ષા ખાતર આટલું બધું કષ્ટ આપવું એ તેની (દેવની) સત્તાનો અતિરેક સુચવે છે—આમાં પણ સાત વાર ફાંસીએ લટકાવવા અને એ નિર્દોષતાની મૂર્તિ **સમા જીતેંન્દ્રિય પુરૂષને વિકારીરૂપે ચીતરી,** સ્ત્રી પાસે મશ્કરીઓ કરાવી માર મરાવવો એ તો બહુ ત્રાસજનક લાગે છે. આ તો આપણા પૂજ્ય પુરૂષ છે. ને લાગે તેમ નહિ પરન્તુ આપણા શત્રુની પણ કોઈ આપી આકરી પરીક્ષા ન કરશો એમ લાગે છે.

અસ્તુ અંતમાં એ જગતવંદ્ય ક્ષમાસાગર મહર્ષી **મહાવીર** દેવની **ધીરતા નિશ્ચલતા શાંતિ અને કરૂણાને કોટિશ વંદન કરી વિરમું છું.**

**ૐ શાંતિ શાંતિ શાંતિ.**

**તારંગાહીલ. મુનિ-ન્યાયવિજય.**

તા. ક. આ ઉપસર્ગોની નોંધ મેં **શ્રી આવશ્યક નિર્યુક્તિને** આધારે લીધી છે. તેમાં ટીકાની મદદ પણ બહુ સારી રીતે છુટથી લીધી છે. લેખનો બધો યશ તે ગ્રંથકાર મહારાજને ઘટે છે, અપયશ બધો મનેજ ઘટે છે. છાદ્મિકતાને અંગે મતિ ભ્રમથી કયાંય ભુલ થઇ હોય, વધારે પડતું લખાઇ ગયું હોય તો **मिथ्यादुष्कृतं** આપું છું.

# શ્રી મહાવીરનાં છદ્મસ્થ દશાનાં વિહારસ્થળો.

શ્રી મહાવીરનો જન્મ કુંડગ્રામ કે કુંડપુરમાં થયો.

**સ્થળનાં નામ**

આ કુંડગ્રામના વિભાગો પૈકી ક્ષત્રિયકુંડગ્રામ અને બ્રાહ્મણ-કુંડગ્રામનો ઉલ્લેખ આવશ્યકમાં છે. કુંડપુરના જ્ઞાતખંડ વનમાં મહાવીર શ્રમણ થયા, એ વખતે હેમંતઋતુ હતી, જ્ઞાત કુલના પોતાના જાતભાઇઓને પૂછીને મહાવીરે કુંડપુરથી વિહાર કર્યો. કુંડપુરથી નીકળવાના બે માર્ગો હતા; એક જળમાર્ગ અને બીજો સ્થળમાર્ગ. કુંડપુરના એ જળમાર્ગથી એમ અનુમાન થઇ શકે છે કે, એ પુર કોઈ ગંગા જેવી મહાનદીને કાંઠે વસેલું હોવું જોઇએ. મહાવીર સ્થળમાર્ગે ચાલીને મુહૂર્ત પ્રમાણ દિવસ શેષ રહ્યો ત્યારે કુમારગ્રામમાં આવ્યા.

**કુમારગ્રામ**

કુમારગ્રામને માટે આ-ચાર્ય હરિભદ્રે કર્મારગ્રામ શબ્દ વાપરેલો છે. કુંડપુરથી કુમારગ્રામ વિશેષ દૂર જણાતું નથી પણ એ કઈ દિશાએ આવ્યું તે જાણી શકાતું નથી.

**કોલ્લાગ(ક)**

ત્યાંથી મહાવીર કોલ્લાગ સન્નિવેશમાં આવ્યા અને ત્યાં એમણે બહુલ બ્રાહ્મણને ઘરે મધુઘૃત સંયુક્ત પાયસથી પારણું કર્યું. (બ્રાહ્મણને માટે આવશ્યક ટીકામાં કેટલેક સ્થળે 'घिज्जाइअ' શબ્દ વાપરેલો છે, મને લાગે છે કે, એ શબ્દ 'દ્વિજાતિક' શબ્દનું અપભ્રષ્ટ રૂપ છે, પણ એ શબ્દની છાયા કરનારે 'ધિગ્જાતીય' શબ્દ મૂકેલો છે. 'દ્વિજાતિક'નો અર્થ 'બ્રાહ્મણ' થાય છે અને 'ધિગ્જાતીય'નો અર્થ 'ધિક્કારને યોગ્ય જાતિમાં જન્મેલો' થાય છે.) 'કોલ્લા-ગ'ને માટે 'કોલ્લા' અને 'કુલ્લાઅ' શબ્દ પણ આવે છે.

**મોરાગ , દૂઇજ્જંતયગામ**

ત્યાંથી મહાવીર મોરાગ સન્નિવેશમાં આવ્યા. આ સન્નિવેશનો કુલપતિ મહાવીરના પિતાનો મિત્ર હતો. સન્નિવેશમાં રહેનારા 'દુઇજ્જંત' નામના સંપ્રદાયને અનુસરનારા હતા. આ સંપ્રદાયનું સ્વરૂપ જાણવાનું સાધન મારી પાસે નથી. આચાર્ય હરિભદ્ર લખે છે કે, 'દૂઇજ્જંતક'નામનું એક પાખંડ છે. પાખંડનો અર્થ મતવિશેષ કે સંપ્રદાયવિશેષ થાય છે. આ શબ્દ આ અર્થમાં અશોકના લેખોમાં પણ વપરાયેલો છે. એથી 'પાખંડ' શબ્દને સાંભળતાં હાલ જે એનો અર્થ પ્રચલિત છે તેને અહિં કોઇ ન સમજે. આ શબ્દની સંસ્કૃત છાયા આપતાં છાયાકારે 'द्वितीयान्त' શબ્દને મૂકેલો છે. આ 'દ્વિતીયાંત' શબ્દનો ભાવ ખ્યાલમાં તો આવી શકતો નથી. दु+इज्जा+अन्त અર્થાત દુ એટલે બેવાર ઇજ્જા એટલે ઇજ્યા-યજ્ઞ કરવો એ જેનું અંત કર્તવ્ય છે, તે 'દુઇજ્જંત'. આવી પણ એક કલ્પના થઇ શકે છે અથવા द्विवेदीय બે વેદને માનનાર-સાથે પણ એ શબ્દનો સંબંધ હોઇ શકે, એનો ખરો ભાવ જણાતો નથી, આતો માત્ર કલ્પના છે. આ દુઇજ્જંતોના નિવાસને 'દૂઇજ્જંતય' ગામના નામથી પણ ઓળ-ખાવેલો છે. 'મોરાગ'ને બદલે 'મોરાઅ' શબ્દ પણ આવે છે.

**અટ્ઠિઅગામ**

**વદ્ધમાણગ**

ત્યાંથી મહાવીર અટ્ઠિઅ ગામમાં આવ્યા. આ ગામનું જૂનું નામ વર્ધમાનક હતું, એ વેગવતી નદીની પાસે હતું. અહીં એક ખુલાસો કરી દઉં કે, હાલ જેને [1]વઢવાણ કહેવામાં આવે છે તે આ વર્ધમાનક નહીં. આ સંબંધમાં મેં 'સાહિત્ય માસિક'માં સપ્રમાણ જણાવેલું છે. આચાર્ય હરિભદ્રે અટ્ઠિયગામ માટે 'અસ્થિગ્રામ' શબ્દ મૂકયો છે. અને એ નામની ઉત્પત્તિ વિષે એક કથા પણ

૧. ભાવનગરથી પ્રસિદ્ધ થયેલા ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રના ભાષાંતરની નોટમાં આ વર્ધમાનકને ઝાલાવાડનું વઢવાણ જણાવેલું છે. પણ એ ભ્રાંતિ છે. આવીજ ભ્રાંતિ-માંથી વઢવાણનું શૂલપાણિ યક્ષનું મંદિર ઉભું થયું છે. કોઇ સુધારશે કે ?

જણાવી છે. અહીંથી મહાવીર શરદ્ઋતુમાં ફરીવાર મોરાગ સન્નિવેશે ગયા જણાય છે. મોરાગ સન્નિવેશમાં **અચ્છંદ** મતના અનુયાયીઓ રહેતા હતા. આ મતનું પણ સ્વરૂપ જાણવામાં નથી આવ્યું. છાયા કરનારે 'અચ્છંદ'નો પ્રતિશબ્દ 'યથાચ્છંદ' મૂકયો છે. 'અચ્છંદ' એટલે 'પરતંત્ર' અને 'યથાચ્છંદ' એટલે 'ઇચ્છા પ્રમાણે વર્તનાર' અહીં 'અચ્છંદ' માટે યોજેલો 'યથાચ્છંદ' શબ્દ પણ વિચારણીય છે.

**દક્ષિણ વાચાલ** **ઉત્તરવાચાલ** **સુવર્ણવાલુકા** **રૂપ્યવાલુકા**

અહિંથી આગળ ચાલતાં દક્ષિણ અને ઉત્તર નામના બે વાચાલ પ્રદેશો મહાવીરના માર્ગમાં આવ્યા. અને સુવર્ણવાલુકા તથા રૂપ્યવાલુકા નામની બે નદીઓ આવી. દક્ષિણ વાચાલ સન્નિવેશથી મહાવીર ઉત્તર વાચાલ તરફ ગયા અને અહિં સુવર્ણવાલુકા નદીને કાંઠે મહાવીરનું ખંભાપરનું વસ્ત્ર પડી ગયું, ઉત્તર વાચાલ તરફ જતાં કનકખલ નામે એક આશ્રમ પદ આવ્યું. આ સ્થળે એમણે આંતર્ અને બાહ્ય ચંડકૌશિકનેશાંત કર્યો.

**કનકખલ**

**શ્વેતંબી**

ઉત્તર વાચાલથી તેઓ શ્વેતંબી (શ્વેતંબિકા) નગરી આવ્યા, આ સમયે અહિં પ્રદેશી નામે રાજા હતો. આ પ્રદેશી અને રાજપ્રશ્નીયનો પ્રદેશી એ બે એક કે જૂદા એ ખાસ વિચારણીય છે.

**સુરભિપુર**

શ્વેતંબીથી તેઓ સુરભિપુર ગયા,માર્ગમાં એમને 'નેજ્જક' રાજાઓ મળ્યા. આ 'નેજ્જક' નામ કોઇ રાજવંશનું સૂચક લાગે છે અને તે ઐતિહાસિકોએ વિચારવા જેવું છે. છાયામાં 'નેજ્જગ'નો પ્રતિશબ્દ 'નૈયક' મૂકેલો છે પણ 'નૈયક'નો અર્થ સમજાતો નથી.

**થૂણાગ** **ગંગાનદી**

અહિંથી મહાવીર થૂણાગ સન્નિવેશે ગયા. સુરભિપુરથી થૂણાગ જતાં વચ્ચે ગંગાનદી આવે છે. મહાવીર ગંગાનદીને ઉતરવા માટે નાવમાં બેઠા હતા. 'થૂણાગ'ની છાયા 'સ્થૂણાક' મૂકેલી છે. અહીંથી મહાવીર રાજગૃહનગરે આવ્યા.

**રાજગૃહ**

અને નગરની બહાર નાલંદાના વણકરની શાળાએ ઉતર્યા (રાજગૃહ અને નાલંદા વિષે પુરાતત્ત્વમાં મેં વિગતવાર જણાવેલું છે.) આ સ્થળે એમને મંખલિ ગોશાલ મળ્યા. અહિંથી મહાવીર પાછા ફર્યા જણાય છે. કેમકે તેઓ રાજગૃહ નગરથી કોલ્લાગસન્નિવેશ તરફ વળ્યા. અને ત્યાંથી સુવર્ણખલ તરફ ગયા, આગળ જે કનકખલ આશ્રમપદ આવ્યું છે તેજ આ સુવર્ણખલ જણાય છે.

**બ્રાહ્મણગ્રામ**

અહીંથી તેઓ બ્રાહ્મણગ્રામ તરફ ગયા. આબુની પાસે આવેલા બ્રાહ્મણવાડા તીર્થ સાથે આ બ્રાહ્મણગ્રામનો કશો સંબંધ નથી એ ધ્યાનમાં રાખવાનું છે.

**ચંપાનગરી** **કાલાય** **પત્તકાલય** **કુમારાય** **ચોરાગ** **પૃષ્ઠચંપા**

અહીંથી તેઓ ચંપાનગરી ગયા. ચંપાનગરી અંગદેશની રાજધાની હતી. હાલમાં નાથનગર અને ભાગલપુર વચ્ચેના પ્રદેશને ચંપા ગણવામાં આવે છે.ચંપાથી તેઓ કાલાય (છાયા-કાલાક) સન્નિવેશે ગયા અને ત્યાંથી પત્તકાલય (પત્તાલગ) (છાયા-પાત્રાલક) ગામે ગયા. અહિંથી કુમારાય સન્નિવેશે ગયા અને કુંભારની શાળાએ ઉતર્યા. ત્યાંથી મહાવીર ચોરાગ (છાયા-ચોરાક) સન્નિવેશે ગયા. અહિંથી પૃષ્ઠચંપાએ ગયા. કદાચ નગરીનો પાછલો ભાગ પૃષ્ઠચંપાના નામથી ઓળખાતો હોય.

**કયંગલા**

અહિંથી કયંગલા (છાયા-કૃતાંગલા) નગરીએ ગયા. અહિં તેઓ 'દરિદ્રસ્થવિર' નામક સંપ્રદાયના અનુયાયીઓના-દેવળમાં ઉતર્યા હતા. આ સંપ્રદાય વિષે પણ કશી માહિતી મેળવી શકાતી નથી.

**સાવત્થી**

અહિંથી મહાવીર સાવત્થી નગરીએ ગયા. ભગવતી સૂત્રમાં (શતક-૨ ઉદ્દેશ-૧)કયંગલા અને

સાવત્થીને પાસે પાસે જણાવેલી છે. અહિંથી તેઓ **હલિદુગ** હલિદુગ(છાયા –હરિદ્રક) ગામે ગયા અને ત્યાંથી **નંગલા** નંગલા ગામે ગયા. ત્યાંથી મહાવીર **આવત્તા** આવત્તા ( છાયા–આવર્તા ) ગામે આવ્યા અને અહિંથી પાછા વળતાં તેઓ ચોરાગ સન્નિવેશે ગયા. ચોરાગથી તેઓ **કલંબુગા** કલંબુગા (છાયા–કલંબુકા) સન્નિવેશે ગયા. અહિંથી તેઓ અનાર્ય દેશ **લાઢ** લાઢ તરફ વિહર્યા વર્તમાનમાં બંગાળ પ્રાંતમાં 'રાઢ' નામે જે પ્રદેશ પ્રસિદ્ધ છે કદાચ તેજ આ લાઢ દેશ હોય. લાઢમાં જતાં પ્રથમ **પુણ્ણકલસ** પુણ્ણકલસ ( છાયા–પૂર્ણકલશ ) ગામે ગયા અહિંથી અનુક્રમે **ભદ્દિલનયરી** ભદ્દિલનયરી ( છાયા–ભદ્રિલનગરી), **કયલિસમાગમ** કયલિ સમાગમ (છાયા–કદલી સમાગમ ) અને **જંબૂસંડ** જંબૂસંડ ( છાયા–જંબૂષંડ ) તરફ ગયા. અહિં કોઈ આ જંબૂસંડ અને ગુજરાતમાં આવેલા જંબુસરને એક સમજવાની ભૂલ ન કરે. અહિંથી તેઓ **તંબાય** તંબાય(છાયા–તંબાક ) અને **કૂવિયા** કૂવિયા કે કૂપિઆ ( છાયા–કૂપિકા ) સન્નિવેશે ગયા. અહિં તેમને વિજયા અને પ્રગલ્ભા નામની બે પરિવ્રાજિકાઓ મળી, જે પાર્શ્વનાથની ઉપાસિકાઓ હતી. અહિંથી તેઓ **વૈશાલી** વૈશાલી તરફ ગયા, વૈશાલી ગામ વિહારમાં છે. જે આજકાલ 'વેસાડ' નામથી જાણીતું છે. અહિંથી મહાવીર **ગામાય** ગામાય(છાયા–ગ્રામાક)સંનિવેશ અને **સાલિસીસય** સાલિસીસય ( છાયા–શાલિશીર્ષક ) ગામ તરફ ગયા. અત્યાર સુધી તેઓ એકાદશાંગધારી હતા અને એમનું અવધિજ્ઞાન સુરલોક પ્રમાણ હતું. હવે તેઓ અનુક્રમે **ભદ્દિયાનગરી** ભદ્દિયા ( છાયા–ભદ્રિકા) નગરી, **આલંભિયાનગરી** આલંભિયા (છાયા–આલંભિકા) નગરી અને **કુંડાગ** કુંડાગ (છાયા–કુંડાક) સન્નિવેશે ગયા. ત્યાંથી નીકળીને તેઓ **મદ્દણા** મદ્દણા (છાયા–મર્દના) તથા **બહુસાલગ** બહુસાલગ (છાયા–બહુશાલક) ગામે ગયા અને અહિંથી **લોહગ્ગલા** લોહગ્ગલા (છાયા–લોહાર્ગલા) રાજધાનીએ થઈને **પુરિમતાલ** પુરિમતાલ ગયા. આ વખતે લોહગ્ગલા રાજધાનીમાં રાજા જિતશત્રુ હતો. તેઓ જે પુરિમતાલે ગયા તે સ્થળને હાલ 'પ્રયાગ' કહેવામાં આવે છે. અહિંથી તેઓ અનુક્રમે **ઉણ્ણાગ** ઉણ્ણાગ (છાયા–ઉર્ણાક) ગામ અને **ગોભૂમિ** ગોભૂમિ તરફ ગયા. ઉણ્ણાગથી ગોભૂમિ જતાં વચ્ચે આવતું ભયંકર જંગલ તેમને વટાવવું પડયું હતું. અહિંથી પાછા ફરીને મહાવીર રાજગૃહે ગયા અને ત્યાંથી ૧ લાઢ, ૨ વજ્જભૂમિ, ૩ શુદ્ધભૂમિ તરફ વિહર્યા. આ ત્રણે નામ અનાર્ય સ્થળનાં છે. અહિંથી તેઓ શરદના પ્રથમ ભાગમાં **સિદ્ધત્થપુર** સિદ્ધત્થપુર (છાયા–સિદ્ધાર્થપુર) અને **કુમ્મગામ** કુમ્મગામ (છાયા–કૂર્મગ્રામ) થઇને પાછા વૈશાલી તરફ ગયા.

આ સમયે વૈશાલીમાં ગણરાજ્ય હતું–ત્યાં શંખ નામે ગણરાજા હતો. આ રાજા મહાવીરના પિતાનો મિત્ર હતો. અહિંથી મહાવીર **વાણિયગ્ગામ** વાણિયગ્ગામ (છાયા–વાણિજગ્રામ) તરફ [1]પ્રધાવ્યા. વૈશાલીથી વાણિયગ્ગામે જતાં વચ્ચે એક **ગંડકી નદી** ગંડકી નદી આવે છે. મહાવીર નાવદ્વારાએ નદીને ઉતાર્યા. આજે પણ બિહારમાં વેસાડ પાસે ગંડકી નદી આવેલી છે. આણંદ શ્રાવક આ ગામમાં રહેવાશી

---

૧ આવશ્યક ટીકામાં 'પ્રધાવ્યા' અર્થનું સૂચક પહાવિઅ (છાયા–પ્રધાવિત) કૃદંત વાપરેલું છે. સંસ્કૃત સાહિત્યમાં 'ધાવ્'ધાતુનો અર્થ 'દોડવું' થાય છે. કદાચ ગતિનો વેગ દર્શાવવાને અહીં આવો પ્રયોગ થયો હોય અથવા જૂની લોકભાષામાં ધાવ્નો અર્થ ગતિ માત્ર પણ હોય.

હતા અહિંથી મહાવીર સાવત્થી (છાયા—શ્રાવસ્તી) નગરીએ ગયા અને ત્યાંથી

**સાણુલઠ્ઠિય** સાણુલઠ્ઠિય (છાયા—સાનુલષ્ઠ) ગામે ગયા.

અહિંથી તેઓ દઢભૂમિ (છાયા—દઢભૂમિ) એ ગયા. આ જગ્યાએ એમને બહુ

**દઢભૂમિ** જ કષ્ટ સહન કરવું પડયું. અહિંથી અનુક્રમે વાલુગા

**વાલુગા** (છાયા—વાલુકા) ગામ, સુચ્છેત્તા

**સુચ્છેત્તા** (છાયા—સુક્ષેત્રા) ગામ, તોસલિ

**તોસલિ** અને મોસલિ તરફ ગયા. ત્યાંથી

**મોસલિ** પાછા ફરીને મહાવીર સિદ્ધાર્થ-

**વયગામ** પુરે ગયા. અહિંથી તેઓ વય-ગામ (છાયા—વજ્રગ્રામ) નામના ગોકુલ તરફ ગયા. અહિંથી પાછા ફરીને તેઓ આ-લંભિકા, શ્વેતાંબી અને શ્રાવસ્તી

**કોસંબી** નગરીએ થઇને કોસંબી (છાયા —કૌશાંબી) નગરીએ ગયા. આ કૌશાંબી નગરી તે હાલ પ્રયાગ પાસે આવેલું કોસમ નામે ગામ છે.

કૌશાંબીથી ભગવાન વાણારસીએ આવ્યા અને ત્યાંથી રાજગૃહ થઇને મિહિલા

**વાણારસી** (છાયા—મિથિલા) એ ગયા. અહિં

**મિહિલા** જનકરાજાએ તેમનો આદર કર્યો. મને લાગે છે કે, જનક નામ મિથિલાના રાજવંશનું ઉપનામ હોવું જોઇએ અર્થાત્ મિથિલાની ગાદીએ આવતો પ્રત્યેક રાજા જનકના-મથી ઓળખાતો હોવો જોઇએ અન્યથા મહાવીરના સમયમાં સુપ્રસિદ્ધ જનકનું હોવું સંભવતું નથી.

અહિંથી ભગવાન વૈશાલી નગરીએ થઇને સુંસુ-મારપુરે આવ્યા (સુંસુમારપુરનો ઉલ્લેખ ભગવતીસૂત્ર (શતક—૩ ઉ૦ ૨) માં આવે છે. જૂઓ રાય૦ ભગ-વતી સૂત્રનો મારો અનુવાદ અને

**સુંસુમાપુર** ટિપ્પણ પૃ. ૫૬ ભા૦ ૨) અને

**ભોગપુર** ત્યાંથી અનુક્રમે ભોગપુર નંદિ-

**નંદિગ્રામ** ગ્રામ અને મેંઢિયા (છાયા—મેં-

**મેંઢિયા** ઢિકા) થઇને ફરીથી ભગવાન કૌશાંબીએ ગયા. આ સમયે કૌશાંબીનો રાજા શતાનિક હતો, એની સ્ત્રીનું નામ મૃગાવતી હતું, અને તેનો મંત્રી સુગુપ્ત નામે હતો. આ શતાનિક તેજ કે જેણે ચંપાના રાજા દધિવા-હનને નસાડયો હતો. દધિવાહનની સ્ત્રીનું નામ ધા-રિણી અને પુત્રીનું નામ વસુમતી અથવા ચંદના હતું. શતાનિકે ચંપાનગરીને જીતવા માટે નૌકાબળનો પ્રયોગ કર્યો હતો એની નોંધ આવશ્યક ટીકામાં છે.

કૌશાંબીથી ભગવાન સુમંગલા ગામે ગયા અને ત્યાંથી સુક્ષેત્રા થઇને પાલક ગામે

**સુમંગલા** ગયા. અહિંથી ભગવાન ફરીવાર

**પાલક** ચંપાએ ગયા. આ વખતે સ્વા-તિદત્ત બ્રાહ્મણ અને મહાવીર

**જંભિયા** વચ્ચે આત્મચર્ચા થએલી હતી. અહિંથી ભગવાન જંભિયા (છાયા—જૃંભિકા) ગામે ગયા, અહિંથી મિંઢિયા થઇને છમ્મણી (છાયા—ષણ્માણી) ગામે

**છમ્માણી** ગયા, ત્યાંથી મજ્જિમા (છાયા—

**મજ્જિમા** મધ્યમા) એ ગયા અને અ-હિંથી પાછા વળીને ભગવાન

**ઋજુવાલિકા નદી** ફરીવાર જંભિયા ગામે ગયા અને અહિં ઋજુવાલિકા નદીને કાંઠે બુદ્ધ થયા.

સમેતશિખર તરફ પગ રસ્તે જતાં સમેતશિખ-રની પાસે જમૂઈ નામનું એક ગામ આવે છે. અહિંથી સમેતશિખરનો પગરસ્તો લગભગ અડવાડિ-યાનો છે. આ જમૂઇ અને જંભિયા ગામ એ બન્ને કદાચ એક હોઇ શકે.

આ લેખમાં આગમોદય સમિતિના આવશ્યક સૂત્રનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં આ બધી હકીકત પૃ૦ ૧૮૭ થી ૨૨૭ સુધીમાં જણાવેલી છે. આ ઉપરાંત મહાવીરના કેવળિ અવસ્થાનાં પણ કેટ-લાંક વિહાર સ્થળો છે. જેની નોંધ આવશ્યકમાં નથી પણ ભગવતી સૂત્રમાં છે. આ લેખમાં એ સ્થળોને મેં નથી લીધાં. ભગવાન મહાવીર જે એક સ્થળે ફરી ફરીને ગયા છે તેનું નામ સામેના મોટા અક્ષ-રોમાં છાપેલા સ્થળોમાં નથી આપ્યું.

છેવટે એક વિનંતિ છે કે કોઇ જૈનભાઈ આ બધાં સ્થળોની ચોક્કસ શોધ કરાવવા ઉદ્યમવંત થાય અને તે પ્રત્યેક સ્થળે મહાવીરને લગતા પ્રત્યેક પ્રસંગ સાથેનું એક એક સ્મારક ઉભું કરાવે.

**બેચરદાસ જીવરાજ દોશી.**

# શ્વેતામ્બર અને દિગમ્બર.

લેખક—રા. દયાલ ગંગાધર ભણશાલી. બી. એ. ૧૬ પૉલૉક સ્ટ્રીટ, કલકત્તા.

ડૉકટર બરૂઆ લખે છે કે:—

નગ્ન ક્ષપણકોનું નૈતિક અધ:પતન ન થાય તેટલા ખાતરજ શાયદ પાર્શ્વ પ્રભુના ચતુર્યામ ધર્મને બદલે મૈથુન સર્વથા વિરમણ નામે પંચમ મહાવ્રતનો મહાવીર દેવે ઉમેરો કર્યો. આ પાર્શ્વપ્રભુના બધા મહાવ્રતો રાખવાથી પાર્શ્વાપત્યોને મહાવીર દેવના શાસનમાં સામેલ થવાને કશી હરકત આવી નહિ પણ જો કે બંને શાસનો મહાવીર દેવના ધર્મધ્વજ તળે એકત્ર થયા તો પણ પાર્શ્વાપત્યોના હૃદયને નગ્નત્વથી આઘાત પહોંચતો ખરો. બસ આજ વિચાર એક પ્રધાન કારણ હતું, કે જેને લઇ પ્રભુના અનુયાયી અને શિષ્ય પરંપરામાં પાછલથી ભેદ પડયો. અને પરિણામે દિગંબર અને શ્વેતાંબર જેવી બે વિરોધી કોમ ઉદ્ભવ પામી. આ ભેદનું મૂળ વાસ્તવિક રીતે વિચારતાં મહાવીર પ્રભુ અને પાર્શ્વપ્રભુના ઉપર્યુક્ત બે ભેદમાં ગુપ્ત રીતે સમાએલું છે.”

(જુઓ ડૉ. બી. એમ બરૂઆની Pre-Buddhistic Indian Philosophy પૃષ્ઠાંક. ૩૭૪–૩૭૫).

આ વિચારોને વધુ સ્પષ્ટ શબ્દોમાં ઓળખીએ તો ડૉ. બરૂઆ એમ કહેવા માગે છે કે પાર્શ્વપ્રભુના સચેલક કલ્પના વિચારને અનુસરનારા તે શ્વેતાંબરો અને મહાવીર પ્રભુના અચેલક કલ્પના વિચારોના અનુયાયી તે દિગંબરો.

આ મન્તવ્યને હર્મન જેકોબી આદિ અન્યાન્ય પાશ્ચાત્ય વિદ્વાનો પણ સમર્થન આપે છે તેથી તે મતમાં કેટલું સત્ય સમાએલું છે અને તેની પુષ્ટિમાં કોઇ શાસ્ત્રીય પુરાવો છે કે કેમ તેની મીમાંસા અત્ર કરીશું.

૧. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના કેશી ગૌમતીય નામક ત્રેવીસમા અધ્યયનની ગાથા ૨૯ પરથી આપણને સ્પષ્ટ થાય છે કે પાર્શ્વપ્રભુએ સચેલક ધર્મ પ્રરૂપ્યો અને શ્રી મહાવીર પ્રભુએ અચેલક ધર્મ ઉપદેશ્યો. કલ્પસૂત્રની પ્રારંભની ગાથાઓથી પણ આ જ વાતને પુષ્ટિ મળે છે.

ટીકાકાર ભગવંત જણાવે છે કે “ચોવીસમા તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીએ અચેલક કહેતાં ‘પ્રમાણોપત, જીર્ણ, શીર્ણ, પ્રાયે ધવલ વસ્ત્ર’ ધારણાત્મક સાધ્વાચાર ઉપદેશ્યો, જ્યારે મહાયશસ્વી ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથે સચેલક કહેતાં પંચવર્ણીય બહુ મૂલ્યવાન પ્રમાણ રહિત વસ્ત્ર ધારણાત્મક સાધ્વાચાર પ્રરૂપ્યો.”

આ પરથી પાર્શ્વપ્રભુનો અને પરિણામે કેશી પ્રભૃતિ પાર્શ્વાપત્યોનો સચેલક એટલે વસ્ત્ર ધારણાત્મક માર્ગ હતો એ નિર્વિવાદ સાબીત થાય છે. પણ મહાવીર પ્રભુના અચેલક માર્ગની વ્યાખ્યા એક દેશે માત્ર પ્રસ્તુત વિષય પરત્વેજ ઉપકારી હોય એમ લાગે છે.

અચેલક શબ્દ અ=સર્વથા નિષેધ અને દેશનિષેધ અને ચેલ=વસ્ત્ર આ બે શબ્દના સમાસથી અચેલક થાય છે. અર્થાત્ અચેલક=નગ્ન; અને જીર્ણ શીર્ણ વસ્ત્રધારી આ બંને અર્થમાં અચેલક શબ્દ વપરાયો હોય એમ સંભવે છે. દ્વિતીય અર્થ તો ટીકાકાર ભગવંતે બતાવ્યો છે માટે આપણે અચેલક ‘નગ્ન’ અર્થમાં સંભવિત છે કે કેમ તે જોવાનું રહ્યું.

આચારાંગ ૧–૯–૧–૪૬૫ માં જણાવ્યું છે કે:-

**संवच्छरं साहियं मासं जं ण रिक्कासि वत्थगं भगवं,**
**अचेलए ततो चाई तं वोसज्ज वत्थ-मणगारे.**

અર્થાત્—ભગવાને તેર માસ સુધી તે (ઇંદ્રે દીધેલુ દેવદૂષ્ય) સ્કંધપર ધારણ કર્યું ત્યાર પછી તે છાંડી ભગવાન્ અચેલક વસ્ત્રરહિત અણગાર થયા.

વળી આચેલક્ય શબ્દની વ્યુત્પત્તિ કરતા શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય કલ્પસૂત્રપરની પોતાની ટીકા નામે સુખોધિકામાં જણાવે છે કે **न विद्यते चेलं वस्त्रं यस्य सो अचेलक: तस्य भाव आचेलक्यं विगतवस्त्रत्वं इत्यर्थः तच्च तीर्थेश्वरानाश्रित्य प्रथमान्तिमजिनयोः शक्रोपनीत-देवदूष्यापगमे अचेलकत्वं, अन्येषां तु सर्वदा सचेलकत्वं ।**

આ પરથી સ્પષ્ટ જણાશે કે ભગવાને વસ્ત્રનો ત્યાગ કર્યો ત્યાર પછી અચેલક વસ્ત્રરહિત અણગાર થયા અર્થાત **નગ્નભાવે** દિગંબર દશામાં વિહાર કરવા લાગ્યા અહિ **અ-સર્વથા** નિષેધવાચી છે.

વળી ચોત્રીશ અતિશય પૈકી એકે અતિશય એવો નથી કે જેથી પ્રભુના દિગંબરત્વનું ગોપન થાય. અર્થાત્ ચર્મ ચક્ષુ ધણી દેખી ના શકે પણ પ્રભુ મહાવીર દેવે દેવદુષ્યના પરિહાર પછી અન્ય વસ્ત્ર અંગીકાર કીધું નથી અને તેમનું નગ્નત્વ લબ્ધિવડે ગોપન રહેતું એમ તો શ્વેતાંમ્બરો પણ માને છે.

ઉપરાંત રા. **નંદલાલભાઇ** પોતાના મહાવીર સ્વામી ચરિત્રમાં પૃ. ૨૯૪ મે જણાવે છે જે ઇંદ્રભૂતિએ ચારિત્ર ધર્મ અંગીકાર કર્યો તે સમયે કુબેરે ચારિત્ર ધર્મને લાયક ઉપકરણ લાવી તે ગ્રહણ કરવાને તેમને વિનંતિ કરી તે ગ્રહણ કરતા પહેલાં તેમને વિચાર થયો કે હું **તો નિઃસંગ છું તો પછી આ ઉપકરણો મ્હારે ગ્રહણ કરવા કે કેમ?** આ કથનને શાસ્ત્રીય પુરાવો છે કે કેમ જે માટે મ્હને સંદેહ છે પણ જો સત્ય હોય તો.

જો પોતાના આદર્શ મહાવીર પ્રભુ અચેલક-દિગંબર દશામાં ન હોત તો આ વિચારો ગૌતમ સ્વામીને આવત ખરા?

આ સઘળું અચેલક એટલે વસ્ત્રનો સર્વથા નિષેધ સાબીત કરવા પુરતું છે. અને દેશ નિષેધના અર્થમાં તો ટીકાકાર ભગવંતે પુરવાર કીધેલ છે એટલે અચેલક બંને અર્થમાં વપરાતો હતો એમ સંભાવના થાય છે.

### ૨. જિનકલ્પ અને સ્થવિરકલ્પ.

આ બે કલ્પની યોજના મહાવીર પ્રભુએ કરેલી છે અને તે પાર્શ્વાપત્યોના સચેલક માર્ગ અને પોતાના અચેલક માર્ગના સમન્વય રૂપે હોય એમ શું નથી જણાતું? જ્યારે બે અસમાન વિચારોનો સમન્વય થાય ત્યારે બન્નેએ કાંઇક છુટછાટ મેલવી પડે છે તે મુજબ પાર્શ્વાપત્યોને પોતાના ધર્મધ્વજ હેઠળ એકત્ર કરવાની શુભેચ્છાના પરિણામે આ બે કલ્પની યોજના થઈ હોય એમ સંભાવના થઇ શકે છે. પાર્શ્વાપત્યો વસ્ત્રધારી હતા એ કહેવાઇ ગયું છે અને મહાવીરપ્રભુ પોતે અચેલક હતા તેથી સમન્વય થતાં બંને માર્ગનો સ્વીકાર થયો અને ધર્મરૂપે પ્રરૂપ્યા. સચેલકત્વના વિચારનો સપક્ષી તે સ્થવિર કલ્પી અને અચેલકત્વના વિચારનો પક્ષકાર તે જિનકલ્પી.

સચેલકત્વ અને અચેલકત્વ મોક્ષ પ્રાપ્તિને બાધાકારી નથી પણ વ્યવહાર નયે બંને એકજ લક્ષ્ય માટે બે ભિન્ન માર્ગ છે એ ઉત્તરાધ્યયન સૂત્ર. ૨૩-૩૧-૩૨ માં ઘણીજ સુગમ રીતે સમજાવેલ છે.

મહાવીરપ્રભુનો કડક માર્ગ હતો તેટલોજ સખ્ત માર્ગ જિનકલ્પનો છે. અને પાર્શ્વપ્રભુના મધ્યમમાર્ગ અનુકુલ ગચ્છવાસી સાધુઓનો સ્થવિર કલ્પ કે જે સાંપ્રત કાળમાં મૌજુદ છે (તે બંને કલ્પના વિશેષ ભેદ માટે જુઓ વિશેષાવશ્યક ગાથા ૭ અને તે પરની મલધારીજીની ટીકા.)

ખુદ મહાવીર પ્રભુએ, જો કે પોતે અચેલક હતા છતાં, આ બન્ને કલ્પને માર્ગરૂપે પ્રરૂપ્યા છે અને તેમના જીવંતકાલમાં બન્ને પ્રકારના નિંર્ગ્રન્થો વિદ્યમાન હતા અને મેતાર્યમુનિ જેવાએ પ્રારંભમાં સ્થવિરકલ્પ અંગીકાર કરી કેટલેક કાળે જિનકલ્પીપણું પણ અંગીકાર કરેલ છે.

આ બે પ્રકારના મુનિઓના કલ્પ પૈકી જિનકલ્પ પાર્શ્વપ્રભુના શાસનમાં હોય એમ મ્હારા જાણવામાં નથી.

ઉપર કહેવામાં આવ્યું છે કે મહાવીર પ્રભુનો કડક માર્ગ હતો અને પાર્શ્વપ્રભુનો મધ્યમ માર્ગ હતો કારણ ચરમતીર્થંકરના સમયવર્તી લોકો વક્ર અને જડ હતા ત્યારે ત્રેવીસમાના અનુયાયીઓ ઋજુ અને પ્રાજ્ઞ હતા એથીજ કહ્યું છેઃ—

**पुरिमाणं दुव्विसोज्झो उ चरिमाणं दुरणु-पालओ।**
**कप्पो मज्झिमगाणं तु सुविसोज्झो सुपालओ॥**

--ઉત્તરા. અધ્યયન ૨૩. ગા. ૨૭.

—પ્રથમ તીર્થંકરના સાધુને (નિરતિચારપણે) ધર્મ સમજતાં દોહિલો પણ પાળતાં સોહિલો અને

છેલ્લા તીર્થંકરના સાધુને ધર્મ (સમજતાં સોહિલો પણ પાળતાં ) અને દોહિલો જ્યારે વચલા બાવીસ તીર્થંકરના સાધુને ધર્મ સમજતાં પણ સોહિલો અને પાળતાં પણ સોહિલો (તેથી છેલ્લાં અને પહેલાં તીર્થંકરે પંચમહાવ્રતરૂપ ધર્મ પ્રકાશ્યો અને વચલા બાવીસે ચાર મહાવ્રતરૂપ ધર્મ કહ્યો ).

આ ગાથામાં કઠક માર્ગ અને મધ્યમ માર્ગનું કારણ સહેલાઇથી અનુમિત થાય છે.

શ્રી કલ્પસૂત્ર સુબોધિકા પરથી ઉદ્ધરિત નિમ્નોક્ત બન્ને પ્રભુઓના દશ પ્રકારના કલ્પ ભેદપરથી અવિસંવાદ રીતે જાણી શકાશે કે મહાવીરપ્રભુનો આચાર અતિ કઠિન હતો, અને પાર્શ્વપ્રભુનો મધ્યમ માર્ગી આચાર હતોઃ—

---

| **શ્રી મહાવીર પ્રભુના શાસનમાં.** | **શ્રી પાર્શ્વપ્રભુના શાસનમાં.** |
|---|---|
| **(૧) આચેલક્ય.** સાધુઓ શ્વેત, માનોપેત, જીર્ણપ્રાય વસ્ત્રધારી હોવાથી અચેલક. | બહુ મૂલ્ય, વિવિધ વર્ણ વસ્ત્રની અનુજ્ઞાથી સચેલકત્વ અને કેટલાક શ્વેત, માનોપેત, વસ્ત્રધારિ પણ હતા તેટલા અંશે તેઓ અચેલક—આથી બન્ને વિકલ્પો તેઓને સેવવાની અનુજ્ઞા હતી. |
| **(૨) આધાકર્મિક-ઔદ્દેશિકઃ—** સાધુ નિમિત્તે કરેલા અશનપાન, ખાદિમ સ્વાદિમ વસ્ત્રપાત્ર, વસતિ પ્રમુખઃ— ગમે તે એક સાધુ વા એક સાધુ સમુદાય નિમિત્તે કરેલા સર્વે સાધુઓને ન કલ્પે. | જે સાધુ નિમિત્તે કરેલ હોય તેનેજ ન કલ્પે બીજાને કલ્પે. |
| **(૩) શય્યાતર.** શય્યાતર યા વસતિ સ્વામીનું પીંડ બન્ને પ્રકારના સાધુઓને ન કલ્પે માટે તે કલ્પ બન્નેને માટે સમાન છે. | |
| **(૪) રાજપિંડ.** ન કલ્પે | —કલ્પે.. |
| **(૫) કૃતિકર્મ-વંદનક.** બન્નેને સમાન. | |
| **(૬) વ્રત-મહાવ્રત.** પંચ મહાવ્રત વક્ર જડત્વથી પાંચમા વ્રતના સ્પષ્ટોલ્લેખની આવશ્યકતા. | ચાર મહાવ્રત; કારણ તેઓ રૂજુ પ્રાજ્ઞત્વથી સમજી શકે છે કે સ્ત્રીત્યાગ પરિગ્રહત્યાગમાં અંતર્ગત થાય છે. |
| **(૭) જ્યેષ્ઠ-રત્નાધિક,** ઉપસ્થાપનાથી આરંભી દિક્ષા પર્યાયની ગણના અને જ્યેષ્ઠ-લઘુનો વ્યવહાર. | નિરતિચાર ચારિત્ર હોવાથી દિક્ષા સમયથીજ જ્યેષ્ઠ અને લઘુનો વ્યવહાર. |

(૮) પ્રતિક્રમણ.

અતિચાર લાગે યા નહિ પણ ઉભય કાલ અવશ્ય કરવુંજ જોઇએ તેમજ બાકી રહેલા અતિચાર માટે પાક્ષિક ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ પણ અવશ્ય કરવાંજ જોઇએ.

(૯) માસકલ્પ.

માસ મર્યાદા નિયત:—

વધુમાં વધુ એકજ સ્થળે એક માસ સ્થિતિ કરી શકાય. છેવટે દુર્ભિક્ષ અશક્તિ આદિકારણે એક માસ ઉપર રહેવું પડે તો પણ પાસેના ઉપગ્રામમાં જવું અને છેવટે ખુણો પણ બદલવો જોઇએ. બાકી એક માસથી વધુ સ્થિતિ ન થઇ શકે.

(૧૦) પર્યુષણા:—

ઉપર મુજબ ફરજ્યાત.

અતિચાર લાગે તો જ પ્રતિક્રમણ કરવું તે સિવાય જરૂર નહીં. અને તે પણ પ્રાયે બેજ-દેવસીક અને રાઇ પ્રતિક્રમણનો વ્યવહાર છે. પાક્ષિક ચાતુર્માસિક અને સંવત્સરિક ન કરવા પડે.

અનિયતમાસ કલ્પ:—

મરજી પડે તો એક ક્રોડ કરતા કાંઇક ઉણા વર્ષો (બાવીશ તીર્થંકરના સાધુ આશ્રી) પર્યંત એક સ્થળે સ્થિતિ કરી શકે અને મરજી પડે તો એક માસની વચમાં પણ વિહાર કરે.

ઉપર મુજબ અનિયત.

---

## ઉપસંહાર:—

પાર્શ્વાપત્યો પંચવર્ણી, માનોપેત, બહુ મૂલ્યવાન, વસ્ત્રધારી હતા ઉપરાંત સરલ અને બુદ્ધિશાળી હતા; એટલુંજ નહિ પણ અશન પાનાદિ પણ જે અમુક સાધુ નિમિત્તે કરેલું હોય તેને એકલાનેજ ન કલ્પે પણ બીજાને તે બાધ કર્તા નહિ. વળી તેમને રાજપિંડ વાપરવાની અનુજ્ઞા હતી ઉપરાંત અતિચાર લાગે તોજ દેવસી (દૈવસિક) વા રાઇ (રાત્રિક) પ્રતિક્રમણ કરવાનો કલ્પ હતો અને પાક્ષિક, ચાતુર્માસિક તેમજ સાંવત્સરિક પ્રતિક્રમણ જેવાં પ્રતિક્રમણો તેમને કરવાનાંજ ન હતાં તેમજ વળી માસ કલ્પ અને પર્યુષણા પણ તેમને બંધનકારક ન હતાં પણ તે બંને તેમની મરજીપર છોડવામાં આવ્યાં હતાં. જ્યારે આ અતિ સુકર સ્થિતિ સાથે ચરમ તીર્થંકરના સાધુઓના કલ્પની તુલના કરીએ છીએ તો કેટલી સખ્તાઇ છે તે નજર સમીપ તરી આવે છે. જીર્ણ શીર્ણ વસ્ત્રો પહેરવાં-અને જિનકલ્પી હોય તો તો વળી વસ્ત્રરહિતજ રહેવું અને ટાઢ તડકા દંશમષક આદિના પરિસહો સહન કરવા. એક સાધુ આશ્રી કીધેલા આહારાદિ તેને તો ન કલ્પે એટલુંજ નહિ પણ સાધુ માત્રને ન કલ્પે. રાજપિંડ તો વપરાયજ નહીં. અતિચાર લાગે યા ન લાગે પણ ઉભયકાળ પ્રતિક્રમણ તો અવશ્ય કરવુંજ જોઇએ. ઉપરાંત બીજાં ત્રણ પ્રતિક્રમણ પણ આવશ્યકજ છે. ગમે તેવા અનિવાર્ય કારણે પણ મહાવીર પ્રભુના સાધુઓ એકજ સ્થળે વધુમાં વધુ એક માસ સ્થિતિ કરી શકે, તદુપરાંત ખાસ રહેવાની જરૂર જણાય તો પણ સ્થાન પરિવર્તન કીધા સિવાય તો ન જ રહેવાય. જોઇએ તો ઉપવનમાં, શાખાપુરમાં જઈ પાછા આવે અને છેવટે તે પણ ન બને તો ઉપાશ્રયનો ખુણો તો બદલીને પણ સ્થાન પરિવર્તનના કલ્પને સખ્ત રીતે અમલમાં મેલવો. પર્યુષણા બાબત પણ એજ સખ્તાઈ.

આ કલ્પભેદ પરથી સમજવું સુગમ થઈ પડશે કે મહાવીર પ્રભુનો આચાર અતિ સખ્ત હતો. આ સમજ્યા પછી પાર્શ્વાપત્યોના વિચારોના પ્રવાહનું અને મહાવીરના અનુયાયીઓના વિચારોના રોહનું સહેલાઇથી અનુમાન થઇ શકે તેમ છે.

**પાર્શ્વાપત્યો** સરળ અને મધ્યમ માર્ગને સેવનારા હતા અને તેથી તેઓના મગજની વલણ પણ તેજ પ્રકારની હોય તેમાં નવાઇ નથી; ઉપરાંત કેશીપ્રભુન,

સમયમાં પણ શિથિલાચાર થયો હોય એ સહજ સમજી શકાય તેવું છે. કારણ એક શાસન અવનતિ પર આવે છે ત્યારે નવા તીર્થની સ્થાપના થાય છે. વલી તત્સામયિક અન્ય દાર્શનિક સંસ્થાઓ તરફ દૃષ્ટિ ક્ષેપ કરતાં પણ તે લોકોને જણાયું કે બૌધ્ધો વિગેરેના સાધુઓ મધ્યમાર્ગી હતા આથી કેશી પ્રભુ અને તેની સાથેના પાર્શ્વાપત્યો જો કે ગૌતમ સ્વામીના સમજાવવાથી મહાવીર પ્રભુના ધર્મધ્વજ તળે આવી વસ્યા છતાં પણ મનુષ્યની માનસિક વલણ એકાએક બદલાવી મુશ્કેલ છે. તેઓએ મહાવીર પ્રભુનો કડક માર્ગ અંગીકાર કીધો છતાં પણ પાર્શ્વનાથના શાસનમાં સેવેલો કલ્પભેદ તેઓના મગજને ડહોળી રહ્યો હતો. આ પ્રમાણે એકજ સમયમાં બે પ્રકારના વિચારના પ્રવાહમાં નિમજ્જન કરનારા સાધુઓ વિદ્યમાન હતા આ પ્રમાણે મહાવીર પ્રભુ બાદ સુધર્માસ્વામી અને જંબુસ્વામી જેવા પ્રભાવશાળી બે મહાપુરૂષો પટ્ટધર થતાં તે પાર્શ્વાપત્યોના વિચારના રોહમાં તણાતો સાધુ વર્ગ માથુ ઉંચુ કરી શકયો નહીં. પણ ત્યાર પછી ધીમે ધીમે પોતાના વિચારો જાહેરમાં લાવતા ગયા પણ હજી પણ બન્ને વિચારના સાધુઓને સાથે રહેવા જેટલી સહિષ્ણુતા હતી પણ તે લાંબો વખત ટકી શકી નહીં અને વીરાત્ ૬૦૯ વર્ષે છેવટના બન્ને જુદા પડયા (schism).

મહાવીર પ્રભુના કડક માર્ગને અને જિનકલ્પને સર્વાંગે તો નહિજ પણ નગ્નત્વ આશ્રી એકદેશીય કલ્પને આગળ ધરી વસ્ત્રરહિતપણે વિચરનારા, નિશ્ચય માર્ગને પ્રધાનપદ આપનારા તે દિગંબરો થયા. ત્યારે પાર્શ્વાપત્યોના મધ્યમાર્ગને અનુકુલ વ્યવહાર માર્ગને અવલંબન કરનારા અને વ્યવહારનેજ આગળ ધરનારા સ્થવિર કલ્પ સિવાયના બીજા કલ્પનો વિચ્છેદ હોઇ સ્થવિર કલ્પને મુખ્યસ્થાન આપી વસ્ત્રધારી શ્વેતામ્બરો થયા. એ શું આટલા પુરાવા પછી સંભવિત નથી? છતાં પણ આ ચર્ચાત્મક વિષયનો શેષનો નિર્ણય કરવાનું હું વાંચકવૃંદ ઉપર છોડું છું અને તેમાં ઉદારભાવે થયેલી આ સૂચનાઓ આદર પામશે. ॥ **ઇતિશમ્** ॥

---

## શ્રી મહાવીરના બોધને પાત્ર કોણ ?

'૧ સત્પુરૂષનાં ચરણનો ઇચ્છક, ૨ સદૈવ સૂક્ષ્મબોધનો અભિલાષી, ૩ ગુણ પર પ્રશસ્તભાવ રાખનાર, ૪ બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન્, ૫ જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર, ૬ ઉપયોગથી એક પગ પણ ભરનાર, ૭ એકાંતવાસને વખાણનાર, ૮ તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી, ૯ આહાર, વિહાર, નિહારનો નિયમી, ૧૦ પોતાની ગુરૂતા દબાવનાર

—એવો કોઇપણ પુરૂષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યગ્ દશાને પાત્ર છે.'

# મહાવીર—Superman.

[ અનુસંધાન ગત વર્ષના પૃષ્ટ ૩૪૭ થી ચાલુ. ]

## महावीर–जीवननां दृश्यो.

અંદરના જગતને બહાર પ્રકટાવવું એનું નામ **જીવન**. ચીતારો પોતાના કોઈ અનુભવને બહાર પ્રકટાવવા માટે કાપડ, રંગ, પીંછી વગેરે પદાર્થોનો ઉપયોગ કરે છે; શિલ્પી એજ રીતે પત્થર, ટાંકણુ વગેરેનો ઉપયોગ કરે છે; તેમજ આત્મા બહાર પ્રગટવા માટે શરીર, અને તમામ દૃશ્ય દુનિયાનો ઉપયોગ કરે છે,-પણ માત્ર તે જ પદાર્થોનો અને એટલાજ પ્રમાણમાં કે જે અમુક સ્રજનકાર્ય માટે અનિવાર્ય હોય. સ્રજેલી ચીજ, ભાવ, શબ્દ, ચિત્ર એ સૃષ્ટાનું બાહ્ય સ્વરૂપ છે, અને તેથી એમાં એક બિંદુ પણ એવું ન હોય કે જે હેના પોતાના સ્વરૂપને બંધ બેસતું નહોય તાત્પર્ય કે સ્વભાવતઃ શુદ્ધ સ્રજનકાર્યમાં સ્વભાવતઃ સમ્પૂર્ણ કરકસર અને સાદાઇ હોય તે તે પદાર્થોનો ઉપયોગ કરે છે, પણ પોતાને તે પદાર્થોથી **પર** માને છે. પદાર્થ અને આશય એ બન્ને પર એનું સ્વામીત્વ હોય છે. એકેને તે પોતા પર સ્થાપતો નથી. તે સ્રષ્ટા છે, સ્રષ્ટિ નથી; રાજા છે, પ્રજા નથી; કર્ત્તા છે, કર્મ નથી; જીતનારો છે, જીતાયલો નથી.

અંદરની દુનિયાને અનુરૂપ એવી દુનિયા બહાર-પોતાની આસપાસ-પોતાના દેહમાં અને દેહની આસપાસના વાતાવરણમાં ઉત્પન્ન કરવી એજ '**ભરપૂર જીવન.**' બહારની દુનિયાને પોતામાં ઉતારવી એનું નામ જીવન નથી-એ તો અકરાંતીઆપણું છે, 'વ્યભિચાર' છે. અંદરની દુનિયા બહાર પ્રકટ થવા, તનમનાટ કરે ત્યારે હેને વ્યક્ત કરવા માટે તથારૂપ પદાર્થો દૃશ્ય જગતમાંથી **પસંદ કરવા**-ગોઠવવા-ઘડવા-અને એ દ્વારા, પોતાને વ્યક્ત કરવો એનુંજ નામ જીવનકલા. કોઇ છૂટી છવાઇ ઇચ્છાને **તાબે** થઈને નહિ પણ પોતાના **આખા** સ્વરૂપના પ્રાગટ્ય ઇચ્છતા તનમનાટને ખેલવા દઇને, બહારની દુનિયાના પદાર્થોનો ઉપયોગ થાય તે આશય વગરનો,[1] 'સ્વતંત્ર',[2] સહજ હોઇ બંધન રહીત, કલેષ રહીત, આનંદમય હોય છે.

વીર-સશક્ત પુરૂષનું અંદરનું જગત્ સમરસ-ઘટ્ટ-જેમાં એક અવયવ બીજા અવયવથી 'છૂટો' કે બળવાખોર ન હોય એવું હોય છે, તેથી તે વજ્રમય કહેવાય છે,-એને 'રતિ'-'અરતિ'[3] થવા પામતીજ નથી. એથી ઉલટું જેની અંદરની દુનિયા એવી સમરસ-એકાકાર-ઘટ્ટ નથી, જેનું મન બુદ્ધિથી જૂદાઇ રાખે છે અને બુદ્ધિ મનથી જૂદાઇ રાખે છે-હેનામાં કલહ છે, અવ્યવસ્થા છે, અશક્તિ છે અને હેને લીધે બાહ્ય દુનિયાના પદાર્થો હેના પર આકર્ષણ અને જય કરી શકે છે. તેથી તેવા મનુષ્યનું જીવન બાહ્ય દુનિયાના અનેક પદાર્થો તરફ પરતંત્રતા પૂર્વક ખેંચાતું અને બાહ્ય દુનિયાના પદાર્થોથી ધબ્બા ખાતું-મુંઝાયલું અને કલેષરૂપ જ હોય છે. એવા મનુષ્યો માટે 'ઇલાજ'-ઔષધિ-ની આવશ્યક્તા છે, કે જે ઔષધિ એની અંદરની દુનિયાના વિકાર અને વૈમનસ્યને હટાવે; અર્થાત્ એને 'તાલીમ'ની-સંસ્કારની આવશ્યકતા છે, કે જે એને ગુલામમાંથી રાજા બનાવે; આકર્ષાતા પદાર્થને બદલે આકર્ષક લોહચુંબક બનાવે.

નરી વિદ્યા ભણવાથી આ પરિણામ નથી ઉપજી શકતું. વિદ્યા પણ બહારનું આકર્ષણ છે. એ પણ

---

૧ " उद्देसो पासगस्स णत्थि "-આચારાંગ સૂત્ર આત્માર્થીને ઉદ્દેશ-આશય ન હોય.

૨ " कुसले पुण णो बद्धे णो मुक्के "—આચારાંગ સૂત્ર. કુશલ ( વિકાર રહિત. મૂળ સ્વરૂપના આનંદમાં સદાકાળ રહેતા પુરૂષ) તો નથી બંધાયલા, નથી છૂટેલા.

૩ સરખાવો દશવૈકાલિક સત્ર,અ૦૨, ઉ૦૩, ગા. ૨૦૧

કોઈની સર્જેલી દુનિયા છે. એના ઉપર પણ એને 'મમત્વ' નથી. જે વ્યક્તિને એની ધખશ હોય છે ત્હેને તે લેવા દે છે"–'આપતા' નથી. આ કેવી રીતે બનતું હશે તે સમજાવવા માટે શ્રી મહાવીરના 'જીવન'ને આલેખનારાઓએ

## દેવદૂષ્ય વસ્ત્રનો પ્રસંગ

શાસ્ત્રગ્રંથોમાં આલેખ્યો છે. છબી જોનારે કાગળ અને તે પરના રંગના ટપકાં કે લીટીઓ જોવાની નથી પણ તે સર્વ મળીને જે ભાવ, જે ક્રિયા સૂચવે છે તે ભાવ કે ક્રિયાને એ ચિત્રમાંથી તારવી કહાડતાં શિખવું જોઇએ. તેવીજ રીતે શાસ્ત્રો વાંચનારે કથામાંની સ્થૂલ ઘટનાઓની પાછળની આંતરિક સૃષ્ટિ શોધવી જોઇએ. સ્થૂલ અર્થ ઘણી જગાએ બુદ્ધિને ખુંચે એવો પણ દેખાશે. ત્યાં સ્હમજવું કે કથાના યોજક પોતે કાંઇ સ્થૂલ ઘટના કહેવા ઇચ્છિતા જ નથી; ભાવ સૃષ્ટિની ક્રિયા આલેખવા સ્થૂલ ઘટનાને સાધન તરીકે વાપરે છે.

કથા એવી છે કે, ચારિત્રરૂપી રથમાં આરૂઢ થઈ શ્રી મહાવીરે જ્યારે વિહાર શરૂ કર્યો ત્યારે સોમ નામનો એક વૃદ્ધ બ્રાહ્મણ આવી પહોંચ્યો, જેણે પોતાની કંગાલ્યતનું કથન કથીને પછી દાન યાચ્યું. શ્રી મહાવીરે પોતાનાં ખભા ઉપરના એક માત્ર દેવદૂષ્ય વસ્ત્ર તરફ નજર કરીને સૂચવ્યું કે યાચકે તે વસ્ત્રમાંથી અર્ધ લઇ લેવું. તે લઈ બ્રાહ્મણ એક તુણુનાર (વણકર) પાસે ગયો, જેણે તે ટુકડાને બહુમૂલી જણાવી બીજો અર્ધ ભાગ મેળવવાને સલાહ આપી અને કહ્યું કે જ્યારે તે બન્ને ભાગને એક અખંડ વસ્ત્ર તરીકે જોડશે ત્યારે ત્હેની એક લક્ષ દીનાર ઉપજશે. હવે બ્રાહ્મણ શ્રી મહાવીરની શોધમાં ઘૂમવા લાગ્યો અને 'જે શોધે છે ત્હેને મળી રહે છે' એવી ઉક્તિ અનુસાર તેર મહીને ત્હેને કાંટામાં ભરાયેલું બાકીનું અર્ધવસ્ત્ર મળી આવ્યું. વણકરે બન્ને ખંડને કળી ન શકાય એવી ખૂબીથી તુણીને સળંગ વસ્ત્ર કરી આપ્યું, જેના એક લક્ષ દીનાર ઉપજ્યા.

હવે આ પ્રસંગનો–આ ચિત્રનો–આધ્યાત્મિક અર્થ શોધવો જોઇએ. બ્રાહ્મણ એટલે વિદ્યારૂપી ધનનો અર્થી. વૃદ્ધાવસ્થા સુધી એને હજી 'કંગાલ્યત' જ રહી હતી. નગ્ન છતાં 'ભરપૂર' એવા શ્રી મહાવીર પાસેથી બીજું કયું ધન ઇચ્છી શકાય–સિવાય કે વિદ્યાધન? દીવ્યતા આપનારૂં 'વસ્ત્ર'–દેવદૂષ્ય વસ્ત્ર–જ્ઞાનરૂપી રત્નજડીત કાંબલ કે ચાદરનો અર્ધભાગ મહાવીરે તે વૃદ્ધ જિજ્ઞાસુને આપ્યો. એમ તો આખી ચાદર એમના ખભા ઉપર બોજા રૂપ હતી, પરંતુ સમ્પૂર્ણ વિદ્યા યાચકને આપવી શકય નથી;– અડધી પામ્યા પછી બાકીનો ખંડ તો શોધીને 'કાંટામાંથી'જ મેળવવો પડે. Subjective knowledge અને Objective knowledge અથવા **परा** વિદ્યા અને **अपरा** વિદ્યા નામક બે ખંડોને વાણા અને તાણાની માફક, 'કુશળ' 'કારીગર' જ્યારે પોતાની અનુભવશાળમાં નાખીને 'સળંગ'–'અખંડ'–એકરૂપ બનાવે ત્યાર પછી એનું મૂલ્ય 'એક લક્ષ' ઉપજે! બાહ્ય જગત્‌માં જેની બુદ્ધિ નિરંતર ખેલી રહી છે તેવો મનુષ્ય જ્યાં લક્ષ સોના મહોરો દેખે છે ત્યાં આંતરદષ્ટિવાળો 'લક્ષ્ય' જુએ છે. અને તે પછી 'અલક્ષ્ય પદ પમાય છે.

બીજી રીતે, વસ્ત્રના બે ભાગ કરાવીને અને એક ભાગનો કાંટામાં ત્યાગ કરીને, તે પુરૂષસિંહે 'ભાગ ત્યાગ લક્ષણા' વડે 'કંગાલ્યત'ને વટાવી જવા ઇસારો કર્યો.

## સહાયનો અસ્વીકાર.

એક બીજો જીવનપ્રસંગ લઇએ. એક વખત એક ભરવાડ–'ગોપ'–ને ધ્યાનસ્થ મહાવીર ઉપર ચોરીની શંકા થઈ. તે મારવા દોડ્યો. ઇન્દ્રનું 'આસન કંપ્યું' અને તે વીરની વારે ધાયો. વીરે એ ડખલગીરી કરતાં એને રોકયો અને એક તરફથી 'ત્રણ લોકના નાથ' કહી 'ભક્તિ' કરનાર તથા બીજી તરફથી ભક્તિના પાત્રને ભક્તિની મદદની અપેક્ષા હોવાનું માનવા જેટલી ધીટતા કરનાર તે 'દેવ' ઉપર દેવોના દેવ મહાવીરને છૂપું હાસ્ય થયું!

બંધન કે તાડનથી છૂટવા પણું—મુક્તિ સ્વાતંત્ર્ય–Freedom એ કોઇ મેળવવાની ચીજ નથી, કેળવવાની ચીજ છે. કોઇના ખભા ઉપર

બેસીને મુક્તિપુરી નામના કોઇ સ્થાનવિશેષે પહોંચવાનું નથી હોતું; પગે ચાલીને પોતામાં મુક્તિ પ્રકટાવવાની હોય છે અને અંદરની મુક્તિ જ બાહ્ય જગત્‌માં મુક્તિ રચે છે.

આરામપ્રિયતા જ મુક્તિની આડખીલ છે. અને બહારની સ્હાય ઇચ્છવામાં કે સ્વીકારવામાં જે કંગાલ્યત સમાયલી છે તે કંગાલ્યત આરામપ્રિયતાને જ આભારી છે. સહાય માત્ર એક વિશેષ બેડી છે અને બેડીને તોડવાની લગનીવાળાને તો તે પાલવતી ચીજ જ ન હોય. પ્રથમ આક્રમણ સહવાનું અને પછી આક્રમણ કરવાનું-બન્ને પ્રકારનું-હૃદયબળ કેળવ્યા સિવાય વ્યવહાર ક્ષેત્રમાં કે અધ્યાત્મક્ષેત્રમાં મુક્તિ મળી શકતી જ નથી.[૪]

## દૃષ્ટિ વિષ સર્પ.

ગોવાળવાળા પ્રસંગ બાદ શ્રી મહાવીરના ચરિત્ર લેખક ચંડકૌશિક નામના એક દૃષ્ટિવિષ સર્પનો પ્રસંગ વર્ણવે છે. એક તામસી તાપસ મરીને નાગ થયો હતો અને દૃષ્ટિમાત્ર વડે પ્રાણ હરવાની ત્હેની તાકાદને લીધે એ વનખંડ પર એનું એટલી હદનું સ્વામીત્વ જામ્યું હતું કે મનુષ્ય નામે કોઈ એ રસ્તે જવાની હિમત કરતું નહિ. શ્રી મહાવીરને લોકોએ વાર્યા છતાં તેઓ તો તે જ રસ્તે ચાલ્યા. (લોકોના અને લોકોત્તર પુરૂષના માર્ગ-પસંદગીઓ ભિન્ન જ હોય !)[૫] દૂરથી દૃષ્ટિવિષ ફેંકવા છતાં નાગ મહાવીરને ઇજા કરી શકયો નહિ, ત્યારે નજદીક આવી ધ્યાનસ્થ વીરના પગે ડસ્યો અને તેથીય મહાવીરનું શરીર વિષથી કાળું ન થયું ત્યારે ફરી ફરીને ડસ્યો. જાણે એ પિશાચને ખાત્રી આપવા માટેજ ન હોય તેમ મહાવીરના પગમાંથી ડંખની જગાએથી દૂધ[૬] જેવી રક્તધારા વહેવા લાગી ! લાલ કે વિષથી કાળા પડેલા લોહીને સ્થાને શ્વેત દૂધની ધારા જોઇ નાગ સ્તબ્ધ થઇ ગયો. પોતાની બધી શક્તિઓ નિષ્ફલ જવાથી ત્હેને જબરો આઘાત પણ થયો હતો. **એ આઘાતે એને બહારને બદલે અંદર ક્રિયા કરવા ધકકેલ્યો.** પુષ્કળ 'મનન' થયું. જાતિસ્મરણ જ્ઞાન થયું. નાગ 'બુઝયો.'

પછી તે નાગનું દેહાભિમાન એટલી હદ સુધી ટળી જાય છે કે, તે એક કાચબાની માફક સર્વ ઇન્દ્રિયોને 'ગોપવી' અક્રિય બની પડયો રહે છે. તે પ્રસંગે વટેમાર્ગુઓ ત્હેના ભૂતકાળના ત્રાસો યાદ કરી કરીને ત્હેના પર પત્થર મારે છે, જેથી ત્હેનું શરીર ચોતરફથી લોહીલુવાણ થાય છે. ઉપરથી હજારો કીડીઓ વળગે છે અને ચટકા મારે છે. પણ તે બધું શાન્તિથી સહન કરી મરણ પામી 'દેવ' બને છે.

હવે આ નાગ તે તમોપ્રધાન વ્યક્તિ-હઠયોગી Bitter materialist છે એમ ગણીએ. જડ સૃષ્ટિ, જડદેહ અને એ બે વચ્ચે દૂત કાર્ય કરનાર ઇન્દ્રિયો એમાં જ મમત્વ ધરાવનાર 'તમોગુણી' કહેવાય છે. પદાર્થ માત્રમાં-સ્થૂલમાં તેમજ સૂક્ષ્મમાં અમુક પ્રકારની શક્તિ રહેલી હોય છે, જડસૃષ્ટિના અંગભૂત તત્વો પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ એમાં પણ શક્તિનો વાસો છે. હઠયોગ દ્વારા એ શક્તિ ખેંચી પોતાની ઇન્દ્રિયોને તૃપ્ત કરવાના સાધન પ્રાપ્ત કરવામાં એનો ઉપયોગ કરનારા તાપસો-તપસ્વીઓ-હઠયોગીઓ-જડવાદીઓ-મલીન વિદ્યાના ઉપાસકો મહાવીરના કાળમાં મ્હોટી સંખ્યામાં હયાતી ધરાવતા હતા અને આજે પણ હયાતી ધરાવે છે. યુરોપમાં એક વખત એ નરપીશાચોનો એટલો ત્રાસ વર્તી રહ્યો હતો કે ખાસ કાનુન ઘડીને હજારોની કતલ કરવી પડી હતી. આ જડભકતો ધર્મનું નામ અને ધર્માત્માનો દેખાવ ધારણ કરી મલીન વિદ્યા વડે પાશવ વૃત્તિઓને સંતોષવામાં જ જીંદગી ગાળે છે અને ભોળાઓને ઠગે છે, લૂટે છે, ગુલામ બનાવે છે, ત્રાસ દે છે, ધમકાવે છે. સાપ જેમ વખતોવખત કાંચળી મેલે છે તેમ આ મનુષ્ય સર્પો ઘડીમાં સેતાનની અને ઘડીમાં સંતની કાંચળી ધારણ

---

૪ ભરવાડ, મહાવીર અને ઇન્દ્રના આ પ્રસંગ ઉપર જ અસરકારક ઉપદેશ આપવાના આશયથી રચાયલું "મહાવીર કહેતા હવા" (Thus Spake Mahavir the Superman) નામનું પૅમ્ફલેટ દરેક જૈને વાંચવા જેવું છે.

૫ णो लोगस्सेसणं चरे—આચારાંગ સૂત્ર, અ૦ ૪ ઉ૦ ૧ ૨૨૬.

૬ શુકલ લેશ્યાનું આ વર્ણન છે. શુકલ લેશ્યાનો રંગ તેમજ રસ દૂધ જેવા હોય છે.

કરવામાં કુશળ હોય છે. ઘડીમાં તેઓ આશિર્વાદ બોલે છે, ઘડીમાં શાપ. એમની દૃષ્ટિ અને ચહેરો સેતાનની સાક્ષી આપતાં હોય છે ત્યારે એમની વાણી કે જે તેઓએ શાસ્ત્રો અને ભજનોમાંથી ચોરી હોય છે તે એમને મહાત્મા તરીકે ખપાવવામાં મદદગાર થઇ પડે છે. સર્પની માફક એમની ચાલ વાંકીચુકી હોય છે. સર્પના જેવાજ એમના ફુંફાટા હોય છે. સર્પની માફક જ, દૂધ પાનારને પણ તેઓ ડંખવાની પ્રકૃતિ ધરાવે છે. સર્પ ગમે તેટલો 'ભયંકર' છતાં તે એક પેટે ચાલનાર કીડો માત્ર (reptile) છે, તેમ આ હઠયોગીઓ યોગશકિતના ગમે તેવા ફુંફાટા મારવા છતાં વિષયની વિ ામાં સબડતા અને ત્હેમાંથી બહાર નીકળવામાં દુઃખ માનનારા, જડભાવરૂપી પૃથ્વીને 'વળગી' રહી જીવન ગુજારનારા, મિથ્યાભિમાનથી ભરેલા અને 'ડંખવા' સિવાયનો કશો ઉદ્યમ નહિ જાણનારા દયાપાત્ર 'કીડા' હોય છે. મદ્ય, માંસ, મૈથુન અને મનુષ્ય હત્યા સુધીનાં કુકર્મો તેઓ ધર્મના બ્હાના તળે અને નિર્દોષ ભોળા બાળકોની મારફત કરતા હોય છે. તેઓના પ્રપંચનો એકાદ પડદો જ્યારે ખુલ્લો થવા પામે છે ત્યારે જ ત્હેમનું ખરૂં સંતપણું અને સામર્થ્ય જોવાની તક મળે છે, કારણ કે તે વખતે તો તેઓ એક કીડાની માફક તરફડતા માલુમ પડે છે.

શ્રી મહાવીરે આવા એક નાગથી પ્રસંગ પાડવામાં ઠીક જ કર્યું. એમની સાત્વિકી શક્તિ આગળ તમોગુણી ધૂળમાં આળોટવા લાગ્યો અને મહાત્માઇનો દાવો છોડી લાચાર કીડા તરીકે ખુલ્લો થયો. લોકોના દીલમાંથી ભય અને ભ્રમ અદૃશ્ય થયાં. ચંડકૌશિક પોતાનું ખરૂં સ્વરૂપ કીડા તરીકેનું સ્વરૂપ સ્હમજ્યો અને પછી કીડાપણાને નિંદી ધિક્કારી ખરા દેવપણાને ઇચ્છવા લાગ્યો તથા ત્હેને માટે 'તાલીમ' લેવા લાગ્યો, અર્થાત્ શમ, દમ, આદિ આધ્યાત્મિક કીમીઆનો રાગી થયો.

## ગોશાળો*

'પૂર્ણતા' પામવાના–પ્રગટાવવાના શ્રી મહાવીરના બાર વર્ષના 'તપ' દરમ્યાન તેઓને વિવિધ વિચિત્ર 'પ્રકૃતિઓ' સાથે પ્રસંગ પડે છે. યોગીશ્વરમાં ચોરની આશંકા કરનાર ભરવાડનો અને 'ઇશ્વર'માં 'લાચારી'ની આશંકા કરનાર ઇન્દ્રનો પ્રસંગ આપણે જોઇ ગયા. 'ફુંફાટા'વાળા 'કીડા' અથવા ચંડકૌશિક તાપસનો પ્રસંગ પણ જોઇ ગયા. હવે એક વધુ વિચિત્ર મૂર્ત્તિ–ગોશાળાનો પ્રસંગ જોવા આપણે તૈયાર થઇશું. આ પ્રસંગની વિચિત્રતા તો એ છે કે 'મહાપુરૂષ'ની 'છાયા' રૂપ આ વ્યક્તિ શ્રી મહાવીરનો સહચર બને છે અને ત્હેમના વડેજ પ્રસિદ્ધિ પામી ત્હેમના ઉપરજ અગ્નિ ફેંકે છે અને આખરે

*ગોશાળો='ગો' એટલે ઇન્દ્રિયોમાં જ જેનું ભાન વાસો કરે છે તે; બહિશ્ચિત્ત. ઇન્દ્રિયો જડ છે અને એનો સંબંધ જડ જગત્થી છે. જેથી ગોશાળો એટલે જડ અથવા દૃશ્ય જગત્માં જેનું મન ઇન્દ્રિયોદ્વારા ખેલી રહ્યું છે તે, જડવાદી. ઉપલી કથામાં અને મહાવીરના દરેક વિહારની નોંધમાં જે જે ગામ, ઉપવન વગેરે સ્થાનોનાં વર્ણન છે તે સર્વ સૂક્ષ્મ સ્થાન સમજવાં, અર્થાત્ યોગ અને જ્ઞાનની અમુક 'ભૂમિકા'ઓનાં તે નામ છે. જંબુદ્વીપ, ભરતખંડ, મેરૂ, ઇત્યાદિ ખંડો, પર્વત, નદી, સરોવર ઇત્યાદિનાં નામો તરીકે જે જે નામો વાંચવામાં આવે છે તેને માટે ભૂગોળ કે ખગોળ ગ્રંથો ફેંદવાની જરા પણ જરૂર નથી; કારણ કે આ બધા આધ્યાત્મિક ભૂમિકાઓનાં નામો છે. યોગ અને જ્ઞાન માર્ગે આધ્યાત્મિક ગુણસ્થાન ક્રમારોહણ કરનાર અદૃશ્ય મુસાફરને આ સર્વ સ્થાનો પરિચિત હોય છે. સ્થૂલ જગત્માં એ નામનાં સ્થાનો ઢૂંઢવા નીકળનાર ફોકટ ગોથાં ખાય છે અને થાકે છે. ઉપલી કથા પોતેજ કહે છે કે કોલ્લાક ગામના શૂન્યગૃહમાં શ્રી મહાવીર અને ગોશાળો આવ્યા, પણ એ 'શૂન્યઘર' કયું અને કેવું તે તો આપણે એ ઉપરથી 'શોધવા'નું રહ્યું કે, એ શૂન્યઘરમાં મહાવીરજ ગયા, ગોશાળો તો દ્વાર પર જ રહ્યો ! એ ઘરમાં રાજપૂત્ર સિંહ અને ત્હેની દાસી–વિદ્યુન્મતિ, બુદ્ધિ–સાથે રતિક્રીડા માટે જઇ શક્યાં હતાં ! અર્થાત્ બુદ્ધિ કે જે આત્માની દાસી છે ત્હેનાથી એકરૂપ થવા–ત્હેનું ભિન્ન અસ્તિત્વ હરાવવા–આત્માનું એકાન્ત શોધવામાં આવ્યું,–એજ 'શૂન્યગૃહ'માં સિંહની રતિક્રીડા ! આ કોઇ સ્થૂલ વિષયસેવનની ઘટના ન સ્હમજવી ! એજ વિદ્યુન્મતિનો સ્પર્શ બાહ્ય જગત્માં એટલે ભોગોપભોગના સાધન તરીકે કરવાનું શૂન્યગૃહના દ્વારે ઉભેલા ગોશાળા અથવા જડવાદીને સૂઝે છે અને પરિણામે ત્હેને માર પડે છે ! સૂક્ષ્મ બુદ્ધિવાળાએ અહીં 'રતિક્રીડા' અને 'વિષયસેવન' વચ્ચેનો બારીક ભેદ પણ ધ્યાનમાં લેવો જોઇએ.

પોતાનાં દુષ્કર્મો પોતેજ જાહેર કરી મરણ પામે છે.

ગોશાળાનું સ્વરૂપ બરાબર ઓળખવું ઘટે છે. ત્હેનું ખરૂં નામ તો મંખલીપુત્ર હતું, કારણ કે તે એક મંખ્યનો પુત્ર હતો. મંખ એટલે ભાટ, પેટ ખાતર માલદારોની બડાઇ ગાનાર. સ્વાભાવિક છે કે કોઇની પણ ભાટાઇ કરવાની ચાલુ ટેવને પરિણામે, જ્યારે એ ભાટ પાસે થોડો ઘણો વૈભવ એકઠો થવા પામે ત્યારે, પોતાની બડાઇ ગાવામાં પણ તે એટલો જ શૂરો હોય. આવી વ્યક્તિને 'મહત્તાની પ્રતિકૃતિ'—'મહત્તાનો પડછાયો' વાજબી રીતે કહી શકાય. મંખલીપુત્ર એ આ વૃત્તિનો પ્રતિનિધિ સ્હમજો. (એને ગોશાળો પણ કહેવામાં આવે છે, કારણ કે એનો જન્મ ગોશાળામાં થયો હતો). શ્રી મહાવીર જ્યારે માસક્ષપણનું પારણું કરવાને વિજયશેઠના ઘેર પધાર્યા ત્યારે ત્હેમનું અસાધારણ સન્માન થતું જોઇ ભિક્ષુક મંખલીપુત્રે મહાવીરનો સંગ કરવાનો સંકલ્પ કર્યો અને આખરે એમ જ કર્યું. જૈનકથામાં આ ગોશાળાનાં બાલીશતા, ઉન્માદ, છીછરાપણું, બિભિત્સપણું, કૃતઘ્નપણું અને દંભ આદિ લક્ષણો સુચવતા કાર્યો વર્ણવ્યાં છે તે વાંચીને ઘણા બુદ્ધિશાળીઓ પ્રશ્ન કરતા રહ્યા છે કે આવી અસાધારણ વ્યકિતએ આવી તુચ્છ વ્યકિતને હમેશ પોતાની સાથે કેમ રહેવા દીધી હશે? કથાકાર કલાવિદ્ હોઇ પૂર્વ જન્મની એકાદી ઘટના કહી બતાવીને આ પ્રશ્નને શાંત કરવાની તદબીર કરે, પરંતુ મનુષ્ય પ્રકૃતિનો અને વિકાસક્રમનો અભ્યાસી એટલેથી સંતોષ ન જ પામે. આ ઘટનાને લગતી ચિકિત્સા એવી છે કે જે ચિકિત્સકો સમક્ષજ થવા યોગ્ય હોઇ ભકત જનતા સમક્ષ પડદો રાખવોજ ઠીક છે.

ગોશાળાનાં કૃત્યોનો ખ્યાલ આપવા માટે નીચલો પ્રસંગ શ્રી હેમચંદ્રાચાર્યના ગ્રંથમાંથી અક્ષરશઃ ઉતારૂં છું: "ગોશાળા સહિત પ્રભુ કોલ્લાક ગામે આવ્યા. ત્યાં રાત્રે એક શૂન્ય ગૃહમાં પડિમા ધરીને રહ્યા. ગોશાળો વાનરની જેમ ચપળતા કરતો ત્હેના દ્વાર આગળ બેઠો. તે ગામના સ્વામીને સિંહ નામે પુત્ર હતો. તે એક દાસી સાથે રતિક્રીડા કરવા આ શૂન્ય ગૃહમાં પેઠો. તેણે ઉંચે સ્વરે કહ્યું કે, આ ગૃહમાં જો કોઇ સાધુ, બ્રાહ્મણ કે મુસાફર હોય તો બોલજો, કે જેથી અમો અન્ય સ્થાને જઇએ. પ્રભુ તો કાર્યોત્સર્ગમાં હતા તેથી મૌન રહ્યા. પણ ગોશાળો આ વચન સાંભળવા છતાં કપટથી બોલ્યો નહિ. જ્યારે કોઇનો પ્રત્યુત્તર મળ્યો નહિ ત્યારે સિંહ દાસીની સાથે ઘણીવાર સુધી ક્રીડા કરી પાછો ફરવા લાગ્યો. તે વખતે પ્રકૃતિથી ચપળ અને દુર્મતિ એવો ગોશાળો જે દ્વાર પાસે બેઠો હતો તેણે ત્યાંથી નીકળતી દાસીને કરવડે સ્પર્શ કર્યો પછી સિંહે ત્હેને ખૂબ કૂટયો."

કદલીસમાગમ નામના ગામમાં બન્ને આવી પહોંચ્યા ત્યારે ભિક્ષુઓને અન્ન મળતું જોઈ ગોશાળો એકલો જ જમવા ગયો અને એટલું બધું જમ્યો કે "પિશાચની જ્યેમ તૃપ્તિજ થતી નહોતી". કંઠ સુધી આહાર કરવાથી પાણી તો પીવું જ પાલવતું નહિ! લોકોએ ત્હેના મસ્તક પર થાળ ફેંકી કહ્યું: અરે મૂર્તિમાન દુષ્કાળ! પેટની શકિતને પણ જાણતો નથી?"

ગોશાળા સહિત મહાવીર મગધદેશના મર્દન ગામમાં આવ્યા. ત્યાં બળદેવના મંદિરમાં એક ખૂણામાં ધ્યાનસ્થ દશામાં બેઠા હતા. "પ્રકૃતિથી નિર્લજ ગોશાળો બળદેવના મુખમાં પુરૂષચિન્હ રાખીને ઉભો.* ગામલોકોએ ત્હેને કૂટયો," વાસુદેવના મંદિરમાં પણ તેમજ થયું.

એક વખત મહાવીર અને ગોશાળો ચાલ્યા જતા હતા. ગોશાળાએ માર્ગ જાણવા ગોવાળોને પૂછ્યું: "અરે બીભત્સ મૂર્ત્તિવાળાઓ! અરે મ્લેચ્છો! અરે પોતાના નેહડામાંજ શૂરવીર ગોવાળો! કહો કે

* આ લખનારે એક 'ગોશાળા'ને આબેહૂબ એવી ચેષ્ટા કરતો નજરે જોયો છે. બલદેવ અને વાસુદેવની મૂર્તિઓને બદલે એવાજ ભાવવાળા નામના એક ગૃહસ્થના હાથમાં એ ચેષ્ટા કરવામાં આવી હતી, અને એમ કરવામાં 'ગોશાળા'એ પોતાનું 'મહાત્મ્ય' માન્યું હતું! ગોશાળાઓની નફટાઇ અને ડરપોક તથા આત્મશ્રદ્ધા વગરના હિંદીઓની સહનશીલતાની અવધિ! અથવા બરાબર છે કે, સ્થૂલમાંજ અહોનિશ રમનારને એવા ગોશાળાના પુરૂષચિન્હથીજ કલ્યાણ માનવાનું નશીબમાં લખાયલું હોય છે.

આ માર્ગ ક્યાં જાય છે?" ગોવાળો ચ્હીડાઇને બોલ્યાઃ "મુસાફર! વિના કારણુ તું શા માટે અમને ગાળો આપે છે?" એમ તો ગોશાળાનું મિથ્યાભિમાન ઓર વધુ ખીલ્યું તે બોલ્યોઃ "અરે દાસીપુત્રો! પશુપુત્રો! હજી તો મ્હેં ત્હમારા પર આક્રોશ કર્યો નથી, માત્ર મ્લેચ્છને મ્લેચ્છ અને બીભત્સને બીભત્સ કહ્યા છે. શું ત્હમે તેવા નથી?" ગોવાળો એટલા તો છેડાઇ પડયા કે તેઓએ ત્હેને બાંધીને વાંસના વનમાં ફેંકી દીધો, જ્યાંથી કોઇ દયાળુ મુસાફરોએ ત્હેને છોડવ્યો.

આ પ્રસંગ પછી ગોશાળાનો વૈશિકાયન નામના તાપસ સાથેનો પ્રસંગ વર્ણુવાયો છે. આ વર્ણુન તાપસના પૂર્વાશ્રમથી શરૂ થાય છે. ત્હેનો પિતા ચોરોથી મરાયો હતો, માતાએ ત્હેને શિશુપણામાં છોડયો હતો અને પછી તેણી વેશ્યાના ઘેર વેચાણી હતી. બાળકને કોઇએ પુત્ર તરીકે પાળ્યો. એક વખત એ જ પુત્ર એજ વેશ્યાના ઘેર જવા પામ્યો. યોગવસાત્ ત્હેને ખબર પડે છે કે તે તો ત્હેની માતા હતી.* પછી તેણીને છોડવે છે અને પોતે વિષયથી ઉદ્વેગ પામીને તાપસવ્રત ગ્રહણુ કરે છે. એક વખત આ તાપસ કે જે 'પોતાનાં શાસ્ત્રોના અધ્યયનમાં તત્પર અને સ્વધર્મમાં કુશળ તથા સ્વભાવતઃ વિનીત, દયા દાક્ષિણ્યથી યુકત અને શમતાવાન' હતો તે કુર્મ ગામની બહાર મધ્યાન્હ સમયે ઉંચા હાથ કરી, સૂર્ય મંડળ સામે દૃષ્ટિ રાખી, ધર્મધ્યાનમાં તત્પરપણે આતાપના લેતો હતો. તે એટલો તો દયાળુ હતો કે સૂર્યના કિરણોના તાપથી પૃથ્વીપર ખરી પડતી જુઓને વીણી વીણીને પોતાના મસ્તકપર પાછી મૂકતો હતો. મહાવીર અને ગોશાળો એવામાં ત્યાં આવ્યા. ગોશાળો બોલ્યોઃ "તું શું તત્ત્વ જાણે છે? અથવા શું તું જૂનો શય્યાતર છે? તું સ્ત્રી છે કે પુરૂષ?" ક્ષમાવાન તપસ્વી મૌન રહ્યા. છતાં ગોશાળાએ છેડતી ચાલુ રાખી ત્યારે છેવટે તાપસે ક્રોધિત થઇને ત્હેના ઉપર તેજો લેશ્યા મૂકી. જવાળાઓથી ભય પામેલો ગોશાળો મહાવીરના શરણે આવ્યો. મહાવીરે ત્હેની રક્ષા અર્થે શીત લેશ્યા સ્હામી મૂકી, જેથી તેજોલેશ્યા શમી ગઇ. વીરની આ શક્તિ જોઇ વૈશિકાયન પ્રભુને નમ્યો અને અવિનયની ક્ષમા ચાહી. પણ ગોશાળાને ચેટક લાગ્યું. તેજોલેસ્યાની લબ્ધિ મેળવવા તેણે ઇચ્છયું; કારણ કે તે વડે ગમે તેવાપર પોતાનું મહાત્મ્ય જમાવવું શકય હતું. તેથી તેણે મહાવીરને આગ્રહ કર્યો અને મહાવીરે ત્હેને કહ્યું કે, 'જે મનુષ્ય નિયમધારી થઇ સર્વદા છઠ્ઠ કરે અને એક મુષ્ટિ કુલ્માષ અને અંજલિ માત્ર જલથી પારણું કરે ત્હેને ૭ માસને અંતે અસ્ખલિત અને પ્રતિપક્ષીને ભયંકર એવી મહા તેજોલેસ્યા ઉપજે.'

અહીં થોભવાની જરૂર છે. તેજોલેસ્યાની પ્રચંડ શકિત જોઇ ઘણાઓ અંજાઈ જાય છે, પણ વિચારવું ઘટે છે કે એની ઉત્પત્તિ કયાંથી છે અને પરિણામ શું છે? આભ્યંતર તપ નહિ, પણ બાહ્ય તપમાંથી–**બાદશાહી** ક્રિયામાંથી નહિ પણ **ગુલામને છાજતી** ક્રિયામાંથી–એનો ઉદ્‌ભવ છે. અને એમ કોઇ એનાં કાર્યો–પરિણામો–પણ ગુલામને છાજતાં જ હોય. બાદશાહ જ્યાં એક શત્રુને નેત્રના ઇશારાથી અક્રિય કરે, દીવાન જ્યાં એકાદ બુદ્ધિના પેચથી શત્રુને અટકાવે, ત્યાં ગુલામ પોતાના સર્વ સ્વરૂપ તલવાર લઇ શત્રુને કાપી નાખવા જ પ્રેરાય.

* હેમચંદ્રાચાર્ય એક પત્થરથી બે પક્ષી ઉડાડવાનું કરે છેઃ (૧) અમુક આધ્યાત્મિક સત્ય જણાવવાનું, અને (૨) એ સત્યને માટે યોજેલી કથાનો પ્રતિસ્પર્ધી પંથના અનુયાયીના જીવન સાથે સંબંધ યોજી આડકતરી રીતે એ પંથને હલકો પાડવાનું લોકોને રંજન કરવા માટે કોઇ ખરો તત્વવેતા આવી હલકી કલા અજમાવવા તૈયાર થશે નહિ, એટલેજ ઇશારો કરી વૈશિકાયનની ઘટનાના આધ્યાત્મિક અર્થ તરફ આવીશ. પ્રાણી જે સ્થાનેથી જન્મે છે તે સ્થાન તરફજ પાછો દોડે છે. સ્ત્રીથી જન્મેલો સ્ત્રી તરફજ દોડે છે. પૃથ્વી આદિ તત્ત્વોથી બનેલો એ જ તત્વોથી ખેલવા લાગે છે. એજ માતા સાથે પુત્રનો વ્યભિચાર છેઃ એ 'મોહ' છેઃ એ જ માયાનો ચમત્કાર છે. ઇચ્છાનું સંતાન ઇચ્છાનેજ સેવે છે! It is prostration before Matter over whom Man was expected to RULE. એ જ 'કીડા'પણું, 'પેટે ચાલવાપણું,' નમવાપણું, 'ગુલામી' એથી ઉલટું, ખરો મરદ અથવા વિજેતા, રાજા, વીર, ઈચ્છાને 'પીઠ આપે છે'–પોતાની કરગરતી–યાચતી રાખે છે.

જેમ ઉંચા 'સંસ્કાર', જેમ ઉંચું 'સ્થાન', તેમ બાહ્ય ક્રિયા અને બાહ્ય શસ્ત્રની જરૂર ઓછી. વિકાસક્રમની નીચલી ભૂમિકામાં જ બાહ્ય તપ આવશ્યક હોય છે. લાંઘણુ, તત્ત્વોની ધારણા, ધૂણી પર બેસવું, ઇત્યાદિ બાહ્ય ક્રિયાઓથી અમુક શકિત અવશ્ય પ્રગટે છે-કે જે શકિત Will Power નો **સ્થૂલ** પ્રદેશ છે. એ Will માં કામનાનો મેલ હોઈ તે મલીન શકિત છે અને અંધ શકિત છે. જેટલા પ્રમાણમાં તે સ્થૂલનો -જડનો-ઉપયોગ કરવામાં આવે છે તેટલાજ પ્રમાણમાં તે શકિતનો ધારક વધુ ને વધુ સ્થૂલના રાજ્યમાં જકડાતો જાય છે. Will જેમ જેમ ઉંચે ચ્હડે અને તળેટીને છોડી આકાશ તરફ ચ્હડે તેમ તેમ એમાંની જડતા ખરતી જાય, વધુને વધુ સૂક્ષ્મતા-દીવ્યતા આવતી જાય અને પછી એજ Will બુદ્ધિ (Initellect) ને સ્પર્શી એનાથી એકાકાર થાય, ત્યારે ચિદ્‌શક્તિનું સ્વરૂપ ધારણ કરે; જેને 'શુદ્ધ સંકલ્પ' બુદ્ધિ કહેવામાં આવે છે. આટલી ઉંચાઇએ ચડવા પહેલાં ઘણા ખરા 'મુસાફરો' **તળેટી-પરના ચમત્કારોથીજ** અંજાઇ જઈ ત્યાંજ પડયા રહે છે. કોઈ સ્થૂલ Will ની જ્વાળાઓમાં સર્વસ્વ માની લઇ જ્વાળાઓ ફેંકતા રહે છે અને પ્રતિક્રિયા તરીકે પોતાના જીગરમાં થતો દાહ સહ્યા કરે છે તો કોઇ નિશ્ચયાત્મક બુદ્ધિ (Initellect) ને બદલે વાદ (rationality) ની ભ્રમ જાળમાં મુક્તિ માની, ત્યાંજ અટકી પડે છે. તપસ્વીઓ, હઠયોગીઓ, 'વાદી'ઓ, ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરનારાઓ આ બધા ચૈતન્યના પહાડની તળેટી પાસેની કે તેથી સહજ ઉંચેની ભૂમિપર ખેલનારા વામનજી માત્ર છે. જો કે વિકાસક્રમમાં દરેક સ્થિતિને સ્થાન છે તો પણ, જેઓ અમુક સ્થિતિને 'વળગી' રહે છે એને અંતીમ દશા કે અંતીમ લક્ષ્ય કે ઐશ્વર્ય માને-મનાવે છે તેઓ તો ખરેખર એ 'સ્થીરતા' વડેજ પોતાને તેમજ 'વહેતા ઝરા'ને નુકશાનકારક થઈ પડે છે. તેઓને એ 'સ્થાનમોહ' સડાતું કારણ બને છે અને ત્હેમનો સડો સમસ્ત સમાજમાં સડાના જંતુ પ્રસરાવનાર થઈ પડે છે. સ્થૂલ કે સૂક્ષ્મ કોઇ પણ એક સ્થાનમાં કાયમનો વાસ એ એક વાત છે, અને મુસાફરી દરમ્યાન સ્વભાવતઃ આવતા સ્થાનનો આશ્રય લેવો પડે એ બીજી વાત છે. પહેલામાં ચ્હોંટી રહેવાપણું છે-સ્નીગ્ધતા છે; બીજામાં 'વટાવી જવા પણું' છે-નિર્મોહતા છે. કોઈ પણ રાજ્ય કોઇ પણ સંસ્થા, કોઈ પણ પંથબંધારણ, કોઈ પણ ઘર, કોઇ પણ શહેર, કોઈ પણ તત્ત્વજ્ઞાનયોજના (dialecti-cs) સ્થીર રહેવા દેવાં ન જોઈએ. દરેક 'મકાન'ની **હદ** બદલાવી જોઇએ. **માલેકી** બદલાવી જોઇએ, **ઘાટ** બદલાવો જોઇએ. મકાને મકાનને વટાવી જવું જોઇએ, ધર્મે ધર્મને વટાવી જવો જોઇએ, મનુષ્યે મનુષ્યને વટાવી જવો જોઇએ. જે અંતઃકરણ સ્થૂલ કે સૂક્ષ્મના અમુક રૂપની અમરતા ઇચ્છે કે ત્હેનું દીર્ઘાયુ સહન પણ કરી શકે તે અંત.કરણ, જરૂર માનો કે, સડવા લાગ્યું છે. એ અંતઃકરણને આઘાતની જરૂર છે, એમ એની સ્થિતિજ પોકારે છે. 'સાધુએ નિરંતર વિહાર કરવો' એવી 'ફરજ' નાખવાની મતલબ શું છે? 'સાધુ' એટલે મહાત્મા નહિ પણ 'સાધક'; તેણે પ્રતિદિન તો શું પણ પ્રતિક્ષણ પોતે પોતાને વટાવી જઈ 'ઉંચે' ને 'વધુ ઉંચે' વધવું જોઇએ. કોઇ પણ 'અનુભવ' ને છેવટનો નહિ માનતાં, એથી વધુ ઉંચા અનુભવના પગથીઆ તરીકેજ દરેક અનુભવ ઘડીવાર સ્વીકારી, ત્યાં પગ સ્થીર કરી, પછી એને વટાવી જવાનું નામ 'નિરંતર વિહાર', એજ self-surpassing, એ જ 'Excellsior !' અને આ જાતનો વિહાર સ્હમજાય ત્યારેજ ખરી સાધના થઈ શકે; અને આ જાતના વિહારની વધુમાં વધુ સારી સગવડ માટેજ ગૃહત્યાગ અને કુટુંબત્યાગ સૂચવાયા હતા; નહિ કે ગૃહ અને કુટુંબ એ અમિશ્ર પતનનાંજ સાધનો છે કે ત્યાગ એ અવશ્ય મુકિત આપનાર છે એમ માનીને. મુસાફરીમાં જેમ બોજો ઓછો તેમ વધુ ઝડપી મુસાફરી થવી શક્ય છે. તેથી જીવનની જરૂરીઆતો ઓછામાં ઓછી કરવી અને 'જોખમદારી'ઓ જેમ બને તેમ ઓછી ઉપાડવી; એવી સલાહ અપાઈ છે.

પણ આપણે **તે**જોલેશ્યાવાળા પ્રસંગપર પાછા ફરવું જોઇએ. **ગોશાળાની** યોગ્યાયોગ્યતા જાણવા છતાં **મહાવીર** જેવા જ્ઞાનીએ એને તેજોલેશ્યા જેવું ભયંકર શસ્ત્ર પામવાની કળા કેમ બતાવી હશે, નિર્દોષ

તપસ્વીને જ્યારે ગોશાળાએ પજવવા માંડયો ત્યારે વચ્ચે નહિ પડનાર મહાવીરે ગોશાળાની રક્ષા માટે વચ્ચે પડવાનું કેમ પસંદ કર્યું હશે, આગળ જતાં જે મહાવીરે પોતાના શુદ્ધ ચારિત્ર સેવતા શિષ્યોને બચાવવામાં પણ જે શીત લેશ્યાની લબ્ધિ (શકિત) નો ઉપયોગ કર્યો નહતો, તેજ મહાવીરે એ શકિતનો ઉપયોગ ગોશાળા જેવા માટે કેમ કર્યો હશે–આ પ્રશ્નો વિકાસક્રમના અભ્યાસીને થવા યોગ્ય છે. જૈન શાસ્ત્રના ઉપદેશકો અને અભ્યાસીઓ આ પ્રશ્નોના ઉપર, શાસ્ત્ર–અનુભવ–તર્ક ત્રણેનું સમતોલપણું રાખીને, શોધશે અને જાહેર કરશે તો ઘણા જિજ્ઞાસુઓને ઉપકારી થઇ પડશે. (આવા એક નિબંધ માત્રમાં સર્વ અનુભવોને બુદ્ધિગમ્ય કરવાનું શક્ય નથી.)

ગોશાળાને લગતા બીજા પ્રસંગો હવે આપણે ટુંકમાં પતાવીશું, કારણ કે આપણને ગોશાળાના ચરિત્રથી પ્રયોજન નથી, પણ મહાવીરના ચરિત્રથી પ્રયોજન છે. ગોશાળાના પ્રસંગને આટલું પણ મહત્વ આપવું પડે છે એ મ્હારી ઇચ્છાવિરૂદ્ધ આપવું પડે છે, કારણ કે તે છેલ્લા તીર્થંકરનો પહેલો શિષ્ય હતો !...હાય વ્યભિચારિણી કુદરત !

હવે ગોશાળો મહાવીરનો સંગ છોડીને શ્રાવસ્તી નગરીએ ગયો, જ્યાં એક કુંભારના વાડામાં રહી છ માસ તપ કરી તેજોલેશ્યા સિદ્ધ કરી. સિદ્ધિ બરાબર થઇ છે કે નહિ હેની ખાત્રી કરવા માટે તે કૂવાના કાંઠે ગયો અને એક સ્ત્રીના ઘડાપર કાંકરી મારીને ઘડો ફોડયો, તેણીએ ગાળો ભાંડી ત્યારે ગોશાળાને કોપીને તેજોલેશ્યા મૂકી, જેથી તે નિર્દોષ બાઇ બળી મૂઈ. આ પ્રસંગ પછી કેટલેક દીવસે ગોશાળાને પાર્શ્વનાથ પ્રભુના છ શિષ્યો મળ્યા જેઓએ ચારિત્ર લઇને છોડયું હતું. તેઓ અષ્ટાંગ નિમિત્તના જ્ઞાનમાં પંડિત હતા. ગોશાળાએ હેમનાથી દોસ્તી કરી અને તે જ્ઞાન મેળવ્યું. તેજોલેશ્યા અને અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન એમ બે સાધન હાથ આવવાથી હવે ગોશાળો પોતાને 'જિનેશ્વર' માનવા લાગ્યો અને લોકોમાં મનાવવા લાગ્યો.

હવે એકજ છેલ્લો પ્રસંગ ગાવાનો રહે છે. શ્રાવસ્તી નગરીમાં લોકો જ્યારે ગોશાળાને 'અર્હંત' કે 'જિનેશ્વર' તરીકે ઓળખવા લાગ્યા હતા એવામાં શ્રી મહાવીર પોતાના ગૌતમાદિ શિષ્યો સહિત એ જ શહેરના બહારના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. એકદા શ્રી ગૌતમસ્વામીએ શ્રી મહાવીર પ્રત્યે લોકોની હાજરીમાં પૂછ્યું: "ભગવન્ ! આ શહેરમાં લોકો ગોશાળાને સર્વજ્ઞ કહી બોલાવે છે તે ઉચીત છે કે કેમ ?', મહાવીરે કહ્યું: "એ તો મંખ અને મંખલીનો પુત્ર ગોશાળો છે. મ્હેંજ હેને દિક્ષા અને શિક્ષા આપી છે, હું જાણું છું કે તે સર્વજ્ઞ નથી પણ મિથ્યાત્વી–કપટી છે." આ શબ્દો શહેરમાં ફેલાયા અને ગોશાળાને કાને પડયા. કાળા સર્પની જ્યેમ તે કોપી ઉઠયો. પોતાના પરિવારને લઇને પોતાનું પરાક્રમ બતાવવા નીકળી પડયો. રસ્તામાં શ્રી મહાવીરના શિષ્ય આનંદમુનિ મળ્યા હેમને ગોશાળાએ કહ્યું: 'અરે આનંદ ! હારો ધર્માચાર્ય લોકોમાં પોતાનો સત્કાર કરાવવાની ઇચ્છાથી જનતા સમક્ષ મ્હારો તિરસ્કાર કરે છે અને કહે છે કે હું સર્વજ્ઞ નથી. શું એને ખબર છે કે ક્ષણ માત્રમાં ભસ્મ કરે એવી તેજોલેશ્યા મ્હને સિદ્ધ થઇ છે ? માટે જા, એને ચેતાવ; નહિ તો હેના શિષ્યમંડળ સહિત એને જોતજોતામાં બાળી ભસ્મ કરીશ." પછી આનંદે સર્વ ઘટના મહાવીરને કહી અને મહાવીરે સર્વ મુનિમંડળને સાવચેત રહેવા આનંદ મારફત કહેવડાવ્યું. હવે ગોશાળો મહાવીર પાસે આવ્યો અને બોલ્યો: "અરે કાશ્યપ ! તું 'આ ગોશાળો છે-મંખલીપુર છે–મ્હારો શિષ્ય છે' ઇત્યાદિ જે મિથ્યા ભાષણ કરે છે તે છોડ. જે ગોશાળો હારો શિષ્ય હતો તે તો ધર્મધ્યાનથી મૃત્યુ પામીને દેવગતિમાં ઉત્પન્ન થયો છે. તે શુકલ કૂલનો હોઇ તથા ઉપસર્ગ અને પરિસહો સહન કરવામાં સમર્થ હોઇ એના શરીરમાં મ્હેં–મ્હારો દેહ છોડી દઇને પ્રવેશ કર્યો છે અને તેથી જ તો મ્હારૂં નામ 'ઉદાય' મુનિ પડયું છે. મ્હને જાણ્યા વગર તું મ્હને હારો શિષ્ય ઠરાવે છે એ કયાંનું સત્ય ?" મહાવીરે પ્રત્યુત્તર વાળ્યો: "અલ્પજ્ઞ ચોર જ્યારે રાજકર્મચારીથી પકડાય ત્યારે છૂપાવાને ખાડો નહિ મળતાં ઉન,

શણુ, રૂ કે ઘાસ જે કાંઇ હાથ લાગે તે વડે પોતાના દેહને ઢાંકે છે, એમ સ્હમજીને કે એથી પોતાની જાતને ગુપ્ત રાખે છે.'' ગોશાળો કોપ્યો અને ગાજી ઉઠયો: "હે કાશ્યપ ! તું આજેજ નષ્ટ-ભ્રષ્ટ થઇશ." એ સાંભળી **મહાવીર** શિષ્ય **સર્વાનુભૂતિ** મુનિથી બોલ્યા સિવાય રહેવાયું નહિ. "દીક્ષા અને શિક્ષા પામ્યા પછી આવી કૃતઘ્નતા ?" તુરતજ **ગોશાળાએ** **સર્વાનુભૂતિ** મુનિ ઉપર તેજોલેશ્યા ફેંકી. મુનિ દેવલોક પામ્યા. ગોશાળો એમ વધુ વકર્યો. સુનક્ષત્ર નામના બીજા **મહાવીર** શિષ્યે બે બોલ કહ્યા, તો એમના ઉપર પણ એજ પ્રયોગ થયો અને એક વધુ હત્યા થઇ. આ દેખીતા વિજયથી ગર્વિત થયેલો **ગોશાળો** હવે **મહાવીરને** અસહ્ય અપમાનજનક શબ્દો કહેવા લાગ્યો. છેવટે **મહાવીર** કાંઇ કહેવા જતા હતા એટલામાં ત્હેમના પર પણ તેણે તેજોલેશ્યા ફેંકી. એ વિઘ્નથી સ્વરક્ષા કરવા શ્રી **મહાવીરે** કાંઇ પણ વિદ્યાનો ઉપયોગ કર્યો નહિ, તે છતાં સ્વભાવતઃ જ તે અગ્નિ **મહાવીરને** પ્રદક્ષિણા કરી પાછી જ્યાંથી પ્રગટી હતી ત્યાંજ દાખલ થઇ. જેટલી ઉગ્રતાથી એ શક્તિ ફેંકાઇ હતી તેટલીજ ઉગ્રતાથી પ્રતિક્રિયા થવા પામી અને **ગોશાળાનો** નાશ કરવામાંજ પરિણમી. **મહાવીરને** એની એટલી અસર અવશ્ય થઇ કે છ માસ સુધી રક્ત અતિસાર રહ્યો. જાણે એવા જીવલેણ વ્યાધિની પણ મજાહ ચાખતા હોય તેમ શ્રી **વીરે** એ વ્યાધિને હરાવવા ઇચ્છા કરી નહિ, અર્થાત્ ઉપચાર કરવા દેવાનું સ્વીકાર્યું નહિ. આખરે **સિંહ** મુનિના સમાધાન ખાતર-એમના હાથે આણેલા બીજોરાપાકનું સેવન કર્યું અને એટલામાં અતિસારની પણ અવાધ આવી રહી.

**ગોશાળે** **મહાવીર** પર ફેંકેલી તેજોલેશ્યા પોતા પર પાછી પડવાને પરિણામે જમીનપર પટકાઇ પડયો હતો અને જેમ જેમ પોતાની લાચારીનું ભાન થતું ગયું તેમ તેમ બમણા પછાડા મારતો હતો, તે જેમ તેમ કરી ત્યાંથી ઉઠી પોતાના સ્થાને ગયો અને દાહથી દિવાના જેવો બની ગયો. અંતરની વ્યથા ભૂલવા માટે તે મદ્ય પીતો અને પાછો જેમતેમ બકતો. આખરે કેટલેક દિવસે એને પશ્ચાત્તાપ થવા લાગ્યો ત્યારે ત્હેના ભકતોને બોલાવી કહેવા લાગ્યો, "મ્હેં સત્પુરૂષનો દ્રોહ અને સત્યનું ખૂન કર્યું છે. સર્વજ્ઞ અને ઇશ્વરપદના મોહથી મ્હેં મ્હારૂં તુચ્છપણું પોતેજ સાબિત કર્યું છે, પૂજાના લોભથી લોકોને ઠગવા જતાં વિધિએ મ્હનેજ ઠગ્યો છે, અરે શિષ્યો ! મ્હારા તરફની ત્હમારી ભક્તિ ત્હમને ઉલટી પતીત બનાવનારી થઇ છે. મ્હને ભૂલી જાઓ,-અગર તો મરવાની અણી પર આવેલો હું જ્યારે દેહ છોડું ત્યારે આ કીડાના દેહને કીડાનીજ માફક જમીનપર ઘસડીને આખા નગરમાં ગલીએ ગલીએ ફેરવજો. કે જેથી પ્રભુતાના દેખાવ નીચે છૂપાયલું લાચાર કીડાપણું લોકો પ્રત્યક્ષ જોવા પામે અને ત્હેને પરિણામે તે પછી પોતાની નબળાઇઓને સદ્દગુણ માનવાને તથા સ્થૂલના ગુલામોને ઇશ્વર કે સર્વજ્ઞ માની પૂજવાને તેઓ કદાપિ તૈયાર થાય નહિ હું ઇચ્છું છું કે હવે લોકો કીડા અને સિંહ વચ્ચેનો, ગુલામ અને શાહ વચ્ચેનો અસલ અને નકલ વચ્ચેનો પુરૂષ અને પડછાયા વચ્ચેનો વિવેક કરતાં શિખે." અને એ તીવ્ર શુભ ભાવનાને પરિણામે ખુદ તીર્થંકરને સતાવનાર અને અને પંચમહાવ્રતધારીને બાળનાર **ગોશાળો** મરીને દેવલોકે ગયો.

### શ્રી મહાવીરનો બાર વર્ષનો વિકાસક્રમ.

આ વાત નોંધવા જેવી છે કે, દરેક અસાધારણ વ્યક્તિનો વિકાસક્રમ બાર વર્ષનો સમય લે છે; અને એ સમય દરમ્યાન તેઓ શાસ્ત્રો કે ઉપદેશો દ્વારા નહિ પણ દરેક પ્રાણી પદાર્થથી અથડામણમાં આવી અંદરના અનુભવો પ્રકટાવવા દ્વારાજ પોતાનો વિકાસ કરે છે.-અર્થાત્ એકજ વ્યક્તિમાં ગુરૂ-શિષ્ય હોય છે. જેમ પૂર્વે એકજ દેહમાં પુરૂષ અને સ્ત્રી હતાં અને સર્જન કાર્ય બાહ્ય ક્રિયાથી સ્વતંત્ર હતું. **રામને** બાર વર્ષનો* 'વનવાસ;' **મહાવીરને** બાર વર્ષનો તપ;

* સાચી કે ખોટી પણ મ્હારી માન્યતા છે કે, જેમ છીપમાં વિકાસ થતો જાય છે તેમ મધ્યમાં કાપ પડતો જાય છે અને વિકાસ અટકે છે ત્યારે મધ્યથી બે ટુકડા જૂદા પડે છે, તેમ ઋષભદેવના પ્રાથમિક જમાનામાં મનુષ્યવ્યક્તિમાં પુરૂષતત્વ અને સ્ત્રીત્વ જોડલે હતાં; અને એને જ જુગલીઆ કહેતા. વખત જતાં ઈચ્છા તત્ત્વ દાખલ-

**Alexander Dumas ના Count of Monte Cristo ને જેલના ભોંયરામાં બાર વર્ષનું બંધન ! નિત્શેને તમામ વાદો અને Concepts સાથે બાર વર્ષ સુધી ચાલેલું બુદ્ધિ વિષયક ભયંકર યુદ્ધ !**

**શ્રી મહાવીરને Schooling period નાં બાર વર્ષોમાં જે જે આક્રમણો સહવા પડયાં છે ત્હેમાં કેટલાંક મનુષ્યો વગેરે તરફથી, કેટલાક ભૂખ–તરશ અને નિદ્રાની 'ટેવ' કે 'અભ્યાસ' તરફથી, અને કેટલાંક દેવો તરફથી આવતાં આક્રમણો હતાં. આ છેલ્લા પ્રકારનાં આક્રમણમાં સૌથી ભયંકર "સંગમ દેવના" તરફથી થયેલા કહેવામાં આવે છે. હું દઢ પણે માનું છું કે, આ જાતનાં આક્રમણો સ્થૂલ નહિ પણ સૂક્ષ્મ ભૂમિપર થાય છે–અંતઃકરણમાં થાય છે અને ત્હેની તીવ્રતા સ્થૂલ શરીર પર થતા પ્રહારો કરતાં પણ વધારે બારીક અને અસરકારક હોય છે. સ્થૂલ પર**

---

થતાં પુરૂષ અને સ્ત્રી ભિન્ન શરીરરૂપે વ્યક્ત થયાં. જેમ જેમ ઇચ્છાની ખીલવટ થતી ગઇ તેમ તેમ સ્વાતંત્ર્ય ઘટતું ગયું અને દૃષ્ટિ, વાણિજ્ય, સમાજ વ્યવસ્થા, વાણીવ્યવસ્થા આદિની જરૂર પડતી ગઇ અને જરૂર પડતી ગઈ તેમ તેમ તે તે સાધનો સર્જાવા પામ્યાં. પણ તેજ વખતે મનુષ્ય પ્રતિદિન વધુને વધુ સત્ત્વહીન અને પરતંત્ર થતો ગયો જ્યારે વ્યવહાર શાસનની જરૂર નહોતી પડી ત્યારે ધર્મશાસનની પણ જરૂર નહોતી, શાસ્ત્રોએ નહોતાં. ઋષભદેવે પહેલ પ્રથમ સમાજ રચના કરી સમાજશાસ્ત્ર યોજ્યાં. સમાજ યોજનાએ 'એક'પણાનું બળ ઘટાડયું અને બળ ઘટતાં મ્હારૂં–ત્હારૂં સ્વાભાવતઃજ પ્રગટયું, ત્યારે ધર્મશાસન અને ધર્મશાસ્ત્રની આવશ્યક્તા ઉત્પન્ન થઇ, અને તે કાર્ય પણ રાજાપદ લીધા પછી લાંબે કાળે ઋષભદેવેજ બજાવ્યું. ઋષભદેવથી મહાવીર સુધીનાં જીવનચરિત્રો સાયન્ટીફીક રીતે અવલોકાયાં નથી, નહિ તો જરૂર એમ જોવાનું મળે કે એ કોઇ વ્યક્તિઓનો ઈતિહાસ નથી પણ મનુષ્ય છોડનો ઈતિહાસ છે. એ કામમાં ઘણી ધીરજ, ઊંડી દૃષ્ટિ અને વિશાળ સાધનોની [સાયન્સ સાઇકોલોજી, ઈતિહાસ, ભૂગોળ, ખગોળ, શરીરશાસ્ત્ર, અને ખાસ કરીને ફીલોલોજી અને ફીલોસોફીની ) જરૂર પડે છે. દાખલા તરીકે 'જુગલીઆ' શબ્દ અને ત્હેનું જૈન શાસ્ત્રમાં આપેલું ધ્યાન વાંચ્યા પછી સામાન્ય મનુષ્ય એમ માની લે છે કે પુરૂષ અને સ્ત્રી એવી બે વ્યક્તિઓ સાથે જન્મતી અને એકી વખતે મરતી; પણ જો સાયન્સ જાણવામાં આવે અને Appleton's "New Cyclopedia" આદિ ગ્રંથો તપાસવામાં આવે તો ઋષભદેવના જુગલીઆ સંબંધમાં જૈન ગ્રંથોમાં કરાયલું વર્ણન કાંઇક જૂદીજ ભાવના (Conecpt) આપનાર થઇ પડે. યુરોપીઅન મુસાફરો દક્ષિણ હિંદમાં નીલગીરી પહાડોમાં મુસાફરી કરતાં એક તદ્દન વિચિત્ર જાતિના માણસો જોવા પામ્યા છે જેને 'ટોડા' જાતિના મનુષ્યો કહેવામાં આવે છે તેઓ આજની કોઈ જાતિ હિંદુ જાતિને પણ મળતા આવતા નથી. તેઓનાં એક વ્યક્તિ અને બીજી વ્યક્તિના ચહેરા ઘણાજ મળતા હોય છે અને ભવ્યતા અને આકારના સૌંદર્યમાં ગ્રિકોની સૂર્યદેવની મૂર્તિને મળતા હોય છે. આ લોકો કદમાં રાક્ષસ જેવા, રંગમાં શ્વેત યુરોપીઅન જેવા, અને તેજ વખતે અતિ સુંદર અને ઘાટીલા હોય છે. માથા અને દાઢીપર કદાપિ અસ્ત્રો નહિ ફરવાથી કુદરતી રીતે લાંબા વાળ ધરાવે છે, તેઓ પરણતા નથી ત્હેમને સ્ત્રીઓ નથી, સંતાનની તો વાતે શી કરવી ! પૂતળાની માફક આખો દિવસ ઘણે ભાગે અક્રિય બેસી રહે છે. પાણીનો ઉપયોગજ તેઓ કરતા નથી. માત્ર દૂધ સિવાય બીજો એમનો ખોરાક નથી વેચવા ખરીદવાનું ત્હેમની કલ્પનામાં પણ આવતું નથી. લખવા–વાંચવાનું ત્હેમને કોઈ શિખવી શકેજ નહિ. મીશનરીઓ 'ધર્મ' શબ્દ ત્હેમને સમજાવવામાં નિષ્ફળ ગયા છે. તેઓને ધર્મની જરૂર નથી. તેઓ પોતેજ પોતાની 'સૃષ્ટા' તરીકે પૂજા કરે છે. એક સ્થાને તેમાંના પાંચ કે છ મનુષ્યથી વધુ સંખ્યામાં કોઈના જોવામાં આવ્યા નથી. જો કે યુરોપીઅનો ધારે છે તેમ તેઓની સંખ્યા અલ્પ હોય કે નાબુદ થઈ જતી હોય એવું કાંઈજ નથી. કોઈએ ટોડા જાતિને મરતી કે વૃદ્ધ થયેલી કે રોગ ગ્રસ્ત થયેલી જોઈ નથી,–જો કે તે પ્રદેશમાં વાઘ, સર્પ વગેરે ભયાનક પ્રાણીઓ ઘણા વસે છે તેમજ કોલેરા વગેરે ચેપી રોગોનો ઉપદ્રવ પણ ઘણો છે. ટોડાને તો શું પણ એનાં ઘેટાંઓને પણ કોઇ વાઘ કે સર્પ સ્પર્શી શકતો નથી,—અને ટોડા કોઇ દીવસ શસ્ત્ર તો શું પણ લાકડી સરખીએ રાખતો નથી ! તેઓ પોતે તો શું પણ ત્હેમની સેવા કરવા માટે ત્હેમની સાથે રહેતા ત્હેમનાથી ભિન્ન જાતિના બગદા લોકો પણ એમના સંબંધમાં એક શબ્દ વટીક કોઈને જણાવતા નથી ગમે તેવી લાલચ આપો કે ગમે તેવી ધમકી આપો તોય શું ? નીલગીરી પહાડપર આધુનિક સંસ્કૃતિનો પગદંડો થવા લાગ્યો ત્યારથી છેલ્લાં ૫૦ વર્ષથી ટોડાઓ ઘણે ભાગે ત્યાંથી વિહાર કરી અન્ય વધુ ગુપ્ત સ્થાને ચાલ્યા જવા લાગ્યા છે. આ જાતિનાં વર્ણન વાંચવાં અને બને તો એમને પ્રત્યક્ષ જોવા એ શું પૂર્વના મનુષ્ય સંબંધી વધુમાં વધુ ખરો ખ્યાલ લાવવા માટે જરૂરનું નથી ?

પ્રહારો સહનાર પણ આ જાતનાં આક્રમણ આગળ ઓગળી જાય છે. હૃદય જેમ વધારે કોમળ અને બુદ્ધિ જેમ વધારે તીવ્ર અને શુદ્ધ તેમ આ જાતના આક્રમણનો સંભવ વધારે. આખરે લાગણી અને બુદ્ધિ બન્ને પડદા તૂટીને મધ્યસ્થ જ્યોત વ્યક્ત થાય છે ત્યારે ત્હેની વિજળીથી ઇન્દ્રિયોમાં અસાધારણ શક્તિ વહે છે. આજની આખી સંસ્કૃત દુનિયામાં ઉથલપાથલ કરવા જેટલી શક્તિ તે વ્યક્તિમાં હોવા સંભવ છે, પણ ઐશ્વર્યના પ્રાગટ્ય પછી એવી ઇચ્છિા સંભવતી જ નથી. ઉત્પત્તિ, વિકાસ અને લય રૂપે આખા વિશ્વને પોતાના 'હસ્ત'માં જોનારને કયું તોડવા ફોડવાની અને કયું રૂપાન્તર કરવાની કુતુહળ બુદ્ધિ થવા પામે ? જેઓએ રાજ્યોની ઉથલપાથલ કરી છે, દુનિયા આખીમાં ધર્મવ્યવસ્થા ઉપરનીચે કરી નાખી છે તેઓ પૂર્ણતાની કાંઈ અંશે પણ નીચે હતા અને એ સ્થિતિથી આગળ વધવાને બદલે એ શક્તિનો વ્યય કરવામાં એમણે એ જીંદગીનો ઉપયોગ કર્યો હતો. શ્રી મહાવીરે 'શાસન' સ્થાપ્યું એમ જો કે જૈન શાસ્ત્રોજ કહે છે, અને તેજ શાસ્ત્રો એમને 'કૈવલ્ય' 'સમ્પૂર્ણતા' પ્રાપ્ત થયાનું પણ કહે છે—પણ વસ્તુતઃ એ બે ઘટનાઓ પરસ્પર વિરોધી છે. શ્રી મહાવીરને ગુરૂ માની જેઓ એમના પગલે ચાલવા લાગ્યા એમણે પોતાની 'વિદ્વત્તા'થી શાસન જરૂર સ્થાપ્યું, અને તે શક્તિનો ઉપકાર મહાવીરથી થયેલો હોઈ તેઓએ રચેલા ધાર્મિક જગતના સૃષ્ટા તરીકે ઉપકારી પુરૂષનું નામ વાપર્યું એ બનવા જોગ છે. વળી દુનિયાના લોકોને ઉપદેશની વધુમાં વધુ અસર થવા પામે એ શુભ આશયથી પણ સમ્પૂર્ણને શાસન પ્રવર્તાવવાની ક્રિયાના કર્તા બતાવવા પડયા હોય. જો શ્રી મહાવીરે જ શાસન ચલાવ્યું હોત તો એમના હાથથી કે એમના પટ્ટ શિષ્ય ગૌત્તમાદિ કોઇના હાથથી એકાદા શાસ્ત્રની યોજના જરૂર થવા પામી હોત. અઢી હજાર વર્ષ ઉપર અન્ય શાસ્ત્રો જરૂર હતાં, એ શાસ્ત્રોની મોટી અસરનો ભય પણ વિદ્યમાન જૈન શાસ્ત્રોમાં સ્થળે સ્થળે જોવામાં આવે છે, તો પછી સમકિતીઓની રક્ષા અને પ્રગતિ અર્થે ગૌત્તમાદિ જરૂર કાંઈ લખતા ગયા હોત, પણ મહાવીરે લખ્યું કાંઈ નથી અને લખવાય દીધું નથી. ત્હેમના પછી લાંબે વખતે સૂત્રગ્રંથો meditation દ્વારા નહિ પણ સ્મરણ શક્તિ દ્વારા લખાયા હતા. એ કાળે પ્રચલિત ધર્મયોજનાઓની અસર જૈન સૂત્રરચના પર અવશ્ય પડી છે, અને સ્વાભાવિક રીતે પડી છે, એમ મ્હારૂં દૃઢ માનવું છે. આધુનિક ગ્રંથો કરતાં સૂત્રગ્રંથોમાં વિશેષ મહત્તા છે એ મ્હને માન્ય છે, પણ મધ્યકાળમાં 'છૂપાવવા'ની, ઘેરા રંગ પૂરવાની, અતિશયોક્તિ કરવાની, વિરોધાભાસની, અલંકાર મારફતજ બોલવાની જે પ્રકૃતિ વ્યાપી રહી હતી તે બ્રાહ્મણોના ખ્રિસ્તીઓના તેમજ જૈનોના—સર્વના શાસ્ત્ર રચના કાર્યમાં પણ ઓછો વધતે અંશે દેખા દે છે. આજે મનુષ્યનું આયુષ્ય ઘટયું છે, રોગોના ઉપદ્રવ વધ્યા છે, જીવનકલહ વધ્યો છે, 'ફુરસદ' અને 'એકાંત' કે જે અધ્યાત્મ વિદ્યાની પહેલામાં પહેલી અને અનિવાર્ય જરૂઆતો છે ત્હેની તો પ્રાયઃ દુર્લભતા થઈ પડી છે એવા યુગમાં સ્થૂલ, સૂક્ષ્મ અને આત્માના સ્વરૂપનું જ્ઞાન બુદ્ધિગમ્ય રીતે આપવાને તેમજ આત્મશક્તિ પ્રકટાવી શકે એવી ક્રિયાઓ પ્રેરવા માટે, એજ શાસ્ત્રોના આધારે, નૂતન જ્ઞાનકાંડ અને નૂતન ક્રિયાકાંડ યોજાવાની પૂરેપૂરી જરૂર છે. આ સૂચન માત્ર વાંચીને કેટલાકો ખળભળાટ કરી મૂકશે, એ મ્હારી કલ્પના બહાર નથી. પણ જો હું ધર્મનો આસ્તિક હોઊં, ધર્મના બહુમૂલ્યપણામાં જો હું માનતો હોઊં, તો એ ધર્મનું સાહિત્ય ગમે તે કારણથી ઉપયોગરહીત પડયું રહે તે કરતાં ત્હેનો વધુમાં વધુ ઉપયોગ થવા પામે એ ઇચ્છિયા વગર હું રહી શકું જ નહિ, અને એ પ્રશસ્ત ઇચ્છિા જો પડછાયા માત્ર નહિ પણ વૃત્તિ રૂપે હોય તો તે ઉદ્‌ગાર રૂપે બહાર પડયા વગર પણ રહી શકે નહિ. એનો અર્થ કાંઈ એ નથી કે મ્હારી એ ઇચ્છિા સ્હામે બડબડવાને કોઇને હક્ક નથી. એ તો, હમેશ દરેક બાબતમાં થતું આવ્યું છે તેમજ, થયાં કરશે. પ્રશસ્ત કે અપ્રશસ્ત, જ્યાં 'ઇચ્છા' છે, ત્યાં વિરોધ પણ હોવોજ જોઈએ. પણ કૈવલ્ય-ઇચ્છારહિતપણું—પ્રગટે ત્યાં સુધી 'ઇચ્છા'નું સ્ફુરણ તો રહેવાનું જ છે તો પછી પ્રશસ્ત ઇચ્છિા માટે મ્હને શરમાવાની

પણ શી જરૂર છે? આજે આપણી ગતિ ધ્યેયને છોડી આડે રસ્તે ઉતરી ગઇ છે. જીવનને માટે જ શાસ્ત્રો અને ક્રિયાઓ છે, એ ભૂલી જઈ શાસ્ત્રો અને ક્રિયાઓ માટે જ જીવનને ખર્ચી નાખીએ છીએ. કીટવત્ જીવનમાંથી વિજેતાનું-'**जिन**'નું જીવન કેમ પ્રકટાવવું એ વ્યક્તિ અને સમાજનું 'ધ્યેય' હોવું જોઇએ-ત્હેને બદલે વ્યક્તિઓના, નામોના, કાર્યોના, વિચારોના સન્માન અને પૂજનમાંજ આપણી રહી સહી શક્તિઓ અને આયુષ્યનો વ્યય કરી નાખીએ છીએ. મૂળ સૂત્રગ્રંથોનોય સંક્ષેપ થવાને બદલે સૂત્ર ગ્રંથોપર સેંકડોગણી ટીકાઓ અને વિવેચનો કરવામાં આપણે 'મહત્વ' માન્યું. પછી તે ટીકાના વળી ભાષાન્તરો આદર્યા! વળી તે ઉપરથી વિસ્તાર ચાલ્યો! વર વગરની જાન એટલી વિસ્તૃત થતી ગઈ કે અત્યારે જો વર પ્રગટ થાય તો ત્હેને પોતાના જાનૈયાઓને પીછાનવાનું પણ મુશ્કેલ થઇ પડે! આમ તો આપણે પરિગ્રહ મટાડવામાં આત્મવિકાસ માનીએ છીએ, અને ધર્મશાસ્ત્રોનો પરિવાર વધારી દેવામાં પરિગ્રહ છે એમ કોઈ કહે તો એ પણ આપણને અસહ્ય-પાપ રૂપ લાગે છે,-એટલો બધો આપણી વૃત્તિઓ પરિગ્રહપ્રેમી થઈ ગઈ છે. વ્યવહાર દૃષ્ટિથી કોઇ વિચાર કરશે તો પણ તુરત સ્હમજી શકશે કે, હજારો જૈન ગ્રંથો એક સ્થાને એકઠા કરવા જેટલોય કોઇ પાસે આજે પૈસો નથી; તો પછી એ ગ્રંથોના સંશોધન, ભાષાન્તર, ટીકાકરણ આદિના કાર્યની તો વાતે શું કરવી? અને કદાચ કોઇ દેવ સહાય કરે અને સુવર્ણ વૃષ્ટિ કરે તો પણ આટલા બધા ગ્રંથોનું, સંશોધન, ભાષાન્તર, ટીકા કરવા માટે સેંકડો વર્ષો સુધી સેંકડો પંડિતોએ કામ કરવું પડે અને તે છતાં-તે બધું થઇ રહ્યા પછી પણ-આપણે કબુલ કરવું પડશે કે આ તો આપણે વર વગરની જાન જોડી હતી! કારણ કે બધા ગ્રંથો મૂળે તો છદ્મસ્થોએ જ લખ્યા હતા! કોઇને પરમ તત્ત્વનો સાક્ષાત્ અનુભવ નહોતો. ત્યારે અલંકારો અને ચમત્કારો અને પૂજ્ય-પૂજકનાં અભિમાનોને છોડી જીવનને લાગે વળગે એવું ધાર્મિક સાયન્સ ઉપજાવી કહાડવા પર શા માટે આજથી લક્ષ ન આપવું [અમે ટીકા વગેરેની સંપૂર્ણ જરૂર અને ઉપયોગિતા માનીએ છીએ. **તંત્રી.**]

પણ હું આડકથનમાં ઉતરી પડયો. હું એ પ્રશ્ન પાસે હતો કે શ્રી મહાવીરને જે જે પીડાઓ સહવી પડી છે ત્હેમાંની દેવકૃત પીડાઓ કઇ જાતની હોવી જોઇએ. આ પ્રશ્નના મનન માટે **સંગમ દેવ**ના ઉપદ્રવવાળા પ્રસંગનું વર્ણન તપાસીએ. આ દેવ છ માસ સુધી મહાવીરની પાછળ પડયો હતો. પહેલી રાત્રીએ ત્હેના ત્રાસનું કારણ કેમ બન્યું તે લખતાં ગ્રંથકાર જણાવે છે કે, શ્રી મહાવીરે અષ્ટમ તપ કરીને પહેલી રાત્રીએ "પોલાસ નામના ચૈત્યમાં પ્રવેશ કર્યો" એ વખતે તેઓ જે સ્થિતિમાં ઉભા રહ્યા ત્હેનું વર્ણન આપતાં કહ્યું છે કે, જાનુ સુધી ભુજા લંબાવી, શરીરને જરા નમાડી, ચિત્ત સ્થિર કરી, નિર્મેષ રહિત નેત્રે રૂક્ષ દ્રવ્યપર દૃષ્ટિ ઠેરવી પ્રભુએ રાત્રી એ રીતે વ્યતીત કરી. હવે આ તો ખુલ્લું છે કે આ અમુક યોગ મુદ્રા-યોગાસન-પડિમાનું ધ્યાન છે. અને એ પરથી બુદ્ધિમાને સ્હમજી લેવું જોઇએ કે અહીં જે ચૈત્યનો ઉલ્લેખ છે તે આંતરિક ચૈત્યનોજ-ચિત્તની અમુક દશાનો ઉલ્લેખ છે. (ચૈત્ય શબ્દ સ્થૂલ તેમજ સૂક્ષ્મ બન્ને અર્થે વપરાય છે. જુઓ કોશ; એમાં ચૈત્યનો અર્થ Meditation-ધ્યાન પણ છે.) એ ધ્યાનનો પ્રકાર કયો હશે તે, ઇંદ્રે દેવસભામાં કરેલી પ્રશંસાના શબ્દોમાંના "દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવમાં કોઈ પ્રકારે પણ બુદ્ધિનો પ્રતિબંધ નહિ કરનાર" એ શબ્દોપરથી સૂચિત થાય છે. આ ધ્યાનને પરિણામે તમામ દ્રવ્ય-ખુદ પૃથ્વી ક્ષેત્રમાં, ક્ષેત્રકાળમાં, કાળ ભાવમાં, ધલાઇ જઇ 'ભાવ' માત્ર ઉભો રહે છે અને તેથી અસ્તિત્વને પગ મૂકવાનું સ્થાન જ ન રહેતાં ભયંકર સ્થિતિ થઇ પડે છે. જ્યારે 'ભાવ' પણ આત્માના દીપકમાં પડી ખાખ થાય ત્યારે કાંઈ અલૌકિકજ અનુભવ થાય. પણ તે સ્થિતિની જરા પાછલી સ્થિતિ અતિ ભયંકર હોય. એક તરફ દ્રવ્ય,, ક્ષેત્ર, કાળ, બીજી તરફ કાલાતીત દશા. એ બે દશાનો વિવેક-ભેદ-ભાન કરાવનાર' ભાવ' એ 'ભાવ'જ 'સંગમ'. દરેક સંગમ (Contact) પીડાકારી હોય છે, કે જે પીડાનો અંત આનંદની લાગણીમાં આવે છે.

શ્રી મહાવીના ચિત્તરૂપી આકાશમાં **સંગમ દેવ** પ્રગટતાં જ પહેલાં તો એણે "રજની વૃષ્ટિ કરી",

પછી વજ્રમુખી કીડીઓ ઉત્પન્ન કરી, કે જે શ્રી મહાવીરના શરીરને વીંધીને આરપાર જવા લાગી. પછી ડાંસો "વિકુર્વ્યાં", જેથી મહાવીરના શરીરમાંથી "ગાયના દૂધ જેવા રૂધિરનાં ઝરણાં" વહેવા લાગ્યાં. પછી સર્પો, વીંછીઓ, ગજેન્દ્ર, પિશાચ, આદિ રૂપો 'વિકુર્વી'ને ત્રાસ કર્યો. પછી માતા-પિતાનાં રૂપ લઈ દેવે મહાવીરને આ મહા જોખમભર્યા માર્ગથી પાછા હઠવા કાકલુદી કરી. પછી પ્રભુના બે "પગ" વચ્ચે ('છે' અને 'નથી' એવા બે પાદ વચ્ચે) અગ્નિ સળગાવી રસોઈ (=સ્વાનુભવ) બનાવવા માંડી. છેવટે તેણે "કાળચક્ર ઉત્પન્ન કર્યું" અને મહાવીર પર ફેંક્યું. "ઉછળતી જ્વાઓથી સર્વ દિશાઓને વિકરાળ કરતું તે ચક્ર સમુદ્રમાં વડવાનળની જેમ પ્રભુ ઉપર પડ્યું. પ્રભુ જાનુ સુધી પૃથ્વીમાં દટાઇ ગયા તો પણ ધ્યાન છોડ્યું નહિ."

પ્રતિકૂળ ઉપસર્ગોની પૂર્ણાહૂતી બાદ અનુકૂળ ઉપ-સર્ગો આરંભાયા. રમણીઓના રાગરંગ અને પ્રાર્થનાઓ થઈ. પછી જગતના સામ્રાજ્યની ભેટ રજુ થઇ. છેવટે "સર્વ કર્મથી મુક્ત કરી એકાંત પરમાનંદ વાળા મોક્ષમાં" લઇ જવાની ભેટ થઇ. આ પણ પ્રયાસ નિષ્ફળ ગયો, (ધ્યાનમાં રહે કે ધ્યાનાવ-સ્થામાં મોક્ષની ભાવના પણ થઇ અને તે 'મોહ' પર 'જય' મેળવાયો.)

આખરે આ આંતરયુદ્ધ વીરના વિજયમાં પરિ-ણમે છે. હવે 'કૈવલ્ય' (કેવળ એકાકાર ભાન) પ્રગ-ટવાને થોડોજ વિલંબ હતો. ધ્યાનની ક્રિયા દ્વારા જ એ સ્થિતિ થતી ત્હેને બદલે હવે ધ્યાનમાં જવું અને 'પાછા ફરવું' જ ન રહે એટલું થવાનું બાકી રહેતું હતું. આ માટે એક કઠીનમાં કઠીન પુરૂષાર્થ સેવવાનો હજી બાકી રહેતો હતો.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ-એ પાંચેમાં પ્રથમ સ્થાન 'શબ્દ'ને એટલા માટે અપાયું છે કે, બીજા ચાર અનુભવો તો ત્વચા, નેત્ર, જીબ્હા અને નાસિ-કાનો પદાર્થથી સંગ થવા પામે ત્યારેજ થઇ શકે છે. મનુષ્ય જો પદાર્થના સંગથી દૂર રહે અને આંખો બંધ કરે તો પણ કાનથી શબ્દ ઝીલવાનું કામ તો ચાલુજ રહેશે. લોકના કોઇ પણ ભાગમાં થયેલો ધ્વનિ લોકના છેડા સુધી પહોંચી લોકના તમામ ભાગમાં ફેલાય છે. આ કુદરતી ઘટના (phenomena) પર જો જય મેળવાય તોજ આઘાત-પ્રત્યાઘા-તના ચક્રથી બચાય. એટલાજ માટે યોગીઓ શબ્દ પર વિજય મેળવવા ખાસ કાળજી રાખે છે. કાન બંધ કરો તો પણ અંદરના ધડકારા સંભળાશે? યોગીને અંદરના અવાજને ઓં એવા વાદ્યમાં ઉતરવા પ્રયત્ન કરવો પડે છે.બીજા અનેક અવાજોને દાબવામાટે એક અવાજ કલ્પવો એ ઉત્તમ 'ઇલાજ' છે,-પણ આખરે તો એ પણ 'ઇલાજ' જ છે અને દરેક ઈલાજની માફક પ્રતિક્રિયા પણ કરે છે. એ પણ deception-'માયા' છે. ખુલ્લા કાન છતાં કાનમાં અવાજના પુદ્‌ગળ જવા દેવા યા ન દેવા એ બાબતની પોતાની સ્વતંત્રતા જ્ઞાનપૂર્વક ઈચ્છાશક્તિ (will) ને કેળવવાથીજ પ્રગટાવી શકાય છે. જ્ઞાતશક્તિની શિરદારી નીચે ઇચ્છાશક્તિ અંતઃકરણમાં જે ક્રિયા કરે છે, જે phenomena ઉત્પન્ન કરે છે તે બ-હારની દુનિયામાં પ્રતિબિંબિત થાય છે. તે પુરૂષ પછી બહારની ક્રિયાઓની અસરોને અંદરની દુનિયામાં આવવા દેતો જ નથી, અર્થાત્ ક્રિયાનો કર્મ બનતો જ નથી, કર્ત્તાજ રહે છે. એની ઇન્દ્રિયો બહારની અસરો ત્હેને પહોંચાડનાર દૂત તરીકેના કામને બદલે એની અંદરની ધ્રૂજરીઓ બહાર લઈ જનાર દૂતનું કામ કરે છે. બહારનો શબ્દ એની અંદર લઈજવાનું કામ હવે કાનની સત્તામાં નથી રહેતું, અર્થાત્ એના કાન 'નકામા' થાય છે. તેથી એની અંદર અહીં તહીંના અસંખ્ય આક્રંદોની ધ્રૂજરીઓ આવવા જ પામતી નથી અને અંદરનો પ્રકાશ સ્થીર અવ્યાબાધ પ્રકાશ્યા કરે છે. કાનની આ નકામી થઇ પડેલી સ્થિતિનો ખ્યાલ સ્થૂલમાં જ ખેલતી જનતાને સ્થૂલ રૂપેજ અપાવો શક્ય હોવાથી ઇતિહાસકારે મહાવી-રના બન્ને કાનોમાં ખીલા ઠોકાયાની ઘટના કલ્પી જણાય છે. આમજ હતું, અને આમ નહિ, એવું આગ્રહપૂર્વક કહેવાની મ્હારી પદ્ધતિ નથી, એ તરફ હું વાચકનું ધ્યાન ખેંચું છું. શાસ્ત્ર (અધ્યાત્મશાસ્ત્ર તેમજ સાયન્સ), પોતાનો અનુભવ અને તર્ક એ

ત્રણેના ઉપયોગપૂર્વક જે કાંઇ જોઈ શકાય તે હું કહું છું. વધુ અનુભવી એ ઉપર સુધારો પણ કરી શકશે, અને કરે એમ તો હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું. મ્હને વિરોધ હોય તો તે માત્ર તેઓ સ્હામેજ છે કે જેઓ માત્ર શાસ્ત્રના શબ્દોપરથી અને લેશમાત્ર અનુભવ વગર 'અમુક આમ જ છે' એનો આગ્રહ કરે છે, અગર જેઓ માત્ર તર્ક પરજ નિશ્ચયો રચે છે. જ્યાં અનુભવ પૂર્ણજેવો હોય ત્યાં તો અલબત શાસ્ત્ર કે તર્કને પણ અવકાશ રહેતો નથી. પણ એ સ્થિતિ આવતાં સુધી તો ત્રણેનો સહકાર જરૂરનો છે, માત્ર પોતાના ટુંકા અનુભવપર, કે તર્કપર કે શાસ્ત્રના શબ્દના બાહ્ય રૂપ પર તત્ત્વનો નિર્ણય કરવાનો આગ્રહ એ તો 'મિથ્યાત્વ'જ ગણાય. દાખલા તરીકે મહાવીરના કાનમાં ખીલા ઠોકાયાની ઘટના શાસ્ત્રમાં લખી છે માટે તે સ્થૂલ શરીરપર બનેલી સ્થૂલ ઘટનાજ છે એવો આગ્રહ કરનારે એજ ઇતિહાસના આગલા પાછલા પ્રસંગો યાદ કરવા જોઈએ છે. એક તરફથી એમ કહેવામાં આવે છે કે બેઉ કાનમાં ખીલા નાખીને એના પર તાડન કરીને બન્ને ખીલાના છેડા જોડી દીધા. પ્રથમ તો બે કાન વચ્ચે એવો **સીધો** માર્ગજ નથી કે જેથી બે ખીલાના છેડા એકઠા મળે. બીજું તે પ્રદેશમાં એવા સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ છે કે જે ટૂટયા પછી ખરક કે ચરક કોઈ વૈદ્ય કે સર્જનની તાકાદ નથી કે મગજશક્તિને પાછી સજીવન કરી શકે. માની લઇએ કે ખીલા કઢાયા અને ઘા રૂઝાયા, પણ સાંભળવાનું કામ તો નજ બને; અને આપણને કહેવામાં આવે છે કે આ ઘટના પછી મહાવીરને ઘણાઓની સાથે બોલવા-સાંભળવાના પ્રસંગ બન્યા છે. હા, એ હું માનું છું કે મહાવીરની અંદરના જ ગોપાલકે-ઇન્દ્રિયોના અધિપતિએ બધા બહારના સંદેશા કાનથી દાખલ થતા રોક્યા અને ત્યાર પછી એજ મહાવીરની અંદરના ખરકે 'હમેશને માટે રોકવાપણાની જરૂર'નેજ 'વિઘ્ન' માની એ ખીલાને પણ દૂર કર્યા. રોકવાની 'જરૂર' છે ત્યાં સુધી 'અહં' કાયમ છે, જો કે પ્રબલમાં પ્રબલ રૂપે છે. અહં વ્યક્તિમાંથી સમષ્ટિમાં પ્રવેશ્યો એટલે કોને રોકવો, કોનાથી રોકવો ? આ સ્થિતિ જે ક્ષણે પ્રગટતી હશે તે ક્ષણે વિશ્વના સુખ-દુઃખનાં Expressions આ સ્થિતિવાળાને એક સાથે અસર કરવા પામતાં હોય અને તેથી મહાભયંકર વેદના થવા પામતી હોય એ બનવા જોગ છે, અને પછી કોઈ ઇલાજ એવો શોધાતો હોય કે જેથી આ સ્થિતિપર પણ અંકુશ રહે. ટુંકમાં આ બધી આંતરક્રિયા છે, વ્યકિત અને સમષ્ટિનો યોગ કરી સમષ્ટિ બનવા છતાં દેહી (વ્યક્તિ) તરીકે જીવન જીવવાનું શક્ય બતાવનારી **છૂપી તાલીમ** છે. વધુ સાયન્ટીફીક ભાષામાં બોલું તો હાલના માનસશાસ્ત્ર (સાઇકોલોજી)નું એ વિસ્તૃત અને પૂર્ણ સ્વરૂપ છે. માનસશાસ્ત્રે પણ કાંઈ ઓછું કામ નથી બજાવ્યું,-જો કે આ જડવાદી જમાનામાં માનસશાસ્ત્રને લગતી શોધખોળમાં તલ્લીન રહેવાથી ઉદારનિર્વાહ પણ ન થાય એવી મુશ્કેલી ઉભી થયેલી છે. એટલું તો કહેવું જ પડશે કે માનસશાસ્ત્રે જે 'સાયન્ટીફીક **પ્રોસેસ**' દ્વારા કામ કર્યું છે એવી જ 'પ્રોસેસ' જો અધ્યાત્મ શાસ્ત્રીઓએ સ્વીકારી હોત (અને એમ થવું અશક્ય છે એવા કથનમાં મ્હને જરાકે વિશ્વાસ નથી) તો આજે અધ્યાત્મશાસ્ત્ર ખૂણે કે ઉપાધ્યાઓના મ્હોંમાં પડી રહેવાને બદલે સમાજના હૃદયમાં બીરાજી દીવ્ય ક્રિયાઓ ઉપજાવી શકયું હોત. દરેક ક્રિયામાં અહિતની સાથે કાંઇ હિત પણ રહેલું જ હોઈ, હું સ્વીકારીશ કે 'છૂપાવવા'ની ક્રિયામાં પણ કાંઇક હિત અવશ્ય રહેલું છે; તથાપિ આ તો મ્હને હમેશ સાલતું રહ્યું છે કે જે રીતે અને જે કારણોથી આધ્યાત્મિક સત્યોને છૂપાવવામાં આવ્યાં છે તે રીતો અને તે કારણોમાં Magnanimity તો નથીજ દેખાતી. ખરી વીરતાને છૂપાવવાનોય ખ્યાલ આવવા પામતો નથી. ખરા જ્ઞાનીઓ તદ્દન નાગા ફરે છે-પુરૂષચિન્હ પણ છૂપાવવાની જરૂરનો તેઓ સ્વીકાર કરતા નથી. બહાદૂર રોમન પ્રજા રાજકચેરીમાં હોય ત્યારે પણ છાતી, હાથ-પગના સ્નાયુઓને ઢાંકતા નહિ અને એમના દેવ-દેવીની મૂર્તિઓ ગુપ્ત અવયવો સહિત ઘડવામાં આવતી. જૈનો પોતે સાક્ષી પૂરશે કે અમુક તીર્થસ્થાનોમાં તીર્થંકરની પ્રચંડ નગ્ન મૂર્તિમાં પુરૂષ ચિન્હ સાંગોપાંગ બતાવવા શિલ્પી ચૂકયો નથી હોતો;

અને હજારો યુવતીઓ અને બાલકો કાંઇપણ માઠી અસર વગર આજે પણ દર્શન કરે છે. છૂપાવવાની અતિ કાળજી છૂપાવનારની સૂક્ષ્મ ભીરૂતા સૂચવે છે. અહીં ઇશારો કરી લઇશ કે મહાવીરે તેજોલેશ્યા જેવી વિદ્યા ગોશાળા જેવા પાપમતિથી પણ છૂપાવી નહોતી ! 'છૂપાવવાની જરૂર છે' એવું કહેનારાના એ શબ્દો દ્વારા તીવ્ર દૃષ્ટિવાળા તો એ કહેનારના 'છીછરાપણા'ને જ જોઇ લે છે. જેનામાં અધ્યાત્મશક્તિ છે જ નહિ, અથવા અતિ અલ્પ છે, છતાં જે બાહ્ય ક્રિયાના આડંબરથી અને ગોખેલાં સૂત્રોના પ્રદર્શનથી પોતામાં અસાધારણ શક્તિ હોવાનો દાવો કરે છે તેઓજ 'છૂપાવવાની જરૂર છે' એવા કથનદ્વારા પોતાનું છીછરાપણું (Shallowness) લોકદૃષ્ટિથી છૂપાવે છે. અને એવાઓ જ ન્હાની વાતને મોટું સ્વરૂપ, સરળને કઠીન સ્વરૂપ આપવાની કોશીશ કરી સત્યને અપ્રાપ્ત બનાવી મૂકે છે અને જિજ્ઞાસુને હતાશ અને હતવીર્ય બનાવી દે છે. માત્ર મિથ્યાભિમાન, અશક્ત છતાં સત્તાનો લોભ: એજ મ્હોટે ભાગે કહેવાતા યોગીઓ, જ્ઞાનીઓ પર રાજ કરી રહ્યો હોય છે અને એથી જ અધ્યાત્મવિદ્યા દબાઇ રહેવા અને જડવિદ્યા સરસાઈ ભોગવવા પામી છે. જડવાદ જો અનિષ્ટ હોય, તો એના સામ્રાજ્યનું પાપ તેઓ ઉપરજ છે કે જેઓ લોકોને સદા ત્હેમનો ખપ પડતો રહે, લોકો ત્હેમના તરફ ભય અને બહુ માનથી જોતા રહે, લોકો પર ત્હેમનો કાબુ બન્યો રહે એવી ઉંડી લાગણીથી 'છૂપાવવા'ની અને વિવિધ રૂપાન્તરો અને ભેળશેળો અને વિસ્તારો કરવાની આદતવાળા હોય છે. દરેક દેશમાં, દરેક સમાજમાં, બહુધા ધર્મોપદેશકો જ અધ્યાત્મવિદ્યાના શત્રુ બનતા રહ્યા છે, અને સમાજપર રાજ્યસત્તા કરતાં પણ તેઓજ વધુ સત્તા ધરાવતા રહ્યા છે. એમની સત્તા એજ અધ્યાત્મવિદ્યાને અને આધ્યાત્મિક શક્તિઓની ખીલવટને મ્હોટામાં મ્હોટો ભય. મતલબ કે ધર્મશાસકોનું શાસન ચાલુ રહે એ જ 'ધ્યેય' છે, અધ્યાત્મવિદ્યા અને આધ્યાત્મિક શક્તિઓ રક્ષાય અને ખીલવા પામે એ કાંઇ 'ધ્યેય' નથી. અને તેથીજ તેઓનાં લખેલાં ભજનો, એમનાં લખેલાં ચરિત્રો, એમના લખેલા ઉપદેશો— આ જાળવી રાખવું અને એમનાં ભાષાંતરો અને એમના પર ટીકા પરંપરા કરી એ સર્વ વસ્તુઓની સૃષ્ટિ વધારતા જવું એજ આજનો 'યુગધર્મ' તમામ ધર્મોમાં–તમામ સમાજોમાં– થઈ પડયો છે.

એક બાઇબલના સેંકડો ભાષાન્તરો અને હજારો ટીકા ગ્રંથો! મનુષ્યની ઉત્પાદક શક્તિનો કેટલો બધો ભોગ ! સમયનો કેટલો બધો ભોગ ! કલ્પનાસૃષ્ટિનો કેટલો બધો વિસ્તાર ! આ કરતાં એવું એક પુસ્તક મુદ્દલ ન હોત કે ન મનાયું હોત તો દુનિયા કાંઇક વધારે સારે પ્રગતિ કરી શકી હોત. ભજનોમાં કે ઉપદેશોમાં–કાંઈ પ્રમાણ (proportion), કાંઇ પગ (જે 'ભાવ'થી શરૂ કરાય તે), કાંઇ શિર (જે 'ભાવ' ઉપજાવવો હોય તે–ધ્યેય–લક્ષ્ય), કાંઇ પદ્ધતિ (Method, system)નું ઠેકાણુંય હોય છે ? એ, ભાવ પ્રગટાવવા માટે કયો શબ્દ વધુમાં વધુ કાર્યસાધક થઇ પડશે એ દૃષ્ટિથી શબ્દોની 'પસંદગી' (selection) છે ? કેટલા બધા શબ્દો ફાલતુ ફોગટના મૂકાયા હોય છે ? વિશ્વભાવની વાત ચાલતી હોય ત્યાં વચ્ચે વૈરાગ્યનો ભાવ કે ચાલુ જમાનાના દોષોનું ચિત્ર આપતાં એમના હૃદયને જરાકે ખટકારો થાય છે ? કોઈપણ વિચારક કે માનસશાસ્ત્રી એકાદા ધર્મગ્રંથને ખોલી એકાદ પૃષ્ટ વાંચતાં કમ્પી જશે, એના હૃદયના harmonious તારને આઘાત થશે. એને એક ક્ષણમાં જણાશે કે આ કૃતિઓ કોઇ 'અનુભવી'નું 'સ્રજન કાર્ય' નથી; પણ પંડિતોનું 'સંગ્રહ કાર્ય' છે–ને સંગ્રહ કાર્ય પણ taste વગરનું. શબ્દો અને વાક્યો અને ભાવો અહીંતહીંથી એકઠા કરી, 'પસંદગી' કરવા જેટલું પણ પોતાપણું વાપર્યા વગર, એમને જોડી દઇ ભજનો–ઉપદેશો–આજ્ઞાપત્રિકાઓ લખાય છે. એમાં ચૈતન્ય ક્યાંથી હોય ? અને ચૈતન્ય વગરની એ કાયા કોઇના ચૈતન્યને શું જગાવી કે નચાવી શકે ? આવા સાહિત્ય અને એ સાહિત્ય વડે જગતને સ્વર્ગ દેખાડવાાં મથતા ધર્માત્માઓ કરતાં તે બીથોવન જેવા સંગીતશાસ્ત્રી જગત્ અને જીંદગીનું હાર્દ પીછાનવામાં અને 'જગત્' અને 'જીંદગી'પર 'જય' મેળવવામાં

-એટલું જ નહિ પણ એના શ્રોતાઓને પણ સ્થૂલના સાણસામાંથી છોડવી અસીમ આસમાનમાં ખેંચી જવામાં અનંતગુણી ફતેહ બતાવી શક્યા છે. પ્યારમાં નિષ્ફળતા, ધંધાની અસાધારણ મુશીબતો, નિર્ધનતા, કાનની બહેરાશ અને અનેક આફતો, સંકટો અને મુંઝવણોથી જાણે કેમ ત્હેના હજારો ટૂકડા ન થઇ જતા હોય એવી સ્થિતિમાં **બી**થોવને સઘળાં જૂઠાણો ('માયા'ના પડદાઓ) ચીરીને નિજાનંદમાં ઉંડી ડૂબકીઓ મારી છે. એના સંગીતની આધ્યાત્મિક ખૂબિઓ પ્રસિદ્ધ માનસશાસ્ત્રી ઍડવર્ડ કાર્પેન્ટરે " Angle's Wings " નામના મનનીય ગ્રંથમાં કહી બતાવી છે. કાર્પેન્ટરના અવલોકનમાંથી થોડા શબ્દો અક્ષરશ: અત્રે ઉતારવાની લાલચને હું દાબી શકતો નથી:

Beethoven is the prophet of the new era which the nineteenth century ushers in for mankind. As things must be *felt* before they can be acted out; so they may be expressed in the indefinite emotional forms of music, before they can be uttered and definitely imaged forth in words or pictorial shapes. Beethoven is great poet who holds Nature by the one hand and Man by the othes....In his great heart embraced all mankind, with piercing insight presented intellectually through all falsehoods to the truth, and already in his art work gave outline to the religions, the human, the democratic yearnings, the loves, the Comradeship, the daring individualities, and all the *heights* and *depths* of feeling of a new dawning era of society. He *was* in fact, and he gave utterance to, a new type of Man. What that *struggle* must have been between inner and outer conditions—of his real self with the lonely and mean surroundings in which it was embodied–we only know though his music. When we listen to it we can understand the world-old tradition that now and then a divine creature from far hearens takes mortal form and suffers in order that it may *embrace* and *redeem* mankind....It is difficult not to think that he *saw* (or perhaps one should say *felt*) that as the various movements, motives, melodies, phrases, ay, even separate notes, of a great Symphony, all have their distinct individualities, *and yet* are parts of one *absolute unity*—so the universe, so the society of mankind, realises or is on its way to realise, the same harmony, the union of myriads of distinct beings in one life.

* * *

The mood of feeling thus reached and expressed by Beethoven in his last period became to him something like the solution of the enigma of life. And I cannot but thank that he has (almost deliberately) expressed these in his Ninth Symphony. The enigma of Fate, of Destiny, and slight man face to face with it, is presented to us in the first movement; the enigma of Nature, pitiless in her very beauty, appeals to us in the second; in the third we share in the sweetness—and sadness—of twin human love. But all these are ultimately dismissed—even the last by itself is not sufficient–in favour of some feeling, some *sense* of COMPASSION and 'DETERMINATION' which reaches out to iuclude all mankind; a Gladness so assured that it turns the edge of fate; a sense of Equality and Freedom which gives the soul habitation everywhere.

* * *

This air which its absolute simplicity of structure, the fruit of *long meditation* and labor, has that quality which we have already noticed in many of his late subjects,

It has the sense of perfact rest, of verginal aud grateful gladness, conjoined with, partly produced by the arrangement of the harmonies, of *infinite experience*, and even sorrow, *outlined and transmuted.* If it has (as it has) that character of *naivete* and childlike innocence which Wagner attributes to it, it has also the character of a *return* to childlike innocence. *The round of all experience has been circled.* This is our surrender again to Nature, to simplicity, to the human heart, to Love, to Joy itself; for after all else has been tasted, there is nothing better than these. It is the realization somehow of a joy which lies beyond the ordinary objects of endeavor, which in some way is the fruit of deep suffering, and which certainly had come to Beethoven in these last years despite all the mainfold trials and despondencies in which he was plunged.

* * *

The composer *projects himself* beyond his own joys and griefs.

×××એક માસિકના અંક માટે આ લેખ ઘણો થઇ ગયો ગણાય; તેથી અહીં અટકીશ. આવતા કોઇ અંકમાં આ લેખ ચાલુ રહેશે. શ્રી મહાવીરના બાર વર્ષના 'તપ' અથવા આભ્યંતર વિકાસ (involution not evolution) પર યથાશક્તિ વિવેચન કર્યા બાદ કૈવલ્ય અને તે પછીની ક્રિયાત્મક જીંદગીનો કાંઇક ખ્યાલ આપવા પ્રયત્ન કરીશ. હું કબુલ કરીશ કે એક Superman ને ઓળખવો એ ન્હાની સુની વાત નથી અને ઓળખવા ઇચ્છિનારમાં અમુક ગુણ-સ્થાન ક્રમારોહણ (involution)ની અપેક્ષા રહે છે. બીજું, હું પોતાને મહાવીરનું ચિત્ર આળેખવા માટે યોગ્ય માનતો નથી-માત્ર મ્હારા વિકાસક્રમને અનુરૂપ એનાં નિત્ય નવાં ચિત્ર દોરૂં છું, ભુંસું છું અને ફરી દોરૂં છું. મ્હારી એ સ્રજનક્રિયા અને સંહારક્રિયા મ્હારી પોતાની 'જરૂરીઆત' છે. હું કોઇનો ઉપદેશક થવામાં મ્હારો લાભ માનતો નથી,-હા, બીજાઓ માર્ગ સૂચન મેળવી લે એમાં મ્હને હરકત નથી. સમ્પૂર્ણ એકાન્ત-બાહ્ય તેમજ આભ્યંતર એકાંત-પાંચ વર્ષ સુધી મેળવી શકાય તો જ મહાવીરનો ખરો ઇતિહાસ લખવો શક્ય બને એવી મ્હારી માન્યતા છે. અને એ પણ મ્હારૂં-ખરૂં કે ખોટું-માનવું છે કે આજ સુધીમાં શ્રી મહાવીરનો ખરો ઇતિહાસ સંપૂર્ણ લખાયો જ નથી.

SHAW.

---

## શ્રી વર્ધમાનનો ઉપદેશ અને સમાજ.

" હું માનું છઉં તેમ જૈન ધર્મના અંતિમ આવિર્ભાવનો અરૂણોદય શ્રમણપતિ પાર્શ્વનાથથી શરૂ થઇ શ્રમણપતિ વર્ધમાનના સામ્રાજ્યમાં તે મધ્યાહ્નરૂપે પરિણમેલ હતો. આ સમયમાં વૈદિક તત્ત્વો, આખ્યાનો, આચારો અને પૌરાણિક ચમત્કારો ચોમેર પ્રસરેલા હતાં અને તે દ્વારા બ્રાહ્મણો (?) ક્રવ્યાદ થઇને પશુઓનો અને માનવોનો સંહાર કરી રહ્યા હતા. યદ્યપિ વિકાર વિનાનું વૈદિક સત્ય, વૈદિક આચારો અને વૈદિક બંધારણો સંસારના અને મનુકુલના ઉદ્ધાર માટે પૂરતાં હતાં-એથી પણ અનેક આત્માઓ ઉચ્ચ કોટિના વિકાસને પામી ગયા છે, પામી રહ્યા છે અને પામી શકે છે પણ ખરા. પરંતુ જ્યારે એ સત્યને તેના ઉપદેશકોએ પાંજરામાં પૂરી તે દ્વારા પોતાના પેટનું વણ કરાવવા માંડયું ત્યારે એ, સત્યને બદલે અસત્ય થયું, વિશ્વાસને બદલે કપટ થયું અને રક્ષકને બદલે ઘાતક થયું-જે સત્યમાં સર્વ જીવ પ્રતિ મૈત્રીની ભાવના વિરાજતી હતી તે દ્વારાજ યજ્ઞોમાં અને જઠરોમાં પશુઓનો હોમ થવા લાગ્યો, નરમેધો અને અશ્વમેધો મંડાયા. જે સત્ય દ્વારા આત્મા માત્ર વિકાસનો અધિકારી ગણાતો હતો તે દ્વારા હવે એ વિકાસનો ઇજારો માત્ર બ્રાહ્મણસુવોએજ લીધો હતો-છે. અને એ સત્યના દિવ્યાસ્ત્ર ઉપર દંભ અને સ્વાર્થનું પાતું ચડાવીને બ્રાહ્મણોએ સમાજના પગો ઉપર કુઠાર ચલાવી તેને ગતિહીન કરી દીધો, સમાજની જંઘાઓને એજ અસ્ત્રદ્વારા ડામી દેવામાં આવી અને સમાજના બાહુઓને પણ ઠુંઠા કરી નાખવામાં આવ્યા અર્થાત્ બ્રાહ્મણરૂપ મસ્તકે સમાજના એ

[ અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૫૬. ]

# श्रीमान् तीर्थंकर महावीर और वेद.

( लेखकः—श्री बालचंद्राचार्यजी महाराज-खामगांव. )

श्रीमन्महावीर तीर्थंकर के विषयमें एक लेख लिखदेनेकी जैनयुग के तंत्रीजीकी प्रेरणा हुई इसलिए यह लेख लिखनेंकों उद्यत होना पडा. यद्यपि महावीर जीवन पर अनेक सुयोग्य लेखकों द्वारा लिखे गये लेख प्रकट हो चुके हैं. तर्कवितर्क होचुके हैं अब कुछ लिखना रहा होतो केवल चर्वित चर्वण साही कहा जा सकता है. तथापि हम हमारे विचार इस विषय में लिखना (चाहे किसी लेखकद्वारा लिखाभी गया होतो ) योग्य समझते है अस्तु.

महावीर की जीवनीपर प्रकाश देनेंवाले अनेक ग्रंथ है. परंतु कल्पसूत्र में प्रायः सभी विषय आचुके हैं. महात्माओंका चारित्र सदा ऐसा होता है कि जिसमें अनेक अद्भुत बातें मिल आती है. जिसकों जो बात विशेष पसंद होती है उसीपर वह कुछ लिखताहै. मेरी दृष्टिसे महावीर किसी विशेष सम्प्रदाय के स्थापक नहीं थे. और न कभी ऐसा प्रयत्न किया गया लिखा मिलता है! जीव मात्र पर समान दृष्टि रखनेंवाला सम्प्रदाय बनाना चाहे यह बनही नहीं सकता. महावीरने वेदोंको अमान्य नहीं कहा प्रत्युतः गणधर इन्द्रभूतिको प्रथमतः यही कहा कि " तू वेदोंके अर्थोंको नहीं जानता " अर्थात् वेद उपादेय है किन्तु अर्थ करनेंवाले परिव्राजक या ब्राह्मण ठीक अर्थ नहीं करते इस बात परसे (अर्थापत्ति न्यायसे) यह सिद्ध होता है वेदोंको महावीर हेय नहीं समझ तेथे. आजभी महावीरको दृष्टिसे विचार किया जायतो वेद हेय नहीं हैं. उपादेयह. चाहे निरुक्त या भाषा उनका अर्थ कुछ भी करें किन्तु वेदत्रयी में अनेक बातें ऐसी मिलती हैं कि—जो बडे महत्वकी है. उपनिषद् तो आत्मतत्त्वके विषयमें जैन तत्त्वज्ञान सदृशही प्रकाश डालता है. पुराणोंमें अलंकारिक वर्णन विशेष रूपसे है सही जो कि विचारशीलोंकों असंभवसा प्रतीत होता है परंतु लक्ष्यबिन्दु पर लक्ष्य देकर विचार किया जाय तो "अष्टादश पुराणेषु व्यासस्य वचनद्वयं परोपकारः पुण्याय पापाय परिपीडनम् " यह सिद्धान्त मिल आता है. तब यह जोर के साथ कह सकते हैं कि—विचारभिन्नता के लिए पृथक्पना अवश्य हैं किन्तु मूलपर दृष्टिपात किया जायतो भिन्न नहीं है. नैतिक सिद्धान्तोंका स्मृतियोंने बहुतही अच्छा चित्र खींचा हैं. जिनका अनुकरण हेमचन्द्रने " अर्हन्नीति " में और वर्द्धमान सूरिनें " आचार दिनकर " में किया है. अर्थात् जैनधर्मकी स्याद्वादव्यवस्था भारतीयोंकों सदामान्य रही है और रहेगी किन्तु एक दुसरे के अच्छे विचार

परस्पर ले लेना कोई बुरी बात नहीं. बुद्धि और शास्त्रपर किसीका कंट्रोल नहीं है, वैदिकधर्म और जैनधर्म भिन्नरूपसे जो समझा जाने लगा यह दोनों समाजो का परस्पर द्वेष और कलहके कारण समझा जाने लगा. शंकराचार्य, रामानुज, मध्व और बल्लभ आदि शैव और वैष्णव सम्प्रदायोंकी स्थापनाएँ हुईं और एक कहे हम वैदिक है. दुसरे सब नास्तिक है. दुसरे कहें हम वैदिक है अन्य सब नास्तिक है. ऐसा परस्पर वैदिकोंमें कलह फैला उस समयके जैनचार्योंने स्वधर्मकी रक्षाके लिए प्रथकत्व स्वीकार कर लिया. परंतु महावीर के समयमें ऐसा भेद नहीं पडा था. कई पारिव्राजकोंने महावीरसे व्रत नियम लिये हैं और वस्त्रपात्र पहले थे वैसेही रक्खे है. महावारका धार्मिक आधिपत्य स्वीकार कर लेनेंवाले परिव्राजकों को यदि महावीर यह कह देतेकि तुम कुलिंग मत रक्खों । तो क्या वे नहीं मानते ? मै तो समझताहूं वे अवश्य शिरसावन्द्य रखकर आज्ञा स्वीकार करलेतें परंतु महावीरकों इस बातकी जरूरीही नहीं थी. वस्त्र रक्खें तो क्या ? न रक्खें तो क्या ? इन बातोमें उन्हें तत्त्व नहीं दीखताथा. वेतो तत्त्वज्ञानमयि बने हुवे मस्तराम थे. कोई माने या न माने ! शत्रु रहे या मित्र बनें उनकों इसकी अपेक्षाही नहींथी. दुःखों को आह्वाहन कर भोगलेना, जन्म-मरण परंपरा इसी भवमें काटदेना यह एकही ध्येय था. इस ध्येयकों रखनेंवालेके कोई शत्रुमित्र हो नही सकता हां ! यह बात उनमें अवश्य थी कि-उनके पास आनेंवाले जिज्ञासु कों वे सुखका मार्ग बतलाते थे किन्तु अपना समझके नहीं "गणोहं नत्थि मे कोई नाहमन्नस्स कस्सई" यह तत्त्व उनका सदा सर्वदा अविच्छिन्न रहा है. गौतमबुद्धनें लोकसंग्रह पर दृष्टि रखकर उपदेश किया है. धर्मका प्रचार बढाया है परंतु महावीर कों यह भी अपेक्षा नहींथी. उनका तो यही सिद्धांत था कि " कहेताहूं कहे जातहूं देताहूं हेला ! गुरुकी करणी गुरु गया ओ चेलेकी चेला " ऐसे सर्वोपरि सत्यवक्ताओंको इस बातकी अपेक्षा होही नहीं सकती. इसीसे महावीरके समयमं जैन समाज कृशावस्थामें था. वरना वे चाहते तो करोडोंकी संख्यामें कर सकते थे. परंतु करना किसकों था ? न घटाना था और न बढाना था जो होताहो वह होता रहें यह दशा थी और यही दशा पहले जितने तीर्थंकर हुवे है उनकी रही है और रहेगी. समाजसंगठन का कार्य गणधरों द्वारा होना संभव हो सकता है किन्तु तीर्थंकर केवल आत्मज्ञानमेंही मग्न होते हैं. दुःखोंसे गभराते नहीं और सुखोंको चहाते नहीं. अर्थात् महावोर देवके समयमें वैदिक धर्म के साथ आजके सदृश भिन्नता नहींथी और उस जमानेमें आज सरीखा जाति और धर्मके कठोर बंधनोंमें बंधा हुआ कोई समाज नहीं था. वैदिक उपासनामें विष्णु, शंकर, शक्ति, सूर्य, गणपति प्रभृति देवोंकी उपासना करतेथे वैसेही तीर्थंकरोंकी उपासना किया करतेथे. ऐहिक

कामनाओंके लिए लौकिक देवोंको मानतेथे वैसेही लोकोत्तर सिद्धिके लिए अर्हन्‌को मानतेथे. वेदोंमें अर्हन् देवके संबंधमें मंत्रहै. पुराणोंमेंभी उल्लेख अनेक स्थल परहै. वैदिक स्तोत्र पाठोंमें अरिहंतोंको विष्णु के अवतार मानेहैं. ऋषभ देवकी महिमा भागवत पुराण में वर्णन कीहै. अरिष्टनेमी तीर्थंकरका वर्णन वेदोंमें है. अर्थात् महावीर के समयतक जैन और वैदिक भिन्नधर्मि नहीं समझे जातेथे. परंतु उपासना भेद मात्र था.

भारतीय धर्मकी जबसे भारतमें तीन शाखाएँ हुई तभींसे परस्पर फूट फैलने लगी. क्षणिक सिद्धांति, नित्यसिद्धांति और नित्यानित्य सिद्धांति. यह तीन भेद सूक्ष्म रूपसे पडे और बढते यहां तक बढे कि—एक दुसरे कों बुरा बतलानाही अच्छा समझा जाने लगा.

वेदोंके संबंधमें हम इतनी बात जोरके साथ कह सकते हैं कि—जिस अवस्थामें वेद होने चाहिये वेसी अवस्था वेदोंकी नहीं रही. ऋषभदेव और भरतके समयमें वेद पूर्णांगरूपमें थे. उस समय जैन धर्मानुयायी वर्ग संसारकी व्यवस्थाके लिए वेद पढतेथे. उसके पश्चात् वेदिक ऋषियोंके कुछ २ मंत्र कंठस्थ रहे परंतु उन विज्ञानात्मक वेदोंका ह्रास होनें लगा. लाखो मंत्र नष्ट हो गये ऐसी दुर्दशा होते देख अवशेष भागकों बादरायण व्यास के चार शिष्योंनें चार संहितोंका रूप देकर संग्रह करदिया. निगह पेल अंगीरा और जैमिनी इन चारोंने संग्रहकर ऋक्, यजु, साम और अथर्व ऐसे चार नाम वेदोंके रख दिये. सूची, निरुक्त, उनपर बनगये वेदोंका सच्चा अर्थ बतलानेंवाले अनेक ब्राह्मण ग्रंथथे. उनकाभी अधिक भाग लुप्त हो गया. इस समय थाडेसे ब्राह्मण ग्रंथ प्राप्त हे. इधर सायण महिधरादिक भाष्यकारोंनें साम्प्रदायिक मोहमें फँस कर—वेदोंके अर्थोंमें गडबड करदी. तथापि इतना हम दावेके साथ कह सकते हैं कि—रहे सहे भागकों संहिताओंका रूपदिया जानेंपर तथा सूची निरुक्तादि बन जानेंसे अवशेष भाग जो था वह आजतक कायम रह गया यह अवश्य सौभाग्यकी बात हुई—अवशेष भागमेंभी बहुत कुछ मिल सकता है. विज्ञानात्मक दृष्टिसे आजभी वेदोंका अर्थ किया जाय तो कुछ बुरा नहीं है. इस लिए वेद आजभी उपादेय है. अनेक बातें आजभी उनमें मिल आती है. किन्तु बौद्धोके समयमें क्षणिक वादका जोर रहा उस समयमें गुप्तरूपसे वेदानुयायियोंमें वाममार्गकी प्रबलता होने लगी. मांस मदिरा सेवन करना मामूली बात हो गई. नरमेधतक होनें लगा. "न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने" वैदिक कहने लगे. प्रकृति उपासकोंमें शाक्त कहलानेंवाले वाममार्गी जगदंबाके नाम पर बलीदान करनें लगे. उनका अनुकरण अच्छे २ वैदिक विद्वान्‌भी करनें लगे और कहनें लग गये कि—"यागिया हिंसा हिंसा न भवति" इस प्रकार घोर हिंसा होने लगी ऐसी दशामें कुशल जैनाचार्योंने अहिंसक दशामें रहकर जितना कुछ हो सका उतना अहिंसामय संसारको

रखनेका प्रयत्न किया. इसके लिए अनेक दव देवियोंके मंत्र यंत्र तंत्रादि कल्प बनानें पडे और उसका परिणाम यह अवश्य हुवा कि–कुछ वर्ग हिंसासे बच गया किन्तु जैन धर्म में भी महावीर के सिद्धान्तोंके विरुद्ध देवगत मिथ्यात्व ऐसा जबरदस्त घूस गया कि–जो आज तक समझदारोंकों खटक रहा है. खैर कहना यह है कि–वेद उपादेयथे और आजभी उपादेय है. भारतीय धर्ममेंसे जैन, वैदिक और बौद्ध यह तीन शाखाएँ भिन्न होकर सम्प्रदायोंका रूप धारण किया तबसे धीरेधीरे कलह होने लगा और एक दुसरेकों बुरा कहनें लगे किन्तु इसके पहले सब बातें व्यवस्थित रूपमें थी. अपेक्षासे सबही बातें मान्य हो सकती है. किन्तु एकान्त नहीं. यह तत्त्व सभीने किसी न किसी रूपमें स्वीकार किया है और यही जैन दर्शनका मुख्य सिद्धान्त है एवं नैतिक सिद्धान्तोंमें अहिंसाकों प्रधानपद इसी लिए दिया गया है कि–यह सिद्धान्त जहां नहीं है वहीं मनुष्यत्वही नही है इस लिए यह व्यवहारु सिद्धान्त है. "परस्परोपग्रहो जीवानां" अर्थात् परस्पर उपग्रह के सिवा संसारमें कोई क्षणभर भी रह नहीं सकता. बस मेरा कहना इतनाही है कि–महावीर संसार मात्रके उपकारी महान् पुरुषथे. वे किसी सम्प्रदायके नहीं थे. सूर्य सब कों प्रकाश दताह. उसपर कोई हक नहीं कर सकता कि–" सूर्य मेराही है तेरा नही " ऐसे ही महावीर सबके थे. कोई माने न माने उसकी खुसी परंतु आजभारत धार्मिक झगडोंकों छोडकर परस्पर प्रेमकी वृद्धि कर धार्मिक कलह त्यागकर एक हो ज़ाय तो लौकिक स्वराज्य और लोकोत्तर (आत्मिक) स्वराज्य तक प्राप्त कर सकता है. शम्.

---

ત્રણે અંગોને–શૂદ્ર, વૈશ્ય અને ક્ષત્રિયોને–માત્ર પોતાના પેટ અર્થે કચરી નાખવામાં કશી મણા રાખી નહિ–એ પ્રકારે જ્યારે સત્યને નામે અસત્યની નોબતો મંડાણી અને બ્રાહ્મણોએ સત્યસ્વરૂપ વિષ્ણુને અસત્ય રૂપ રાક્ષસનો સ્વાંગ ધારણ કરાવી જગતના વિકાસનો સંહાર કરવાનો પ્રચંડ પ્રયત્ન આદર્યો હતો તે સમયે, તેઓની સામે પરમકારૂણિક વર્ધમાનનો અને પરમકારૂણિક બુદ્ધનો આવિર્ભાવ થયો હતો. તે બ્રાહ્મણોના પોકળ દંભને, નિરા સ્વાર્થને અને ગીધની જેવી લોલુપતાને પરાજિત કરવા ભર જુવાનીના વિલાસો અને મોજશોખોને લાત મારી વર્ધમાને ઉચ્ચ કોટિના ત્યાગવ્રતની ઉદ્‌ઘોષણા કરી હતી અને ખુદ પોતે પણ તેનું આચરણ કરી સંસારને આત્મવિકાસનો એ જ માર્ગ, જે અવિકારી વૈદિક સત્યમાં ચળકી રહ્યો હતો–બતાવ્યો અને સામ્યવાદના ધોરણનું સ્થાપન કરીને કહ્યું કેઃ—

[1]कम्मुणा बंभणो होइ कम्मुणा होइ खत्तिओ ।
वइस्सो कम्मुणा होइ सुद्दो हवइ कम्मुणा ॥ ३१ ॥

[2]सक्खं खु दीसइ तवोविसेसो, न दीसइ जाइविसेसु कोइ ।
सोवागपुत्तं हरिएससाहुं जस्सेरिसा इड्ढी महाणुभावा ॥

અર્થાત્ 'કોઇ મનુષ્ય, માત્ર જન્મથી જ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર હોઇ શકતો નથી, કિંતુ મનુષ્ય માત્રમાં તે તે પ્રવૃત્તિને અંગે બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ, વૈશ્યત્વ કે શૂદ્રત્વ આવી શકે છે અને બ્રાહ્મણ પણ કાલે કરીને શૂદ્રતાને પામે છે અને શૂદ્ર પણ વિકાસના પ્રકર્ષને લીધે બ્રાહ્મણત્વની પરાકાષ્ઠાએ પહોંચે છે–માનવ માત્રની પૂજ્યતા, તેના ગુણો, આચારો અને કર્તવ્યોમાં જ સમાએલી છે, નહિ કે તેની જાતમાં. કુલે કરીને ચાંડાળ પણ તેના ગુણોને લીધે પૂજાપાત્ર બ્રહ્મસ્વરૂપ પામી શકે છે."

---

૧ ઉત્તરાધ્યયન–અધ્યયન–૨૫. ૨ ઉત્તરાધ્યયન અધ્યયન ૧૨, ગા૦ ૩૭.

# શ્રી મહાવીર રાસ.

[ કર્તા-**અભયતિલકગણિ** સં. ૧૩૦૭ વૈશાખ ૧૦. ]

**પા**સનાહ જિણદત્તગુરુ અનુ પાય પઉમ પણમેવિ,
પભણિસુ **વીર**હ રાસુલઉ અનુ,
સાંભલહુ ભવિય મિલેવિ ॥૧॥
**સરસતિ** માડી વીનવઉ અનુ, મઝ કરી વડઉ પસાઉ,
**વીર** જિણેસરુ જિન થુણઉ અનુ,
મેલ્હિવિ અનુ વવસાઉ ॥૨॥
**ભીમ**પલ્લી પુરી વિહિ ભવણિ,
અનુસંઠિઉ **વીરુ** જિણિંદુ,
દરિસણિ મિત્તવિ ભવિય જણુ અનુ,
તોડઇ ભવ દુહ કંદો ॥૩॥
સિરિ **સિદ્ધત્થ** નરેસરહ અનુકુલ નહયલિ માયંદુ,
તિસલા દેવિ ઉદરિ સરિ અનુ,સોવન કમલુ ઉદંડુ ॥૪॥
નિરુવમ રૂવિણુ **વીર** જિણુ અનુ, સવુ જગુ વિમ્હાવેઇ,
પણુ મંતહ ભવિયહ જણહ અનુ,
સયલવિ દુરિય હરેઈ ॥૫॥
તસુ ઉવરિ ભવણુ ઉત્તંગ વર તોરણું,
મંડલિય રાય આએસિ અઇસોહણું
**સાહુણા** ભુવણપાલેણ કારાવિયં,
જગધરહ **સાહુ** કુલિ કલસ ચડાવિયં ॥૬॥
**હેમ** ધયદંડ કલસો તહિકારિઉ,
પજ્જુ જિણેસર સુગુરુ પાસિ પયઠાવિઉ;
**વિક્કમે વરિસ તેરહઇ સત્તરૂત્તરે,**
સેય **વઈસાહ** દસમીઈ સુહવાસરે ॥૭॥
ઇહ મહે દિસો દિસ સંઘ મિલિયા ઘણા,
વસણ ધણહિં વરિસંત જિવ નવ ઘણા,
ઠાણિ ઠાણે પણચ્ચંતિ તરુણી જણા,
કણિ રમણિ નેઉરા રાવ રંજિય જણા ॥૮॥
ઘરિ ઘરે બદ્ધ નવ વંદણ માલિયા,
ઉબ્ભવિય ગૃડિયા ચઉક પરિ પૂરિયા,
આદિ રણ સંઘુ સયલોવિ પરિ પૂઇઉ,
સબ્વ દરિસણુ નયર લોઉ સંમાણિઉ ॥૯॥

રંગિ ખિલ્લંતિ મલ્લંતિ તહ ખેલયા,
મહુર સરિ ગીઉ ગાયંતિ વર બાલિયા,
**સીલણો** દંડ નાયગવરો હિરિસિઉં,
વીર સવણેણ પૂરિય પઇન્નો હુઉ ॥૧૦॥
જઉ ચડિયઉ **વીર** ભુયણિ, દંડ કલસ સોવન્નુ,
તતઉ વિહિ ગગ્ગિ સમચ્છલિઉ,જયજય સદ્દ રવન્નુ ॥૧૧॥
**વીર**હ ધય જઉલ્લહ લહઈ, હિસિય જગ સવ્વ,
હરિસિણિ ભટ્ટ નગારિયહિં, પઢિયા કવ્વ અપુવ્વ ॥૧૨॥
પવણ પકંપિર વીર ગિહિં, જાણિજ્જઈય પડાય,
તઉપ્પાડિયા ચવેડ કરિ, દુટ્ઠરિટ્ઠ હણણાય ॥૧૩॥
ત ચડિયઈ ધયવડિ વીર જિણ, કલા ન અંગિ સમાઇ,
ત જણુ પિક્ખવિ વીરહ વયણુ હલ્લ કલોલે જાઇ ॥૧૪॥
ત **વીર**ભુવણિ સુપઇટ્ઠિયઇ દિસિ દિસિ વજ્જિય તૂર,
ત દિસિ દિસિ વધ્ધાવણુવ હૂય, સંઘ મણોરહ પૂર ॥૧૫॥
જે પહુ **વીર** જિણિંદુ નયણું જલિ પુડય છણિપિયહિ;
જિમ અમિય નિસ્સંદુ તે જિ ધન્ન સુકયત્થ નર ॥૧૬॥
જે ન્હવંતિ વંદંતિ અચ્ચહિ ચચ્ચહિં **વીર** જિણુ,
નવ નિહાણ તિ લહંતિ, ભંતિ મ કરિસઉ ભવિય
જણા ॥૧૭॥
**વીર**હ સીહ દુવારિ એહુ રાસુ જે દિંતિ નર,
તે સિવ પુર મજ્ઝારિ, વિલસહિ સુહ ભોગ વહિ
પર ॥૧૮॥
ખેલા ખેલી દિંતિ રાસુ જયઉ રલિયાવણઉ,
તાહ કરઉ સિવ સંતિ બંભ સંતિ અનુખેત લઉ ॥૧૯॥
જાવ મેરુ ગિરિ સારૂ વિલસઇ મહિ મંડલિ સયલિ,
સિરિ મંડલિય વિહારુ તામ એઉ નંદઉ જયઉ ॥૨૦॥
**અભયતિલક** ગણિ પાસિ, ખેલહિં મિલવિ
કલાવિયઉ,
ઇય નિય મણિ ઉલ્હાસિ, રાસુ લડઉ ભવિયણુ
હિયહુ ॥૨૧॥

**—શ્રી મહાવીર રાસ.**

---

( આ રાસ વિક્રમ ચૌદમા શતકની શરૂઆતમાં રચાયેલો છે અને તે અપભ્રંશ-જૂની ગૂજરાતી ભાષામાં હોઇ ભાષા શાસ્ત્રીઓને અતિ ઉપયોગી થઈ પડે તેમ છે. આનું વર્તમાન ભાષામાં અવતરણ પંડિત બહેચરદાસ આદિ તેના ભાવાર્થ સહિત મોકલવા કૃપા કરશે તો અમો ખુશીથી પ્રકટ કરીશું. તંત્રી. ]

# પત્ર વ્યવહાર.

૧

'હવે તો, હવે તો, હવે તો એમ ચોક્કસ લાગે છે કે શ્રી મહાવીરે અનંતબળ પ્રગટાવ્યું-સંપૂર્ણપણે પ્રગટાવ્યું, હાજરાહજુર બળ, ત્રણે કાળના જાણપણાનું-સમયે સમયે સર્વે જીવોના ને પુદ્દગળોના-તમામ દ્રવ્યોના એક સાથે ભાવ જાણવાનું બળ છતાં એ મહાસમર્થ વ્યક્તિએ પણ આખા જગતને સુધારવાનો ભાવ રાખ્યો પણ દાવો છોડી દીધો. શ્રી મહાવીર પણ તેમનું કુટુંબ ગૌતમ જેટલું ન સુધારી શક્યા. હવે તો, તટસ્થ રહી, કષાય રહિત જગતને સુધારવાનો જ્યાં જ્યાં પ્રસંગ આવી પડે ત્યાં ત્યાંજ માત્ર મન વાણી કાયાના પ્રયોગ કરવા-પ્રમાદ ન કરવો, પણ આમ કરૂં ને તેમ કરૂં, આ કેમ બસ ન થાય-કર્યેજ છૂટકો-(અર્થં સાધયામિ વા દેહં પાતયામિ કે) **'विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः, प्रारब्धमुत्तमजनाः न परित्यजन्ति'** -એ ભર્તૃહરિનું વાક્ય અપેક્ષાએ માત્ર એકાદ નયે માત્ર ગ્રહણ કરી, આત્માનું-માત્ર પોતાના આત્માનું હિત સાધવું. એકનું સાધ્યું એમાં અનેકનું અનેક જન્માન્તરનું હિત સધાઇ જાય છે. જે આત્મા તીર્થંકર જેવો થઇ આ જગતના જીવોમાંથી દરેકની સાથેનો મઝીયારો સંપૂર્ણપણે છોડી મોક્ષે જાય છે તેણે અનંતકાલ લગી અનંતાનંત જીવોને ઘણુંજ સુખ આપ્યું છે. દુઃખ આપવાના ન દાવા કર્યા છે. એ સત્યે મને જગતમાં વિચરવાનો ભાવ ઉત્પન્ન થાય છે ને તેજ રહે તો કેવું સારૂં!-એમ થાય છે. તમને પણ એજ સોંપું છું. એજ અચળ અમલ-અખંડ-અપ્રતિહત-અનિવાર્ય અને શાશ્વત સિદ્ધાન્ત છે.

આ મારા પેરિગ્રાફ પર પૂર્ણ વિચાર કરશો તો તમે તેને વિશેષ સુગંધીથી દીપાવશો. અનંત તીર્થંકરોએ એજ સાર-એજ રહસ્ય છેવટ પકડી તટસ્થપણું સ્વીકાર્યું છે. આમાં અંતરને બાહ્ય અપૂર્વ આનંદ-મહા આનંદ-ખરી લહેજત મળે છે ને તેજ લ્હેજત આપણે સારૂ આ જીવનમાં ઉત્તમોત્તમ છે. જો એ નહિ ગ્રહીએ તો જરૂર મનુષ્યભવ હારી જઇશું. આવો ભાવ લઇને મરીએ તો ભલે એકાવતારી ન થઇએ પણ નવા જન્મમાં અખંડ એ ભાવને લઇને નવા ગર્ભમાંથીજ કામ શરૂ કરીએ અને પછી જોઇ લ્યો એ મૂડી-એ પરંપરાની મૂડી નવા ભવોમાં શું કામ કરે છે ? અદ્દભુત કામ કરેજ કરે -કરશેજ કરશે.

આ મારી વાત-અમૂલ્ય વાત-અતિ મોંઘી વાતને તમે તરત ઉપાડી લેજો ને જગતને ન આપી શકો તો તમે તો તમારા એક આત્માના અસંખ્ય પ્રદેશમાંના દરેકે દરેક પર છાંટી તેને તેથી સુવાસિત કરજો. બસ.

આ લખાણ લખવાનું મન એટલા માટે પણ થાય છે કે તમને પણ 'આમ કેમ થાય, અરે આ ...શું થવા બેઠું છે, આ...આમ કાં ન સમજે, આ...મને ક્યાં સાંપડી, આ.........બેઠો છે, આ ...કાં ન કંઇ રસ્તો કાઢે?'' વગેરે થાય છે તે ઉપર પણ છે. આનું નામ નામરદાઈ નથી, અપૂર્વ એ અનંત પુરૂષાર્થ છે. એ બળને જાણનારાજ જાણે. અનંતાએ જાણ્યું. હવે આપણે આપણા એક આત્માને જણાવવું, શરધાવવું, પ્રરૂપાવવું રહ્યું છે માત્ર. એ થયું કે સર્વ સારૂં. ભાઇ, વિચારજો. આથી રહેલી બાકીની આવરદા તન નીરોગી રાખશે, વાણી મધુરી ને વિચારપુરઃસરની કરશે અને મન શાંત પડી જશે. માત્ર આત્મભાવ અખંડ પુરૂષાર્થમય રહેશે. પુરૂષાર્થજ તેનું નામ કે જે આત્માને આત્માના સ્વરૂપમાં-અખંડ ઉપયોગમાં રાખે. બાકીના મન-વાણી-કાયાની ચેષ્ટાના પ્રયત્નોનો આથી અનંતગુણા અનંતવાર આપણે આ જગતમાં નાટય પ્રયોગની માફક કરી ગયા છીએ. આ હીરો-પારસમણિ શોધો, પાસેજ છે, ઘરમાંજ છે; આપણા અંતરની બખોલમાં છે, તેને જાણવો-અનુભવવો રહ્યો-મેળવવો રહ્યો. સૌ પાસે છે પણ સૌ સૌનું જાણે,

હું તો મારૂં ફોડું છું. આવી રીતે ઘર ફોડી, ઘરમાં રમતા દેવને શોધો. હાંડલામાં હીરો સલવાયો હોય ને તે કેમેય ન નીકળે તો આખરે તેને ફોડવુંજ પડે છે તેના જેવું આ છે......ઘણું છે, પણ ઘણું છે તે થોડામાં સમાયજ છે. આત્મા રબરથી પણ અનંતગણો સ્થિતિસ્થાપક છે. બસ-ફરી ફરી બસ.

અગસ્ટ ૧૯૨૬. —ઉત્તમતનય.

૨

[ એક ઉત્સાહી ધર્મબંધુએ લંડનમાં બેઠાં બેઠાં પોતાના વિચારો શત્રુંજય સંબંધી શું કરવું એ સંબંધી એક પત્ર દ્વારા એકને જણાવ્યા છે તે કેવા લાગણી ભર્યા છે એનો ખ્યાલ આવે તે માટે અત્ર મૂકયા છે. તેમાં ભાષા ભાષાદષ્ટિએ જોવાની નથી, પણ તે ભાષામાં રહેલી લાગણી જોવાની છે. તંત્રી. ]

લંડન. તા. ૨૦ ઓગસ્ટ.

**ધર્મવીર બંધુ,**

કદી ન ધારેલા સ્નેહી તરફથી પત્ર મલતાં વીસમયતા તો લાગશેજ; કદાચ તમારી કાવ્ય તરંગીની કલ્પનાશક્તિ રસતરંગોમાં રેલશે,દુર દેશ છતાં પણ જેમ.
Whenever I go, whatever realms I see.
My heart unravelled simply, turns to thee.

જૈન કોમના ગૌરવ ભાવના મંદિર શત્રુંજયના વિગ્રહમાં શત્રુજીત વીર બંધુની શોધમાં આ કલમ ચાલે છે-ભાવે તમોને ભેટે છે. ભાઇ...ના પ્રસંગમાં તમોને ઘણીવાર યાદ કર્યા-તમો ભાઇ યુરોપની વીર કર્મયોગી, કુદરત દેવીની-સંપૂર્ણ કૃપાથી વીભુષીત સંસારની તમામ પુણ્યાઇઓથી ભરપુર-ધર્મ દૃષ્ટિથી-શ્રાવક ધર્મ દષ્ટીથી (નહી કે સાધુ ધર્મ) દાન, દયા, શીયલ, તપ, ભાવનાથી ભરપુર ભરેલી-વિદ્યાકલા, કાવ્ય સાહિત્ય, સ્થાપત્ય, સંગીત, વિજ્ઞાન, ચિત્રકલા વીગેરે અનેક કલાઓ-વીભુતિઓ પુણ્યાઇની તમામ પ્રસાદીઓ સ્વતંત્ર વીરતાના વીરોથી વસીત-ભરપૂર ભૂમીમાં તમો જેવા રસીક કર્મવીરની યાદગીરી થાય તે સ્વભાવીક છે. પ્રસ્તુત શત્રુંજય પ્રકરણમાં મારા વીચાર હવે જણાવું છું.

જેમ મક્કા જેરૂસેલમ માટે ધર્મ--આંધલા ધર્મ જનુન છે તેવા જનુનો પ્રગટ દેખાવા જોઇએ. પોલીટીકલ રાજ્ય નીતિમાં ન્યાય હોતો નથી. ત્યાં બળ-પ્રકૃતીશાસ્ત્રમાં, જગતના દરેક વ્યવહારમાં, રે દંપતીના પ્રેમજીવનમાં કે સાધુની મોક્ષ મંગળની મંગળ ભાવનામાં બળ-ક્ષત્રીયતાનેજ સ્થાન અપાયું છે.

વીજય કુંવરીએ વરમાળા વીરાઓનેજ પહેરાવી છે.-ગમે તેટલી ચળવળના રોદણાં, ગમે તેવા મરેલાના રાજીયા કે લલીત છંદની બાહોશી છતાં Watson એ બલીયાના બે ભાગ દેખાડી આપ્યા છે. પૈસા કરતાં ડુંગરની-હમેશની માલીકી ખોઇ નાખી તેની પવિત્રતા ગુમાવાની મોટામાં મોટી ધાસ્તી ઉભી છે. ભવિષ્ય જો હાલ ઉપર તરત કટીબધ્ધ નહી થવાય તો ધર્મભાવના જૈનોની પ્રાણ ભાવના, પ્રેમ ભાવનાનું આખરે વિનાશ છે માટે તમો વીર બંધુએ શૌર્યતાના વીર પાન-કેસરીયાં-કરી દેખાડવાં પડશે. હાથણી કોઈ પુણ્યશાલી શોધી કળશ ઢોળે, તેમ મારી પ્રેમભાવના તમારા તરફ આકર્ષાઇ કાંઇક પ્રેરે છે-મારો મત, આ કામમાં-"સ્ત્રીસેના સત્યાગ્રહ" તૈયાર કરવાનો છે.

હીંદુસ્તાનમાં પુરૂષો કરતાં (જો હીંદુસ્થાનમાં પુરૂષો રહ્યા હોય તો) સ્ત્રીઓ ધર્મ માટે પ્રાણ અર્પશે. ચોવીસ તીર્થંકરોના ટાઇમમાં સ્ત્રીઓજ-વધારે સાધ્વીઓએજ મોક્ષ ઉપાર્જન કર્યું છે અને પુરૂષો કરતાં સરસાઇ દેખાડી આપી છે. અહીંયા યુરોપમાં પણ સ્ત્રીઓ તેજ સાબીત કરવા મંથન કરી રહી છે. શ્વેતામ્બરોએ દીગંબરો સામે સ્ત્રીઓનોજ પક્ષ લઇ તેમની શકતી સાબીત કરી છે. જો દસ હજાર સ્ત્રીઓ તમો ભાઇની 'વીરદેશના'થી તે ધર્મ ક્ષત્રિયાણીઓમાં ધર્મ ભાવનાના અંકુર જાગૃત કરશો તો તે દેવીઓ અપવાસ વીગેરે તમામ કષ્ટો ઉપસર્ગો સહન કરી તમારી સેનાપતિપણા નીચે બહાદુર સેના થશે. સ્ત્રીઓ હોવાથી દરબારથી તેમને હાથ પણ અડાડી નહી શકાય. તેમ તેમને કોઇ પણ જાતનું કષ્ટ અપાશે

નહી કે મર્યાદાભંગ થશે નહી. અને થોડાજ કષ્ટમાં બહુ મોટું ફળ થશે. તેઓ કષ્ટો ખમી શકશે. સાથે તેની moral political, social impresion (નૈતિક, રાજ્યદ્વારી, સામાજીક અસર) આખી દુનીયામાં થશે. જૈન સમાજમાં પુરૂષો નથી—અકાલી નથી—નહી તો આપને સ્ત્રી સમાજના સેનાપતીનું માન ન આપત—પણ યુદ્ધમાં લશ્કર યોગ્ય શોધવું જોઇએ. ડરપોક નમાલા, દુખીયા-ખટપટીયા—મતલબીયા—લાંબી લાંબી વાતો કરી કાંઇ કાર્ય પણ નહી કરી શકનારા, ટુંક વીચારના, સ્વાર્થી અને ધર્મ કરતાં પણ પોતાના સુખને વધારે ચાહનારા—બંધુઓ સત્યાગ્રહ કરી શકશે નહી, મહાત્માજીને પણ તેજ કારણને લીધે સત્યાગ્રહ મોકુફ રાખવો પડયો હતો. આપણે પણ આપણી સ્થીતીનો વીચાર કરવાનો છે. દીવાળીની ફટાકડીથી પણ ડરે, અને બે ત્રણ દહાડાના જેલનાં દુઃખ, રાબથી એવાં મીઠાઈ ખાવાના શોખીન પુરૂષો ઉભી પુંછડીયે ભાગી જઇ પાછા પડવાના. તેમ પુરૂષોને દરબાર તરફથી કષ્ટ પણ બહુજ સ્વભાવીક રીતે પડવાના; ને ગવર્મેંટ પણ જાણશે કે બહેચરાજીની ગરબી ગાનારા દેશમાં વસનારા, માંકડ કે કીડીથી પણ ડરતા બહાદુર પુરૂષો કેટલા દોડશે. તેથીજ મેં મારૂં લક્ષ સ્ત્રી સમાજ તરફ દોર્યું છે. તેની અસર ઘણીજ થશે. હજાર હજારનો બેચ કરી સ્ત્રીઓને ત્યાં સત્યાગ્રહ માટે લઇ જવી જેથી ઘણીજ હો હો થશે હીંદુ ક્ષત્રિયાણીઓનું પુનર્જીવન થશે. બાળલગ્ન, વૃદ્ધવિવાહ, લાકડે માંકડે વળગાવેલા, મનવીચાર મલ્યા વીના પ્રેમ વીના ઝુરતી બેહનો, દુખીઆરી વિધવાઓ, ધાર્મીકજીવન ભોગ આપતી સાધ્વીજીઓ અનેક આવા કાલમાં પણ કષ્ટ સહન કરતી તે તપેશ્વરી દેવીઓ જરૂર તમને જસ આપશે. ભોગ અપાશે તો પણ તેમના સંસારના મારામાંથી છૂટશે. ઉપર પેલે ભવ મુક્તિ મળવા બદલ આ ભવમાં શત્રુંજયના પ્રભાવે મુક્તિ મલશે. બાકી ગમે તેવા છાપાંના લખાણો ભાષણોથી કાંઇ થશે નહી. બ્રીટીસ પોલીશી પ્રમાણે તેના અમલદારે આપેલો ઠરાવ ફેરવતા બહુજ જબરૂં બળ જોઇએ. માલવીયાજીને કલકત્તા પ્રવેશ કરવાના મેજીસ્ટ્રેટના મનાઇ હુકમ સામે બલથી હુકમને ઠેકાણે રાખવામાં અપૂર્વ શૌર્ય જોઇએ. મને તમે બધી વાતોએ આ કામમાં ઠીક લાગો છો તેથી જ તમોને ખાસ ભાવપૂર્વક ભજું છું હું હીંદુસ્થાન આવીશ ત્યારે તમારો કર્નલ બનીશ. પણ તે બાબતમાં તમો ભાઇ પૂરતો વીચાર કરી રાખશો. બધી બાજુએથી ખટપટો ચાલે છે. પણ તે ખટપટોનું ફલ ત્યાંના શુરાતન ઉપર છે. તમો ભાઇ એક વર્ષ યુરોપના પ્રવાસે કોઇવાર આવી આ લોકો કેમ રાજ્ય કરે છે, આપણે કેમ ગુલામો છીએ ( dicispline & order ) બીજી સ્થીતી શું થઇ છે તે તેમના આંતરીક જીવન તેમની સ્વતંત્રતા દેશાભિમાનની ભાવનાઓ તપાસશો ત્યારે નવ ચૈતન્ય નવજીવન નવયુગ આવશે...ભાઇને તે બાબતનો અનુભવ ખાસ પૂછી આપ તેમનો અનુભવ જરૂર કોન્ફરન્સના પત્રમાં પ્રગટ કરશો—આધિ વ્યાધિ યાને ઉપાધિ ગ્રથીત વ્યગ્ર ચિત્તે વધુ લખી શકતો નથી. પણ 'સુજ્ઞેષુ કિં બહુના'—આપને લખવું સુચના આપવી કે કંઇ ભાષા શૈલીથી જણાવવાની મારી યોગ્યતા નથી. પણ મારો નમ્ર વિચાર આપને પ્રગટ કરૂં છું તે માટે ક્ષમા આપશો.

લી. **વીયોગી સ્નેહી......**

P. S. પાંડવ યુદ્ધમાં શ્રી કૃષ્ણજીએ શ્રીખંડીને સેનાપતીપણું આપી ભીષ્મ પિતાને મહાત કર્યા હતા. તેવીજ રાજનીતિ અખ્તયાર કર્યા શીવાય કાર્ય થશે નહી એવો મારો અદના મત છે. 'સમયવર્તી સાવધાન, વરકન્યા સાવધાન' શ્રી કૃષ્ણજીએ સેનાપતી શ્રીખંડીને બનાવ્યા હતા આપણે લશ્કર સ્ત્રીઓનું બનાવી ધર્મ યુદ્ધના કેસરીયા કરાવશું.

# શ્રી આચારાંગમાં શ્રી મહાવીર.

[ શ્રી વર્ધમાન 'સંબંધે' આચાર અંગ નામક પ્રથમ અંગના 'ઉપધાનશ્રુત' નામના નવમા અધ્યયનમાં નીચે પ્રમાણે જણાવ્યું છે: ]

૧ જેમ સાંભળ્યું છે (તેમ) કહીશ.

૨ જેમ કે, તે શ્રમણ ભગવંતે [૧](મહાવીરે) ઉઠીને જાણીને તે હેમંત ઋતુમાં દીક્ષા લઇને[૨] (અધુના પ્રવજિત થઈ) તુરત વિહાર કર્યો હતો.

૩ તે હેમંત ઋતુમાં આ વસ્ત્રવડે (શરીરને) ઢાંકીશ નહીં (એ રીતે ભગવંતે વિચાર્યું હતું).

૪ તે (ભગવંત) જીવતાં લગી (દુઃખોના) પારને પામનાર [પારગ] હતા, (તેનું) એ (આચરણ) તેને જ છાજે તેવું [અનુધાર્મિક] હતું.

૫ ચાર માસ કરતાં વધારે વખત સુધી ઘણા જીવો –ભમરા અને કીડીઓ વગેરે–[પ્રાણજાતિકો] આવીને (ભગવંતના) શરીર ઉપર ચડી ફરતા હતા (અને) રોષમાં આવી તે જીવો તે શરીરને કરડતા હતા.

૬–૭ જે વસ્ત્રને એક વરસ અને એક માસ સુધી (ભગવાને) છોડયું ન હતું, ત્યાર બાદ છોડીને અનગાર અને ત્યાગી એવા ભગવાન્ અચેલક થયા. બાદમાં (ભગવંત) પુરૂષ પ્રમાણ એવી આંખ ઠેરવીને અંતરમાં ધ્યાન કરતા હતા.

૮ પછી (ભગવંતનાં) ચક્ષુથી ભય પામેલા (અને તેથી) ભેગા થએલા તે ઘણા (લોકો) (તેમને) હણી હણીને આક્રંદ કરતા હતા.

૯ ત્યાં ગીચોગીચ રહેલ–ગીચ વસ્તીવાળા (વિતિમિસ્સ–વ્યતિમિશ્ર) ઘરોમાં, ત્યાં (શયન શયનોમાં) સ્ત્રીઓને જાણીને તે (ભગવંત) સાંસારિક કાર્યને સેવતા ન હતા.

૧૦ તે પોતામાં–અંતરાત્મા પ્રવેશીને (પ્રવેસિયા–પ્રવેશાવીને) ધ્યાન કરતા હતા.

૧૧ જે કોઇ આ ગૃહસ્થો (હતા), (તેઓની સાથે) હળવું મળવું છોડી તે (ભગવંત) ધ્યાન કરતા હતા.

૧૨ પૂછતાં પણ સામો જવાબ ન આપતા હતા, સરળ (ઋજુ) (એવા તે ભગવંત) ભ્રમણ કર્યા કરતા હતા. અને કોઇનું અતિવર્તન ન કરતા.

૧૩ થી ૧૫. ત્યાં પુણ્યહીન લોકો પહેલાં ભગવાનને મારતા હતા, શરીરે ઉઝરડા કરતા હતા, (અને પછી કોઇ આવીને તેમનું) અભિવાદન કરતા હતા તો પણ (તે ભગવાન્ કાંઇ) બોલતા ન હતા. એમ કરવું ઘણાને સુકર નથી હોતું.

૧૬ ન ખમી શકાય એવાં કઠોર (દુઃખોની પણ) દરકાર ન કરતાં લોકપ્રસિદ્ધ નૃત્ય–ગ્નાનોની દંડયુદ્ધની અને તેમજ મુષ્ટિયુદ્ધોની (પણ) દરકાર ન કરતાં–તે મુનિ (ભગવંત)–(સંયમમાં) પરાક્રમ કરતા હતા.

૧૭ વખતે ગ્નાતપુત્ર, પરસ્પર કથાઓમાં તલ્લીન થએલા (લોકોને) વિશોકભાવે (કોઇ પણ પ્રકારના શોચ–વિચાર–વગર ઉદાર ભાવે)–જોતા હતા. (વળી તે)

૧૮ એવા મોટા (સુખ દુઃખના પ્રસંગો)નું સ્મરણ કર્યા વિના તે ગ્નાતપુત્ર ગમન કરતા હતા.

૧૯ વળી (તે ભગવંતે) દીક્ષા લીધા પહેલાં બે વરસ કરતાં વધારે વખત સુધી ઠંડું પાણી પીધું ન હતું.

૨૦ તે એકતાને પામ્યા હતા. તેમની કષાય જ્વાલા ઢંકાઇ ગઇ હતી, તે દેહ અને આત્માના અભિગ્ન હતા (તથા) શાંત હતા.

૨૧ પૃથ્વી, પાણી, તેજ, વાયુ, સેવાળ, બીજ, વનસ્પતિ અને હાલતા ત્રસકાય (હાલતા ચાલતા

---

૧. આ ( ) નિશાનમાં આવેલ શબ્દો માત્ર સંબંધની પૂર્તિ માટે છે.

૨. આ [ ] નિશાનમાં આવેલ શબ્દો મૂળ પાઠરૂપ છે અને અર્થ ભ્રમ ટાળવા માટે તેને અહીં જણાવવા પડયા છે.

પ્રાણિઓ)ને સર્વ પ્રકારે સમજી એ બધાં (સત્વ) છે' એમ જોઈ આ બધાં ચિત્તવાળાં છે એમ જાણી (તે જીવો) ને કષ્ટ થાય તેવી પ્રવૃત્તિ) વર્જીને,

૨૨ તથા કર્મવડે સ્થાવર જીવો ત્રસપણું પ્રાપ્ત કરે છે અને ત્રસજીવો સ્થાવરપણાને તે પ્રાપ્ત કરે છે. તેમજ બાલજીવો-અજ્ઞાન જીવો-પૃથક્ભાવે-સર્વ યોનિમાં ઉપજે છે, એમ ગણી તે મહાવીર વિહાર કરતા હતા.

૨૩ અને ભગવંતે એમ અન્વેષ્યું કે, ઉપધિવાળો -કષાયમાં ગૃદ્ધ થએલ-બાલજીવ, કર્મવડે લેપાય છે-કલેશને અનુભવે છે. એથી કર્મને સર્વ પ્રકારે જાણી ભગવંતે તે પાપ કર્મનો પરિત્યાગ કર્યો હતો.

૨૪ મેધાવી અને જ્ઞાની ભગવંતે કર્મની બે જાતને જાણી, કર્મના માર્ગને [આદાનસ્રોતને] જાણી, હિંસા વગેરેને (અતિપાતસ્રોતને) જાણી અને (યોગને) મન વચન તથા કાયની પ્રવૃત્તિને-જાણી અસાધારણ ક્રિયાનું-સંયમને-આખ્યાન કર્યું છે.

૨૫ (હિંસા થાય એવી પ્રવૃત્તિ ન કરતા) અને બીજા પાસે એવી (હિંસક) પ્રવૃત્તિ ન કરાવતા, એ રીતે (ભગવંત) પોતે નિર્દોષ અહિંસાને પાળતા હતા.

૨૬ જે (ભગવંત)ને સર્વ કર્મની મૂળ (સર્વ કર્માવહ) સ્ત્રીઓ પરિજ્ઞાત થઈ તેણે (સંસારને) જોયો.

૨૭ તે (ભગવંત) યથાકૃત-જેમાં કોઇ રીતે પોતે નિમિત્ત બનેલ હોય એવા-પદાર્થને સેવતા ન હતા. (કારણ કે,) તેણે સર્વ પ્રકારે કર્મોને જોયાં હતાં.

૨૮ જે કાંઈ પાપ (હતું) તેને ન કરતા ભગવંત વિકટ-નિર્દોષ-(આહાર)નું ભોજન કરતા હતા.

૨૯ તે પરવસ્ત્રને સેવતા ન હતા અને પરપાત્રમાં પણ ભોજન કરતા ન હતા.

૩૦ અપમાનને નહીં ગણી (અને) કોઇનું શરણ નહીં લઇ (તે ભગવંત) રસોડાઓમાં [સંખંડિઓમાં] (આહાર લેવા) જતા હતા.

૩૧ (તે ભગવંત) ખાનપાનની મર્યાદાના જાણ હતા, રસમાં લાલચુ [ગૃદ્ધ] ન હતા, તથા રસ લેવાની જ પ્રતિજ્ઞાવાળા ન હતા.

૩૨ (તે) મુનિ (ભગવંત) આંખને પણ ચોળતા (પ્રમાર્જતા) ન હતા, શરીરને પણ ખંજવાળતા ન હતા.

૩૩ (ચાલતાં) તીરછું જોતા નહીં, પાછળ જોતા નહીં, કોઈ બોલાવે તો (પાઠ જુઓ) બોલતા નહીં, (કિંતુ) રસ્તા તરફ લક્ષ્ય કરી યતનાપૂર્વક ચાલતા હતા.

૩૪ માર્ગ ઉપર જતા [અધ્વપ્રતિપન્ન] અનાગાર (ભગવંતે) શિશિર ઋતુમાં તે વસ્ત્રનો ત્યાગ કર્યો હતો.

૩૫ (તે ભગવંત) બાહુને પસારીને (સંયમમાં) પરાક્રમ કરતા હતા, ખંભાને અવલંબતા નહોતા.

૩૬ મતિમાન બ્રાહ્મણ [માહન] (મહાવીર) ભગવંતે કોઈ પ્રકારની પ્રતિજ્ઞા વિના-અમુક ફળ માટે અમુક કરવું, એવી લાલચ વિના-એ વિધિને અનેક રીતે આચર્યો હતો.

૩૭ એ રીતે બીજા (મુમુક્ષુઓ પણ) આચરે છે.

૩૮ એ પ્રમાણે બોલું છું.

—(પ્રથમ ઉદ્દેશક).

૩૯ (વીર પ્રભુએ વિહાર કરતાં જે જે ઠેકાણે નિવાસ કર્યો હતો, તે ઠેકાણાં કહો.) (તે ઠેકાણાં આ પ્રમાણે છે:—)

૪૦ કોઈ વખતે (ભગવંત) ઉજડ ઘરમાં, ચોરામાં, પરબમાં, હાટમાં, સૂતાર કે લુહારની કોડમાં અને પરાળની ગંજી નીચે રહેતા હતા.

૪૧ કોઈ વખતે ગામ બહારના ઉતારામાં, બાગમાંના ઘરમાં, નગરમાં, મસાણમાં, સૂના ઘરમાં અને ઝાડના મૂળમાં રહેતા હતા.

૪૨ એ ઠેકાણાંઓમાં શ્રમણ મુનિ (ભગવંત) (રહેતા) હતા અને પ્રમાદને પરિહરી રાતે તથા દિવસે પણ (સંયમમાં) યત્ન કરતા હતા.

૪૩ (સંયમ લીધા પછી) તેરમા વરસ સુધી સમાધિમાં લીન થઈ ધ્યાન ધ્યાતા હતા.

૪૪ ભગવંત નિદ્રાને પણ ઇચ્છાપૂર્વક–સૂવાની બુદ્ધિથી –સેવતા નહીં. (કદાચ નિદ્રા આવતી તો) ઉઠીને આત્માને જગાડતા.

૪૫ થોડું સૂતા, પણ કોઇ જાતની લાલચ વિના– 'સુખ મળશે' માટે સૂઉં એવી લાલચ વિના–સૂતા.

૪૬ જાગતા ભગવંત ફરીવાર [આસિંસુ] બેસતા, ઉઠીને કોઇ વખત બહાર નીકળી રાતે મુહૂર્ત સુધી (નિદ્રાને દૂર કરવા માટે) ચંક્રમણ કરતા હતા.

૪૭ તે ઠેકાણાંઓમાં અનેક પ્રકારનાં ભયંકર દુઃખો થયાં હતાં

૪૮ જે જીવો સંસર્પક–વાંકું ચાલનારા–સર્પ અને નોળિયો વગેરે–હતા તે (ભગવંતને) હેરાન કરતા હતા, વા જે પક્ષિઓ (ગીધ વગેરે) હતા (તે પણ) હેરાન કરતા હતા.

૪૯ અથવા કુચર–ચોર અને જાર વગેરે–લોકો (ભગવંતને) હેરાન કરતા હતા.

૫૦ શક્તિ નામના શસ્ત્રને હાથમાં ધારણ કરી ગામના રખવાળો (ભગવંતને) હેરાન કરતા હતા.

૫૧ અથવા ગ્રામિક–ગામના સંપર્કથી થતાં–દુઃખો પણ થતાં હતાં. (જેમ કે–) કોઈ સ્ત્રી કે પુરુષ (ભગવંતને) હેરાન કરતો.

૫૨ ઇહ લૌકિક અને પારલૌકિક (એવાં) અનેક પ્રકારનાં ભયંકર દુર્ગંધોને, સુગંધોને, શબ્દોને, અનેક જાતનાં રુપોને તથા ભાતભાતના સ્પર્શોને સમિત એવા (ભગવંત) હમેશાં સહતા હતા.

૫૩ અરતિની અને રતિની દરકાર ન કરી બ્રાહ્મણ અને અબહુવાદી (ભગવંત) (સંયમાનુસાર) ચાલ્યા જતા હતા.

૫૪ તે ઠેકાણાંઓમાં કોઇ વખત માણસો તેને પૂછતા વા એકચર–એકલા ભટકતા–જાર પુરુષો તેને પૂછતા કે, (તું કોણ છે? શા માટે અહીં રહ્યો છે? કયાંથી આવ્યો છે? ઇત્યાદિ.)

૫૫ (જ્યારે તે વાતનો ભગવંત) ઉત્તર ન આપતા ત્યારે તેઓ ગુસ્સે ભરાતા. (તો પણ) સમાધિનું પ્રેક્ષણ કરતા (ભગવંત) નિરીહપણે રહેતા હતા.

૫૬ 'આ, વચ્ચે અહીં કોણ છે?' (એવું લોકોએ પૂછ્યા પછી કોઇ વખતે ભગવંત બોલતા કે,) 'હું ભિક્ષુ છું'

૫૭ (એવું) કહ્યા પછી (પૂછનાર) કષાયિત થતા તો (ભગવંત) મૌન ધારણ કરી ધ્યાન ધ્યાતા.

૫૮ તેનો આ ઉત્તમ ધર્મ હતો.

૫૯ જ્યારે શિશિર ઋતુમાં ઠંડો પવન જોસથી ફુંકાતો હતો, જ્યારે લોકો થરથર ધ્રૂજતા હતા, જ્યારે બીજા સાધુઓ તેવી કડકડતી ઠંડીમાં (હિમપાતે) નિર્વાત (વાયરા વિનાની) જગ્યા શોધતા હતા, તથા વસ્ત્રો પહેરવાને ચાહતા હતા,

૬૦ (જ્યારે સાધુઓ કે તાપસો એવું વિચારતા કે, આ ઠંડીને) કપડાં ઓઢીને સહી શકીશું. વા તાપણી કરીને સહી શકીશું. (કારણ કે–આ ઠંડી) હિમના સ્પર્શ જેવી અતિ દુઃખકર છે.

૬૧ ત્યારે નિરીહ અને સંયમી ભગવંત નીચે–ભીંત અને છાપરા વિનાને ઠેકાણે (રહી) (તે ઠંડીને) સહતા હતા.

૬૨ ભગવંત કોઇ વખત રાતે બહાર નીકળી શમિપણે સ્થિત હતા.

૬૩ મતિમાન બ્રાહ્મણ (મહાવીર) ભગવંતે નિરીહપણે એ વિધિને અનેક રીતે આચર્યો હતો.

૬૪ એ રીતે (બીજા મુમુક્ષુઓ પણ) આચરે છે.

૬૫ એ પ્રમાણે હું બોલું છું.

—(દ્વિતીય ઉદ્દેશક.)

૬૬ (ભગવંત) તૃણના સ્પર્શોને, શીત સ્પર્શોને, ઉષ્ણ સ્પર્શોને, ડાંસના અને મચ્છરના ડંખોને તથા ભાત ભાતના સ્પર્શોને હમેશા સમિતપણે સહતા હતા.

૬૭ હવે (ભગવંત) દુશ્ચર લાટ દેશમાં ફરતા હતા. (ત્યાં તેઓ) વજ્રભૂમિમાં અને શુભ્રભૂમિમાં ફર્યા હતા. (તે ઠેકાણે તેઓને) ઉતરવાનાં ઠેકાણાં અને બેસવાનાં આસનો ઘણાં હલકાં [પ્રાન્ત] મળ્યાં હતાં.

૬૮ લાટ દેશમાં તેને અનેક દુઃખો પડયાં હતાં, ત્યાંના લોકો તેમને મારતા હતા.

૬૯ તે દેશમાં તેમને લૂખા જેવો આહાર [રૂક્ષદેશ્ય]

ફકત મળતો હતો અને કૂતરાઓ કરડતા તથા ઉપર પડતા હતા.

૭૦ કરડતા અને બચકાં ભરતા કૂતરાઓને કોઈ જણ અટકાવતો નહીં.

૭૧ (ઉલટું ભગવંતને) મારતા (અને) 'શ્રમણને કુતરા કરડો' એવી બુદ્ધિથી (તે લોકો) કૂતરાને છીછકારતા-સીસકારતા.

૭૨ આવા લોકોમાં (ભગવંત) વારંવાર (વિચર્યા હતા)

૭૩ વજ્ર ભૂમિના ઘણા (લોકો) લૂખું ખાનારા હતા.

૭૪ (બીજા) શ્રમણો લાકડીને કે નાળને લઇને તે દેશમાં વિચરતા હતા.

૭૫ તેમ છતાં પણ ત્યાં (કૂતરાઓ) તેની પુંઠ પકડતા હતા અને કરડતા હતા.

૭૬ ત્યાં લાઢ દેશમાં બધું દુશ્ચર હતું.

૭૭ હવે અનગાર ભગવંત દંડનો ત્યાગ કરી તે શરીરને વોસરાવીને, જાણીને ગ્રામકંટકોને સહતા હતા.

૭૮ સંગ્રામને મોખરે રહેલ હાથી (જેમ વિજયને મેળવે છે) તેમ ત્યાં તે મહાવીર, (દુઃખોના) પાર પામનારા થયા હતા.

૭૯ એ રીતે પણ (ચાલતાં) તે લાઢ દેશમાં કોઇ વખત (ઉતારા માટે) ગામ પણ મળ્યું ન હતું.

૮૦ ઉપસંક્રમણ કરતા નિરીહ ભગવંત ગામના પાદર પાસે પણ ન પહોંચતા (એટલામાં ત્યાંના અનાર્ય લોકો; ગામથી) બહાર નીકળી (ભગવંતને) મારતા (અને કહેતા કે,) અહીંથી પણ છેટે ચાલ્યો જા.

૮૧ તે લાઢ દેશમાં ઘણા (લોકો) (ભગવંતને) લાકડીથી, મૂઠિથી, કુંતાની ધારથી, પત્થરથી કે મારી મારીને આક્રંદ કરતા.

૮૨ (ત્યાં ભગવંતના શરીરનું) માંસ [હતપૂર્વ] છેદાયું હતું.

૮૩ કોઈ વખત કાયને આક્રમીને પરિષહો દ્વારા (લોકો ભગવંતને) હેરાન કરતા.

૮૪ અથવા ધૂળથી ઢાંકી દેતા-તેમના ઉપર ધૂળ ઉડાડતા.

૮૫ (લોકો તેમને) ઉપાડીને પછાડતા હતા.

૮૬ અથવા આસનથી ખસેડી નાસતા હતા.

૮૭ વ્યુત્સૃષ્ટકાય-શરીરત્યાગી-નિરીહ અને દુઃખસહ ભગવંત પરિષહોને ઝીલી લેવા માટે ઝુકેલા [પ્રણુત] રહેતા હતા.

૮૮ (ભગવંતે) શરીરને વોસરાવ્યું હતું.

૮૯ (જેમ) સંવૃત એવો શૂર પુરુષ સંગ્રામને મોખરે અચલપણે (ઝૂઝે છે), તેમ દુઃખોને સેવતા તે મહાવીર ભગવંત અચલપણે (સંયમાનુસાર) ચાલ્યા જતા હતા.

૯૦ મતિમાન બ્રાહ્મણ (મહાવીર) ભગવંતે નિરીહપણે એ વિધિને અનેક રીતે આચર્યો હતો.

૯૧ એ રીતે (બીજા મુમુક્ષુઓ પણ) આચરે છે.

૯૨ એ પ્રમાણે હું બોલું છું. —(તૃતીય ઉદ્દેશક).

૯૩ રોગો નહીં હોતાં પણ ભગવંત મિતાહારી રહેતા હતા.

૯૪ રોગોથી સ્પૃષ્ટ થતા વા અસ્પૃષ્ટ થતા તે ભગવંત તેની ચિકિત્સાને ઇચ્છતા ન હતા.

૯૫ (ભગવંત) (શરીરને અશુચિ જાણીને જુલાબ (સંશોધન)ને, વમનને, ગાત્રને મસળવાની પ્રવૃત્તિને, સ્નાનને, ચંપીને અને દંતધોવણને કરતા ન હતા.

૯૬ ગ્રામ ધર્મથી-ઇંદ્રિયોના વિષયોથી-વિરત એવા બ્રાહ્મણ (ભગવંત) અલ્પભાષી રહ્યા થકા વિચરતા હતા.

૯૭ કોઈ વખત ભગવંત શિશિર ઋતુમાં છાયામાં બેસીને ધ્યાન ધરતા હતા.

૯૮ ઉનાળામાં તાપની સામે ગોવાળની પેઠે ઉભડક [ઉત્કુટુક] આસને બેસી આતાપના લેતા હતા.

૯૯ હવે, લૂખા ચોખા, મંથુ અને અડદ-કુલ્માષ વડે નિર્વાહ કરતા હતા.

૧૦૦ આઠ મહિના સુધી ભગવંતે એ ત્રણ વસ્તુઓને પ્રતિસેવી કાલનું યાપન કર્યું હતું.

૧૦૧ કોઈ વખત અડધા માસ અથવા માસ સુધી પણ ભગવંતે પાણી વિના ચલાવ્યું હતું.

૧૦૨ વળી બે માસ કરતાં વધારે વખત સુધી અથવા છ માસ સુધી પણ ભગવંતે વિહાર કર્યો હતો. (મારા ધારવા પ્રમાણે ચાલ્યા કર્યું હતું.)

૧૦૩ હમેશાં નિરીહ રહેતા ભગવંત કોઇ વખત ઠરેલ (ગ્લાન) અન્નનું ભોજન કરતા હતા.

૧૦૪ સમાધિનું પ્રેક્ષણ કરતા નિરીહ ભગવંત કોઇ વખત બીજે દિવસે કોઈ વખત ત્રીજે દિવસે, કોઈ વખત ચોથે દિવસે અને કોઈ વખત પાંચમે દિવસે ખાતા હતા.

૧૦૫ તે મહાવીર જાણીને પોતે પાપ ન કરતા હતા બીજા પાસે ન કરાવતા હતા અને કરનારને પણ અનુજ્ઞા ન દેતા હતા.

૧૦૬ ગામમાં કે નગરમાં પેસી બીજાને માટે કરેલ આહાર [ગ્રાસ]ને અન્વેષતા.

૧૦૭ ભગવંત સુવિશુદ્ધ–નિષ્પાપ–આહારને અન્વેષી સંયતતાપૂર્વક તેને વાપરતા.

૧૦૮ હવે ભૂખ્યા કાગડાઓને અને જે બીજા રસૈષી પ્રાણિઓને આહારની શોધ માટે સ્થિતિ કરતા, નિરંતર જમીન ઉપર બેઠેલા જોઇ,

૧૦૯ અથવા બ્રાહ્મણને, શ્રમણને, ભીખારીને, મેમાનને, ચાંડાળને, બીલાડાને કે કૂતરાને આગળ ઉભેલો જોઇ, તેની વૃત્તિનો છેદ ન થાય (તેમ) ભગવંત મંદ મંદ ગતિ કરતા.

૧૧૦ મનમાં અપ્રીતિનો પરિહાર કરતા અથવા તે પ્રાણિઓને અપ્રીતિ ન થવા દેતા.

૧૧૧ હિંસા નહીં કરતાં આહારનું અન્વેષણ કરતા હતા.

૧૧૨ વળી (ભગવંત) **ભીંજેલો**, સૂકો, ટાઢો, [શીતપિંડ], ઘણા દિવસના રાંધેલ **અડદનો**, **બુક્કસનો** અને **પુલાકનો**, (આહાર લેતા હતા.)

૧૧૩ આહાર મળતો વા ન મળતો (તો પણ) (ભગવંત) સંયત રહેતા હતા.

૧૧૪ વળી આસનમાં રહીને તે મહાવીર, નિર્વિકારપણે ધ્યાન ધ્યાતા હતા.

૧૧૫ નિરીહપણે સમાધિપૂર્વક ઉંચે, નીચે અને તીરછે જોતા–ધ્યાન ધ્યાતા.

૧૧૬ કષાય વિનાના, ગૃદ્ધિ વિનાના, શબ્દોમાં અને રુપોમાં લોકો મૂર્છા વિનાના ભગવંત ધ્યાન ધ્યાતા હતા.

૧૧૭ છદ્મસ્થ પણ ભગવંત (સંયમમાં) વિશેષ પરાક્રમ કરતા હતા અને થોડો પણ પ્રમાદ ન કરતા હતા.

૧૧૮ ભગવંત પોતેજ જાણીને, મન, વચન અને કાયની પ્રવૃત્તિને [યોગને] વશ [આયત] કરીને, આત્મશુદ્ધિપૂર્વક અભિનિર્વૃત થયા હતા.

૧૧૯ માયારહિત થયા હતા અને જીવતાં સુધી ભગવંત સમિત રહ્યા હતા.

૧૨૦ મતિમાન બ્રાહ્મણ (મહાવીર) ભગવંતે નિરીહપણે એ વિધિને અનેક રીતે આચર્યો હતો.

૧૨૧ એ રીતે (બીજા મુમુક્ષુઓ પણ) આચરે છે.

૧૨૨ એ પ્રમાણે હું બોલું છું.

—(ચતુર્થ ઉદ્દેશક.)


# જૈન ગૂર્જર કવિઓ

**પ્રથમ ભાગ પૃ. ૧૦૦૦**

**પાકું પુંઠું. કિંમત રૂ. પાંચ. પોસ્ટેજ જુદું**

આ ગ્રંથ કે જેની વાટ ઘણા વખતથી જોવાતી હતી તે બહાર પડયો છે.

આમાં પ્રયોજક અને સંગ્રાહક તરીકે આ પત્રના તંત્રીએ ૩૨૦ પૃષ્ઠમાં પ્રસ્તાવના રૂપે જૂની ગૂજરાતીનો ઇતિહાસ લખ્યો છે. વિક્રમ તેરમી સદીથી સત્તરમી સદીના કવિઓ અને તેમની કૃતિઓનું સવિસ્તર લિસ્ટ છે.

મંગાવો

**જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસ,**

૨૦ પાયધુની, મુંબઈ.

# આનંદઘનજી કૃત પાર્શ્વ અને વીર સ્તવનો.

( શ્રીમદ્ આનંદઘનજીના ખુદ પોતાનાં રચેલાં પાર્શ્વનાથ અને મહાવીર પ્રભુ પરનાં સ્તવનો નહોતાં મળતાં. પહેલા બાવીશ તીર્થંકરો પરનાં તેમનાં સ્તવનોપર યશોવિજયજીએ જ્ઞાનવિમલસૂરિએ અને જ્ઞાનસારજીએ બાળાવબોધ રચ્યાં જણાય છે. પણ નીચેનાં ૨૩મા અને ૨૪મા જિન પરનાં સ્તવનો આખરે સાંપડયાં લાગે છે. અને આ સુરતના એક ભંડારમાંથી મળી આવેલાં તે શ્રીયુત દ્દામજી કેશવજીની કૃપાથી તેમની પાસેથી ઉતારી અત્ર મૂકયાં છે. તંત્રી.)

## શ્રી પાર્શ્વનાથ ભગવાન્‌ની સ્તવના.

પ્રણમું પદપંકજ પાર્શ્વના
જસવાસના અગમ અનુપરે,
મોહ્યો મન મધુકર જેહથી
પામે નિજ શુદ્ધ સ્વરૂપરે, પ્રણમું. ૧

પંક કલંક શંકા નહીં
નહિ ખેદાદિક દુઃખદોષરે,
ત્રિવિધ અવંચક જોગથી
લહે અધ્યાતમ સુખ પોષરે. પ્રણમું. ૨

દુરદંશા દૂરે ટળે
ભજે મુદિતા મૈત્રી ભાવરે,
વરતે નિત ચિત્ત મધ્યસ્થતા
કરૂણામય શુદ્ધ સ્વભાવરે. પ્રણમું. ૩

નિજ સ્વભાવ સ્થિર કર ધરે
ન કરે પુદ્‌ગલની ખેંચરે,
સાખી હુઇ વરતે સદા
ન કદા પરભાવ પ્રપંચરે. પ્રણમું. ૪

સહજ દશા નિશ્ચય જગે
ઉત્તમ અનુપમ રસ રંગરે,
રાચે નહીં પરભાવસું
નિજભાવસુ રંગ અભંગરે. પ્રણમું. ૫

નિજગુણ સબ નિજમેં લખે
ન ચખે પરગુણની રેખરે,
ખીર નીર વિવરો કરે
એ અનુભવ હંસસું પેખરે. પ્રણમું. ૬

નિવિકલ્પ ધ્યેય અનુભવે
અનુભવ અનુભવની પ્રીતરે,
ઓર ન કબહુ લખી શકે
આનંદઘન પ્રીત પ્રતીતરે. પ્રણમું. ૭

## ૨૪ શ્રીમદ્‌વીર ભગવાનની સ્તવના.

વીર જિનેશ્વર પરમેશ્વર જયો
જગતજીવન જિન ભૂપ,
અનુભવ મિત્તેરે ચિત્તે હિત કરી
દાખવ્યું તાસ સ્વરૂપ. વીર૦ ૧

જેહ અગોચર માનસ વચનને
તેહ અતીંદ્રિયરૂપ
અનુભવ મિત્તેરે વ્યક્તિ શક્તિશું,
ભાખ્યું તાસ સ્વરૂપ. વીર૦ ૨

નય નિક્ષેપેરે જેહ ન જાણિયે
નવિ જિહાં પ્રસરે પ્રમાણ
શુદ્ધ સ્વરૂપેરે તે બ્રહ્મ દાખવે
કેવળ અનુભવ ભાણ. વીર૦ ૩

અલખ અગોચર અનુપમ અર્થનો
કોણ કહી જાણેરે ભેદ,
સહજ વિશુદ્ધયેરે અનુભવ વયણ જે
શાસ્ત્ર તે સયલારે ખેદ. વીર૦ ૪

દિશિ દેખાડીરે શાસ્ત્ર સવિ રહે
ન લહે અગોચર બાત,
કારજ સાધક બાધક રહિત જે
અનુભવ મિત વિખ્યાત. વીર૦ ૫

અહો ચતુરાઈરે અનુભવ મિત્તની
અહો તસ પ્રીત પ્રતીત,
અંતરજામી સ્વામી સમીપ તે
રાખી મિત્રસું રીત. વીર૦ ૬

અનુભવ સંગેરે રંગે પ્રભુ મલ્યા
સફલ ફલ્યા સવિકાજ,
નિજપદ સંપદ જે તે અનુભવે
આનંદઘન મહારાજ. વીર૦ ૭

# શ્રી વીરચરિત્રની વિગતો.

[ જૂદા જૂદા ગ્રંથોમાંથી શ્રી વીરપ્રભુના ચારિત્રાદિ સંબંધી વિગતો મળી આવે છે તે પૈકી એક ગ્રંથ નામે 'ચેઇય વંદણ મહાભાસ—ચૈત્યવંદન મહાભાષ્ય લઇને તેમાંથી જે કિંચિત્ મળે તે અત્ર મૂકીએ છીએ. આજ રીતે ઘણા ગ્રંથોમાંથી મેળવી શકાય. **તંત્રી.** ]

**ચેઇયવંદણ મહાભાસ.**

આ ગ્રંથ પ્રાકૃતમાં શ્રી શાંતિસૂરિ વિરચિત છે. તે શાંતિસૂરિ શાંતિસૂરિ નામના થયેલા અનેક આચાર્યો* પૈકી કયા શાંતિસૂરિ છે તેનો નિશ્ચય હજુ સુધી થઇ શકયો નથી, પરંતુ ગ્રંથ પ્રાચીનકૃતિ જણાય છે. આ ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાએ પંડિત બહેચરદાસ પાસે સંશોધિત તેમજ સંસ્કૃત છાયાનુવાદ કરાવીને પ્રકટ કર્યો છે તે માટે તે સંસ્થાને ધન્યવાદ ઘટે છે. તેમાંથી જે મળે છે તે જોઇએ:—

ક—શ્રી વીરપ્રભુની સ્તુતિ મંગલાચરણમાં નીચે પ્રમાણે કરવામાં આવી છે.

**संगम यामर गयऽमाण-**
**माणमायंग मइण मयंदं ।**
**पणमह वीरं तित्थस्स**
**नायगं वद्धमाणस्स ॥२॥**

—સંગમક નામના અમરના અમાપ માનરૂપી હાથીને મર્દન કરવામાં સિંહરૂપ એવા, વર્તમાન તીર્થના નાયક વીરને પ્રણમીએ છીએ.

ખ—શુભભાવ એ કર્મક્ષયનું કારણ છે, તેનાં ઉદાહરણ આપતાં સિદ્ધાર્થ વણિક અને ખરક વૈદ્યકનાં નામ બતાવ્યાં છે. તેમજ સંગમ અને વીરનું દૃષ્ટાંત આપ્યું છે.

**आहरणं पुण पत्थं**
**वीरजिणिंदस्स कन्नसल्लाइं ।**
**अवणेतु सुहं पत्ता**
**सिद्धत्थवणी-खरयवेज्जा ॥९९॥**

—પુનઃ અત્ર વીરજિનેન્દ્રનાં કર્ણશલ્યોનું ખેંચવું તેમાં તે કાઢીને સિદ્ધાર્થવણિકે અને ખરક વૈદ્યે (બંનેએ) સુખ પ્રાપ્ત કર્યું.

[ આ સિદ્ધાર્થવણિક અને ખરક વૈદ્યના સંબંધમાં જુઓ શ્રી આવશ્યક ગાથા ૫૨૫ અને તેના પરની વૃત્તિ પૃ. ૨૨૬–૨૨૭ ].

**तह बाहिओ न भयवं**
**संगमय विमुक्ककालचक्केण ।**
**जह जणिय भेरवरयं**
**नीणिज्जन्तेसु सल्लसु ॥१००॥**

—સંગમકે છોડેલા કાલ ચક્રથી શલ્યો કાઢતાં ભૈરવ જેવી રાડ પડી ગઇ પણ ભગવાન્ બાધિત ન ન થયા તેમ.

આ પરથી નિષ્કર્ષ અથવા તાત્પર્યાર્થ એ છે કે,

**तहविह विशुद्धभावा**
**जाया कल्याणभायणं दो वि**
**तम्हा भावविसुद्धी**
**कम्मक्खय कारणं नेया ॥१०१॥**

—તથા પ્રકારના વિશુદ્ધભાવથી બંને કલ્યાણ ભાજન થયા. તેથી ભાવવિશુદ્ધિ કર્મક્ષયનું કારણ જાણવી.

ગ. શ્રુતગ્રાહવાળા પ્રતિપક્ષી તરીકે જમાલિનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે:—

* ૧ ઉત્તરાધ્યયન બૃહદ્ વૃત્તિના કર્ત્તા સ્થિરાપદ્ર ગચ્છના વાદિ વૈતાલ શ્રી શાન્તિસૂરિ, ૨ તિલકમંજરી કથા ટિપ્પનકના રચનાર પૂર્ણતલ્ल ગચ્છના શાંતિસૂરિ ૩ વાર્ત્તિક વૃત્તિના કર્ત્તા ચંદ્રકુલના શ્રી વર્દ્ધમાન સૂરિના શિષ્ય, ૪ ધર્મરત્ન પ્રકરણ સ્વોપજ્ઞ વૃત્તિ–બૃહત્ લઘુ પૃથ્વીચંદ ચરિત્રોના રચનાર ચંદ્રકુલના નેમિચંદ્રસૂરિના શિષ્ય (સંભવિત રીતે પિંપલ ગચ્છના), ૫ ભક્તામરસ્તોત્રવૃત્તિના કર્ત્તા ખંડિલ ગચ્છના, ૬ પ્રમાણ પ્રમેયકલિકા વૃત્તિના કર્ત્તા, ૭ જીવવિચાર પ્રકરણના કર્ત્તા ૮ બૃહત્ શાંતિના રચનાર, ૯ ઘટખર્પર–રાક્ષસ વૃંદાવન કાવ્યાદિપર વૃત્તિકાર, ૧૦ પર્વપંચાશિકા (અભિષેક વિધિ)ના રચનાર, ૧૧ પિંડૈષણાશતકના કર્ત્તા એવા ૧૨ શાંતિસૂરિ મળી આવે છે.

संघं अवमन्नंतो
जाणगमाणी जणो असग्गाही ।
कहमवि भिन्नं मन्नइ
जमालिपमुहाणमप्पाणं ॥१३१॥

—સંઘને અવમાનનાર-તિરસ્કારનાર, અસદ્-ગ્રાહી, જ્ઞાતા તરીકે માન કરનારો જન-માનવી કોઈ રીતે પણ પોતાને જમાલિ પ્રમુખ કરતાં ભિન્ન માને છે.

(જમાલિ તે શ્રી વીરજિનનો જમાઈ અને વીર વાક્યનો પ્રતિપંથી-ઉત્થાપનાર હતો. તેના ચરિત માટે જુઓ શ્રી આવશ્યક સૂત્રમાં નિન્હવ પ્રકરણ પૃ. ૩૧૨-૩૧૩ તથા વિશેષાવશ્યક ગ્રંથમાં ગાથા ૨૩૦૬ થી ૨૩૩૨ તથા પંચમ અંગ શ્રી ભગવતી સૂત્રમાં નવમા શતકના તેત્રીશમા ઉદ્દેશકમાં.)

—તંત્રી.

# તંત્રીનું વક્તવ્ય.

## [ શ્રી વીરચરિત્ર અને તે માટેનાં સાધનો. ]

દીવાલીના મંગલ પર્વની મંગલતા શ્રીમન્ વીર-પ્રભુના નિર્વાણથી થઇ છે. ભાવોદ્યોત-કેવલ જ્ઞાનરૂપી સંપૂર્ણ જ્યોતિના જ્યોતિર્ધર શ્રી મહાવીર પ્રભુ પોતાના શરીરને તજી સિદ્ધિને પ્રાપ્ત કરે છે; તેના સ્મારક તરીકે દ્રવ્યોદ્યોત રૂપે સ્થૂલ દીપકોનો સમૂહ કરવામાં આવે છે અને તે સ્મારક અત્યારસુધી ઉજવવામાં આવે છે અને આવશે. તે મહાપ્રભુ મહાવીરનો જય હો!

આ પર્વ-નિર્વાણના નિમિત્તે આ પત્રનો ખાસ અંક કાઢવામાં આવેલ છે અને તેમાં તે શ્રી મહા-વીરની જીવનચર્યાને અંગે જૂદા જૂદા લેખો આપવામાં આવ્યા છે. તે સર્વમાં જુદી જુદી હકીકતો જુદી જુદી રીતે લેખકોએ પોતાના ક્ષયોપશમ પ્રમાણે મૂકી છે, તે સર્વ સાથે સર્વથા અમે તંત્રી સંમત છીએ એમ સમજવા નાની સરખી પણ ભયંકર ભૂલ કોઇ કરશે નહિ એમ અમારો વિશ્વાસ છે. જુદી જુદી દષ્ટિએ ચરિત્રાંશો-ઘટનાઓનું આલેખન જુદા જુદા લેખકો પાસે થયા પછી શ્રી મહાવીર ભગવાન્‌નું સર્વાંગસુંદર જીવનચરિત્ર આલેખી શકાશે એવી હૃદયગત ઇચ્છાથી આવા આવા ખાસ અંકો કાઢવાનો અમારો પ્રયાસ થયો છે અને થયાં કરશે.

(૧) શ્રી વીર સંબંધી શ્રી સૂયગડાંગ સૂત્રમાં શ્રી વીરસ્તુતિ છે ત્યાંથી માંડી જુદી જુદી સ્તુતિ, સ્તવન, સ્તોત્ર રૂપે અનેક ઉર્મિકાવ્યો અને હૃદયો-દ્‌ગારનાં કાવ્યો અત્યારસુધી થવાં પામ્યાં છે તેનો સંગ્રહ કરવા યોગ્ય છે. પ્રાચીન કવિઓ અને લેખ-કોએ શ્રી વીરપ્રભુના મંગલાચરણ કર્યાં છે તેનો સમુચ્ચય થાય તો સારૂં. આની વાનગીઓ અમો આપતા આવ્યા છીએ. મૂળ અને તેની સાથે ભાષાનુવાદ જરૂર જોઇએ.

(૨) શ્રી વીરપ્રભુ સાથે મુખ્યપણે શ્રી ગૌતમના, તેમજ બીજાના સંવાદો થયા છે. તે સર્વ અંગો-પાંગાદિમાંથી ચુંટીને એકત્રિત કરવાની જરૂર છે. તેમાં ચુટણી એવા સંવાદોની કરવી ઘટે કે જે વર્ત્તમાન યુગના અભ્યાસીઓને રૂચિકર, બોધક અને આકર્ષક થાય. આવા સંવાદો ચારની સાથે થયેલા તે વાનગીરૂપે આ અંકમાં અમે મૂકયા છે.

(૩) જે જે વિહારસ્થલો વીરપ્રભુનાં છે તે સર્વને શોધખોળથી શોધી તે સર્વના સ્થાન સહિત તેમની વિહારભૂમિનો નકશો તૈયાર કરાવવાની જરૂર છે અને તેમના સમયમાં આર્યાવર્ત્તની ભૂગોળ શું હતી તે પણ તેમાં દાખવવાનું છે. આ સંબંધમાં હ્રીસ ડેવિડે 'Buddhist India' (બૌદ્ધોનું ભારતવર્ષ) એ નામના અંગ્રેજી ભાષામાં રચેલા પુસ્તકની અને તેમાંના નકશાની તેમજ શોધખોળ કરી પ્રાચીન હિંદના કરવામાં આવેલા બીજા નકશાઓની સહાય લેઇ શકાશે. શ્રી મહાવીરની છદ્મસ્થ દશાનાં વિહાર

સ્થલોની ટીપ અને તે સંબંધી હકીકત આપતો લેખ પંડિત બહેચરદાસનો આ અંકમાં મૂકેલ છે.

(૪) શ્રી મહાવીરના સમયમાં જૂદા જૂદા વાદો, તીર્થકો, સંપ્રદાયો વગેરે હતા તે બધાનું સંપૂર્ણ ધ્યાન જેટલું મળે તેટલું જૈન અંગોપાંગાદિમાંથી તેમજ બૌદ્ધના ત્રિપિટકાદિ ધર્મગ્રંથોમાંથી તેમજ ઉપનિષદોમાંથી મેળવવાની જરૂર છે અને તે સાથે ખુદ જૈનોમાં શું શું સ્થિતિ હતી.–ચેલક અચેલકત્વ (પાર્શ્વાપત્યાદિના વાદ)–વગેરેમાં ઉતરવાની જરૂર છે. આ છેલ્લી બાબત માટે 'શ્વેતામ્બર અને દિગમ્બર' એ મથાળા નીચે જૈન ગ્રેજ્યુએટ નામે રા. ભણશાલીનો લેખ આમાં મૂકવામાં આવ્યો છે.

(૫) શ્રી વીરના ચરિત્રમાં ગર્ભાપહાર, મેરૂ કંપન, દેવકૃત પરીક્ષા, ઇંદ્રનું દેવદૂષ્ય, દેવકૃત ઉપસર્ગો, ચંદ્રસુરજનું વંદનાર્થે આવવું, ચમરનો ઉત્પાત વગેરે અનેક મનુષ્યોત્તર ઘટનાઓ આવે છે અને તેથી તેને વાસ્તવિક સાક્ષાત્ ઘટના તરીકે બુદ્ધિવાદના જમાનામાં કેટલાક નથી સ્વીકારતા; પણ તેનો બુદ્ધિપૂર્વક આધ્યાત્મિક અર્થ કરવા નીકળી પડે છે, તો તે તે અર્થો જોવા તપાસવા અને તેમાં સાર મળે તો ખેંચવો એ એક નયે ખોટું નથી. એ પ્રમાણે મી. Shaw નામના વિચારક ગૃહસ્થે મહાવીર–Superman એ નામનો લાંબો લેખ લખ્યો છે તે આ અંકમાં મૂકયો છે. આ ભાઈ પાશ્ચાત્ય ફિલસુફીના ખાસ અભ્યાસી છે, નગ્ન સત્યવાળા ફિલસુફ નીશેની ફિલસુફીને તે પી ગયા છે અને સાથે જૈન ફિલસુફી સાથે સહકાર દાખવતા રહ્યા છે. તેમના વિચાર ગમે કે ન ગમે, વાસ્તવિક વિચાર શ્રેણિના કે કલ્પનાની વેગવાળી સૃષ્ટિના જણાય, છતાં તે જોવા તપાસવા ઘટે છે અને તેમાં સાર મળે તો લેવો ઘટે છે.

બીજી બાજુ એક મુનિમહારાજ શ્રી જણાવે છે કેઃ–"પ્રભુ મહાવીરનું જીવનવૃત્તાંત સત્ હોવા છતાં 'અધ્યાત્મ મહાવીર' એવા નિબંધમાં અમુક રૂપક ગોઠવે છે, જેમાં સત્ય જીવન વસ્તુ પણ ખોવાઈ જાય, કે જેના વિવેકમાં પુરાવિદોનું સંમેલન મેળવવા છતાં નિષ્ફળતાજ સાંપડે." એટલે જે પ્રમાણે જીવનવૃત્તાંત પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથોમાંથી અનુક્રમે આળેખેલું હોય તે સ્વરૂપમાંજ મૂકવું ઘટે, અને તેમાં સંદેહ, શંકાઓ, વગેરે ઉપસ્થિત કરાવી શ્રદ્ધાળુઓને શ્રદ્ધાચળિત કરી નાંખી મૂળ મહાપુરૂષના પ્રત્યે કોઈપણ અંશે અમાન કે અનાદર ઉત્પન્ન કરવો ન ઘટે.

અમે પણ જે જે સ્વરૂપમાં મૂળ ગ્રંથોમાં ચરિત્ર હોય, તે તે સ્વરૂપમાં પ્રથમ એકઠું કરવાની અને તે જ્યાંથી લીધું હોય તેના મૂળ પાઠ યા મૂળના યથાસ્થિત અનુવાદ સહિત તે તેના નામોલ્લેખ સહિત એકઠું કરવાની તરફેણમાં છીએ. અને તેના પરથી, વાસ્તવિક જીવનવૃત્તાંતને પ્રાપ્ત કરવાનું છે, 'શ્રી મહાવીર–જીવનનાં ઐતિહાસિક સાધનો' મૂળ સ્વરૂપમાં પહેલાં રજુ કરવાં આવશ્યક છે. આની વાનગી રૂપે 'શ્રી આચારાંગમાં શ્રી મહાવીર' એ મથાળા નીચે એક ભાગ એક વિદ્વાન્‌ના હાથે થયેલા અનુવાદ રૂપે આ અંકમાં મૂકવામાં આવ્યો છે. તે એક વિદ્વાન્ વિચારક આ સાધનો સંબંધમાં લખતાં જે કંઈ લખે છે તે અત્ર વિચારવા જેવું છે.

'ક્ષત્રિય કુલ ભૂષણ જ્ઞાતપુત્ર ભગવાન્ શ્રી વર્ધમાનનું અસ્તિત્વ આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં હતું, એમાં કોઈનો બે મત છે જ નહી, તેમ તે મહાપુરૂષે ભારત સમાજનો ઉદ્ધાર કરવામાંજ પોતાના જીવનને હોમ્યું હતું તે વાત પણ કોઈ ઐતિહાસિક–ઇતિહાસકારથી છાની નથી. જે કોઈ મહાપુરૂષો ભારતમાં વિશુદ્ધ અહિંસા–તત્ત્વને પ્રચારનારા હતા તેમાં પણ સૌથી પહેલું સ્થાન શ્રી વર્ધમાન લે છે, એ વાત હવે સંદેહાસ્પદ રહી નથી. આવા ઉચ્ચતર અલૌકિક મહાત્માનું જીવન જે રૂપે હતું તે રૂપેજ જો મનુષ્ય–સમાજ સામે પ્રકટ કરવામાં આવે તો મનુષ્ય સમાજને તેમાંથી ઘણુંય શીખવાનું અને આચરવાનું મળી શકે, એ શકવિનાનું છે.

'પરંતુ દુર્ભાગ્ય છે ભારતના ઇતિહાસનાં, કે જે વીરભૂમિમાં આવા અનેક વીરનરો પેદા થયા, તેમાંના એકનું પણ યથાવૃત્ત જીવન જળવાઇ શકયું નથી. કોણ જાણે શું કારણ છે કે ભારતીય જનસમૂહના લોહીમાં, હાડમાં અને મગજમાં એટલી બધી સ્થૂલદર્શીતા ઓતપ્રોત થઈ ગઈ છે, જેથી એ જનતા પોતાની (પોતાના આંગણામાં પેદા થયેલી) કોઈ અલૌકિક વ્યક્તિને પણ તેની ઉપરના આડંબ કે

રંગ સિવાય ઓળખી શકતી નથી. આવી સ્થિતિમાં મહાપુરૂષોનાં જીવનચરિત્રોને કોઈ પ્રકારના ભેળસેળ વિનાનાં ન મળી શકે એ સ્વાભાવિક છે.

'વસ્તુતઃ અલૌકિક પુરૂષની ઓળખાણ માટે તેની આચરણાની વાતોજ પૂરતી છે, પરંતુ જન સમુદાયની નજર તે આચરણા સુધી ન પહોંચતી હોવાથી સમયજ્ઞ ડાહ્યા પુરૂષો જન-કલ્યાણને ઉદ્દેશી તે અલૌકિક પુરૂષને ઓળખાવવા, તેમાં પૂજ્યભાવ પેદા કરાવી, તેનું આચરણ અનુકરણીય મનાવવા, તેના જીવનમાં બીજી સેળભેળવાળી નવી વસ્તુ ઉમેરી દે છે. [ આજ રીતે કોઈ વસ્તુના પ્રતિપાદન માટે તેના ફળઆદિ સંબંધે એવી એવી વાતો કલાકાર તરીકે તેના પ્રતિપાદન કરનારા મૂકે છે કે તે વસ્તુની વધુ પુષ્ટી થાય, ને શ્રદ્ધાળુ શ્રોતાઓ પર અસર પડે. ] જેમ જૈન સિદ્ધાંતમાં કર્મ બંધનની વ્યવસ્થા **'मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः'**-એ સૂત્ર ઉપર નિર્ભર છે. હવે તે છતાં એટલે કર્મના પરજ બંધ અને મોક્ષનો સંપૂર્ણ આધાર હોવા છતાં માત્ર લાલચથીજ સદાચરણ પાળનાર, ફલાકાંક્ષી અને બહિર્દર્શી લોકોને માટે (જાણે બરાબર તોળીનેજ કહેવામાં ન આવ્યું હોય તેમ) કહેવામાં આવે છે કે, અમુક પ્રવૃત્તિમાં આટલું પુણ્ય છે-અમુક કરનાર તો અવશ્ય વૈમાનિક દેવ થાય, અમુક પુસ્તકને અમુક વખત સુધી સાંભળનાર મનુષ્ય મુક્ત થઇ જાય, અને વગેરે વગેરે. આજ રીતે ગંગામાં ન્હાવાથી કે અમુક તીર્થની યાત્રાથી કે અમુક યજ્ઞાદિ ક્રિયા કરવાથી કે ગ્રહશાંતિ કરવાથી આમ થાય છે ને તેમ થાય છે એવું જૈનેતર ધર્મોમાં પણ કહેવામાં આવે છે. આમ દરેક ધર્મમાં લોકસંગ્રહ કરવા જતાં કેટલુંક એવું પણ સાહિત્ય લખાયું છે કે જેમાં તેના લખનારાઓએ અતિશયોક્તિપૂર્ણ, કર્મના અવિચલ સિદ્ધાંતથી બાધિત અને અસ્વાભાવિક પ્રવૃત્તિઓથી ભરપૂર એવી વિચિત્ર કથાઓ પણ લખી છે.

'આવીજ રીતે અલૌકિક પુરૂષની જીવનકથા સંબંધે પણ બહુ બન્યું છે, અર્થાત્ અલૌકિક પુરૂષોનાં જીવનચરિત્રોમાં પણ લોકસંગ્રહ કરવાની ભાવનાથી અનેક વાતો ઉમેરાઇ જાય છે કે જે પૈકી કેટલીક તો અસ્વાભાવિક અને નિર્મૂળપ્રાય સ્પષ્ટ જણાઇ આવે. આવી વસ્તુસ્થિતિમાં ચરિત્રની ચરિત્રતા ઉપર કલ્પિત વાતોનો રંગ ચડવાથી તે દ્વારા તર્કપ્રિય સત્યશોધકને કોઇ ખાસ લાભ મળી શકતો નથી. ઉલટું જ્યારે તે કથા તર્કની કસોટીએ કસવામાં આવે છે ત્યારે શોધક નિરાશ થઇ અશ્રદ્ધાના વમળમાં ઘેરાઈ જાય છે.

'ક્રિશ્ચિયન લોકોએ પોતાના મહાપુરૂષનું આંતરજીવન નહીં જોઇ શકનાર બાહ્યદર્શી લોકોના મુગ્ધ મનને વિસ્મિત બનાવી તે મહાપુરૂષ તરફ ભક્તિભાવ ઉત્પન્ન કરાવી ક્રાઇસ્ટનો કુમારી કન્યાને પેટે અવતાર કરાવ્યો એમ કેટલાક ખુદ ક્રાઇસ્ટના વિચારક-અનુયાયીઓ માને છે. કૃષ્ણના પૂજકોએ બાલક કૃષ્ણ પાસે કાલીય નાગનું દમન કરાવ્યું, ગોવર્ધન પર્વત ઉંચકાવ્યો અને પૂતનાનો નાશ કરાવ્યો એમાં બાળકમાં અલૌકીક ચમત્કાર બતાવ્યો અને 'ચમત્કાર વિના નમસ્કાર નહિ' એ ન્યાય સાધ્યો. આજ ન્યાય પ્રમાણે બાળક વર્ધમાન દ્વારા મેરૂ પર્વત કંપાવ્યો, તેને ઘેર દેવન્દ્રો આવ્યા ને તે દ્વારા સુવર્ણ અને રત્નોનો વરસાદ વરસ્યો, એ સઘળી વાતો મૂકવામાં આવી છે એમ કોઇ પણ તર્કપ્રધાન શોધક માને તો તેને આપણે શું કહેવું?

'ઘડીભર આ માટે કોઈ વિચારશીલ એવો જવાબ આપી શકે કે જે સ્થૂલદર્શી લોકો કલ્યાણના ઇચ્છુક છે, પણ બાહ્ય દૃષ્ટિ હોવાને લીધે કોઇ સત્પુરૂષને ઓળખી શકતા નથી અને તેથી તેવા સત્પુરૂષના આલંબન વિના પોતાનું કલ્યાણ સાધી શકતા નથી-એવા લોકોને માટે ઉપર જણાવેલ ચમત્કાર પૂર્ણ વાતો કદાચ ઉપયોગી હોઈ શકે.

(કોઇ એમ કહે કે આપણે સ્થૂલ દૃષ્ટિ વાળા સૂક્ષ્મ વાતોને-ચમત્કારિક વાતોને સમજી ન શકીએ-સાધ્ય કરી ન શકીએ અને સાધ્ય થતી જોઈ ન શકીએ, તેથી અનંત શક્તિવાળા સંપૂર્ણ જ્ઞાનના આવિર્ભાવવાળા મહાપુરૂષો મનુષ્યોત્તર કાર્ય ન કરી શકે એવું કેમ કહેવાય? મહાપુરૂષોમાં ચમત્કાર હોય જ. પણ આ માત્ર શ્રદ્ધાનો વિષય થઇ શકે.)

'શ્રી મહાવીરની જીવનકથામાં ઘણી ચમત્કાર વાતો આવે છે અને એક વાત જે શ્રી હેમચંદ્રાચાર્યે ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રના ૧૦ પર્વના ૧૨ મા સર્ગમાં શ્લોક ૩૭ થી ૯૬મા શ્લોક સુધીમાં અભયકુમારના પ્રશ્નપૂર્વક મહાવીરના શ્રીમુખદ્વારા રાજા કુમારપાલનો અને પોતાનો ઉલ્લેખ કરાવ્યો છે તે કેવી રીતે સંભવિત અને શ્રદ્ધેય થઇ શકે? તે ઉલ્લેખમાં અણહિલપુરનું નામ, કુમારપાલનાં વખાણ, અને કુમારપાલના સમયે થયેલ કોઇ એક બ્રાહ્મણનું નામ સુદ્ધાં લોકાતીત પુરૂષ પાસે કહેવરાવ્યું છે. શ્રી હેમચંદ્રના મહાવીર ચરિત્ર સિવાય બીજા પણ ઘણા ગ્રંથોમાં શ્રી મહાવીરની કથા આવે છે, પણ તેમાં ક્યાંય રાજા કુમારપાલને કે આચાર્ય હેમચંદ્રને શ્રી મહાવીરે સંભાર્યા હોય, એવું જણાતું નથી.' (આવી વાત હેમાચાર્યે દાખલ કરવાનો શુભ હેતુ રાજા કુમારપાલને ખુશ કરવાનો યા તેને અમર કરવાનો અને તેથી તે દ્વારા જૈન શાસનને લાભ પહોંચાડવાનો હોઇ શકે એમ સમજી શકાય, પણ તે ઐતિહાસિક તથ્ય તરીકે તો શોધક લોક ન સ્વીકારે એ દેખીતું છે.)

આ પ્રમાણે ઉક્ત વિચારકના વિચારો છે છતાં પણ સાથે તે જણાવે છે કે 'જે અત્યાર સુધીમાં ઉમેરાઇ ચૂકેલી વાર્તા હોય તેથી મહાપુરૂષના જીવનને યથાર્થ રીતે આલેખવું તે એક અશક્યાનુષ્ઠાન જેવું છે તો પણ પરમ કારૂણિક શ્રી વર્દ્ધમાનમાં વર્દ્ધમાન થતી મારી શ્રદ્ધા તેના યથાર્થ જીવનને પ્રકાશિત થયેલ જોવા આજ ઘણા સમયથી તલસી રહી છે. એ તૃષ્ણા તો સર્વાંશે શમે ત્યારે ખરી;'

ત્યારે હવે શું કરવું? તેના સંબંધમાં તે વિચારક યોગ્ય રીતે સ્પષ્ટતાથી કહે છે કે 'જૈન ગ્રંથો પૈકી શ્વેતામ્બર સાહિત્યનાં અંગ, ઉપાંગ, મૂળ, છેદ, નિર્યુક્ત, ભાષ્ય, ચૂર્ણ, અવિચૂર્ણ, ટીકા, પયન્ના, અને ચરિત્ર આદિમાં, અને દિગંબર સાહિત્યના પુરાણો આદિ ગ્રંથોમાં, તેમજ બૌધ્ધ ધર્મના પિટક ગ્રંથોમાં શ્રી મહાવીર વિષે જ્યાં જ્યાં જેટલી જેટલી હકીકત મળી આવે છે તે બધીનો સંગ્રહ કરવાનું પહેલાં પ્રથમ હાથ ધરવું ઘટે કે જેથી શ્રી વીર સંબંધે વિશેષ મનન કરી શકાશે, તે પર અવલોકન પણ લખી શકાશે અને તે દ્વારા શક્ય તથ્યાર્થ પણ મેળવી શકાશે. શરૂઆતમાં 'આચાર' અંગ નામના પ્રથમ અંગમાં શ્રી વર્દ્ધમાન સંબંધે જે હકીકત મળે છે તે જણાવી શકાય તેમ છે. ત્યાર બાદ બીજાં અંગોમાં જ્યાં જ્યાં શ્રી વીર સંબંધે છૂટું છવાયું કથન છે તે પણ સંગ્રહી શકાય તેમ છે અને એ રીતે ઉપર જણાવેલ તમામ ગ્રંથોમાં મળતી શ્રી વીરને લગતી હકીકત ક્રમપૂર્વક આપવાની અતિ જરૂર છે."

એ ઘણી આનન્દની બિના છે કે આપણા પૂજ્ય મુનિ મહારાજોમાંથી કેટલાકની શ્રી વીરચરિત્ર સર્વાંગ સુંદર લખવા-લખાવવા પ્રત્યે ઉત્તમ ભાવના થઇ છે. મુનિ મહારાજ શ્રી કલ્યાણવિજયજીએ તો કેટલાક પ્રકરણો પોતે લખ્યાં છે, પરંતુ તે હજુ વ્યવસ્થિત આકારમાં મૂકાયા નથી તેથી તે બહાર પડવાને સમય જોઇશે. મુનિ મહારાજશ્રી દર્શનવિજયજીને તે લખવાની પૂરી તાલાવેલી લાગી છે અને તે માટે અભ્યાસ આદિની તૈયારી કરી રહ્યા છે. મુની મહારાજશ્રી હેમાંશુવિજય પોતાના ગત જેઠ સુદિ ૧૦ ના પત્રમાં અમોને જણાવે છે કે:—

'મહાવીર જયંતી નિમિત્તે નિકળેલ જૈન યુગના વિશેષાંકને જોઇ વાંચી અને વંચાવી મેં ઉજ્વલ આનન્દ પ્રાપ્ત કર્યો. ખાસ કરી તમે મહાવીર ચરિત્રના લેખક થવાનો વિચાર કર્યો એવું જાણી પૂર્વના આનન્દ કરતાં આનાથી વધારે પ્રમોદ થયો છે, કારણ કે પ્રસ્તુત વિચાર મારા મનમાં લગભગ એક વર્ષથી રમી રહ્યો હતો. વિચારની પ્રસ્તાવના રૂપે તમારો પ્રયાસ જોઇ મને પ્રમોદ કેમ ન થાય? પ્રશસ્ત અને મહાભારત જેવા મહાકાર્યના પ્રારંભમાં તમને ધન્યવાદ ઘટે છે, અને સુયોગ્યતયા સમાપ્તિમાં સહસ્રશઃ ધન્યવાદ ઘટશે. આના વિષે હું મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે અનુભવજનિત કંઇક લખવા પ્રવૃત્ત થાઉં છું. મારૂં લખાણ તમને કેટલા અંશમાં સહાયક નિવડશે તેનો ખુલાસો તો તમારા અનુભવથી નિકળવો રહ્યો, પણ મારે તો પૂર્ણ સહાયક ભાવનાથી પ્રવૃત્તિ કરવી રહી.'

'જેમ જેમ બુદ્ધિવાદની ઉમર વધતી જાય છે તેમ તેમ લોકોની રૂચિ, પૂર્ણ આદર્શભૂત ભ૦ મહાવીરના અનન્ય ચરિત્ર, તત્ત્વો અને તેમના ગુણો

તરફ સ્વાભાવિક વધતી જાય છે. આ વાત હવે વિદ્વત સમુદાયને પ્રત્યક્ષ છે. પ્રતિદિન અન્ધશ્રદ્ધાની 'સીઝન' ઓછી થતી જાય છે—ઓછી થશે. હમણાં બે ચાર શતાબ્દિ પર્યન્ત તો ઓછીજ થતી રહેશે અને લોકો સત્ય ગુણોનાજ અનુયાયી બનવામાં પોતાનું શ્રેય માનશે એમ મારૂં માનવું છે—અનુમાન છે. આજથી પચીસ વર્ષ પહેલાનીજ, સંકુચિત વૃત્તિ અને વર્તમાનના ઉદાર ગુણગ્રાહક વૃત્તિ જોતાં મારૂં આ અનુમાન તમને સત્ય લાગશે. આવી અવસ્થામાં ગુણ પ્રેમી, આદર્શતાના પિપાસુ, જનોની વધતી તૃષ્ણાને શાંત કરવા માટે વિશ્વ આદર્શ ભ૦ મ૦ નું ચરિત્ર સર્વાંગસંપૂર્ણ ગમે તે ઉપાયે પૂરૂં કરવાની પરમાવશ્યકતા છે, પણ તે આવશ્યકતાને પુરી કરી કોણ સર્વાધિક્ય સૌભાગ્ય અને કીર્તિકાન્તાને મેળવશે? તેનું વ્યકત જ્ઞાન હજી મને નહી હોવાથી તે વિષે હું મત આપતો નથી.'

પછી તેઓ નીચેની સૂચનાઓ કરે છેઃ—

૧—'ભગવાન્ મહાવીરની આદ્યાવસ્થાથી લઇ મોક્ષ-નિર્વાણાવસ્થા યાવત્ બુધ્ધિગ્રાહ્ય આદર્શ ઘટનાઓને ઇતિહાસના મોઢા ઉપર લેપ કર્યા વગર સરલ અને સુન્દર ભાષામાં સપ્રમાણ આલેખવી.

૨—'આ ચરિત્રમાં પુરાણ જેવી અમાનુષિક કથાઓ ન હોવી જોઇએ.

૩—'વડોદરાથી બહાર પડેલ 'મહાવીર ચરિત્ર' બાબા આદમના જમાનાના અનુયાયીઓને શોભે તેવું, શુષ્ક શ્રદ્ધા અને અપ્રાસંગિક વૃત્તાન્ત યુક્ત, ના જેવું એકદેશીય; તેમજ બે સાલ પહેલાં ચંદ્રરાજ ભંડારી દ્વારા હિન્દીમાં બહાર પડેલ **'ભગવાન્ મહાવીર'** ના જેવું કેવલ યોગ્ય શ્રદ્ધાથી રહિત, શુષ્ક ઇતિહાસ, ડહાપણ ઉન્મત્તતા(થી) આવિલ જેવું આ ચરિત્ર ન હોવું જોઇએ.

૪—જેમ બને તેમ એકે આદર્શ પ્રસંગ પ્રયોગોને છોડયા વગર ઉચ્ચ શબ્દોમાં પણ નાનું હોવું જોઇએ, કારણ કે વર્તમાનની પ્રજા પાસે મહાભારત જેવા દલદાર ગ્રંથો જાણવાની, વાંચવાની, અને ઉપાડવાની બુદ્ધિ, સ્થિરતા, બલ અને ઉમર રહી નથી.

૫. જૈનોના ત્રણે ફિરકાવાલાઓ કેટલીક મહાવીર ચરિત્રની બાબતો જેવા સર્વ માન્ય વિષયમાં પણ કયાંક કયાંક છૂટા પડે છે; તેથી કરી કેવલ સ્વમાન્યતાનેજ સ્થાન આપી દિ૦ અને સ્થા૦ વા૦ ભાઇઓના દિલો દુખાવાનું કાર્ય, કિંવા તેઓને વધારે અલગ પડવાનું કાર્ય ન થાય; તથા અજૈન વર્ગમાં પૌર્વાત્ય કે પાશ્ચાત્ય, મૂર્ખ કે પંડિત પ્રત્યેકને તથ્ય અને પથ્ય લાગે તે માટે પૂર્ણ હોશીઆરી રાખવી. ટુંકમાં આ ગ્રન્થ આખી આલમને ઉપયોગી થાય તેવો પ્રયાસ કરવો જોઇએ. શ્રીયુત ના૦ પ્રેમીજીના લેખ તરફ બરાબર ધ્યાન આપવું.

૬ આજ સુધી પાશ્ચાત્ય કે પૌર્વાત્યના પ્રખર પંડિતો દ્વારા ઐતિહાસિક દૃષ્ટિથી લખાએલ શુદ્ધ ચરિત્ર, ક્રાઇસ્ટ ચરિત્રો જોવાં અને તેમાંની જે પદ્ધતિ યુક્ત લાગે તેનું અનુકરણ કરવું.

૭ ઉપયોગી સાધનો—જર્મન ગ્લેઝનેપ કૃત ડેર જૈનિસ્મુસ (જૈનધર્મ), ચંદરાજ ભંડારીકૃત ભગવાન્ મહાવીર, મુનિશ્રી અમરવિજયજી કૃત જૈનેતર દૃષ્ટિએ જૈન, ડૉ. લોયમાન્ કૃત બુદ્ધ અને મહાવીર, જૈન હિતૈષીના કેટલાક પ્રસ્તુત વિષયોપયોગી અંકો, મુનિશ્રી જિનવિજયજીના જૈન સાહિત્ય સંશોધક ત્રિમાસિકના ઉપયોગી લેખો, જૈન સાહિત્ય સંમેલનના કેટલાક લેખો, ડા. જેકોબીકૃત કલ્પસૂત્રનો અંગ્રેજી અનુવાદ તથા પ્રસ્તાવના.

૮ મહાવીર ચરિત્રમાં મુખ્ય ચાર વિભાગો પાડવા જોઈએ. (ગૌણ ગમે તેવા-તેટલા પ્રકરણો વડે).

(૧) માં ભગવાન્ મહાવીરના સમયની સામાજિક, ધાર્મિક અને રાજનૈતિક પરિસ્થિતિનું ઐતિહાસિક વર્ણન, જન્મથી લઈ કૈવલ્યજ્ઞાન યાવત્—ચરિત્ર ની વચ્ચે-થએલા વિહારો, ચોમાસાં ઉપસર્ગો અને મહાદર્શ પ્રસંગોનું વર્ણન વિગેરેમાં માતાપિતાદિ રાજ્યનો ઇતિહાસ.

(૨) માં કૈવલ્યજ્ઞાનથી લઈ મોક્ષ-નિર્વાણ યાવત્ ચરિત્ર. વિહારગામોની ઐતિહાસિક બિના, ચોમાસાં ઉપદેશ, સમતા, નિષ્પક્ષપાત, ગૌતમાદિ ગણધરોને પ્રતિબોધ, શ્રેણિકાદિ રાજાઓનું આવવું, પ્રશ્નોત્તર, ભાવના, ગોસાલા અને જમાલીનું ઐતિહાસિક વૃત્તાંત, તેમનો મત અને મહાવીરના મતમાં રહેલ અન્તર, તથા બુદ્ધની સાથે કંઇ પણ પ્રસંગ-મેલાપ થવા હોય તો તેનું ટુંક પણ સારૂં વૃત્તાન્ત.

(૩) માં ભગવાનના સમયના જૈન ધર્મના અનુયાયી-શ્રેણિક, કૌણિક, ચંડપ્રદ્યોત, નંદિવર્ધન, ઉદયન વત્સ, ચેટક વિજય, દશાર્ણભદ્ર આદિ રાજા અભયકુમારાદિ મંત્રિઓ, ચેલણા, ચન્દનબાલાદિ સતીઓ, આણંદાદિ મહા શ્રાવકો, ગૌતમાદિ મહા મુનિઓની રાજનૈતિક, ધાર્મિક અને આત્મિક સ્થિતિનું, દેશનું, કુલજાતિનું ઈતિહાસની દૃષ્ટિએ સુન્દર શબ્દોમાં વિવેચન, ભગવાનની આદ્ય અને છેલી દેશના, તત્કાલનું પાવાપુરીનું વર્ણન. નિર્વાણથી થયેલ જ્ઞાનસૂર્યના અભાવથી થએલ સ્થિતિ.

(૪) માં સંઘ જગતમાં પ્રસરેલો શોક, દીવાલી વિગેરે પર્વોની-રાજાઓ વડે કરાએલી શરૂઆત, વીર ભક્તોએ કરેલો ધર્મ પ્રચાર, કાલાન્તરે તેઓની ત્યાગ વૃત્તિમાં થએલો ફેરફાર, ભિન્ન ભિન્ન રાજાઓએ-આચાર્યોએ-શ્રાવકોએ ધર્મ નિમિત્તે કરેલી સેવા, ભ૦ મ૦ ના સિદ્ધાન્તો, હમ્મેશાં જૈન ધર્મ ઉપર હિન્દુઓની દ્વેષ-કડી દૃષ્ટિ રહેવા છતાં અદ્યાવધિ તેને ટકી રહેવાનું કારણ, જૈન ધર્મથી જગત્ ઉપર થએલ-પડેલ સારા સંસ્કારો, વર્તમાનમાં ગૂજરાતનું ઉદાહરણ, જૈન ધર્મના સિદ્ધાન્તો સંબંધી સાક્ષર સંમતિ, જૈન સાહિત્યની વિપુલતા અને અપરિમિતતા, દિગમ્બર ગ્રંથો-માન્યતાઓને જોવાની ઉપેક્ષા ન કરવી તથા આજ પર્યન્ત પાશ્ચાત્ય તેમજ પૌર્વાત્ય સારા વિદ્વાનોના હાથથી લખાએલ સાહિત્યનું અવલોકન કરવું વગેરે.

'ઉપર જણાવેલ સૂચના તથા સાધનો મેં તો તમને નવીન બુદ્ધિએ જણાવ્યા છે, છતાં સંભવ છે કે તેમાંથી કેટલીક સૂચના અને સાધનજ્ઞાનનો જન્મ તમારા મગજમાં થઈ ગયોં હશે. જો થયો હશે તો પણ તમારા પૂર્વાનુભૂત જ્ઞાનનું પ્રત્યભિજ્ઞાન (ભાન) થવાથી તમારી ભાવના દૃઢમૂલ થશે એટલે બંને દૃષ્ટિએ મારો પ્રયત્ન સફલ માનું છું. મેં મારી તુચ્છમતિદ્વારા આલેખિત સાધનો તથા સૂચનાઓ તમારા વિષયને પુષ્ટ કરશે એવી ઈચ્છાથી લખ્યું છે.

'ઇતિહાસના અને સાહિત્યના પ્રખર વિદ્વાન્ ઇતિહાસ તત્ત્વ મહોદધિ શ્રી વિજયેન્દ્રસૂરિ મહારાજજી, શાસનદીપક મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મ૦ (મારા ગુરૂદેવ), સાહિત્યસેવી શ્રી જિનવિજયજી, સુખલાલજી, નાથુરામ પ્રેમી, બેચરદાસ, કેશવલાલ પ્રેમચન્દ વગેરે જૈન વિદ્વાનોની સલાહ-સહાયતા લેતા રહેશો તો તમારો વિષય વધારે શુદ્ધ સરલ અને સુન્દર બનશે. આજથી પૂર્વકાલની અપેક્ષાએ અપૂર્વતા મેલવશે!"

આ નવીન જમાનાને ઉપયોગી સૂચનાઓ અમે વધાવીએ છીએ, અને તેમાંનું ઉપયોગી તત્ત્વ જરૂર ગ્રહણ કરવામાં આવશે એની અમે ખાત્રી આપીએ છીએ. તેઓ તેમજ બીજા મહાશયો પોતપોતાની સૂચનાઓ અને સાધનો જણાવતા રહેશે અને સર્વ સાધનો એકત્રિત કરવામાં કરી આપવામાં સહાયભૂત થશે તો ખરેખર ઉપકાર થશે.

મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી (સન્મિત્ર) ગત. જેઠ વદ ૬ના કાર્ડથી જણાવે છે કે:-'જૈનયુગનો વીરજયન્તીનો અંક જોયો તેમાં વીર પ્રભુનું ચરિત્ર બહાર પાડવા તમે તૈયારી કરો છો તો તેમાં શ્રી મહાવીર ઉપદેશના અંગે 'પ્રશમરતિ'માં વાચક મુખ્યે જે જે વિષયો સંગ્રહીત કર્યા છે તે તપાસગો. તો તેમાંથી અને શ્રીમાન્ ય. ઉપાધ્યાય કૃત અષ્ટકોમાંથી તેમજ શ્રીમાન્ હરિભદ્રસૂરિ કૃત ધર્મબિન્દુ અને યોગશાસ્ત્રાદિક પ્રસિદ્ધ ગ્રંથોમાંથી કેટલુંએક મુદ્દાસર ગ્રહણ કરી સંગ્રહવા યોગ્ય મળશે. પંચસૂત્ર તેની સરળ વ્યાખ્યા સાથે છપાયેલ છે તેમાંથી પણ ઠીક ઠીક મુદ્દાસર ઉપલબ્ધ થઈ શકશે, આટલી વાત તમને જણાવવા સ્ફુરણ થવાથી જણાવી છે.' આ સૂચના ઠીક છે ને તે લક્ષમાં લેવાશે. એજ રીતે સર્વ ગ્રંથો જોઇ તપાસી જે જે વીર પ્રભુ સંબંધે મળી શકે તે એકત્રિત કરવાની જરૂર છે. આના નમુના તરીકે શાંતિસૂરિ કૃત ચૈત્ય વંદન ભાષ્ય'માંથી કેટલું મળી શકે છે ને તે કેવી રીતે સંગ્રહ કરવું તે આ અંકમાં અમે જણાવ્યું છે. એજ રીતે સુજ્ઞ મહાશયો બીજા ગ્રંથોમાંથી સંગ્રહ કરી મોકલાવશે, તો ચૈત્રી શ્રી વીરજન્મ અંક બહાર પાડવા ઇચ્છા છે તેમાં પ્રકટ કરીશું.

# વિવિધ નોંધ.

( કૉન્ફરન્સ ઑફિસ-પરિષદ્ કાર્યાલય તરફથી. )

**૧ પ્રોપેગેન્ડા કમિટીનું (પ્રચાર સમિતિનું) કાર્ય.**

ગયા ખાસ અધિવેશન વખતે શત્રુંજય તીર્થના અંગે નીમવામાં આવેલી આ સમિતિના સભ્યોના કાર્યની રૂપરેખા અને કાર્યપ્રદેશ તેઓની અંહિની હાજરી દરમીઆન જે સભ્યો હાજર હતા (અધિવેશન વીત્યા બાદ) તેઓ સાથે વાટાઘાટ થતાં નક્કી કરવામાં આવ્યાં હતાં. અને તે મુજબ ઉત્તર ગુજરાતનું કાર્ય રા. મણીલાલ કોઠારીને, દક્ષિણ ગુજરાત તથા તેને લગતો મારવાડનો પ્રદેશ રા. મણિલાલ ખુશાલચંદને ( પાલણપુરવાલા ), મારવાડ અને તેને લગતો રાજપુતાના પ્રદેશ હીરાલાલ સુરાણાને (સોજત) બાબુ કીર્તિપ્રસાદજીને પંજાબ અને યુ. પી. (કાનપુર, બનારસ, લાહોર, અલાહબાદ, દીલ્હી, મીરત, મથુરા, ગુજરાનવાલા), અને બાબુ દયાલચંદજીને આગ્રા અને યુ.પી ના બાકીનો મુખ્ય પ્રદેશ, અને પોપટલાલ શાહને દક્ષિણ-એ રીતે કાર્યપ્રદેશની ગોઠવણ કરવામાં આવી હતી. શેઠ આણંદજી કલ્યાણજી તરફથી મળેલું સાહિત્ય તેમને દરેકને તૈયાર થવા માટે મોકલવામાં આવ્યું છે. તેમજ અધિવેશને પસાર કરેલા ઠરાવોનો હીંદી તરજુમો કરાવી તે તથા ગુજરાતિ અને અંગ્રેજી ઠરાવોની પ્રતો પ્રદેશની અનુકૂળ ભાષા મુજબ મોકલાયા છે ઉપરાંત પ્રમુખ મહાશયના ભાષણની પ્રતો પણ પૂરી પાડવામાં આવી છે કે જે શત્રુંજય સબંધી ઘણી માહિતીઓ પૂરી પાડે છે. રા. પોપટલાલ શાહ દક્ષિણમાં ફરે છે. દરેક સ્થળે મીટીંગો ભરી પોતાનું કાર્ય કરે છે. પંજાબ મહાસભા તરફથી તેમના સભાના મુકામે થયેલા વાર્ષિક મહોત્સવ પ્રસંગે પ્રોપેગેન્ડા કમિટીના સભ્યોની હાજરી માટે આગ્રહપૂર્વક લખવામાં આવ્યું હતું તેમજ તેવો તાર પણ મલ્યો હતો જેથી. રા. મણિલાલ કોઠારી હાલ તુર્ત માટે પંજાબ ગયા છે જ્યાં તેઓ તેમજ બાબુ કીર્તિપ્રસાદજી મહાસભાના વર્ષિક સંમેલનમાં હાજરી આપ્યા બાદ યોગ્ય કાર્ય કરે છે અને પંજાબમાં પ્રચારકાર્ય શરૂ કર્યાના રીપોર્ટ પણ પ્રકટ થઇ ચૂકયા છે. રા. હિરાલાલ સુરાણાએ, જયપુર, બીઆવર આદિ સ્થળોએ પ્રવાસ કરી કાર્ય કર્યાનું લખી જણાવે છે અને ઘાણેરાવ અને તેની આસપાસના પ્રદેશમાં ગયા છે. એવી છેલી ખબર મલી છે.

સમિતિના સભ્યો સાથે થએલ પત્રવ્યવહાર પરથી તેમજ તેઓ બધાને જરૂરીઆત જણાયાથી શ્રીમદ્ હીરવિજય સૂરિશ્વરજીની જયંતિ પ્રસંગે પાલણપૂરમાં બધા સભ્યો મલે અને રૂબરૂ કેટલીક બાબતોની જરૂરી ચર્ચા થાય એમ તેઓ સૌને ઈષ્ટ જણાતાં તેવી મીટીંગ તા. ૧૭-૧૮ સપ્ટેંબરના રોજ ગોઠવવામાં આવી હતી. પરંતુ કંઇક સભ્યોની નાદુરસ્ત તબીયત અને પંજાબ મહાસભાના વાર્ષિક સંમેલનના કારણસર આ મીટીંગ થઇ શકી નહિ. અને ફરીથી આ મીટીંગ તા. ૨૫-૯-૨૬ ના રોજ ગોઠવવામાં આવી હતી. જે વખતે કેટલીક જરૂરી ચર્ચા થયા પછી કાર્ય પદ્ધતિની ચોકકસ લાઇન નક્કી કરવામાં આવી હતી. જે કામ કાજની વિગતો ગેરહાજર રહેલા સભ્યોને તેમજ પ્રમુખ મહાશય શ્રીયુત બહાદૂરસિંહજી સિંઘીને મોકલવામાં આવી છે. અધિવેશનના ઠરાવો પ્રમુખ મહાશયના ભાષણની પ્રતો તેમજ ધી 'શત્રુંજય ડીસ્પ્યુટ' ( Shatrunjay Dispute ) જેનાથી શ્રી શત્રુંજય સંબંધી આપણા હકકોની વિગતોથી જૈન કોમ વાકેફ થઇ શકે તેવી જાતનું ઉપર જણાવ્યા મુજબ સાહિત્ય મોકલાતું રહે છે અને કેટલેક સ્થળે મોકલાઇ ગયું પણ છે. હાલ સમિતિના સભ્યો પોતાના પ્રદેશોમાં કાર્ય કરી રહ્યા છે અને તેમના તરફથી રીપોર્ટો મલેથી પ્રકટ કરવામાં આવશે. રા. મણીલાલ ખુશાલચંદ પરી. પાલણપૂરવાલા પોતાના કાર્ય માટે અત્રેથી રવાના થઇ દમણ તરફ ગયા છે જ્યાં તેઓ પોતાનું કાર્ય કરશે.

## ૨ ડભોઈમાં પ્રચાર કાર્ય અને સુકૃત ભંડાર ફંડ.

આ સંસ્થા તરફથી પગારદાર ઉપદેશકો, સંસ્થાના ઉદ્દેશાનુસાર પ્રચારકાર્ય માટે સ્થળે સ્થળે મોકલવામાં આવે છે. સંસ્થાના આર્થિક સંજોગોને લઇ ઉપદેશકો વધારી પ્રચારકાર્યના પ્રમાણમાં વધારો જોઇએ તેવો થઇ શકતો નથી પરંતુ જે થોડું ઘણું કાર્ય આ સંસ્થા બજાવી રહી છે અને હમેશાં સમાજની યથાશકિત સેવા કરે છે તેની યોગ્ય પીછાન દરેક સ્થળેથી થાય છે. આ પ્રચાર કાર્ય માટે સંસ્થા તરફથી ઉપદેશક વાડીલાલ સાંકલચંદને ડભોઇ મોકલવામાં આવ્યા હતા અને ત્યાંના સ્થાનિક બંધુઓના અતિ આગ્રહથી સંસ્થાની પરવાનગી મેળવી ક્રમ કરતાં વધારે વખત તે ભાઇને ત્યાં રહેવા ફરજ પડી હતી તે સમય દરમીયાન જૂદા જૂદા પ્રસંગો લઈ ભાષણો આપી સારૂં કર્ય કર્યું છે અને તે સબંધી ત્યાંના પંડિત મણિલાલ પોપટલાલ તેમજ શ્રી સંઘ તરફથી અમને નીચે મુજબ પત્રો મલ્યા છે જે અમે જાહેર જાણ માટે પ્રકટ કરીએ છીએ.

" જય જીનેંદ્ર સાથ લખનાર પંડિત મણિલાલ પોપટલાલ ના તરફથી વિશેષ જણાવવાનું કે-કૉન્ફ્રન્સ તરફથી પધારેલા વકતા શ્રીયુત વાડીલાલ સાંકલચંદનાં ભાષણો વિવિધ વિષયક લગભગ ૧૫ દિવસથી સાંભળીને અમને તથા અહીંના એટલે ડભોઇના સંઘને ઘણોજ આનંદ થયો છે. તેમજ અંહિના સંઘની તેમના તરફ તથા કૉન્ફ્રન્સ તરફ અતી માન ભરેલી લાગણી થઇ છે અને તેની સાથે ધાર્મિક તથા નૈતિક અને વ્યાવહારિક જીવનમાં ઘણોજ સુધારો થયો છે ખરેખર કોન્ફરન્સ આવા ધાર્મિક જીવનની સાથે અસરકારક ઉપદેશ આપનાર ઉપદેશકને પ્રાપ્ત કરી ઘણીજ ભાગ્યશાલી થઇ છે અને ભવિષ્યમાં પણ ઘણોજ લાભ પ્રાપ્ત કરશે. જ્યારે જૈન કોમની અંદર આવા સચ્ચરિત્ર તથા અસરકારક ઉપદેશકો ઉત્પન્ન થશે ત્યારે જ પૂર્વની જાહોજલાલી મેળવવા ભાગ્યશાલી થશે. બીજા ઉપદેશકો જ્યારે શ્રોતાઓ ઉપર પોતાના ઉચ્ચ જીવનના અભાવે બરાબર અસર કરી શકતા નથી ત્યારે આ ઉપદેશક ભાઇ શ્રી વાડીલાલજી પોતાના કથનાનુસાર સચ્ચરિત્રના ભાવે ઘણોજ અસરક.રક દરેકના જીવનની અંદર ફેરફાર કરવાની સાથે ધાર્મિક ઉચ્ચ સંસ્કારોને સ્થાપન કરવામાં વિજયવંત થાય છે. છેવટમાં એટલુંજ લખવાનું કે કોન્ફરન્સ આવા બીજા પણ ઉચ્ચ કોટીના ઉપદેશકોને પ્રાપ્ત કરી કોમનું શ્રેય: કરો તથા ઉપરોક્ત ઉપદેશકભાઇ પણ ઉત્તરોત્તર જૈન કોમને પોતાના ઉપદેશથી આનુભવિક જ્ઞાન પ્રાપ્ત કરાવાની સાથે ધાર્મિક જીવનને ઉત્તમ કરવા ભાગ્યશાલી થાઓ એવી જીનેંદ્ર પરમાત્મા પાસે વિનંતિ કરીને લખવાથી વિરમું છું. ન્યાય વ્યાકરણ-સહિત્ય તીર્થ અને ધાર્મિક અભ્યાસક-પં. મણિલાલ પોપટલાલના સવિનય જય જીનેંદ્ર."

### ડભોઈ સંઘનો પત્ર.

—"જય જીનેંદ્ર સાથ લખનાર શ્રી ડભોઇનો જૈન સંઘ સમસ્ત-આપણી સંસ્થા તરફથી ઉપદેશક વાડીલાલ સાંકલચંદે આવી પંદર દીવસ લગભગ દરેક દીવસ જૂદા જૂદા વિષયોથી સંઘને સંતુષ્ટ કર્યો છે. તેમના ભાષણની અસર બ્હેનો ભાઇઓ પર અસર કારક થઇ છે. કોન્ફરન્સ આવા સ્તુતિપાત્ર કાર્ય અને અનુભવી ઉપદેશકો મોકલી લાભ આપે તે લાભથી લોકની ઉન્નતિ થવાની આશા પૂર્ણ બંધાય છે. ઉપદેશક મજકુરને લગભગ દશ વર્ષ પર એંદરાડ મુકામે એક લાખ માણસના સમુદાયમાં ડભોઇના સંઘે કોન્ફરન્સથી માગણી કરતાં આવેલા તે વખતે આશરે ત્રીશથી ચાલીશ હજારને દારૂ, માંસ, હિંસા ન કરવાની પ્રતિજ્ઞાઓથી અમે જાણીતા છીએ. આ વખતે પણ લાભદાન મુનિમહારાજ રૂબરૂ દરરોજ ઉપદેશ મળતો હશે. કૉન્ફરન્સનું સુકૃત ભંડાર ફંડમાં રૂા. ૨૯૧।।। બસોને પુણી બાણુ કરી આપ્યા છે. આશા રાખીએ છીએ કે દરેક વખતે લાભ મળે એમ ઇચ્છીએ છીએ" સહી. શેઠ હીમતલાલ ફુલચંદ, જેઠાલાલ ખુશાલચંદ તથા બીજી સહીઓ."

છેવટે અમે સુજ્ઞ બંધુઓ અને પૂજ્ય મુનિમહારાજાઓને વિનંતિ કરીએ છીએ કે જેવી સહાનુભૂતિ આ સંસ્થા પ્રત્યે દર્શાવાઇ છે તેવીજ સહાનુભૂતિ દરેક પ્રસંગે દર્શાવી, ઉપદેશકોના કાર્યને જરૂર ટેકો આપી સંસ્થાને બનતી સહાય આપશોજ.

**૩ બનારસહિંદુ યુનિવર્સીટી જૈન ચેર-**

સ્થાપવા માટે ઉક્ત યુનિવર્સીટીના કાર્યવાહકો સાથે ઘણા વખત થયા પત્રવ્યવહાર ચાલતો હતો અને તેના પરિણામે તેમના તરફથી એક કમિટી નીમવામાં આવી હતી જેમાં તેઓએ યુનીવર્સીટીના વાઇસ ચાન્સેલર, પ્રોફેસર. પી. શેષાદ્રિ, પંડિત અંબાદાસ શાસ્ત્રી ડો. એન. જે. શાહ અને યુનીવર્સીટીના રજીસ્ટારની નીમણુક કરી હતી. આ કમિટી એ આ સંસ્થા તરફથી મોકલવામાં આવેલ, જૈન ચેર સ્થાપવા સબંધી અમોએ અગાઉ પ્રસિદ્ધ કરેલી શરતો ( જૈનયુગ પાનું ૨૭૨ ) વિગેરેના ઉલ્લેખવાળા તા. ૧-૬-૨૬ ના પત્ર પર વિચાર કરી રીપોર્ટ કર્યો હતો તેમના તા. ૬-૯-૨૬ ના પત્ર નં ૮૫૨' ૧૨ બી-૩૭-૧ સાથે અમને મળ્યો તે નીચે મુજબ

Report of a meeting of the committee appointed by the council (under its Resolution No. 26 of the 13th March, 1926, to consider letter dated the 1st of March, 1926, from the Resident General Secretaries, Shri Jain Swetamber Conference, offering terms for endowing a chair in Jain Philosophy and Logic at the University, held on Monday, the 2nd of August, 1926, at 4-30 P. M. Present—The Pro-Vice-Chancellor, Professor P. Seshadri, Pandit Ambadas Shastri, and the Registrar (convener). Resolved—

(1) that it be recommended to the council that the offer be accepted with thanks;

(2) that the Resident General Secretaries, Sri Jain Swetamber Conference, be informed that courses in Jain Philosophy already exist in all the examinations of the Faculty of Oriental Learning and also in the B. A. Philosophy course and in the Sanskrit and Philosophy courses of the M. A. examination;

(3) that while the authorities of the University would be willing to consult the Resident General Secretaries of the Jain Swetamber Conference or in the absence of the said body the two Swetamber Members of the court as desired by the donors, the power of appointment to the chair should, in accordance with the provisions of the Act & Statutes of the Benares Hindu University, rest ultimately with the Board of Appointments and the Council of the University;

(4) that similarly while the university authorities would be glad to consult the Resident General Secretaries of the Jain Swetamber Conference in prescribing the courses, the ultimate authorities for the purpose in accordance with the Act and Statutes of the University should be the Boards of studies and the Faculties concerned and the senate of the Benares Hindu University.

Sd. **Syamcharan De** M. A.
Registrar (Convener).

**અનુવાદ,**

( યુનિવર્સીટીમાં જૈન તત્વજ્ઞાન અને ન્યાય માટે એક ચેર સ્થાપવાની માંગણી સબંધી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ તરફથી તા. ૧-૩-૨૬ નો આવેલ પત્ર વિચારવા માટે તા. ૧૩-૩-૨૭ ના ના. ઠરાવ નં. ૨૬ મુજબ ) કાઉન્સીલે નીમેલી સમિતિની તા. ૨-૮-૨૬ સોમવારના રોજ ૪-૩૦ વાગતે મળેલી બેઠકનો રીપોર્ટ.

હાજર-પ્રો. વાઇસ ચાન્સેલર, પ્રોફેસર પી. શેષાદ્રિ, પંડિત અંબાદાસ શાસ્ત્રી અને રજીસ્ટ્રાર ( કમિટી બોલાવનાર ), ઠરાવવામાં આવ્યું કે-

(૧) આ માગણી આભાર સહિત સ્વીકારવા કાઉન્સીલને ભલામણ કરવી.

૨. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને જણાવવું કે પૌર્વાત્ય શિક્ષણ શાખાનાં, બી. એ. ના તત્વજ્ઞાનના અભ્યાસક્રમમાં, અને એમ. એ. ની પરીક્ષાના સંસ્કૃત અને તત્વજ્ઞાનના અભ્યાસક્રમમાં જૈન તત્વજ્ઞાનનો અભ્યાસક્રમ ક્યારનોએ અસ્તિત્વ ધરાવે છે.

૩. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓના અથવા તો ઉક્ત સંસ્થાની ગેર હાજરીમાં કોર્ટના બન્ને શ્વેતાંબર સભ્યોની પૈસા આપનારાઓની ઇચ્છા મુજબ, ખુશીથી સલાહ લેવામાં આવશે પરંતુ બનારસ હિંદુ યુનિવર્સીટીના ધારા ધારણ મુજબ તે ચેર માટે નિમણુંક કરવાની છેવટની સત્તા યુનિવર્સીટી કાઉન્સીલ અને નિમણુંક કરનારાં મંડળની રહેશે.

૪. તેજ પ્રમાણે અભ્યાસક્રમ યોજવામાં જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓની સલાહ યુનિવર્સીટીના સત્તાધારીઓ ઘણી ખુશીથી લેશે છતાં યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ તે કામ માટેની છેવટની સત્તા અભ્યાસક્રમનાં મંડળ અને લાગતા વલગતા કેળવણીના વિષયાધિકારીઓ (Faculties concerned) અને બનારસ હિંદુ યુનિવર્સીટીની સેનેટનીજ રહેશે.

સહી. **શ્યામચરણ** ડે. એમ. એ.

રેજીસ્ટ્રાર-(કમિટી બોલાવનાર)

આ રીપોર્ટ બનારસ હિંદુ યુનિવર્સીટીની કાઉન્સીલની તા. ૨૧-૮-૨૬ ની બેઠક વેળાએ રજુ થતાં તે પર નીચે મુજબ ઠરાવ થયાનું જણાવવામાં આવ્યું છે. "Resolved that the recommendations of the committee be accepted and a copy of the same be forwarded to the Resident Secretaries of the Shri Jain Swetamber Conference, for information." એટલે ઠરાવવામાં આવ્યું કે કમિટીની ભલામણો મંજુર રાખવી અને શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના રેસીડેન્ટ સેક્રેટરીઓની જાણ માટે તેની એક નકલ મોકલી આપવી.

આ ઠરાવ તેમજ કમિટીની ભલામણોનો રીપોર્ટ વિગેરે સંસ્થાની સ્ટેન્ડીંગ કમિટીની તા. ૧૩-૯-૨૬ ની બેઠક વેળાએ રજુ કરવામાં આવતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું કે "કૉન્ફરન્સ તરફથી તા. ૧-૩-૨૬ ના પત્રમાં જે શરતો મૂકવામાં આવી છે તે બધી શરતો પૈકી ખાસ કરીને નંબર ૪ ની શરત કાઉન્સીલે સ્વીકારી છે કે નહિં તેનું બરાબર સ્પષ્ટીકરણ થતું નથી. તે માટે સેક્રેટરીઓએ યુનિવર્સીટી સાથે પત્ર વ્યવહાર કરવો. (તા. ૧-૩-૨૬ કૉન્ફરન્સના પત્રની શરત નં. ૪ આખા વખત માટે એક પ્રોફેસરની નીમણુંક કરવી, અને પ્રથમ વર્ષથી આર્ટસ અને શાસ્ત્રી ઉંચામાં ઉંચી પરીક્ષાના અભ્યાસક્રમમાં જૈન અભ્યાસક્રમ દાખલ કરવો).

આ ઠરાવની નકલ શ્રી બનારસ હિંદુ યુનિવર્સીટીના સત્તાધારીઓને સંસ્થા તરફથી પત્ર નં. ૩૮૯૮ તા. ૨૫-૯-૨૬ ના સાથે મોકલવામાં આવી છે. અને તે સંબંધી યોગ્ય ખુલાસો માંગવામાં આવ્યો છે. જે મલેથી હવે પછી પ્રગટ કરવામાં આવશે.

### ૪ સુકૃત ભંડાર ફંડ.

કન્વેન્શન વખતે ભરાએલ સુ. ભં. ફંડની વસુલાત-નીચે મુજબ અત્યાર સૂધી આવી છે. બાકી રહેતી ઉઘરાણીની યાદી હવે પછી પ્રકટ કરવામાં આવશે

કાશી બ્હેન રૂ. ૩ કન્વેન્શન બેઠક વખતે પરચુરણ રોકડા ૧૪૧ શેઠ સૂરચંદ. પી. બદામી નડીઆદ ૫૧, શેઠ હરખચંદ કપુરચંદ મુંબાઈ ૧૦૧, શેઠ અમરચંદ મેઘજી દોસી મુંબાઈ ૫, શેઠ ગણપત ઇચ્છાચંદ મુંબાઈ ૨૫, શેઠ સુરજમલ પુનમચંદ મુંબઈ ૨૫, સારાભાઈ ભોગીલાલ ઝવેરી ૨૫૧, શેઠ લલ્લુભાઇ ઝવેરચંદ અંકલેશ્વર ૧૧, શેઠ ભાણાભાઇ મેઘાભાઇ અંકલેશ્વર ૧૫, શેઠ ઝવેરચંદ વીરચંદ અંકલેશ્વર ૨૧, શેઠ કસ્તુરચંદ ફતેચંદ અંકલેશ્વર ૨૫, શેઠ માણેકચંદ વમલચંદ ૫૧, શેઠ માણેકચંદ ભીખાજી અંકલેશ્વર ૫૧, શેઠ ડાહ્યાભાઈ ધનજી મુંબઇ ૧૦૧, શેઠ દોલતચંદ પરસોતમ બરોડીઆ અમદાવાદ ૫૧, શેઠ મગનલાલ વર્ધમાન ઝવેરી મુંબાઈ ૨, પંડિત ફતેચંદ કપુરચંદ લાલન મુંબાઈ ૨૫, શેઠ ગુલાબ-

ચંદજી ઢઢ્ઢા, જયપુર ૧૫૦, શેઠ લલ્લુભાઈ જેઠાલાલ ઘડીઆળી અમદાવાદ ૨૧, શેઠ જીવણજી કપુરાજી વાંઝ ૧૦૧, શેઠ મોહનલાલ મગનલાલ ઝવેરી અમદાબાદ ૧૦૦૧, શેઠ દેવચંદ દામજી કુંડલાકર ભાવનગર ૧૦, શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, કન્વેન્શનના પ્રમુખ શ્રી અમદાબાદ ૨૦૦૧, દોશી મકલાભાઇ સુરચંદ મેસાણા વાલા ૨૫, ઝવેરી કેશવલાલ બાલુભાઈ ૧૦૧, શેઠ ગીરધરલાલ પરસોતમદાસ અમદાબાદ ૫૧, શેઠ હરખચંદ મકનજી ૨૫૧, શેઠ કેશવલાલ પ્રેમચંદ મોદી અમદાબાદ ૧૫૦, શેઠ હીરાભાઇ રામચંદ મલબારી મુંબાઇ ૫, શેઠ હરગોવનદાસ હરજીવનદાસ મુંબાઇ ૫૧, ડાકટર મોહનલાલ હેમચંદ ૫, શેઠ પ્રેમચંદ ગોમાજી ૫૧, શેઠ લેરૂભાઈ ચુનીલાલ કોટવાળ મુંબાઇ ૫, શેઠ વીરચંદ પાનાચંદ તથા શેઠ નાનાલાલ હરખચંદ મુંબાઇ ૨૦૧, શેઠ મંગલદાસ નથુભાઇ ખરીદિઆ અમદાબાદ ૧૧, ચંચલ બ્હેન મંગલદાસ ૫, બ્હેન બીજકોર જેચંદ ૨, શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ મુંબાઇ ૧૦૦, શેઠ ભીખાજી ભગવાનજી કઠોર ૨૫, શેઠ સાંકલચંદ માણેકચંદ ઘડીઆળી મુંબાઇ ૧૫, શેઠ મુલચંદ આશારામ ઝવેરી અમદાબાદ ૧૫૧, બેન શ્રીમતી મોહનલાલ હેમચંદ મુંબાઇ ૧૦, શેઠ રવચંદ ઉજમચંદ મુંબાઈ ૨૦૧, શેઠ વંદરાવનદાસ દયાલ મુંબાઇ ૫૧, બ્હેન મોઘીબાઈ હીરાલાલ અમૃતલાલ શાહ મુંબાઇ ૨૫, શેઠ હેમચંદ અમરચંદ મુંબાઈ ૧૦૦૧, ડાકટર ચીમનલાલ એમ. શરાફ મુંબાઇ ૧૦૧, શેઠ ચુનીલાલ વીરચંદ મુંબાઇ ૨૫૧, ચંદનબાઇ મોતીચંદ કાપડીઆ મુંબાઈ ૨૫, જસકોરબાંઇ અમૃતલાલ ૧, મણીબેન સવચંદ ૨૫, સુશીલાબેન નવીનચંદ્ર હેમચંદ્ર ૧૦, લાડુબેન ૫, મોતી બેન ૫, મેનાબેન ૧૦, શેઠ છોટાલાલ પ્રેમજી મુંબાઇ ૨૫૧, શેઠ મકનજી જુઠાભાઈ મ્હેતા મુંબાઈ ૨૫૧, ગુલાબબેન મકનજીભાઈ મુંબાઇ ૨૫, શેઠ કકલભાઇ બી. વકીલ મુંબાઇ ૨૫૧, હેમબાઇ તલકચંદ મુંબાઇ ૧, ઝવેરી મોહનલાલ ચુનીલાલ મુંબાઇ ૫૧, શેઠ કલ્યાણચંદ શોભાગચંદ મુંબાઇ ૨૫૧, શેઠ પ્રાગજી ધરમસી મુંબાઇ ૧૦૧, શેઠ મોતીલાલ મુલજીભાઈ મુંબાઇ ૧૦૦૧, બેન વિજયા પરમાણંદ કુંવરજી કાપડીઆ મુંબાઇ ૧, શેઠ દેવકરણ મુલજી મુંબાઈ ૧૧૦૧, શેઠ પ્રેમજી નાગરદાસ મુંબાઇ ૫૦૧, શેઠ રૂગનાથદાસ રીધકરણ મુંબાઇ ૧૦૧, શેઠ ઉત્તમચંદ હીરજી મુંબાઇ ૨૫૧, એક ગૃહસ્થ હ. શેઠ સારાભાઇ ડાહ્યાભાઇ ૧૨૫, શેઠ જીવતલાલ પરતાપસી ૧૦૦૧, શેઠ ત્રીકમલાલ સોભાગચંદ ૧૦૦૧, શેઠ હીરાલાલ બકોરદાસ ૧૦૦૧, શેઠ મોહનલાલ હેમચંદ ૧૦૦૧, શેઠ રાયચંદ મોતીચંદ ૧૦૦૧, શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ ૭૫૧, શેઠ કેશવલાલ ભાણાભાઇ ૫૦૧, શેઠ લલ્લુભાઇ કરમચંદ ૧૦૧, શેઠ પોપટભાઈ લલ્લુભાઈ ૨૫, મેતા દામોદર નાનજી ૨૫,

## ૫ પરચુરણ આવેલી રકમો.

બાઇ ઇચ્છા છગનલાલ ધનજી ૧૦૧, પેટલાદ શ્રી જૈનસંઘ તરફથી હ૦ અંબાલાલ ચતુરભાઇ શાહ ૫, પારીખ ચીમનલાલ મોતીલાલ ૧, શેઠ મોહનલાલ હેમચંદ ૧૧, શેઠ હીરાલાલ અમૃતલાલ ૫૧, સંઘાણી કાલીદાસ મોરચંદ મોરવાણા ૦-૪-૦, શ્રી જૈન સ્વયંસેવક મંડળના પ્રયાસથી હા. હીરાભાઇ રામચંદ મલબારી ૪૭૭ાાા, પરચુરણ પાવતીઓનાં ૩૪, ૧૯૮૧ નાં કારતક સુધી ૧ થી. ગાંધી કાંતીલાલ મહાસુખનાથ વેજલપૂર ૧, ઝવેરી ભોગીલાલ મોહનલાલ મુંબાઈ ૧૦, શેઠ મનસુખ અનોપચંદ અમદાબાદ ૪, શેઠ હિમતલાલ મોતીજી મુંબાઇ ૦ા, શેઠ કેશવલાલ જમનાદાસ સંખેડા ૦ા, એક ગૃહસ્થ હ. મી. જીવરાજ મુંબાઇ ૬ાા=,

## ૬ વિદ્વાનોને જૈન પુસ્તકો પૂરાં પાડવાનો પ્રયાસ.

આ સંસ્થા તરફથી યુનીવર્સીટીઓ તથા વિદ્વાનોને જૂદે જૂદે સ્થળેથી સાહિત્ય મેળવી પૂરૂં પાડવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. અને શેઠ દેવચંદ લાલભાઈ પુ૦ ફંડ તેમજ આગમોદય સમિતિ તથા આ સંસ્થાના એક એકટીંગ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી તરફથી નીચે નોંધ કરવામાં આવેલા પાશ્ચિમાત્ય વિદ્વાનોને જે પુસ્તકો મોકલવામાં આવ્યાં છે. તેની નોંધ આ સાથે

આપવામાં આવી છે. આ વિદ્વાનોનાં નામ અમને રા. કેશવલાલ પ્રેમચંદ મોદી અમદાવાદવાળા તરફથી મોકલવામાં આવ્યા હતા. આ સિવાય પંજાબ તથા કલકત્તા યુનીવર્સિટીમાં કેટલુંક સાહિત્ય પૂરૂં પાડવામાં આવ્યું છે જેની નોંધ હવે પછી આપીશું.

**પુસ્તકોનાં નામ**—શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ તરફથી મળેલાં—૧. આનંદકાવ્ય મહોદય મૌક્તિક ૪ થું, ૨. સદર મૌક્તિક ૫ મું, ૩. સદર મૌક્તિક ૬ ઠું, ૪ શ્રાદ્ધ પ્રતિક્રમણ, ૫ સેન પ્રશ્ન, ૬ આવશ્યક ટિપ્પણ, ૭ શ્રીપાલચરિત્ર (સંસ્કૃત), ૮ સૂકત મુક્તાવલિ, ૯ પ્રવચન સારોદ્ધાર પૂર્વાર્ધ; ૧૦ તણ્ડુલ–વૈયાલિ ૧૧ વિંશતિ સ્થાનક ચરિત, ૧૨ કલ્પસૂત્ર સુબોધિકા, ૧૩ સુબોધા સમાચારી, ૧૪ શ્રીપાલ ચરિત પ્રાકૃત.

શ્રી આગમોદય સમિતિ તરફથી મળેલાં—૧ નિરીયાવલિ સૂત્ર, ૨ વિચારસાર પ્રકરણ, ૩ વિશેષાવશ્યક ગાથાક્રમ, ૪ ગચ્છાચાર પયન્નો, ૫ ધર્મબિંદુ પ્રકરણ, ૬ વિશેષાવશ્યક પ્રથમ ભાગ, ૭ નંદી સૂત્ર, ૮ અનુયોગ દ્વાર સૂત્ર ૯ રાયપસેણી, ૧૦ જૈન ફીલોસોફી, ૧૧ યોગ ફીલોસોફી, ૧૨ કર્મ ફીલોસોફી.

રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલીસીટર–તરફથી મળેલ શ્રી નિર્વાણ કલિકા.

વિદ્વાનોની નામાવલિઃ—૧ એલ. ડી. બારનેટ, લંડન ૨ એચ. વાઇ. એસ. એલ. પોલોક. લંડન, ૩ પ્રો. સ્લેવીન લેવી. પેરીસ, ૪ એ ગેરીનો. વેલેન્ટન ૫ પોલમાસન ઓરસેલ. મીલાન, ૬ પ્રો. હરમન જેકોબી બૉન, ૭ પ્રો. કીરફેલ બૉન, ગોડેસબર્ગ ૮ પ્રો. ડબ્લ્યુ હયુબ્રીંગ, હેંબર્ગ, ૯ ડબ્લ્યુ રૂબેન એલીઝાબેથ રૂબેન, હેંબર્ગ, ૧૦. પ્રો. એચ. ડી. વેલનકર મુંબઈ, ૧૧ પ્રો. પી. એસ પેવેટીમ ફીબ્યુઝ, ૧૨ મીસક્રોઝ. શિવપુરી, ગ્વાલિયરસ્ટેટ. ૧૩ પ્રો. ડૉ. હેલ્મથ, બર્લીન, ૧૪ પ્રો. લ્યુમન ફીબર્ગ, ૧૫ પ્રો. લ્યુડર્સ બર્લીન, ૧૬ પ્રો. ડૉ. જૉહન્સ હર્ટેલ લીપ્ઝીગ ૧૭ ફ્રેડરીક વેલર અલ્મટસ્ટ્રાસ ૧૮ પ્રો. લીંગીસ્વાલી પેળીઆ આ ગૃહસ્થોને પાર્સલોદ્વારા પુસ્તકો મોકલવામાં આવ્યાં હતાં અને તેના જવાબમાં જેઓ તરફથી પહોંચો સ્વીકારવામાં આવી છે અને જે અમને અત્યાર સૂધી મલી છે તેનો અંગ્રેજીપરથી નીચે અનુવાદ આપવામાં આવ્યો છે.

(૧)—પૌર્વાત્ય હસ્ત લિખિત અને મુદ્રિત પુસ્તકોનું ખાતું. બ્રિટિશ મ્યુઝિયમ લંડન તા. ૭ સપ્ટેંબર ૧૯૨૬ નંબર. ૪૦૦/૨૬.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરસના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ જોગ. મુંબઇ.

સદ્ ગૃહસ્થો,

પુસ્તકોનાં પાર્સલો (શેઠ દે. લા. પુ. ફંડના ચૌદ પુસ્તકો આ૦ સમિતિના બાર અને મિ. મોહનલાલ બી. ઝવેરીનું ૧) અને તમારા ૨૦ અગસ્ટના પત્રની પહોંચ સ્વીકારૂં છું અને આ કિમતી ભેટ મોકલવામાં આપના અને ભેટ આપનારાઓના સૌજન્ય માટે આપનો અને તેઓનો આભાર માનું છું.

તમારો ઘણોજ વિશ્વાસુ.
એલ. ડી. બારનેટ,

(૨)—૨૬૫ સ્ટ્રેંડ લંડન ડબલ્યુ. સી. ૨. ૮ સેપ્ટેંબર ૧૯૨૬.

આસિસ્ટંટ સેક્રેટરી શ્રી જૈન શ્વેતાબર કૉનફરંસ..
૨૦ પાયધુની, મુંબઈ ૩.

પ્યારા સાહેબ,

જૈન ધર્મની જુદી જુદી બાબતોને સંબંધ ધરાવતા રજીસ્ટર પાર્ષલથી મોકલેલા ૨૭ પુસ્તકો મોકલ્યા સંબંધીના ગયા માસની ૨૦ મી તારીખના તમારા પત્ર બદલ આભારી છું. પાર્સલો હવે મને મલ્યા છે. રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને મારો આભાર જણાવશો તો હું આભારી થઇશ. ડુપલીકેટ પહોંચ આ સાથે મોકલું છું–તમારા સૌજન્ય માટે આભાર માનતાં તમારો વિશ્વાસુ સૌજન્ય એસ. એલ. પોલોક.

(૩)–ફ્રીબર્ગ જર્મની તા. ૧૪ સેપ્ટેંબર ૧૯૨૬.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ,
વહાલા સાહેબો.

૨૭ જૈન પુસ્તકોની પહોંચ સ્વીકારતા મને ઘણોજ આનંદ થાય છે. જેમાંના ૧૪ શેઠ દે. લા. પુસ્તકોદ્ધાર ફંડના છે, ૧૨ આગમોદય સમિતિના અને ૧ શ્રીયુત

મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલીસીટરનું છે. છેવટ જણાવવામાં આવેલા સદ્દગૃહસ્થે પોતાનાં પુસ્તકનાં પહેલે પાને અંગત અર્પણની નોંધ લખવા માયાળુ થયા છે. આ પુસ્તકોનો કિંમતી જથ્થો મને મોકલવા માટે તમને સૂચના આપવા બદલ અહમદાવાદનાં મી. કેશવલાલ પ્રેમચંદ મોદીને હું જુદો પત્ર લખું છું. તમારો ઘણોજ વિશ્વાસુ લ્યુમેન.

(૪) બૉન. ૧૯ સપ્ટેંબર ૨૬.

સદ્દગૃહસ્થો,

પાંચ કીમતી પુસ્તકો મને ભેટ મોકલવા બદલ આપનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું જેની ડુપલીકેટ પહોંચ આ સાથે મોકલું છું. આ સ્થળે મિ. મોહનલાલ બી. ઝવેરીના નિર્વાણ કલિકાના ગ્રંથ બદલ આભાર માનવાની તક લઉં છું કે જેની અતિ વિદ્વત્તા ભરેલી પ્રસ્તાવના મેં ઘણાજ રસપૂર્વક વાંચી છે. લી. તમારો હર્મન જેકોબી.

(૫) શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડલ શિવપુરી ૨૨ સેપ્ટેંબર ૧૯૨૬.

મકનજી જે. મ્હેતા બાર-એટલૉ.

મોહનલાલ બી. ઝવેરી, સોલીસીટર, રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ મુંબઇ.

વહાલા સાહેબો,

હમણાજ હું બ્યાવર (રાજપુતાના)થી પાછો ફરી છું કે જયાં પૂજ્ય આચાર્ય શ્રી વિજયેન્દ્ર સુરીજી પાસે પર્યુષણના દિવસો ઉજવ્યા છે. ત્યાંથી પાછાં ફરતા જૈન સાહિત્ય અને ધર્મના જે પુસ્તકો તમે મને માયા ભરેલી રીતે ભેટ મોકલ્યાં છે તે કિંમતી પુસ્તકો મને મળ્યા. આવો કિંમતી ખજાનો કે જેમાંના કેટલાક પુસ્તકો મારા પુસ્તકાલયમાં રાખવાને માટે હું ઘણા વખત થયા ઇચ્છતી હતી તેવા કિંમતી ખજાનાની માલિક બનતા હું ખરેખર એટલી બધી ખુશી થાઉં છું કે સંપૂર્ણ રીતે આભાર માનવાને મને શબ્દો મલતા નથી. આ પુસ્તકો મને મોકલાવવા માટે તમને પ્રેરવા બદલ મિ. કેશવલાલ પી. મોદીની હું ઘણીજ આભારી છું જે મહેરબાની કરી તેમને જણાવજો......આ પહોંચ આપને મોડી મલે છે તે બદલ હું દિલગીર છું. અને અત્રેથી મારી લાંબી ગેરહાજરીનાં કારણ સહજ આ ઢીલ થઈ છે એમ સમજશો એવી આશા રાખું છું અંતઃકરણ પુર્વક આભાર માનું છું તમારી ઘણીજ વિશ્વાસુ ચારલૉટ ક્રાઝ. ઝે. પી. એસ. ડી.

(૬)—ડૉ. એ. ગેરિનો,

વેલેન્ટન સપ્ટેમ્બર ૧૩ મી ૧૯૨૬.

(સીનએટ. ડીસે)

ફ્રાન્સ

શ્રીયુત મોહનલાલ બી. ઝવેરી, સોલિસિટર

રેસિડન્ટ જનરલ સેક્રેટરી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફિસ,

વહાલા સાહેબ, મુંબઈ.

હું તમને જણાવવાની રજા લઉં છું કે તમે જે ૨૭ પુસ્તકો નવ બુકપોસ્ટ પાર્સલદ્વારા મોકલવા કૃપા કરી છે તે મને યથાયોગ્ય પહોંચ્યા છે.

કૃપા કરી મારી વિશિષ્ટ કૃતજ્ઞતા સ્વીકારશો. આગમોદય સમિતિ અને શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડના માનનીય પુસ્તકાધ્યક્ષના આભારના ચિહ્ન તરીકે સાથેજ ખાસ રસીદ બીડેલી તમને મળશે.

કૃપા કરી તમારી પાદલિપ્તની "નિર્વાણ કલિકા"ની આવૃત્તિ બદલ પણ મારી ખાસ હૃદયજન્ય કૃતજ્ઞતા સ્વીકારશો. એ ગ્રંથથી અજાણ હતો. જો હું તમારી અતિ વિદ્વત્તા ભરી પ્રસ્તાવના જે મેં હમણાંજ વાંચી છે. તે પરથી હું નિર્ણય કરૂં તો એ જૈન ઇતિહાસ અને રૂઢિ સંબંધી રસથી પરિપૂર્ણ છે.

સહૃદય માનપૂર્વક હું રહું છું.

વહાલા સાહેબ આપનો સહૃદયી,

એ. ગેરિનો.

# એક સુખી કુટુંબ

## સ્ત્રી પુરૂષ અને બચ્ચું

૧ ચંદ્રપ્રભા ગોળીનું સેવન કરનારી સ્ત્રી પ્રદર, સુવારોગ વગેરે રોગોથી છુટે છે અને ઉત્તમ આરોગ્ય ભોગવે છે.

**કીંમત ગોળી ૧૬ નો રૂ. ૧)**

૨ આતંકનિગ્રહ ગોળીનું સેવન કરનાર પુરૂષ બળ અને ઉત્સાહથી ભરપુર બની પોતાના ધંધામાં આગળ વધશે.

**કીંમત ગોળી ૩૨ ડબી ૧ નો રૂ. ૧)**

૩ બાળમિત્ર ગોળીઓનું સેવન કરાવવાથી બચ્ચું હૃષ્ટપુષ્ટ અને તંદુરસ્ત રહે છે.


**કીંમત લગભગ ૩૦૦ ત્રણસો ગોળીઓની ડબી ૧ નો રૂ. ૧)**

વિશેષ વિગત જાણવાને અમારા આંતક-નિગ્રહ ઓષધાલયનું પ્રાઇસ લીસ્ટ મંગાવો જેમાં આરોગ્યને ઉપયોગી વાંચનનો લાભ પણ મળશે.

## વૈદશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

મુંબઇ-ઓફીસ.
કાલબાદેવી રોડ,
**મુંબઈ.**

આતંકનિગ્રહ ઔષધાલય,
**જામનગર**-(કાઠિયાવાડ).



માત્ર રૂપીઆ ત્રણમાં

## એક ઘડીઆળ

જરા પણ અચકાશો નહિ

આજે જ ઑર્ડર મોકલો કારણ કે અમારૂં

# ટીક-ટેક

# TIC-TAK Regd. Wall clock

ઘડીઆળ નિયમિત ટાઈમ આપે છે.

**—સર્વેની પસંદગી પામેલું છે—**


અને તેમ છતાં ઘરનાં સુન્દર શણગાર રૂપ પણ છે.


**—: ફક્ત રૂપિયા ત્રણ :—**

**PETER WATCH Co., P. B. 27, MADRAS.**

---

## આ ઑફર મફત!!




## આ ઑફર મફત!!

અમારા અઢાર કેરેટ રોલ્ડગોલ્ડ તારા લીવર "રજીસ્ટર્ડ" ખીસા ઘડીઆળના ખરીદનારાઓને, અમારૂં "C" સી રજીસ્ટર્ડ ટાઇમપીસ મફત આપીએ છીએ. આ ઑફર માત્ર થોડા વખતની છે. હમણાં જ લખો. ખીસા ઘડીઆળ માટે તેના ડાયલ પર બનાવનારાઓની પાંચ વર્ષની ગેરંટીની સ્ટેમ્પ આપવામાં આવેલ છે.

(કિંમત રૂ. ૫)

લખોઃ— **કેપ્ટન વૉચ કું.** પોસ્ટ બોક્ષ ૨૬૫ મદ્રાસ.

**CAPTAIN WATCH COY.**

**P. B. 265, MADRAS.**

## તમારી પાઠશાળા અને કન્યાશાળાના મેલાવડા પ્રસંગે છોકરાં-છોકરીઓને

## ઇનામ માટે કયાં પુસ્તકો પસંદ કરશો?

**જૈનસાધુઓએ, જૈનપત્રકારોએ અને જૈનવિદ્વાનોએ જે પુસ્તકો પસંદ કર્યાં છે તે આ રહ્યાં !!**

૧. કુમારિકા ધર્મ; ૨. કુમારિકાને પત્રો; ૩. જૈનનીતિપ્રવેશ; ૪. જૈનકાવ્ય પ્રવેશ; ૫. જીવન ચર્યા; ૬. જ્ઞાનપંચમી અને તેનું ઉદ્યાપન. દરેકની છુટક કીંમત રુ. ૦—૪—૦ રાખવામાં આવી છે. સામટી નકલો મંગાવનારને આ ભાવે પુસ્તકો મળશેઃ— ૧૦૦ નકલના રૂ. ૨૦; ૭૫ નકલના રૂ. ૧૫; ૨૫ નકલના રૂ. ૫. આ ભાવે ૨૫ થી ઓછી નકલ મોકલાતી નથી.

તુરત આજેજ લખોઃ—

**માવજી દામજી શાહ,**
**કામાલેઇ, ઘાટકોપર.**

(રજીસ્ટર્ડ નં० ૪૪)

# વીર બામ

માથા તથા છાતીના દુઃખાવા, સંધીવા, ઈન્ફ્લુએન્ઝા વિગેરે હરેક પ્રકારનાં દરદો ઉપર મસળવાથી તુરત જ આરામ કરે છે.

# વીર ઓઇન્ટમેન્ટ

ખસ ખરજવાનો અકસીર મલમ.

દરેક દવા વેચનાર તથા ગાંધી વી. રાખે છે.

**પ્રોઃ—મોહનલાલ પાનાચંદની કું.**
ઠે. વડગાદી, ભીખ ગલી–મુંબઈ ૩.

**એજન્ટ :—મોરારજી રણછોડ.**
ઠે. જુમામસ્જીદ, મુંબઇ ૨

## TALISMANS AND CHARMS

**For those People to Avoid all Sorts of Misfortunes and enter the Gates of Successful Life.**

| | Rs | As. |
|---|---|---|
| For Honour, Riches, Learning and Greatness | 7 | 8 |
| For Health, Physical Strength, etc... | 7 | 8 |
| For Power of Eloquence, Speeches, etc. | 7 | 8 |
| For Success in any Under taking or Litigation, etc.... ... ... | 10 | 0 |
| For success in Sport, Racing, Cards, Games of Chance, etc. ... ... | 7 | 8 |
| For Success in Spiritual and Religious Life | 10 | 0 |
| For Success in Trade and Business... | 10 | 0 |
| For Men's Love to Women ... | 7 | 8 |
| For Women's Love to Men ... | 10 | 0 |
| For Love of Opposite Sex, Attractive Power | 7 | 8 |
| For Agricultural Prosperity, Farming, Good Crops, etc. ... ... | 7 | 8 |
| For Success in Minning Plumbago, etc. | 100 | 0 |
| For Success in Gemming ... ... | 225 | 0 |
| Rabbi Solomon's Special Talisman for every success ... ... | 15 | 0 |
| Specially valued and worn by every successful Hebrew, 2nd quality ... | 21 | 0 |
| 1st quality ... | 30 | 0 |

*NOTE:–A Money Order or G.C. Notes will bring the Talisman to your door. One Extensive Life Reading Rs.15, two Rs.25, three Rs.30 or more at a time at Rs.10 per reading. Remit with birth date. Always the full amount should be remitted in advance. No. V.P.P.*

Apply to:— **D. A. RAM DUTH**, Astrologer, No.30&55 (T. Y.) Cheku Street, Colombo, (Ceylon).

## નીચેનાં પુસ્તકો કૉન્ફરન્સ ઑફીસમાંથી વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલિ | રૂ. ૧—૮—૦ |
| શ્રી જૈન ડીરેક્ટરી ભા. ૧–૨ સાથે | ૧—૦—૦ |
| ,, ,, ભા. ૧ લો | ૦—૮—૦ |
| શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ | ૦—૧૨—૦ |
| પાઇઅલચ્છીનામમાલા પ્રાકૃત કોશ | ૧—૦—૦ |

આ માસીક સાથે હેન્ડબીલ વહેંચાવવા તથા જાહેર ખબર માટે પત્રવ્યવહાર નીચેના સીરનામે કરવો. એક અંક માટે જાહેર ખબરનો ભાવ રૂ. ૯-૦-૦ વધુ માટે લખો—

આસીસ્ટન્ટ સેક્રેટરી,
**શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.**
૨૦ પાયધુની પોસ્ટ નં. ૩
મુંબઇ.

**SALE!** **SALE!!** **SALE!!!**

**Grand Reduction Sale**

# Cheapest Rates Possible!!!

Every home of India knows what the *world Renowned "B" Time piece is.* Every part of the machinery is guaranteed to be strong and fine. 36 Hour's winding. Guaranteed for 3 years. Buyers beware of Imitation *"B" Time Pieces.* When buying one, please see that it is made in Germany and the "B" mark carefully. Re. 1-12-0 each. Alarm Time Pieces Rs. 2-8-0 each. Postage etc., extra.

*The Time Piece Seller.*
**30, Garanhalta Street,**
*CALCUTTA.*

*N. B.*—All correspondence should be made in English.

**COPY**

**"Six rupees will save hundred"**

# Trial Solicited!

**Alpaka Shari!** **Alpaka Shari!!**

Do you wish to please your lover? Then buy at once a piece of our "A Shari" It is as pure and fine as a valuable Benarashi Shari." It will save you much in giving presentations to your relatives.

We are guarantee for this Price Rs. 6 each. Postage extra.

***The Bengal Silk Agency,***
**30, Garanhata Street,**
**CALCUTTA.**

*N. B.*—All correspondence should be made in English.

# *On 1 Rupee, 224 items of Reward.*

In purchasing ointment for Ringworm or 4 small cases of Kashmere "Jarda" in one rupee, there will be rewards as follows:—

One gross of Blue Black Ink Tablet (144), one Penholder, 12 nibs, 25 pieces of Transfer pictures, 25 needles, one bundle of thread, one solid ring, Two buttons 16 packets of Tooth powder, one safety pin, one toy—wrist watch, one soap, one chest Coard of horse-race, one chess Coard of a maze, one Book on Gopal Bhar one book on Theatrical Songs.

**Sarkar Brothers,**
***2, Garanhata Street,***
*CALCUTTA.*

*N. B.*—All correspondence should be made in English.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશનબોર્ડ "૧૯"મી ધાર્મિક ઇનામી પરીક્ષા.

### જાહેર ખબર.

સદરહુ સંસ્થા તરફથી દર વર્ષે લેવામાં આવતી " શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફ્રન્સ-ધાર્મિક ઈનામી પરીક્ષાની "૧૯" (ઓગણીસમી) પરીક્ષાં સંવત ૧૯૮૩ ના માગશર વદી ૭ તા. ૨૬-૧૨-૨૬ ને રવીવારના રોજ લેવામાં આવનાર છે.

આ પરીક્ષાના ચાલુ સેન્ટરો સિવાયનાં જે જે ગામો યા શહેરોની પાઠશાળાઓ સેન્ટર ખોલવા વિચાર ધરાવતાં હોય તેઓએ નવેમ્બર તા. ૧૫ મી સુધીમાં અરજી મોકલી આપવી.

પરીક્ષામાં બેસવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ તથા સેન્ટરોએ તા. ૧ લી ડીસેમ્બર પહેલાં ફોર્મ મંગાવી ભરી મોકલી આપવાં. તા. ૧૫ મી ડીસેમ્બર બાદ ફોર્મ લેવામાં આવશે નહીં. પરીક્ષાના ફોર્મ સંસ્થાની ઓફીસમાંથી મંગાવી લેવાં.

આ બાબતનો દરેક જાતનો પત્ર વહેવાર નીચેના શીરનામે કરવો.

લી. સેવક,

| | |
|---|---|
| ૨૦ પાયધુની ગોડીજી ચાલ, મુંબઇ નં. ૩. | વીરચંદ પાનાચંદ શાહ, ઓ. સેક્રેટરી. શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશનબોર્ડ. |

---


**રાજા મહારાજાઓ.**

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કમાન્ડર ઈન ચીફ બરોડા ગવર્નમેન્ટ, જનરલો, કર્નલો, મેજરો, કેપટનો, નામદાર લેટ વાઇસરાયના લેટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજન્ટો, સરકારી યુરોપીયન સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાક્ટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી ચાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તેની ઉપયોગીતાની નીશાની છે-ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનાલાઈઝ થયેલ છે.

# બાદશાહી ચાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી ચાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોલીની ડબી એકના રૂપીયા દશ.

**ડાકટર કાલીદાસ મોતીરામ. રાજકોટ-કાઠીયાવાડ.**

રૂપીઆ પાંચનો ગ્રંથ રૂપીઆ અઢીમાં.

**આ મહાન લાભ લઈ શકો તો લ્યો અને આપી શકો તો આપો!**

# વિવિધ પૂજાસંગ્રહ

**( ભાગ ૧ થી ૭ નો દળદાર સચિત્ર પોથો. )**

**( જેમાં તમામ આચાર્યો અને પંડિતોની તમામ પ્રકારની પૂજાઓનો સમાસ કરવામાં આવેલ છે. )**

આ ગ્રંથ વિષે "જૈન" પત્રના અધિપતી જણાવે છે કે–"મુંબઇ–પાયધુનીના જાણીતા જૈન બુકસેલર રા. રા. મેઘજી હીરજી તરફથી પ્રગટ કરવામાં આવેલ "વિવિધ પૂજા સંગ્રહ" ના સાત ભાગનો દળદાર વિધીયુક્ત સચિત્ર ગ્રંથ અમને અભિપ્રાય અર્થે મળ્યો છે. આ ગ્રંથમાં વિદ્વાન આચાર્યો શ્રી વીર વિજયજી, રૂપ વિજયજી, પદમવિજયજી, યશોવિજયજી, આત્મારામજી, બુદ્ધિસાગરજી, ગંભીરવિજયજી, વલ્લભવિજયજી, હંસવિજયજી, વિગેરે પ્રખર પંડિતોની રચેલી સુપ્રસિદ્ધ વિવિધ પ્રકારની પૂજાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અઢીસેં અભિષેક મંગલાચાર, જીન પૂજાના દોહા, અમદાવાદ–પાટણના દેરાશરો તથા ઉપાશ્રયોની ટીપ વિગેરે આપવામાં આવેલ છે, તેમજ પૂજાની જુદી જુદી ઢાળોના અર્થનો ખ્યાલ આવે તેવા આદર્શમય ચિત્રો તથા અષ્ટાપદજી, સમેતશિખરજી, પાવાપુરી, કેશરીઆજી, મહાવીર સમવસરણ રચના, ચક્રેશ્વરી પદમાવતી, પ્રભુ મહાવીર, ગૌતમસ્વામી, ચોવીશી, નવપદજી આદિ સંખ્યાબંધ ફોટો ચિત્રો મૂકીને આ ગ્રંથને આકર્ષક–દાર્શનિક તેમજ અતિ ઉપયોગી બનાવવામાં આવેલ છે. પાકી અને મજબૂત બાઇન્ડીંગ કરવામાં આવી છે. મોટા અક્ષર અને સુંદર પ્રીન્ટીંગ છે. ગ્રંથના પ્રમાણમાં રાખવામાં આવેલી કીંમત રૂપીઆ પાંચ યથાર્થ છે. એમ કહેવામાં અમો અતિશયોક્તિ કરતા નથી. દરેકે દરેક જૈન મંદિરોમાં આ ગ્રંથની જરૂરીઆત જેટલી પ્રતો રહેવીજ જોઇએ એવી અમારી મજબૂત ભલામણ છે. પાલીતાણાની શ્રી યશોવિજયજી ગુરૂકુળના માનદ્ વ્યવસ્થાપકોએ, સ્વ. આચાર્ય શ્રી વીર વિજયજી મહારાજના સ્મરણાર્થે, **રૂપીઆ પાંચની કીંમતના બદલે રૂપીઆ અઢીમાં** વહેંચવા માટે, આવા ઉપકારક ઉત્તમોત્તમ ગ્રંથનો, જૈન સમાજમાં મોટે પાયે પ્રચાર કરાવવાના શુભ ઇરાદાથી, રા. રા. મેઘજીભાઇ સાથે કરેલી ગોઠવણ, સાહિત્ય પ્રચારના કાર્ય માટે અતિ પ્રસંશનીય હોવા સાથે ધન્યવાદને પાત્ર છે."

**નોંધઃ**—શ્રી યશોવિજયજી ગુરૂકુળના માનદ સંચાલકો સાથે થએલી ગોઠવણ મુજબ આ ગ્રંથ અમારા પાસેથી શિલકમાં હશે ત્યાં સુધી અર્ધી કીંમતે એટલે રૂા. અઢીની કીંમતથી મલી શકશે. પોસ્ટેજ ખર્ચના દશ આના કીંમત ઉપરાંત સમજવા.

લખો,

**શા. મેઘજી હીરજી બુકસેલર્સ.**

**ગોડીજીની ચાલ પાયધુની–મુંબઇ.**

આ પત્ર મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને હરિલાલ નારદલાલ માંકડે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ, ૨૦ મુંબઈમાંથી પ્રગટ કર્યું.